
ખોજા કોમનો ઇતિહાસ.

ખોજા કોમનો ઇતિહાસ.


realpatidar.com
realpatidar.com

realpatidar.com



હીઝ હાઈનેસ
સર સુલતાન મહમદશાહ આગાખાન.

આ પુસ્તક

હીઝ હાઇનેસ

સર સુલતાન મહમદશાહ

આગાખાન

ને

ભારે માન અને અહેસાનની

ઉંડી લાગણી

સાથ

અરપણ કરૂં છું.

જાફર રેમતુલા.

THE
History of the Khojas

by

JAFFER RAHIMTOOLA B. A.,

J. P., Fellow of the Bom. University, &c.,

Bar.-at-Law.

Bombay :

"SANJ VARTAMAN" PRESS

1905

realpatidar.com

ખોજા કોમનો ઈતિહાસ

રચનાર,

જાફરભાઈ રેમતુલા, બી. એ.,

જે૦ પી૦, મુંબઇની યુનિવર્સિટીના ફેલો, વિગેરે,

બેરીસ્ટર–એટ–લો.

મુંબઈ,

સાંજ વર્તમાન પ્રેસ.

૧૯૦૫.

પ્રસ્તાવના.

ઇ. સ. ૧૮૯૪ માં બી. એ. ની ડીગ્રી મેળવી માર્ચ માસમાં વધુ અભ્યાસ અર્થે હું ઇંગ્લાંડ તરફ રવાના થયો. એજ સાલના અકટોબર માસમાં રોમન લૉ અને બારીસ્ટરની પરીક્ષાઓ આપી, અને નવેમ્બર માસમાં પરીણામ જાહેર થતાં જણાયું કે મેં એ બન્ને પરીક્ષાઓમાં ફતેહ મેળવી હતી. પરીક્ષાઓ પુરી કર્યા છતાં ત્રણ વરસની મુદત પુરી કીધા વગર બારીસ્ટર તરીકે કામ ચલાવવાની સનદ આપવામાં આવતી નથી તેથી પરીક્ષાઓ પસાર કર્યા પછી લગભગ અઢી વરસ સુધી મને વિલાયતમાં રહેવું પડયું હતું.

એ અરસામાં મારે શું કરવું તેના વિચારમાં હું પડયો. મારો મનસુબો થયો કે મારે ખોજા કોમના વારસા હિસ્સાના કાયદાનો ખાસ અભ્યાસ કરી તેની એક ચોપડી ગુજરાતીમાં છપાવવી, કારણકે ખોજા કોમના વારસા હિસ્સાના કાનુનોની કોઇ ચોપડી હસ્તી ભોગવતી હોય એ મારી જાણમાં ન હતું, અને એ ખોટ પુરી પાડવાનું મેં મારે માથે લીધું. એ મનસુબાની રૂએ મેં ખોજા કોમના વારસા હિસ્સાના કાયદા અને કાનુનોનો અભ્યાસ કીધો, અને એ વિષયપર ચોપડી લખવાનું શરૂ પણ કીધું. કેટલાંક પ્રકરણો પણ લખ્યાં એટલાંમાં વળી મારા મગજમાં ફાંટો આવ્યો કે મારે વારસા હિસ્સાના કાનુનોની ચોપડીની શરૂઆતમાં ખોજા કોમની ટુંક તવારીખ લખવી, અને આ પુસતક તે ઇરાદાનું પરીણામ છે, જે ખોજા કોમની સામે રજુ કરવાની રજા લઉં છું.

મારા ભાઇઓએ મારાપર હમેશાં માયા અને પ્રેમ રાખી મને કેલવણી આપી મારાપર અગણીત એહસાન કીધાં છે, અને

મારૂં સર્વ સઉ મારા મરહુમ ભાઇ મહમદભાઇ અને બીજા ભાઇ ઑ૦ મી૦ ઇભરાહીમ રેમતુલાને આભારી છે એમ હું કહું તો કાંઇ ખોટું નથી, જે માટે એ મારા ભાઇઓનો જાહેરમાં એહસાન માનવાની આ તક લઉં છું. આ પુસ્તકમાં જે તરજુમાં આપવામાં આવ્યા છે. તે શબ્દે શબ્દ તરજુમાં આપવામાં આવ્યા નથી, પણ જેમ જલદીથી અને વગર અડચણે સમજ પડે એવી રીતે તરજુમાં કરવામાં આવ્યા છે, અને કોઇભી માણસની ધર્મની લાગણી દુખાય એવા ફકરા કહાડી નાંખવામાં આવ્યા છે. આ પુસ્તકમાં કાંઇ ખોજા કોમની સંપૂર્ણ તવારીખ લખવાનો દાવો કરવામાં આવતો નથી; એ માત્ર એક પ્રયત્ન છે જે બીજા કોઇ ગ્રહસ્થને હવે પછી ઉંડાણમાં જઇ અભ્યાસ કરવાના કામમાં મદદગાર થઇ પડશે, એમ મારૂં માનવું છે.

હીઝ હાઇનેસ સર સુલતાન મહમદશાહ જી૦ સી૦ આઇ૦ ઇ૦ એ આ પુસ્તક એમને અરપણ કરવાની મારી માંગણી સ્વીકારી તે માટે એ નામદારનો હુ ઉપકાર માનું છું. વળી શેઠ શામજીભાઇ કુંવરજી માસ્તર, હાજી મહમદ રહીમભાઇ જેનલાબદીન, શેખ ફેજુલાભાઇ લુકમાનજી મુલાં, પ્રોફેસર કાશમ સુમાર થારીઆણી, ગુલામલી ગુલામ હુસેન જાનમહમદ, મહમદભાઇ વલીભાઇ વગેરે ગ્રહસ્થોએ આ પુસ્તક તૈયાર કરવામાં જે મદદ કીધી છે તે માટે એ સઘળાનો હું ઉપકાર માનવાની આ તકે રજા લઉંછું. વળી નીચે આપેલા ગ્રેહસ્થોએ આગળથી આ પુસ્તકની નકલો ખરીદી મને ઉત્તેજન આપ્યું છે તે માટે એ ગ્રહસ્થોનો પણ હું ઉપકાર માનું છું.

		નકલો
૧.	નામદાર આગાખાન	૧૫૦
૨.	કામડીઆ ઇસમાઇલભાઇ કાશમ... ...	૨૫
૩.	શેઠ કરીમભાઇ ઇબરાહીમ	૨૫
૪.	શેઠ ઇબરાહીમભાઇ મહમદભાઇ રવજી ...	૨૫
૫.	શેઠ હાજી આહમદ દેવજી	૨૫
૬.	શેઠ કાશમઅલી જેરાજભાઇ પીરભાઇ ...	૨૫

વળી એ ઉપરાંત બીજા ગ્રહસ્થોએ ૨૫ થી ઓછી નકલો ખરીદી છે તેમનો પણ ઉપકાર માનવાની રજા લઉં છું.

જાફર રેમતુલા.

મુંબઈ,

તા૰ ૩૦ મી સપ્ટેમબર, ૧૯૦૫.

realpatidar.com

સાંકળીયું

પ્રકરણ ૨૦ મું.

પ્રકરણ ૨૧ મું.

પ્રકરણ ૨૨ મું.

પ્રકરણ ૨૩ મું.

પ્રકરણ ૨૪ મું.

પ્રકરણ ૨૫ મું.



મી૰ જાફરભાઈ રેમતુલા, બી૰ એ૰,
બારીસ્ટર.

ખોજા કોમનો ઈતિહાસ.

પ્રકરણ ૧ લું.

અસલ કોણ? બ્રાહ્મણ કે ક્ષત્રી?

ખોજાઓ અસલ હિંદુ હતા એતો સર્વ કોઇ કબુલ કરે છે, પણ અસલ તેઓ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, કે શુદ્ર હતા, તે વીશે કાંઇ નક્કી જણાયલું નથી.

એવું કહેવામાં અને લખવામાં આવે છે, કે જ્યારથી તે કીરતારે માણસ જાતને આ દુન્યામાં ઉત્તપન કીધો, ત્યારથી તેઓ આકસસ (Oxus) નદીની પેલીમેર સાથે રહેતા હતા, અને એકજ ભાષા બોલતા હતા, એક સંપમાં સાથે રહેવાથી તેઓ બળવાન બન્યા અને જે કામ માથે લેતા તે સેહલાઇથી પાર પાડતા. ઉપરા સાપરી ફતેહથી તેઓ મગરૂર બન્યા, અને એમજ ધારવા લાગ્યા કે જે કાર્યો તેઓ માથે લેશે તેમાં તેઓ કદી નાસીપાસ થનાર નથી, તે એટલી હદ સુધી કે પોતાના પેદા કરનારને તેઓ ભુલ્યા.

તેઓએ ઠેરાવ કીધો કે એક મીનારો આસમાન લગી બાંધવો, તે મીનારાની મદદથી આસમાનપર જવું. ત્યાં નવી નવી શોધો કરવી અને પાક પરવરદીગારના ભેદો અને કુદરતથી વાકેફ થવું. તેઓએ મીનારાનું કામ શરૂ કીધું, અને તેને કેટલીક ઉંચાઇ સુધી લઇ ગયા પણ તેમનું એ કાર્ય ખોદાને પસંદ ન પડવાથી તેણે લોકોમાં જુદી જુદી ભાષાઓ દાખલ કીધી અને થોડા એક તો થોડા બીજી ભાષા બોલવા લાગ્યા અને જુદી જુદી ભાષા બોલતા

લોક એક બીજાને સમજી શકયા નહીં; તેથી મીનારાનું કામ અટકી પડયું, અને જુદી જુદી ભાષા બોલતા લોક જુદે જુદે દેશ નીકળી પડયા. તેઓમાંનું એક ટોળું હિંદુસ્તાન ભણી આવ્યું.

હિંદુસ્તાનમાં આવ્યા પછી તે ટોળું ચાર ભાગમાં વહેંચાઇ ગયું.

(૧) બ્રાહ્મણ.—વિદ્યા હુન્નર પાછળ મંડયા.
(૨) ક્ષત્રી.--દેશના રક્ષણ માટે સીપાઇ બન્યા.
(૩) વૈશ્યા—વેપાર રોજગારમાં ગુંથાયા.
(૪) શુદ્ર.—ખેતી અને ચાકરીમાં રોકાયા.

જોકે ઉપલી બીના આ જમાનાની ઇતિહાસિક શોધખોળો સાથે મળતાપણું ધરાવતી નથી તોપણ તેમાં ઘણે દરજજે ખરાપણું સમાએલું છે. મધ્ય એશિઆમાં "આર્ય" લોક સાથે રહેતા હતા; તેઓ વિદ્યા હુન્નર અને સુધારામાં ઘણાં આગલ વધ્યા હતા. સુધારા અને વધારાનો પાયો વેપાર બણજની બોહોળાઇ અને વિધા હુન્નરની ખીલવણીમાં હોય છે, અને તેમનું પરીણામ એશઆરામ અને મોજ શોખની નવી નવી ચીજો મેળવવા અને ભોગવવા પાછળ માણુસ જાતનું દીલ ખેંચવામાં આવે છે. વેપાર રોજગારની બોહળાઇ, વિધાહુન્નરની ખીલવણી, એશઆરામની નવી નવી ચીજો, દુરદરાજ દેશોમાં લાંબી લાંબી મુસાફરી કર્યા વગર હાંસલ થતી નથી. વળી વસ્તીના વધવાથી વધી પડેલા માણસોને પેટ ભરવાના સાધનો મેળવવા માટે પારકા દેશોમાં જઇ વસવાની ફરજ પડે છે. જેમ કે હિંદુસ્તાનના વતનીઓને દક્ષિણ આફ્રિકા, જંગબાર, મસકત, વેસ્ટ ઇન્ડીઝના ટાપુઓ (West Indian Islands) વગેરે દેશોમાં જઇ વસવું પડયું છે.

તે વખતે જમીન ઉપર રેલવે, સ્ટીમ બોટો, ટેલીગ્રાફ કે બાંધેલા રસ્તા હસ્તી ભોગવતા ન હતા. તેથી મુસાફરોને ઘોડા, ખચ્ચર, બળદ, અને ઉંટોપર પોતાનો માલ સામાન લાધી રસ્તા કાપવા પડતા હતા. વળી ચોર અને લુટારાઓની બીકથી મુસાફરી વિકટ, દુઃખદાયક અને ધાસ્તી ભરેલી હતી; જેથી લોકો કાફલાઓમાં મુસાફરી માથે લેતા, એટલે ઘણા માણસો એકઠાં થઇ મુસાફરીએ નીકળતાં; એ રૂઢી હજુ પણ અરબસ્તાન, ઇરાન, અફઘાનીસ્તાન અને બીજા એવાજ દેશોમાં હસ્તી ભોગવે છે.

એવા "આર્ય" લોકોના કેટલાક કાફલા મધ્ય એશીઆમાંથી હિંદુસ્તાન ભણી આવ્યા, અને હિંદુસ્તાનનાં અસલ વતનીઓને હરાવી તેમને દક્ષિણ ભણી હાંકી કહાડી પોતે ઉત્તર હિંદુસ્તાનમાં ઘરબાર કરી રહ્યા. જેમ જેમ મધ્ય એશીઆમાંથી વધુ કાફલા આવતા ગયા તેમ તેમ તેઓ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં પ્રસરાઇ ગયા, અને બીચારા અસલી વતનીઓને પહાડો અને જંગલોમાં નાસી જવું પડયું. આ નવા આવનાર "આર્યો" હિંદુસ્તાનમાં આવ્યા પછી ત્રણ જુદાં જુદાં ટોળામાં વહેં-ચાઇ ગયા.

(૧) બ્રાહમણ, (૨) ક્ષત્રી, (૩) વૈશ્ય, જ્યારે આ દેશના અસલ વતનીઓ "શુદ્ર"ના નામથી ઓળખાવા લાગ્યા; અસલ વતનીઓમાં નીચલી કોમો મુખ્ય છે; મધ્ય હિંદુસ્તાનમાં "કોંડ," રાજપુતાનામાં "ભીલ," બંગાલમાં "સંતળ," દક્ષિણ હિંદુસ્તાનમાં "તોદા," અને "નાયર" અને દખણમાં "ચમાર." ખોજાઓ અસલ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય કે શુદ્ર હતા તે આપણે તપાસીએ.

૧. ખોજાઓ અસલ બ્રાહ્મણ જ્ઞાતીના હતા એવો દાવો કોઇએ કીધો હોય, એ લખનારની જાણમાં નથી. ખોજા કોમ વિષે ઘણા લખાણો થયાં છે અને તેના વિષે ઘણી દંતકથાઓ હસ્તી ભોગવે છે પણ એ દાવો કહીંથી રજુ થયો નથી. ખોજાઓ અસલ બ્રાહ્મણ જ્ઞાતીના ન હતા એમ માનવાને આપણી પાસે કારણો પણ છે. બ્રાહ્મણોની લાગણી, તેમની કુદરતી વલણ, વિદ્યા અભ્યાસ તરફ હોય છે, પણ જો ૫૦ વરસપર ખોજા કોમની સ્થીતિ આપણે તપાસશું તો આપણને જણાશે કે ખોજાઓ વિદ્યા શબ્દનો અર્થ પણ સમજતા નહતા એમ કહીએ તો કાંઇ ખોટું નથી. " આપણે શીખીને શું કરવું છે, " " શીખેલા માણસો ભુખે મરે છે, " " શીખવાથી ધર્મની હાણી થાય છે " એવી સલાહ ખોજા માબાપો પોતાના જાતભાઇઓને આપતા અને થોડું ઘણું ગુજરાતી છોકરા શીખ્યા કે તેમને નિશાળેથી ઉઠાડા લઇ ધંધા રોજગારમાં શામેલ કરતા. ૪૦ સ૦ ૧૮૪૭ માં ખોજા કોમ હાઇ કોર્ટને બારણે ચહડી હતી. હાજીભાઇ મેરાલી અને સાજનભાઇ મેરાલી નામના બે ભાઇઓ સાથે ધંધો રોજગાર કરતા હતા. હાજીભાઇ મેરાલી મરણ પામ્યા ત્યારે પોતા પાછળ સોનબાઇ નામની વિધવા તથા હીરબાઇ અને ગાંગબાઇ નામની છોકરીઓ મુકી ગયા હતા. તેના મરણ પછી તેના ભાઇ સાજન મેરાલીએ તેની પૂંજીનો કબજો લીધો અને તે કબજો પોતાના મરણ સુધી રાખ્યો. સાજનભાઇ મેરાલીએ વીલ અથવા વસીયતનામું કીધું હતું અને તેના ત્રસ્ટીઓ તરીકે પોતાની ભોજાઇ સોનબાઇ અને પોતાની વિધવા રેમતબાઇને નેમ્યાં હતાં. હવે હાજીભાઇ મેરાલીની છોકરીઓ હીરબાઇ અને ગાંગબાઇએ હાઇ કોર્ટમાં દાવો કીધો કે અમો મુસલમાની ધર્મ પાળનારા છીએ તેથી અમારો વારસા હિસ્સાનો ચુકાદો મુસલમાની કાયદા કાનુનો પ્રમાણે થવો જોઇએ, અને જો

તેમ થાય તો અમારા મરનાર પીતા હાજીભાઇ મેરાલીની પૂંજીમાં અમારો હક લાગે છે તે કોર્ટે અમને અપાવવો. ખોજા જમાતના સઘળા આગેવાનો, મુખી, કામડીયા અને પંજે ભાઇઓએ જબાની આપી અને જણાવ્યું કે અમો મુસલમાન છઇએ અને મુસલમાની કાયદો અમને લાગુ પડે છે અને તે પ્રમાણે છોકરીઓને હિસ્સો મળવો જોઇએ. એની સામે ખોજા મોહોલાના ગણતરીના શેઠીઆઓ થયા જેઓએ જણાવ્યું કે ખોજા કોમને હિંદુ કાયદો લાગુ પડે છે, અને તેથી છોકરીઓનું કાંઇ લાગે વળગે નહીં. મુંબઇની વડી અદાલતના વડા જડજ સર અરસકીન પેરીએ એ મુકરદમો સાંભળ્યો હતો અને છોકરીઓની વિરૂદ્ધ ચુકાદો આપતાં ખોજા જ્ઞાત વિષે નીચલા શબ્દો ઓચર્યાં હતાં.

"પશ્ચિમ હિંદુસ્તાનમાં એક નાની જ્ઞાત વસે છે, જે 'ખોજાઓના' નામથી ઓળખાય છે. તેઓ અસલ સિંધ અથવા કચ્છથી આવેલા જણાય છે. તેઓની પોતાની દંતકથાઓ પ્રમાણે (જે ઘણું કરીને ખરી હોવી જોઇએ) ૪૦૦ વરસ ઉપર પીર સદરૂદીને તેમને હિંદુ ધર્મમાંથી મુસલમાની ધર્મમાં વટલાવ્યા હતા. તેમની ભાષા કચ્છી છે. તેમનો ધર્મ મુસલમાની છે, અને તેમનો પેહેરવાસ, રીતભાત અને દેખાવ હિંદુ છે...............ખોજાઓ ઘણે ભાગે હિંદુ કોમો વચ્ચે વસે છે. જેવા કે કચ્છ કાઠીઆવાડ અને મુંબઇ જે તેમનું ખાસ મથક છે. મુંબઇમાં તેમની વસ્તી આસરે ૨૦૦૦ જીવની છે, અને તેઓ મોટે ભાગે હલકા પ્રકારના ધંધામાં રોકાએલા છે. તેમની તવારીખ બીલકુલ જણાએલી નથી, અને તેઓ કેવળ અભણ અને પોતાની સ્થીતિથી તદ્દન નાવાકેફ છે. જે અજ્ઞાનપણું તેઓમાં હાલ હસ્તી ભોગવે છે તે જ્યારથી તેઓ મુસલમાન થયા ત્યારથીજ તેમનામાં હોય એમ જણાય છે. જોકે તેઓ પોતાને મુસલમાન તરીકે ઓળખાવે છે, તોપણ પેગંમ્બર

મહમદ વિષે અને કુરાન વિષે તેઓ કાંઇ જાણતા નથી. તેઓ નામદાર આગાખાનને માને છે કે જે એક ઇરાની ઉમરાવ છે અને જે આ જમાનાની હિંદુસ્તાનની તવારીખમાં સારી રીતે જણાએલા છે........................ (તેઓ એટલા અજ્ઞાન છે કે) તેઓ સુનીઓને કહે છે કે અમે સુની છીએ અને શીઆ લોકોને કહે છે કે અમે શીઆ છીએ. સુની અને શીઆ લોકોમાં શું ફેર છે તે તેઓ જાણતા નથી અને જાણવાની દરકાર પણ રાખતા નથી. તેમની પાસે કુરાનનો તરજુમો તેમની દેશી ભાષા કચ્છી અથવા તેમના ધંધા રોજગારની ભાષા ગુજરાતીમાં નથી.................તેમનામાં શીખેલા માણસોનો ટોટો છે અને વિદ્વાનો તો હોયજ કયાંથી? એક પણ ખોજો આરબી અથવા ફારસી ભાષા જાણતો નથી કે જે ભાષાઓમાં મુસલમાની ધર્મ અને સાહિત્ય લખાએલાં છે."

સર અરસકીન પેરીના ઉપલાં વચનો (તેણે ઇ૦ સ૦ ૧૮૪૭ ની સાલમાં ઓચર્યાં હતાં) જોકે આ જમાનાના ખોજાઓને તે બંધ બેસતાં નથી તોપણ તેપરથી એટલું તો સિદ્ધ થાય છે કે ખોજાઓ અસલ બ્રાહ્મણ નહતા, કારણકે જો તેઓ બ્રાહ્મણ હતે તો તેમની વલણ શરૂઆતથીજ વિદ્યા હુન્નર તરફ રહેતે.

ખોજાઓનો પહેરવાસ, રીતભાત અને દેખાવ હિંદુઓને મળતા આવતા નથી જોકે હજુ પણ કાઠીઆવાડમાં એક ખોજાને તેના લીબાસપરથી ઓળખવો મુશકેલ થઇ પડે છે. પણ એ મુશકેલી એટલી નજીવી છે કે થોડા વખતના રહેવાસથી તે દુર થઇ જાય છે. તેઓ હલકી પ્રકારના ધંધામાં રોકાએલા નથી. તેઓ ધંધા રોજગારમાં ઘણાં સહાસિક છે અને યુરોપ, ચીન, જાપાન, જંગબાર, મસકત, બગદાદ, બુશાયર, વગેરે વેપારી મથકોમાં પહેડીઓ કહાડી સારૂં દ્રવ્ય એકઠું કર્યું છે. વળી માલો

સ્થાપી ફતેહમંદીથી ચલાવી એ ઉદ્યોગની ખીલવણીમાં પોતાનો હીસ્સો આપે છે. તેઓએ વિદ્યા હુન્નરનો અભ્યાસ કીધો છે. તેમના ધર્મનાં મુળતત્વો અને ખાસ ફરમાનોથી તેઓ વાકેફ થવા લાગ્યા છે. કુરાન અને પેગંમ્બર મહમદની તવારીખથી તેઓ અજાણ્યા નથી. તેઓ સુનીઓને સુની અને શીઆને શીઆ છીએ એમ કહેતા નથી. તેઓ સુની અને શીઆ વચ્ચેના મતફેર વિષે પૂરતા માહિતગાર છે.

ખોજા કોમમાં શીખેલા અને વિદ્વાન ઘણા છે, આરબી અને ફારસી ભાષા જાણનારા સારી સંખ્યામાં મળી આવશે. આ ઠેકાણે અરધી સદીના ચમત્કાર વિષે ઇશારો કરવાની રજા લઇશ. જે કોમમાં ઇ૦ સ૦ ૧૮૪૭ ની સાલમાં એક પણ એવો પુત ન હતો કે જે આરબી અથવા ફારસી ભાષા જાણતો હોય તેજ કોમનો એક સપુત ઇ૦ સ૦ ૧૮૯૮ ની સાલમાં મુંબઇ ઇલાકાની સર્વેથી વડી કોલેજના આરબી અને ફારસી ભાષાના વડા ગુરૂ (Professor) નેમાય એ ખોજા કોમને જેવું તેવું માન મળેલું કહેવાય નહીં. પોતાની વિદ્યાના કીરણોના પ્રકાશથી પોતાની કોમને આવી રીતે દીપાવનાર **પ્રોફેસર કાસમ સુમાર થારીઆણી** એમ. એ. છે. એ માન ખોજા કોમને મળ્યું તેને આઠ વરસ વીતિ ગયા છે; છતાં ખોજા કોમને એ માન મળ્યું તેની તેને ખબર વટીક હોય એમ જણાતું નથી. જો કોઇ ખોજો **ખાનસાહેબ** થાય છે અથવા તેને જસ્ટીસ ઓફ ધી પીસ બનાવવામાં આવે છે અથવા કોઇ ખોજો અભ્યાસ અર્થે યુરોપ જાય છે કે તરત તેના માનમાં મેલાવડા કરવામાં આવે છે પણ જયારે સર્વેથી વધુ મોતેબર માન ખોજા કોમને મળ્યું ત્યારે તેઓ ગફલતની ઉંઘ કહાડતા જણાયા છે. એ ગફલતી નિંદ્રામાંથી કયારે જાગૃત થશો, અને લાયકને લાયક માન કયારે આપશો ? **પ્રોફેસર કાસમ** એકમાર્ગી અને સાદા સ્વ-

ભાવના હોવાથી કોઇપણ પ્રકારના મેલાવડા ગડબડ કે જાહેર પીછાણ ચાહતા નથી; પણ તેથી ખોજા કોમે પોતાની ફરજ ભુલી જવી જોઇતી નથી. પ્રોફેસર કાસમ એલફીન્સટન કોલેજના ફારસી ભાષાના વડા ગુરૂ નેમાયા એ નેમણુકની ઘટતી પીછાણ કરી ખોજા કોમ પોતાને માન આપશે અને પોતાની નાક જાળવી રાખશે, અને ગફલતી અને બેદરકારીના આરોપમાંથી પોતાને મોકળી કરશે.

(૨) જો ખોજાઓ અસલ બ્રાહ્મણ ન હતા તો શું તેઓ ક્ષત્રી હતા? ઇ૦ સ૦ ૧૮૯૨ ની સાલમાં શેઠ સચેદીના નાનજીઆણીએ **"ખોજા વૃત્તાંત"** નામની ચોપડી છપાવી હતી જેમાં ખોજા અસલ ક્ષત્રી હતા એમ લખેલું જણાય છે. ખોજા કોમની તવારીખ લખવાનો પહેલો પ્રયત્ન શેઠ સચેદીના નાનજીઆણીએ કીધો હતો કે જેવણ કચ્છના એક ભાગના મદદનીશ રેવેન્યુ કમીશનર છે. એ વૃતાંત ઘણે દરજજે ઉપયોગી થઇ પડે છે જો કે ઘણીવાર "ખોજા વૃતાંત" ના કર્તાના મતથી લખનારને જુદા પડવાની ફરજ પડી છે.

હવે આપણે ખોજા લડવૈયા વર્ગના એટલે ક્ષત્રી છે એવું શેઠ સચેદીના નાનજીઆણીનું લખાણ છે તેની દલીલો તપાસીએ. (જુઓ ખોજા વૃતાંત પાના ૧-૨-૩-૪.)

" લવના લોહાણા " એ કહેવત પસિદ્ધ છે એટલે લોહોણાની ઉત્પત્તિ લવમાંથી થઇ હતી એમ કહેવાય છે.................
" લવ એ મહાત્મા સાતમા અવતાર રામનો પુત્ર હતો. રામની સંક્ષેપ કથા આવી છે:–સુર્યવંશી દસરથ રાજા અયોધ્યામાં હતા તેને ચાર પુત્ર રામ, લક્ષમણ, ભરથ અને શત્રુઘ્ન. એક સમય વિશ્વામિત્ર મુની યજ્ઞની સાહયતા માટે રામ અને લક્ષમણને પોતાને આશ્રમે લઇ ગયા હતા ત્યાંથી જનક રાજાની દીકરી સીતાજીનો

સ્વયંવર જોવા મિથિલાપુરી ગયા. શિવનું ધનુષ્ય ભાગવાની સ્વયંવરમાં સરત હતી તે રાવણાદિ યોદ્ધાઓથી ન ભંગાયું અને રામે ભાંગ્યું તેથી સીતાજી તેમને વર્યાં.

"રામ નાની વયમાં લોકપ્રિય થઇ પડયો હતો. એમની યોગ્યતા જોઇને એમને પોતાને હાથે રાજયપદ આપી પોતે વિશ્રાંતિ લેવા રાજા દશરથે ઠેરાવ કર્યો. વિધિનો ઓત્સવ મચી રહ્યો હતો તેમાં કૈકેઇ રાણીએ ભંગ પાડયો. રાજા પાસેથી પુર્વે મેળવેલાં વચન આ ટાંણે માગ્યાં તે એ કે પોતાના પુત્ર ભરથને રાજ્ય અને રામને ચૌદ વર્ષ વનવાસ આપવું. રાજાને આ વચનો પાળવાથી દુઃખ ઉપજ્યું ને તે દુઃખથી અંતે રાજાનું મરણ થયું.

"ભરથ મોસાળમાં હતો તે પછીથી આવ્યો ને આ વાત જાણી તેને બહુ સંતાપ થયો. પીતાની ઉતર ક્રિયા કરી રામને વાળી આવવા તે વનમાં ગયો. અમીરો અને મહાજન સાથે હતું. પાછળથી જનક રાજા પણ ગયા. રામચંદ્રજી પાછા વળ્યા નહીં. પીતાનું વચન પાળવાને તે વળગી રહ્યા. ભરથે પાછા વળતા રામની બે પાદુકા લીધી હતી તેમાં એક અયોધ્યાના તખ્ત ઉપર સ્થાપી શતરૂઘ્નને રાજ્યની લગામ આપી પોતે બીજી પાદુકા માથા ઉપર રાખી એક મુઠલીમાં તપ કરવા બેઠા. રામના નામનો તેઓ જપ કરતા હતા.

"લક્ષમણ રામની સાથે હતો અને સીતાજી પણ સાથે હતાં. પચવટીના વનમાં તેઓ રહ્યા હતા. એક સમય રામ મૃગની પાછળ ગયા. સીતાજીના આગ્રહથી લક્ષમણ પાછલ ગયા તેમની ગેરહાજરીમાં લંકાનો રાવણ સીતાજીનું હરણ કરી ગયો. બન્ને ભાઇઓ સીતાજીની શોધમાં ભટકયા પણ પતો હાથ લાગ્યો નહીં.

"કિષકિંધાના એક પહાડ આગળ સુગ્રીવ અને હનુમાનનો મેલાપ થયો. સુગ્રીવની સહાયતા કરી તેના ભાઇ વાળીને મારી

કિષ્કિંધાની ગાદી ઉપર સુગ્રીવને સ્થાપયો. હનુમાને લંકામાં સીતાજીનો પતો કાઢી ખબર આપી. સુગ્રીવનું વનચર સૈન્ય લઇ લંકા ઉપર રામે ચઢાઇ કરી. હિંદના દક્ષિણ છેડા અને લંકા ટાપુ વચેની ખાડી ઉપર પાજ નાખી સૈન્ય ઉતારી. વાળિના દીકરા અંગદને સીતાજી લાવી આપવાને વિષ્ટિ કરવા રાવણ પાસે મોકલ્યો પણ તેણે વિષ્ટિ માની નહીં. આ તેની હઠીલાઇથી તે દશ માથાનો કહેવાયો હશે. અંતે લડાઇ થઇ કુંભકરણ અને મેઘનાદ આદિ યોધાઓ મરાયા અને છેવટે રાવણ પણ માર્યો ગયો. રાવણનો નાનો ભાઇ વિભીષણ જે રામની તરફેણમાં આવ્યો હતો તેને રામે લંકાની ગાદી આપી જય અને યશ પ્રાપ્ત કરી અયોધ્યામાં આવ્યા. વસતીએ તેમને વધાવી લીધા તેઓ અયોધ્યાની ગાદી ઉપર બેઠા; પણ સીતાજી થોડો વખત લંકામાં રહ્યા હતા તે વીષે લોકોએ નિંદા કરી તેથી સીતાજીને વનમાં મોકલ્યા. તેઓ વાલ્મિક રૂશીના આશ્રમમાં રહ્યાં અને ત્યાં લવનો જન્મ થયો."

"લવમાંથી લોહોણા થયા અને લોહણામાંથી ખોજા થયા"

એ સિધ્ધ કરવા ખોજા વૃતાંતનો કર્તા નીચલી દલીલો રજુ કરે છે. "(૧) લોહાણા રાઠોર જાતિમાંથી થયાનો એક પ્રગટ પુરાવો છે. રાઠોરના માનનુ પદ ઠાકોર છે. લોહાણા ઠકર કહેવાય છે તે ઠાકોરનો અપભ્રંશ થએલો છે. ખોજા એ શબ્દ ખ્વાજાનો અપભ્રંશ છે. ખ્વાજા એ ફારસી ભાષાનો શબ્દ છે તેનો અર્થ સરદાર એવો થાય છે; એ શબ્દ પણ ઠાકોર જેવો છે. લોહણા જેમ ઠક્કર કહેવાય છે તેમ હાલારમાં હમણા પણ ખોજા ઠક્કર કહેવાય છે. (૨) લોહાણાની રીતે ખોજા ધોતીઆં પહેરે છે અને કેટલાક દાઢી પણ મુંડાવે છે (૩) ખોજા લોકોના કેટલાક જ્ઞાનો સિંધી ભાષામાં છે તેમાં પંજાબી ભાષાનું મીશ્રણ છે અને જે લીપી

છે તે પંજાબી છે, જે સીંધના લોહાણા પંજાબમાંથી લાવેલા છે અને અદયાપી તે લિપિ તેમની વપરાસમાં છે."

જો ઉપલી દલીલો આપણે એકબારગી ખરી માનીએ તો પણ ઉપલા લખાણ ઉપરથી ખુલ્લું જણાશે કે શેઠ સચેદીના નાનજીઆણીએ લવમાંથી લોહાણા થયા એ બાબદનો એકબી પુરાવો અથવા દલીલ રજુ કીધી નથી. ઉપલી રજુ કરેલી દલીલો ખરી હોય તો માત્ર એટલુંજ સિધ્ધ થાય છે કે ખોજા અસલ લોહાણા હતા. એ ઉપરથી એમ સિધ્ધ થતું નથી કે લોહાણા લવના વંશજો છે. ઇ૦ સ૦ ૧૮૯૯ ની સાલની ફેબ્રુઆરી માસમાં મને ધંધા અર્થે કચ્છ જવું પડયું હતું. ત્યારે એ બાબદસર શેઠ સચેદીના નાનજીઆણીની ખાસ મુલાકાત મેં લીધી હતી; અને તેમને પૂછયું હતું કે તમારા ખોજા વૃતાંતમાં તમો લખો છો કે લવમાંથી લોહાણા થયા તેના કાંઇ તમારી પાસે પુરાવા છે? કારણકે એ પુરાવા તમો તમારી ચોપડીમાં આપતા નથી. ત્યારે તેવણે જવાબ આપ્યો કે મારી પાસે પુરાવા નથી. "લવના લોહાણા" એવી સબળ કહેવત છે અને એ કહેવત ઉપરથી મેં અનુમાન કીધું છે કે લોહાણા લવના વંશમાંથી હશે.

હવે લવ રામનો પુત્ર હતો અને રામ ક્ષત્રી હતા અને જો ખોજાઓ રામના વંશમાથી હોય તો તેમની રગોમાં લડાયક લોહી દોડતું હોવું જોઇએ. પણ એવી એક પણ નીશાની કે ચીન્હ ખોજાઓમાં નજરે પડે છે? બીલકુલ નહિ. કચ્છમાં ખોજાઓ સારી સંખ્યામાં હસ્તી ભોગવે છે. કાઠીઆવાડમાં ખોજાઓની વસ્તી જેવી તેવી નથી. કાઠીઆવાડના દેશી રાજ્યો અને કચ્છના રાવ અસલથી લશ્કર રાખતા આવ્યા છે. પણ એક પણ ખોજાએ લશ્કરી અમલદાર તરીકે કીરતી મેળવી પોતાની કોમને શોભાવી પોતાના નામને અમર કીધું છે? શું કોઇ ખોજે લશ્કરી અમ-

ફદાર કદી પણ થયો છે? શું દેશી રાજ્યોને ખોજાઓ ઉપર વિશ્વાસ નથી? જ્યારે કાઠીઆવાડના રાજ્યોમાંથી સર્વેથી મોટા રાજ્ય જુનાગઢના ખજાનચીનો જોખમ ભરેલો ઓધો ખોજાઓ પહેડી દર પહેડી પૂર્ણ વિશ્વાસ સાથ ભોગવે ત્યારે એમ કેમ કહે-વાય કે દેશી રાજ્યોને ખોજાઓ ઉપર વિશ્વાસ નથી. જુનાગઢની રિયાસતના ખોજા ખજાનચી શેઠ કાસમભાઇ ઇસમાઇલ વારસ છે. એમના પ્રમાણિકપણા વિષે કાઠીયાવાડમાં બે મત છેજ નહીં. એવણ સાદા હસમુખા, ભલા અને ધર્મચુસ્ત છે. નામદાર આગાખાને એને વારસનો ખેતાબ આપી કાઠીયાવાડના ખોજાઓના ઉપરી બનાવ્યા છે; ખોજાઓમાં વાંધા પડે તો તેના ફેસલા એ શેઠને વારસ તરીકે કરવા પડે છે; ઇનસાફ કરવાની એમની રૂઢી ઘણી ઉમદા છે, અને એ રૂઢીની મુંબઇની જમાત નકલ કરશે તો તેથી ફાયદો થયા વગર રહેશે નહીં. શેઠ સચેદીના નાનજીઆણી પોતે પણ કચ્છના મદદનીશ રેવેન્યુ કમીશનર છે. ત્યારે લશ્કરી ખાતામાં ખોજાઓ દેખાતા અથવા દીપી નીકળતા કેમ નથી? મુંબઇમાં પણ ખોજાઓએ લડાયક લોહી દેખાડયું નથી; એ લોક પોલીસ અમલદારોને કાંઇ તસદી આપતા નથી, મારા-મારી અથવા લડવાથી હમેશાં દુર રહે છે. ખોજાઓએ કદી હુલ્લડ કીધાં નથી અથવા જ્યારે બીજી કોમના લોક હુલડ કરે તો તેમાં ભાગ લેતા જણાયા નથી. કોઇ પણ ખોજો અંગ્રેજી બટા-લીઅન અથવા રેજીમેંટમાં સીપાઇ તરીકે જોડાયો નથી એટલુંજ નહીં પણ પોલીસ ફોજમાં પણ કોઇ ખોજો દાખલ થયો હોય એ લખનારની જાણમાં નથી. વારૂં રજપુત લોહી કદી છાનુ રહે કે? એ સઘલાનું કારણ શું હશે વારૂં? એટલુંજ કે ખોજા ક્ષત્રી નથી.

પ્રકરણ ૨ જું.

શુદ્ર કે વૈશ્ય?

ત્યારે શું ખોજાઓ અસલ "શુદ્ર" હતા?

(૩) ઈ૦ સ૦ ૧૮૬૪ ની સાલમાં લંડન શેહેરમાં ખોજા કોમ વિષે એક નાની ચોપડી પ્રસિદ્ધ થઇ હતી, જેમાં ખોજાઓ અસલ "શુદ્ર" હતા એમ લખેલ છે. તેનો કર્તા લખે છે કે, "ખોજા કોમની ઉત્પતી વિષે ચોપડીઓમાંથી અમે ધારીએ છીએ કે કાંઇ મળનાર નથી. એ જ્ઞાતની દંત કથાઓ જાહેર કરે છે કે તેઓ અસલ 'શુદ્ર' જ્ઞાતની એક હિંદુ વર્ણ હતા. કાશમીરની સરહદપર આવેલા 'હરીચંદા' નામના શેહેરમાં વસતા 'હરીચંદ' નામના બ્રાહ્મણ ગુરૂએ એ કોમને કેટલાક સો વરસની વાતપર પંજાબમાં સ્થાપી હતી."

"એ ચોપડી કોણે લખી હતી?" "એ ચોપડી લખાવનાર કોણ હશે?" અને "લખવાનો અથવા લખાવવાનો હેતું શું હશે?" એ સવાલો કુદરતી રીતે આપણા દીલમાં ઉત્પન થાય છે. જો કોઇ ચોપડી ખોજા કોમના ભલાને અર્થે છપાય તો તે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થવી જોઇએ. વળી તે મુંબઇ શહેર અથવા બીજા એવા કોઇ શેહરમાં છપાવી જોઇએ, કે જ્યાં ખોજાઓની સારી વસ્તી હોય. પણ આ ચોપડી વિષે તેમ થયું નથી. એ ચોપડી ઈ૦ સ૦ ૧૮૬૪ માં છપાઇ હતી, કે જે વખતે જવલે પાંચ ખોજાઓ પણ અંગ્રેજી ભાષા જાણતા હશે. વળી એ ચોપડી લંડન જેવા દુર દરાજ શેહેરમાં છપાવવાનું કારણ શું હશે?

એ ચોપડી લંડનના બ્રીટીશ મ્યુઝીયમના રીડીંગ રૂમમાં મારે હાથ લાગી હતી. એ ચોપડી વેચાતી લેવાની મેં ઘણી કોશેશ કીધી, પણ અંતે મારી નેમમાં હું ફાવી શકયો નહીં. એ ચોપડીનું નામ

"હિંદુસ્તાનથી એક આવાજ" (A voice from India,) કરીને આપ્યું છે. એ ચોપડી કોણે લખાવી છે અથવા લખી છે, અથવા કયા છાપખાનામાં છાપી છે તે બીલકુલ જણાતું નથી. પણ એ ચોપડીના લખાણપરથી મને એમ લાગે છે કે એ ચોપડી લખાવનાર કોઇ બારભાયા ગ્રહસ્થ હોવા જોઇએ. એ લખાણમાં અંગ્રેજ પ્રજાને આગ્રહ કીધો છે કે નામદાર આગાખાનને મુંબઇ શેહેરમાં રહેવા દેવા નહીં; પણ જોર જબરીથી એમને મુંબઇથી હાંકી કહાડવા કારણકે એમના મુંબઇના રહેવાસથી ખોજા કોમને ઘણું નુકશાન થાય છે.

જો ઉપલી અટકળ ખરી હોય તો સઘળું સમજી શકાય એમ છે. ઇ૦ સ૦ ૧૮૬૪ માં અને તેની અગાઉ પણ ખોજા કોમમાં ભારે ઝઘડા ચાલતા હતા. તેની પૂરતી વિગત હવે પછી આપવામાં આવશે. વળી યાદ રાખવું જોઇએ કે ઇ૦ સ૦ ૧૮૬૧ ની સાલમાં નામદાર આગાખાને એક દસ્તાવેજ બહાર પાડયો હતો જેમાં લખેલું હતું કે ખોજાઓ શીઆ ઇમામી ઇસમાયલી હોવાથી તેમની લગ્ન, મરણ અને ગુસલની ક્રિયાઓ શીઆ મઝહબ પ્રમાણે થવી જોઇએ. જે લોક મારૂં કહ્યું કબુલ કરતા હોય તેઓએ આ કાગળપર સહી કરવી જેથી હું જાણું કે તેઓ કોણ છે. સઘળા ખોજાઓએ આ દસ્તાવેજપર સહી કીધી પણ ગણતરીના શેઠીઆઓ તેની સામે થયા એમ જણાવીને કે ખોજાઓ શીઆ નથી પણ સુની છે, જેથી તેમની ક્રિયાઓ સુની રીવાજ અને કાનુનો પ્રમાણે થવી જોઇએ, જેથી અમો એ દસ્તાવેજપર સહી કરીશું નહીં. એ મામલો ઘણો વધી પડયો હતો તે એટલા સુધી કે ઇ૦ સ૦ ૧૮૬૪ ના સાલમાં હાઇ કોર્ટને બારણે ચહડી ચુકયા હતા. એ મુકરદમાનો ફેસલો મુંબઇની વડી અદાલતના વડા જડજ સર જોસેફ આરનાલ્ડે

ઈ૦ સ૦ ૧૮૬૬ માં આપ્યો હતો, અને તેણે ઠેરવ્યું કે ખોજાઓ અસલ **શીઆ ઈમામી ઈસમાયલી** છે. આવી રીતે અંતે સચાઇની ફતેહ થઇ. ઉપલા ઝગડાઓની હસ્તીને લીધે સામી બાજુવાળા આવી જાતની ચોપડી લંડન શેહેરમાં છપાવી નામદાર આગાખાનને મુંબઇમાંથી દુર કરવાની તજવીજ કરે અને પોતાની નેમમાં ફાવે તો મુંબઇમાં તેઓ ઘણા મજબુત અને જોરાવર થઇ પડે એવી નેમ રાખી હોય એ સઘળું સમજી શકાય એમ છે.

એ ચોપડીના ઉપલા પૃથકરણ પરથી ખોજાઓ અસલ "શુદ્રા" હતા એમ જે લખેલ છે તેને કેટલું વજન આપવું એ નક્કી કરવું સહેલ થઇ પડે છે. બારીકાથી તપાસ કરતાં અને જુદા ખોજાઓને વારંવાર પૂછતાં જણાય છે કે ખોજા અસલ "શુદ્ર" હતા એવી એકબી દંત કથા હસ્તી ભોગવતી નથી. વળી તેમનો રાહુગાટ, આચાર વીચારો, તેમના ધંધા ધાપા અને તેમની ચામડીના રંગ ઉપરથી કહી શકાય, કે ખોજા નીચ વર્ણના નથી. વળી ઉપલી ચોપડીના લખાણપર કાંઇ પણ આધાર રાખવાનું કાંઇ ખાસ કારણ નથી.

(૪) ત્યારે ખોજાઓ અસલ "વૈશ્ય" એટલે વેપારી વર્ગના હોવાજ જોઇએ.

તર્ક શાસ્ત્રના એક સાદા અને સેહેલા કાનુન પ્રમાણે જો એક ન્યાત ચાર કોમમાંથી હોવીજ જોઇએ એમ હોય અને આપણે સાબેત કરીએ કે તે ત્રણ કોમમાંથી નથી તો દલીલ અને પૂરાવા રજુ કર્યા વગર સિધ્ધ થાય છે કે તે ચોથી કોમમાંથી હોવીજ જોઇએ. જેને અંગ્રેજીમાં Reasoning by exclusion કહે છે; માટે હવે આપણે કાંઇબી દલીલ રજુ ન કરીએ તોપણ ચાલે. પણ શું આપણી પાસે ખોજા અસલ વૈશ્ય હતા એમ માનવાને કારણ નથી? નહી; છે.

ખોજાઓએ ૫૦૦ વરસપર પીર સદરૂદીન નામના એક વિદ્વાનના કહેવા અને શીખામણથી હિંદુ ધર્મ તજી મુસલમાની ધર્મ અખત્યાર કીધો હતો. હવે મુસલમાન વિદ્વાનો અને દાઇઓનો હલકી વર્ણના લોકો તરફ અભાવ હતો, એ જાણીતી બીના છે. જ્યારે મુસલમાન પાદશાહોની જાહોજલાલી અને ઇસલામી ઝુંડો હિંદુસ્તાનમાં પૂર દમામ સાથે રવાજી ભોગવતા હતા, ત્યારે પણ ઇસલામી વિદ્વાનો અને દાઇઓ હલકી વર્ણના હિંદુઓને વટલાવવાનો સેજ પણ પ્રયત્ન કરતા નહીં. પીર સદરૂદીન હલકી વરણના હિંદુઓ તરફ ખેંચાય અને તેમને વટલાવે એ બનવા જોગ નથી.

દંત કથાઓપરથી જણાય છે કે ખોજાઓ "ભાટીઆ" ગ્નાતમાંથી વટલ્યા છે. જ્યારે મેમણ લુવાણામાંથી વટલીને મુસલમાન થયા છે. વળી એમ પણ કહેવાય છે કે થોડા ખોજાઓ ભાટીઆમાંથી અને બીજા લુવાણામાંથી વટલ્યા છે. જે લોક કહે છે કે ખોજા ભાટીઆમાંથી વટલ્યા છે, તેઓ પોતાના કહેવાના ટેકામાં ખોજા અને ભાટીઆ સ્ત્રીઓનું મલતાપણું અને એ બન્ને કોમના પુરૂષોની વેપાર ખીલવવાની ચંચળતા રજુ કરે છે. ગમે તેમ હોય પણ દંત કથાઓને સામટી રીતે લેતાં એટલું તો સિદ્ધ થાય છે કે ખોજાઓ અસલ વેપારી વર્ગના હતા, અને તેની દરેક નીશાની ખોજાઓમાં મોજુદ છે. ચીનના વેપારમાં ખોજાઓએ બાહોશી અને કુનેહ દેખાડી મોટી દોલતો એકઠી કીધી છે. ત્યાં ખોજાઓની કેટલીક પેહેડીઓ શરૂઆતથી આજ દીન સુધી જીવતી જાગતી છે. જાપાન દેશ વેપારને માટે ખુલું મેલાયું કે ખોજાઓ ત્યાં પહોંચી ગયા. યુરોપ સાથે વેપારમાં પોતાની કોમની સંખ્યાના પ્રમાણમાં ખોજા કોમ પોતાનો હિસ્સો આપે છે. મુંબઇમાં મીલ ઉદ્યોગ ખીલવવામાં ખોજા કોમ પછાત

નથી. જંગબારનો લગભગ સઘળો વેપાર ખોજાઓના હાથમાં હતો અને હાલ પણ જંગબારના આગેવાન વેપારીઓ અને શેઠીઆ-ઓમાં ખોજાઓની ઘણી મોટી સંખ્યા છે. મસ્કતમાં પણ ખોજાઓ પોતાની સાદી સમજ અને કુનેહથી વેપારી વર્ગમાં મથાળે આવ્યા છે. એદનમાં જુઓ તોપણ ખોજાજ સિંધ અને ખસુસ કરીને કરાંચીમાં ખોજાઓ પોતાના ધંધા વડે આગેવાન ગણાય છે. દીલગીરીની વાત છે કે એ કોમે દક્ષિણ આફ્રીકામાં ધંધા અર્થે પોતાનો પગ પેસારો ઘણે થોડે દરજ્જે કીધો છે. માત્ર ખોજા પુરૂષોએ ધંધા રોજગારની કુશળતા દેખાડી છે એમ નથી. ખોજા સ્ત્રીઓ પણ વેપારની સમજણ ધરાવતી જણાઇ છે. મુંબઇ શેહેરમાં સેંકડો ફીરીઆણા અને ચણા કુરસુરાની દુકાનો ખોજા સ્ત્રીઓ બાહોશીથી ચલાવે છે. જંગબારમાં સઘળી દુકાનો ખોજા સ્ત્રીઓ ચલાવે છે, જયારે તેમના ભરથાર સોદા લેવા બજારમાં જાય છે; અને આવી રીતે ખોજા સ્ત્રીઓ પોતાના ભરથારના જમણાં હાથ થઇ પડે છે, અને પૈસા એકઠા કરવામાં સ્ત્રી પુરૂષ દરેક પોતાનો હિસ્સો આપે છે. કાઠીયાવાડ સિંધ અને કચ્છમાં પણ ખોજા સ્ત્રીઓ પોતાના પતીને પેટ ભરવાના સાધનો મેળવવામાં મદદ કરે છે.

ઉપલું લખાણ કીધા પછી મારે હાથ એક ચોપડી આવી છે, જે મુંબઇ ઇલાકાની સરકારના હુકમ અને સત્તાથી ઇ૦ સ૦ ૧૮૯૯ માં છપાઇ હતી, જેમાં ખોજા કોમ વીશે ટુંક લખાણ કરવામાં આવ્યું છે અને ખોજાઓના જન્મ, લગ્ન, મરણ પેહેર-વાસ વગેરેની ક્રિયા અને રસમોનું ટુંક વર્ણન આપવામાં આવ્યું છે જેનો ઉપયોગ ઘટતે વખતે કરવામાં આવશે. પણ તેમાં એક બાબત એવી લખેલી છે કે જેથી ગેરસમજુતી ઉભી થવાનો સંભવ છે, જે દુર કરવાનું અત્રે હું વાજબી ધારૂં છું. તેમાં

૨

લખેલું છે કે ખોજાઓ સાત જાતના છે. (૧) ખેડવાયા મોમના (૨) ગુજર ગુપતી (૩) મુલતાની (૪) અલતાઇ ખુરાસાની (૫) મોચી મોમના (૬) સોની લોહાર (૭) કાબુલી અને બદકશાની.

હવે એ ચોપડીના લખનારે ખોજા શબ્દનો અર્થ "નામદાર આગાખાનના મુરીદ" એવો કરેલું જણાય છે. એ સઘળાઓની તવારીખ હું લખતો નથી, અથવા લખવાનો પ્રયત્ન પણ મેં કીધો નથી. પીર નુરસતગુરે પંજાબી અને કાબુલી લોકોને અને પીર શમસે કાશમીરી લોકોને "શીઆ ઇમામી ઇસમાઇલી" ધર્મ શીખવ્યો હતો. પણ તેમની તવારીખ સાથે આપણે કાંઇ લાગતું વળગતું નથી. આપણે તો માત્ર તે લોકોની તવારીખ લખવાનો પ્રયત્ન કરીએ છીએ, કે જેના વડીલોને ૫૦૦ વરસ પર પીર સદરૂદીને સિંધમાં હિંદુ ધર્મમાંથી મુસલમાની ધર્મમાં વટલાવ્યા હતા, અને જેને અંગ્રેજ સરકાર દરબારમાં અને તેના દફતરમાં ખોજાઓના નામથી ઓળખવામાં આવે છે અને જેના વારસા હિસ્સાના ચુકાદા અંગ્રેજી અદાલતોમાં ખાસ રીવાજના પૂરાવાની ગેરહાજરીમાં હિંદુ કાયદા કાનુનો પ્રમાણે આપવામાં આવે છે. એની અંદર "બારભાયા" અને અસનાશરી નામથી ઓળખાતા ખોજા આવી જાય છે. પણ ગુપ્તિ કે મોમના મોચી કે એવાજ બીજા નામદાર આગાખાનના મુરીદો આવતા નથી. આશા રાખવામાં આવે છે કે ઉપલા ખુલાસાથી કોઇબી પ્રકારની ગેરસમજુતી ઉભી થવાનો સંભવ રહેશે નહીં.

પ્રકરણ ૩ જું.

યુગ અને વેદ.

હીંદુ ધર્મ પ્રમાણે ચાર યુગ ચાર વેદ અને એક પરમેશ્વર છે.

૧. યુગ અથવા જુગની સમજણ.

દેવતાઇ વરસ તે માણસના વરસથી ઘણાં મોટાં હોય છે. ૪૩૨૦૦૦૦૦૦૦ માણસનાં વરસ પૂરાં થાય ત્યારે "બ્રહ્માનો" એક દીવસ પુરો થએલો ગણાય. દરેક દેવતાઇ દીવસના ૧૪ ભાગ હોય છે. જેને ૧૪ "મનુ" કરીને કહે છે. એ ૧૪ "મનુ" ના નામ નીચે પ્રમાણે છે:-

૧ સ્વયંભુ, ૨ સ્વરોચશ, ૩ ઉતમ, ૪ તામસ, ૫ રૈવત, ૬ ચાક્ષુસ, ૭ વઇવસ્વધ, ૮ સાવરણી, ૯ દક્ષ સાવરણી, ૧૦ બ્રહ્મ સાવરણી, ૧૧ ધર્મ સાવરણી, ૧૨ રૂદ્ર સાવરણી, ૧૩ દેવ સાવરણી, ૧૪ ઇંદ્ર સાવરણી.

દરેક "મનુ" માં ૭૧ મહા યુગ એટલે મોટા યુગ અથવા જુગ હોય છે, અને દરેક મહા યુગમાં ૪૩૨૦૦૦૦ વરસ હોય છે. હવે આ દુન્યાની ઉત્પતી થઇ ત્યારથી ૬ "મનુ" પૂરા થયા છે, અને સાતમો "મનુ" ચાલે છે, અને સાતમા "મનુ" ના ૨૭ મહા યુગ પૂરા થઇ ૨૮ મો મહા યુગ ચાલે છે. ૨૮ માં મહા યુગના ચાર ભાગ છે. જેને નાના યુગ અથવા જુગ કહે છે. તેના નામ ૧. કર્ત્તા જુગ ૨ ત્રેતા જુગ ૩ દુઆપર જુગ અને ૪ કલજુગ. પેહેલા ત્રણ પૂરા થયા છે, અને ચોથો હાલ ચાલે છે. કર્તા જુગ ૧૭૨૮૦૦૦ નો વરસ બનેલો હતો. ત્રેતા જુગમાં ૧૨૯૬૦૦૦. દુઆપર જુગમાં ૮૬૪૦૦૦, અને કલજુગમાં ૪૩૨૦૦૦ વરસનો સમાવેશ થાય

છે. કલજુગના ૫૦૦૮ વરસ પૂરાં થયાં છે, અને હવે બાકી ૪૨૬૯૯૨ વરસ રહ્યાં છે.

કલજુગમાં છ મોટા સનચાલુ કરનારા નરો થશે. ત્રણ થઇ ગયા છે, અને બીજા ત્રણ થવાના છે તે સઘળાની વિગત નીચે પ્રમાણે છે :–

નામ	સ્થળ	વરસ	ટીકા.
(૧) યુધીષ્ટર	ઇંદ્રપ્રસ્થ	૩૦૪૪	પૂરાં થયાં.
(૨) વિક્રમ	ઉજ્જન	૧૩૫	પૂરાં થયાં પણ ચાલુ સાલ ૧૯૬૧ નો છે સંવત.
(૩) શાલીવહાન	પ્રતીસ્થાન અથવા પઇઠન	૧૮,૦૦૦	ચાલુ છે ૧૮૨૭ શાકે.
(૪) વીજયાભીનંદન	વઇતરણી નદી અને સીંધુ નદીના સગમપર	૧૦,૦૦૦	આવનાર છે.
(૫) નાગરજુન	ગઉડમાં ધારાપર(બંગાળામાં)	૪,૦૦,૦૦૦	આવનારછે.
(૬) કલંકી	કરનાટીકમાં કરવીર (કોલાપુર)	૮૨૧	આવનાર છે.

દેવતાઇ વરસ માણસ જાતના વરસ કરતાં ઘણા મોટાં હોવાની બીના માત્ર હીંદુ ધર્મમાંજ હોય એવું કાંઇ નથી; કારણ કે " કુરાને મજીદ " ના ૨૨ મા સુરાની ૪૬ મી આયતમાં ફરમાવ્યું છે કે **"ખરેખર જે લોક ગણતરી રાખે છે, તેમના ૧૦૦૦ વરસની બરાબર તારા ઇશ્વરનો એક દીવસ છે."**

(૨) વેદની સમજણ.

વેદ એટલે જ્ઞાનનો ભંડાર સઘળું જ્ઞાન પરમેશ્વર તરફથી હોય છે. " બ્રહ્મા" નાં ચાર માથાં હતાં એટલે ચાર મહોડાં પણ હતાં અને દરેક મહોડાંમાંથી એક એક વેદ બહાર પડયો છે. આવી રીતે વેદ ચાર છે. (૧) રીગવેદ, (૨) યજુરવેદ, (૩) સામવેદ અને (૪) અથર્વ વેદ. રીગ વેદમાં અગ્નિની, યજુર વેદમાં

હવાની અને સામવેદમાં સુર્યની અસર છે એમ કહેવાય છે. દરેક વેદના ત્રણ ભાગ હોય છે.

(ક) " મંત્ર " અથવા " સંહીતા "

એ ભાગની અંદર ઇશ્વરના વખાણ અને બંદગીનો સમાવેશ કીધેલો છે, અને તેને કીર્તન અને પ્રાર્થના પણ કહે છે.

(ખ) "બ્રાહ્મણો"-ક્રિયાઓનું વર્ણન. બ્રાહ્મણોએ કયે કયે દીવસે કઇ કઇ ક્રિયાઓ કરવી અને તે કેવી રીતે કરવી અને તે વખતે કયા કયા મંત્રો ભણવાં એ સઘળાંની સમજ આ ભાગમાં લખેલી છે તેથી એ ભાગ બ્રાહ્મણોને અતી ઉપયોગી છે.

(ગ) " ઉપનીશદ " ત્રીજા ભાગમાં રૂતુના ફેરફાર, વરસ, મહીના અને દીવસની ગણત્રી વગેરે એવી બાબદોનો સમાવેશ છે. ટુંકમાં એ ભાગ પંચાંગની ગરજ સારે છે.

(૧) "રીગ વેદ"માં ૧૦ ચોપડીઓ અને ૧૦૧૭ કીર્તનો અને પ્રાર્થનાઓ છે. એ ૧૦ ચોપડીઓમાંની ૮ ચોપડીઓ અગ્નિના નામથી અને બાકીની બે ચોપડીઓ " ઇંદ્ર " ના નામથી શરૂ થાય છે. દુન્યામાં જેટલાં લખાણો હસ્તી ભોગવે છે તેમાં આ લખાણ સરવેથી જુનું છે એમ કહેવાય છે. ઓછામાં ઓછાં ૩૦૦૦ વરસપર એ લખાયું હોય એવું અનુમાન કરવામાં આવ્યું છે. આ વેદમાં આકાશ, સુર્ય, પૃથ્વી, ચંદ્ર વગેરેને જાણે તેઓ જીવતા અને સાંભળતા હોય તેમ તેમને અરજ કરવામાં આવે છે અને કેટલેક ઠેકાણે તેમના વખાણ કરી તેમની મદદ માંગવામાં આવે છે.

(ક) અગ્નિ. રીગવેદની ૧૦ ચોપડીમાંની ૮ ચોપડીઓ એના નામથી શરૂ થાય છે. એનું કામ ધર્મ ક્રિયાઓ અને યજ્ઞની ક્રિયાપર દેખરેખ રાખવાનું હોય એમ હિંદુ લોક માને છે.

(ખ) "ઇંદ્ર" વરસાદ આપનાર અથવા વરસાવનાર. જો વરસાદ ન પડે તો ઇંદ્રને આગ્રહ કરવાથી વરસાદ પડે એમ માનવામાં આવ્યું છે.

(ગ) સુર્ય–સાવિત્રી–પુશણ. સુર્ય અથવા સાવિત્રી અથવા પુશણના યોગ્ય વખાણ આ વેદમાં કરવામાં આવ્યાં છે. એનાં કામ દરેક ચીજને સહીસલામત જાળવી રાખવી, માણસ જાતને પોતાની ફરજો બજાવવા શકિતવાન બનાવવો, માણસજાતના ભલાં ભુંડાં કામોપર નજર રાખવી, મુસાફરોને રસ્તા દેખાડવા અને જાનવરોને બચાવવા અને વધારવાના છે.

(ઘ) ઉષાહ–પરોઢીંઉ (ન) પૃથ્વી–જમીન (ચ) વાયુ–પવન (છ) રૂદ્ર–તોફાન (જ) યમ–મરેલાં માણસોના ભલાં ભુંડાં કામોનો ઇનસાફ કરનાર (ઝ) સોમ-રીગવેદની નવમી ચોપડીમાં માત્ર સોમનાજ વખાણ કરવામાં આવયાં છે. સોમ એક જાતનું પીણું છે. જેથી નીશો પણ આવે છે. (ય) વરૂણ–દરીયા, પાણી વગેરે વગેરે.

(૨) યજુર વેદ–ચારે વેદમાં આ સર્વથી નાનો છે. એની અંદર પુનેમ, અમાસ અને ચાંદરાતે કઇ કઇ ક્રિયાઓ કરવી, વળી તે કેવી રીતે કરવી અને વળી તે વખત કયા કયા મંત્રો ભણવા એ સઘળાનું વર્ણન આપવામાં આવયું છે. વળી માણસો અને જાનવરોના ભોગ આપતી વખતની ક્રિયાઓ પુરતી વીગતો સાથે આપવામાં આવી છે. મરણ પામેલાં માણસોના આત્માને શાંતી આપવાની ક્રિયા અને ભુંડાં કામ કીધાં હોય તેને માટે પસ્તાવો કરી માફી માંગવાની રીત વીષે પણ એમાં વિવેચન કરવામાં આવયું છે.

(૩) સામ વેદ–સામ વેદમાં રાગદારી પ્રાર્થનાઓ આપેલી છે. પાપનો નાશ કરવાના મંત્રની સમજણ એમાં આપી છે. એ વેદના મુખ્ય ભાગને "અરશીકા" કરીને કહે છે.

(૪) અથર્વ વેદ—આ વેદ આધુનીક ગણાય છે અને ટુંકમાં કહીએ તો એમાં મંત્ર શાસ્ત્રનો સમાવેશ થાય છે. દુશ્મનોને ઠાર કેમ કરવા અથવા હમેશાં તેમને માંદગીને બીછાને કેમ સુવાડવા અને તેમના મંત્રથી કેમ બચવું અને આપણા પર કોઇ આફત આવવાની હોય તેને કેમ ટાળવી વગેરેની સમજણ આ વેદમાં આપી છે. એની અંદર વળી પંચાંગની વીગત પણ સમાવી છે.

આપણો આત્મા ૮૪ ફેરા ફરશે અથવા આપણે સારાં કામ કરશું તો આપણા મરણ પછી બીજી વાર માણસ તરીકે જનમશું અને જો ભુંડાં કામ કરશું તો આપણાં કામની ભલાઇ ભુંડાઇના પ્રમાણમાં આપણે ઘોડા, ગધેડા, ઉંદર, ગાય, ઉંટ, કે હાથી થશું એ વીશે વેદમાં કાંઇ લખ્યું નથી. વળી વિધવાઓને પોતાના ભરથારના મરણ પછી બીજો વર કરવાની મનાઇ કે છોકરીઓને નાનપણમાં પરણાવવાને ઉતેજન કે પરદેશ મુસાફરી કરવાની મનાઇ વેદમાં નથી. વળી મુર્તિપૂજા કરવા વેદમાં ફરમાવ્યું નથી. આત્માનું અમર હોવું, અને આપણા મરણ પછી આપણા ભલાં ભુંડાં કામોનો બદલો આપણને મળશે, એ વિચારો વેદમાં દરશાવ્યા છે. વેદના વખતના લોક કેટલેક દરજ સુધરેલા હતા. તેઓ ખેતીવાડી કરતા, જાનવરો પાળતા, હુન્નર શીખતા, ઇમારતો બાંધતા અને પોતાના રાજા અથવા ઉપરીને માન આપતા. ઘણું કરીને લોક એકજ સ્ત્રી પરણતા, જોકે એકથી વધુ સ્ત્રીઓ પરણવાનો રીવાજ કેટલેક દરજ હસ્તી ભોગવતો હતો, અને સ્ત્રીઓને બીજીવાર પરણવાની છુટ હતી.

પ્રકરણ ૪ થું.

હીંદુ ધર્મ પ્રમાણે પરમેશ્વર એક છે.

પરમેશ્વરની મુખ્ય શકિતઓ ત્રણ છેઃ (૧) પેદા કરવાની (૨) જીવાડવાની અને (૩) મારવાની.

(૧) પરમેશ્વરની પેદા કરવાની શકિતનું નામ તે બ્રહ્મા. બ્રહ્માનાં ચાર માથાં હતાં; અને દરેક માથાંમાંથી એટલે દરેક મહોડાંમાંથી એક એક વેદ બહાર આવ્યો છે. વળી બ્રહ્માના મહોડાંમાંથી બ્રાહ્મણ, કમરમાંથી ક્ષત્રી, જાંગમાંથી વૈશ્ય અને પગમાંથી શુદ્ર પેદા થયા છે. ઉપલી હકીકત પરથી વાંચનારે જોઇ લીધું હશે કે આ સઘળું દાખલારૂપી એટલે દ્રષ્ટાંતરૂપી છે. સાર માત્ર એટલોજ કે સઘળી ચીજ પરમેશ્વરે પેદા કીધી છે, અને પરમેશ્વરની પેદા કરવાની શકિતનું નામ માત્ર બ્રહ્મા રાખવામાં આવ્યું છેઃ એવીજ રીતે બીજી શકિતઓ વીષે સમજવું.

(૨) પરમેશ્વરની જીવાડવાની શકિતનું નામ "વીષ્ણુ" અને તેની મારવાની એટલે નાશ કરવાની શકિતનું નામ "શીવ" કરીને રાખવામાં આવ્યાં છે. પરમેશ્વરની જીવાડવાની શકતી "વીષ્ણુ"ના દશ મુખ્ય વીભાગ છે.

(૧) દર્યાના તોફાનમાંથી બચાવવાની શકિતને "મચ્છ" કરીને કહે છે. આની દાખલારૂપી કથા નીચે આપવામાં આવી છે. "શંખાસુર" અથવા "હયાગ્રીવ" નામનો એક દૈત્ય હતો. લોકો વેદના પુસ્તકો વાંચે અને તેમાં લખેલી ક્રિયાઓ કરે અને તેમાં જણાવેલાં ફરમાનો પ્રમાણે ચાલે અને સચાઇ અને ભલમનસાઇ દુન્યામાં વધે તે એ દૈત્યને પસંદ પડયું નહીં; તેથી તેણે એ પુસ્તકો ચોરાવી લીધાં. એ વાત જયારે "વીષ્ણુ"ને ખબર પડી

ત્યારે તેણે એ દૈત્યની પુઠ પકડી તેથી તે વેદના પુસ્તકો લઇ સમુદ્રમાં નાઠો, અને ત્યાં ભારે તોફાન ઉઠાવ્યું. "મચ્છ" અથવા માછલીનું રૂપ ધારણ કરી "વીષ્ણુ" સમુદ્રમાં તેની પુઠે ગયો તેને પકડી હરાવી તેનો નાશ કરી વેદનાં પુસ્તકો પાછાં લઇ આવ્યો.

સારઃ–ગમે તેવું ભારે તોફાન સમુદ્રમાં થાય તોપણ તેમાંથી સહીસલામત બચાવવાની શકિત પરમેશ્વર ધરાવે છે.

(૨) કોઇના પણ નામ અથવા કીર્તીને અમર કરવાની શકિતને **"કુરમા"** અથવા 'કચ્છ' અથવા "કાચબા"નું નામ આપવામાં આવ્યું છે; એની દ્રષ્ટાંત રૂપી કથા નીચે પ્રમાણે છેઃ–રાક્ષસો અને અસુરોએ ભકતો અને દેવતાઓને હેરાન કરવા માંડયા; અને કેટલેક વખતે તેમના નાશ પણ કરી નાખતા. આથી ભકતો કંટાળી ગયા અને અંતે બ્રહ્મા પાસે ફર્યાદ લઇ ગયા અને દાદ ચાહી. બ્રહ્માએ જવાબમાં સુચવ્યું કે તમો વીષ્ણુંની મદદ માગો અને તેની મદદથી મહાસમુદ્રમાંથી "અમૃત" કહાડો અને તે પીઓ એટલે તમો અમર થઇ જશો જેથી રાક્ષસોનું જોર પોતાની મેળે નરમ પડી જશે. તેઓએ તેની સલાહ માની પણ સમુદ્રમાંથી "અમૃત" કહાડવા માટે તેને છાશની માફક વલોવવો જોઇએ તેની તૈયારી કરવા માંડી. "મેરૂ" પર્વતની રવાઇ (જંગવાની કાડી) બનાવી અને "વાસુકી" નાગનું નેતરૂં (દોરડું) બનાવ્યું પણ રવાઇનો નીચેનો પુલ કેમ અથવા કોને બનાવવો તે માટે તેઓ મુંજાયા. તેઓએ "વીષ્ણુ"ની મદદ માગી જેથી વીષ્ણુએ "કચ્છ" અથવા "કાચબા"નું રૂપ ધારણ કરી રવાઇના પુલની જગ્યા લીધી. સમુદ્રને જંગ્યો ત્યારે તેમાંથી ૧૪ રત્ન નીકળ્યાં. (૧) **ચંદ્ર**, (૨) **લક્ષ્મી**–પૈસા અને ખુબસુરતી, (૩) **સુર**–શરાબ, (૪) **ઉછીસ્રવ**–આઠ માથાનો ઘોડો, (૫) **"કસતુભા"** હીરો (૬) **પરીજત**–એક ઝાડ કે જેની ડાંખળીઓ પર દરેક જાતના મેવા

હસ્તી ભોગવતા, (૭) **સુરાભી**-એક ગાય જેનું દુધ ખુટતુંજ નહીં; (૮) **ધન્વંતર**-વૈદ (૯) **ઐરાવત**-ત્રણ સુંઢને હાથી (૧૦) **શંખ**-જે કોઇ એ શંખને વગાડે તે ફતેહ મેળવ્યા વગર રહેજ નહીં, (૧૧) **ધનુષ્ય**-કમાન જેનું તીર પોતાની નેમમાં કદી ચુકેજ નહીં, (૧૨) **વીખ**-ઝેર, (૧૩) **રંભા**-એક ભલી અને ખુબસુરત અપસરા, (૧૪) " **અમૃત** "-પાણી કે જે કોઇ પીએ તે કદી મરેજ નહીં.

સઘળા દેવતા "અમૃત" પીવાને એકઠા થયા; તેમાં "રાહુ" નામને રાક્ષસ પણ ઘુસી ગયો. સઘળાઓએ "અમૃત" પીધું અને તેઓ અમર થયા. રાહુ પણ પીતો હતો એટલામાં "સુર્ય" અને "ચંદ્રમાં" એ ખબર આપી કે એ તો રાક્ષસ છે. એટલે એનું માથુ કાપી નાખવામાં આવ્યું, જેથી એનુ માથુંજ માત્ર અમર થયું. હવે અમુક અમુક વખતે "રાહુ"નું અમર થયલું માથું પોતાનું વેર લેવાને "સુર્ય" અને "ચંદ્રમાં" ને હેરાન કરે છે અને જે ગ્રહણનો વખત છે.

સારઃ—બળવાન દુશ્મનોથી બચાવી ભલા માણસોને ૧૪ રત્ન રૂપી ૧૪ નીઆમતો બક્ષી તેમના નામ અને કીર્તીને અમર કરવાની શકિત પરમેશ્વર ધરાવે છે.

(૩) પૃથ્વી અથવા દુન્યાને બચાવવાની શક્તિને "વરાહ" નું નામ આપવામાં આવ્યું છે. એની અલામતી કથા નીચે પ્રમાણે છેઃ—"હીરણાકશ" નામને રાજા ઘણો જુલમી અને ક્રુર હતો અને પોતાના બળ વડે તેણે પૃથ્વીને એટલી ધુજાવી કે અંતે તેને પાતાળમાં લઇ ગયો. પૃથ્વીને બચાવવા "વીષ્ણું" "વરાહ" નું રૂપ લઇ પાતાળમાં ગયો. લડાઇ કરી "હીરણાકશ" ને મારી પૃથ્વીને પોતાની દાંતરીમાં ધરી તેના અસલ ઠેકાણે લાવી મૂકી.

સારઃ—દુનીઆનો સઘળો વહેવાર, રાત પછી દીવસ અને દીવસ પછી રાતનું થવું, શીઆળા, ઉનાળા અને ચોમાસાની રૂતુઓનું વારાફરતી આવવું, ભરતી અને ઓટ, ખાવું અને ઉંઘવું, ઉગવું અને ખરી જવું, વગેરે સઘળા કુદરતી કાનુનોપર નજર રાખવી, અને દુનીઆને સૂર્ય, ચંદ્ર કે તારાથી અથડતાં બચાવી સલામતી સાથે ચલાવવાની શક્તિ પરમેશ્વર ધરાવે છે.

(૪) પહાડોના પથરથી, સરપ અને વીંછીના દંખથી, ઝેહરની અસરથી, આગના બળવાથી, અને વિકટ જાનવરોની ઇજાથી બચાવવાની શક્તિને "નરસીંહ" નું નામ આપવામાં આવ્યું છે. એની દાખલારૂપી કથા આ પ્રમાણે છેઃ—"હરણાકશપુ" નામનો એક ભક્ત હતો જેણે ૧૦૦૦૦ વરસ સુધી ભક્તિ કીધી હતી. જેથી પરમેશ્વર તેની પર નવાજયો અને તેને કહ્યું કે જે તું માગશે તે તને મળશે. તેણે માંગ્યું કે હું રાજા થાઉં અને મારૂં મરણ માણસ જાનવર કે હથિઆરથી, રાત્રે કે દીવસે, જમીનપર કે આસમાનપર, બહાર કે અંદર, થાય નહીં. એ તેની માગણી કબુલ રાખવામાં આવી. રાજા થયા પછી તે લોકપર ભારે જુલમ કરવા લાગ્યો અને દાવો કીધો કે પરમેશ્વર તે હું પોતેજ. તેનો એક પુત્ર હતો જેનું નામ પ્રહલાદ (પેલાજ) હતું. તે ભક્ત હતો અને પોતાના પીતાને પરમેશ્વરની ભક્તિ કરવા સમજાવતો, જેથી "હીરણાકશપુ" ઘણો ગુસ્સે થયો અને "પ્રલહાદ" ને એક ઉંચા પહાડ પરથી નાંખી દીધો પણ પરમેશ્વરે તેને બચાવ્યો. પછી તેને સરપ અને વીંછીથી દંખાવ્યો તોપણ તે જીવવા પામ્યો. ત્યાર પછી તેને ઝેહર ખવાડયું પણ વિખે તેના પર અસર કીધી નહીં. પછી હોળી ખડકાવી તેને આગની અંદર નાંખ્યો; પણ આગે તેને બળવા દીધો નહીં. પછી હાથીના પગ નીચે કચડાવ્યો પણ તે તો જેવોને તેવોજ. પછી લોખંડના થંભને ગરમ કરી

તે થંભને બાજવા પ્રલ્હાદને હુકમ કીધો. તેમ કરતાં તે થંભ ફાટો અને અંદરથી એક પ્રાણી જેનું અડધું શરીર માણસનું અને અડધું શરીર સીંહનું (નરસીંહ) હતું તે નીકળ્યો અને "હરણાકશપુ" ને સાંજના પોતાના નખ વડે ત્યાં મારી નાંખ્યો.

સાર--દરેક પ્રકારની આફતમાંથી બચાવવાની શક્તિ પરમેશ્વર ધરાવે છે.

(૫) મગરૂર, અભીમાની અને પતરાઝખોર લોકોને સજા કરવા છતાં તેમને બચાવવાની શક્તિને "વામન" (વેંત્યા) નું નામ આપવામાં આવ્યું છે. "પ્રલ્હાદ" નો પૌત્ર "બળીરાજા" બહુજ ધર્મદાન કરતો હતો; છતાં તે ઘણો મગરૂર અને અભીમાની હતો, તેથી વીષ્ણું વામન (વેંત્યા) નું રૂપ લઇ તેની પાસે ગયો, અને તેને જણાવ્યું કે હું ગરીબ બ્રાહ્મણ છું તેથી મારા અઢી પગલામાં સમાય તેટલી જમીન મને આપવી. હાતમ દીલના આ બળીરાજાએ તરતજ તેની એ માગણી કબુલ કીધી, અને જણાવ્યું કે તને પસંદ પડે, તે જમીન માપી લે. તરતજ વીષ્ણુંએ વીરાટ (મોટામાં મોટું) રૂપ ધારણ કીધું અને એક પગલામાં આખી પૃથ્વી અને બીજા પગલામાં આખું આકાશ લીધું અને બાકીના અડધા પગલા માટે જગ્યા નહીં રહેવાથી બળીરાજાની છાતીપર પગ મૂકી તેને પાતાળમાં દાબી દીધો, અને પાતાળનું રાજ્ય તેને સોંપ્યું.

સાર–મગરૂર અભીમાની અને તોછડા માણસને પરમેશ્વર સજા કરે છે પણ તેજ વખતે જો એવા માણસમાં સારા ગુણ હોય, તો તેની કદર પરમેશ્વર બુજે છે, અને તેને બચાવી તેના લાયકની જગ્યા તેને આપે છે.

(૬) રાજાઓ ગરીબ માણસોનો માલ લૂટવાની વેતરણ કરે તેમને સજા કરવાની, અને ગરીબોનો માલ બચાવવાની શક્તિને

" પરશુરામ "નું નામ આપવામાં આવ્યું છે. " ઇંદ્ર " રાજાએ " જમદગની " નામના રૂશીને " કામધેનું " નામની અગણીત ગુણ ધરાવતી ગાય આપી હતી. " જમદગની " રૂશીની સ્ત્રીનું નામ " રેણુકા " હતું. એમને પેટે " પરશુરામ " જન્મ્યો હતો. " કાર્તવિર્ય " નામનો રાજા શિકારે ગયો, અને રાત્રે " જમદગની" રૂશીને ત્યાં રહ્યો. તે ગાય રાજાએ માગી, પણ રૂશીએ તે આપવા ના પાડી, જેથી રાજાએ રૂશીને મારી નાંખ્યો. ગાય કંઇ રાજાના હાથમાં આવી નહીં, અને " વીષ્ણું "એ " પરશુરામ " નું રૂપ ધારણ કરી રાજા સાથે ૨૦ લડાઇ લડયો અને રાજા, તેના કુટુંબ અને તેના લશ્કરનો નાશ કીધો.

સાર-નિર્દોશ ગરીબોને હેરાન કરનારને ઠેકાણે પહોંચાડવાની અને ગરીબોનો માલ બચાવવાની શક્તિ પરમેશ્વર ધરાવે છે.

(૭) પાકદામન સ્ત્રી પોતાનું પતીવૃતાપણું જાળવવાને શક્તિવાન થાય એ શક્તિને " રામ "નું નામ આપવામાં આવ્યું છે.

" અયોધ્યા "માં " દસરથ " રાજા રાજ્ય કરતા હતા. તેના (૧) રામ, (૨) લક્ષમણ, (૩) શત્રુધ્ન, (૪) ભરત નામના ચાર પુત્ર હતા. " રામ "ની માતાનું નામ " કઉશલ્યા, " " લક્ષમણ " અને " શત્રુધ્ન "ની માતાનું નામ " સુમીત્રી " અને " ભરત "ની માતાનું નામ " કેકઇ " હતાં. " રામ "ની સ્ત્રીનું નામ "સીતાજી" હતું. " દસરથ " રાજાએ વિચાર કીધો કે મારી હૈયાતીમાં મારે રાજ્યપદ છોડી દેવું અને મારે હાથે રાજ્યની લગામ મારા વડા પુત્ર " રામ "ને સોંપવી. આ વાત રાજાની માનીતી રાણી " કેકઇ "ને પસંદ પડી નહીં અને તેણે " રામ "ને ૧૪ વરસ સુધી વનવાસ મોકલાવ્યો અને પોતાના છોકરા " ભરત "ને ગાદી અપાવી. રામ, લક્ષમણ અને સીતાજી વનમાં સાથે ગયાં હતાં. ડંડકનાં જંગલમાં " રાવણ " અને " ખારા " નામના બે દૈત્યની બેહેન

“ સુરપંખા ” ડાકણે “ રામ ”ને જોયો અને તેને જોતાંજ તેના-પર મોહી પડી. “ રામ ” પાસે તેણે જઇને કહ્યું કે તું મારી સાથે પરણ. “ રામે ” જવાબ દીધો મારી સ્ત્રી મારી સાથે છે માટે તું મારા ભાઇ “ લક્ષમણ ” પાસે જા. ત્યારે તે “લક્ષમણ” પાસે ગઇ અને તેની સાથે પરણવાની પોતાની મરજી જણાવી. “ લક્ષમણે ” તેના કાન અને નાક કાપી લીધાં, જેથી તે ઘણી ગુસ્સે થઇ અને પોતાના ભાઇ “ રાવણ ” જે “ લંકા ”નો રાજા હતો તેને “ સીતાજી ”ની ખુબસુરતી વિષે ઘણો લલચાવ્યો. તેથી તે રાક્ષસ “ રામ ” અને “લક્ષમણ ”ની ગેરહાજરીમાં “સીતાજી”નું હરણ કરી ગયો. પણ તે બદમાશ પોતાની નેમમાં ફાવ્યો નહીં. કારણકે “ સીતાજી ” પોતાનું પતીવ્રતાપણું જાળવી રાખવામાં મકમ રહ્યાં. અંતે “ રામે ” લંકાપર ચહડાઇ કીધી અને “ રાવ-ણ ”ને મારી પોતાની અમુલ્ય રાણી “ સીતાજી ”ને મળ્યા. આ વખતે વનવાસના ૧૪ વરસ પણ પૂરાં થયાં હતાં, તેથી તેઓ અયોધ્યામાં પાછા ફરી રાજ્ય લગામ હાથમાં ધરી.

સાર–જો કોઇ સ્ત્રી પોતાનું પતીવ્રતાપણું અને પાકદામની જાળવવાની મરજી રાખે છે તો તેને કોઇબી પ્રકારે અને હજારો-સંકટોમાં પણ પરમેશ્વર મદદ કર્યા વગર રહેતો નથી.

(૮) જેનો વાજબી હક હોય અને તે લૂટાતો હોય તો તેને અટકાવી અને નાચારોને મદદ કરી તેમના હક મેળવી આપવાની પરમેશ્વરની શકિતને “કૃષ્ણ”નું નામ આપવામાં આવ્યું છે.

“કૃષ્ણ” ના બાપનું નામ “વાસુદેવ” અને માતાનું નામ “દેવકી” હતાં, અને એના મામાનું નામ “કંસ” હતું. હવે જેટલાં બચ્ચાં “ દેવકી ”ને થતાં તેનો “કંસ” રાજા નાશ કરતો કારણકે તેને કહેવામાં આવ્યું હતું કે તારી બેહેન “ દેવકી”નો પુત્ર તારી પાસેથી તારૂં રાજ્ય છીનવી લેશે. અને તારો પ્રાણ

પણ લેશે. "કૃષ્ણ" "દેવકી"નો આઠમો પુત્ર હતો તેજ વખતે "ગોકુળમાં "નંદ"ને ત્યાં એક છોકરીનો જન્મ થયો. તેની અને "કૃષ્ણ"ની અદલાબદલી "કંસ" રાજાને જણાવ્યા વગર કરવામાં આવી. "નંદ"ની સ્ત્રીનું નામ "જસોદા" હતું. 'કૃષ્ણ' જયારે આઠ વરસનો થયો ત્યારે તેણે પોતાના મામા "કંસ"ને ઠાર કીધો.

"પાંડુ" અને "ધૃત્રાષ્ટ્ર" નામના બે ભાઇ હતા. "પાંડુ" નાની વયે પાંચ પુત્ર મુકી મરણ પામ્યો અને ધૃત્રાષ્ટ્ર જન્મ-થીજ આંધળો હતો. અને એને ત્યાં ૧૦૦ છોકરા હતા. 'પાંડુ'ના પાંચ છોકરા "પાંડવ"ના નામથી અને ધૃત્રાષ્ટ્રના ૧૦૦ છોકરા કૌરવના નામથી ઓળખાય છે. પાંડવમાં સર્વેથી મોટો 'યુધીષ્ટર' બીજો "ભીમ" ત્રીજો "અર્જુન" ચોથો "નીકુળ" અને પાંચમો "સહદેવ" કરીને હતા. 'ઇંદ્રપ્રસ્થ' અથવા "હસ્તીપુરી" જેને આ જમાનામાં "દીલ્હી" કહે છે તયાં તેઓ રાજ્ય કરતા હતા. હવે રાજ્ય કરવાનો ખરો હક "પાંડવ"નો હતો. પણ તેમની વચ્ચે કૌરવ આડા પડયા. 'કૌરવે' સીસા ભરેલા પાસાથી 'પાંડવ' સાથે જુગાર રમી ઠગાઇથી તેમનું રાજ્ય જીતી લીધું એટલુંજ નહીં પણ તેમની સ્ત્રી "દ્રૌપદી"ને પણ જીતી લીધી. તેઓ ભુલી ગયા કે "દ્રૌપદી" તેમની ભોજાઇ થતી હતી, અને સઘળાઓની સામે એ સતીને નગ્ન કરવાની હઠ લીધી પણ પરમેશ્વરની મેહેરબાનીથી જેમ જેમ તેઓ તે સતીના કપડાં ઉતારતા ગયા તેમ તેમ અંદર બીજાં કપડાં તેને પેહેરેલાંજ હતાં. આવી રીતે આ પાપી "કૌરવો"એ તે સતીના સો ચીર ફાડયા અને પછી તેઓ થાકયા. "કૌરવો"એ જુવામાં રાજ્ય જીતેલું હોવાથી તેઓએ "પાંડવ"ને હાંકી કહાડયા. વીષ્ણું કૃષ્ણના રૂપમાં તેમની મદદે આવ્યો જેથી કૌરવ અને 'પાંડવ' વચ્ચે ભારે યુદ્ધ થયું; જેમાં 'કૌરવ'ની ભારે હાર થઇ અને 'પાંડવ'ને રાજ્યપદ પાછું મળ્યું.

સાર:-નિર્દોષ અને નીરાધારના હકો લૂટાઇ જતા અટકાવવાની શકિત પરમેશ્વર ધરાવે છે.

(૯) "બુધા"-કેટલાક લોકોનું કહેવું છે કે હિંદુધર્મમાં જે બુધનું નામ છે તે એજ મહાત્મા 'બુધા' છે કે જેને બરમાં, જાપાન, ચીન, કોરીઆ વગેરે દેશોમાં ધર્મના વડા તરીકે માનવામાં આવે છે. પણ બીજાઓ એ મતથી જુદા પડે છે અને કહે છે કે 'બુધા' એટલે ચુપકીદી.

દરેક માણસને પોતાના પાપે મરવા દેવા એટલે જેમ ચાલે છે તેમ ચલાવવું અને જે થતું હોય તેમાં કોઇપી રીતે વચ્ચે પડવું નહીં. જે થાય છે તે સારાને કાજે. એ સઘળું જયારે "કલંકી" આવશે ત્યારે ફેરવાઇ જશે.

(૧૦) "કલંકી"-કલંક એટલે ડાઘ, એબ, ખોડ, બટો, ધબ્બો. "કલંકી" અવતાર જયારે પ્રગટશે ત્યારે તે દરેક પ્રકારના ડાઘ, એબ અને ખોડ દુર કરશે અને આ દુન્યાને તે પવિત્ર બનાવશે એમ હિંદુ લોક માને છે. વળી તેઓ એમ પણ માને છે કે આ 'બુદ્ધા' અવતાર ચાલે છે અને 'વીષ્ણુ' નો કલંકી અવતાર હવે પછી આવનાર છે.

પીર સદરૂદીને આપેલી સમજણ.

પીર "સદરૂદીન" નામના એક વીદ્વાને 'ખોજા કોમ'ને ૫૦૦ વરસપર હિંદુ ધર્મમાંથી મુસલમાની ધર્મમાં વટલાવી હતી. અને તેમ કરતાં તેણે હિંદુઓના ચાર યુગ ચાર વેદ અને પરમેશ્વરની જીવાડવાની દસ શકિતઓ એટલે અવતાર કબુલ રાખ્યા હતા. તેણે માત્ર એટલુંજ શીખવ્યું કે, "કલંકી" નામનો અવતાર અથવા 'વીષ્ણુ' ની ૧૦ મી શકિત જે હવે પછી પ્રગટ થનાર છે, એમ જે માનવામાં આવ્યું છે તે ખરૂં નથી. કારણ કે "કલંકી" અવતાર તો આવી ગયો છે, અને તે કોઇજ નહીં, પણ "ઇસલામ"

છે. મૂર્તિ અથવા પથર પૂજાના કલંકને નાબુદ કરનાર, જીવતાં માણસના ભોગ આપવાના અને જીવતી છોકરીઓને દાટી દેવાના એબને જડમુળથી ઉખેડી નાંખનાર, અજ્ઞાનપણાના સીહા ડાઘને સાફ સાફ ધોઇ કહાડનાર, ભલા ભુંડા અને હલાલ હરામ વચેના ફરક ન સમજવાના બટાને દુર કરનાર, વહેમ સાંકડા વિચાર અને ઝનુનની ખોળને તોડી પાડનાર, વેરભાવ અદેખાઇ અને નાપાકીના ધબ્બાને ભુસાડનાર, કુસંપ કીનો કલેશ અને કુપાત્રપણાના કલંકને કારી કટારીથી કાપનાર તે "ઇસલામ" અને "ઇસલામ"ના સ્થંભ તે "મહમદ" અને "અલી."

પ્રકરણ ૫ મું.

"હજરત-મહમદ."

ઇ૦ સ૦ ૫૭૦ના આગષ્ટ મહીનાની ૨૯ મી તારીખે હજરત મહમદ સાહેબનો જન્મ મક્કા શેહેરમાં થયો હતો. એમના જન્મની પહેલાં એમના પીતા "અબદલા" આ દુન્યાથી કુચ કરી ગયા હતા. એમની માતાનું નામ "અમીના" હતું; "બનીસાયદ" જાતની "હલીમા" નામની આયાને તેમને ઉછેરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. જ્યારે આ બાળકની ઉમર છ વરસની થઇ ત્યારે "હલીમા" એ "આમીના" ને તેનો પુત્ર પાછો સોંપ્યો. "અમીના" તેજ વરસમાં મરણ પામવાથી આ છ વરસનું બાળક પોતાની બચગીમાં માબાપ વગર યતીમ થઇ પડયું. તેના મોટા બાપ (બાપના બાપ) નામે "અબુમોતાલેબ" ને તેની નાચાર સ્થીતિપર દયા આવવાથી અને તેના જન્મથીજ તેના વડા બાપનું તેનાપર ઘણું હેત હોવાથી તેને પોતાના આશરા અને સંભાળ નીચે રાખ્યો. આ મામલો પણ લાંબો વખત ચાલુ રહ્યો નહીં,

કારણ કે બે વરસ પછી એટલે જ્યારે હજરત "મહમદ" સાહેબની ઉમર આઠ વરસની થઇ કે "અબુમોતાલેબ" પણ આ ફાની દુન્યા છોડી પોતાના કીરતાર તરફ રવાના થયા. પોતાના મોતના બીછાનાપર "અબુમોતાલેબે" પોતાના પુત્ર "અબુતાલેબ" ને નસીયત કીધી કે મારા મરણ પછી તારા ભત્રીજા "મહમદ"ને સારી રીતે સંભાળજે, અને એને કોઇબી રીતે દુખી થવા દઇશ નહીં. ઉપલી ભલામણ પ્રમાણે "અબુતાલેબે" આઠ વરસના આ નાના બાળકને પોતાની કાળજી હેઠળ લીધો. તેણે પોતાની કાળજી અને સંભાળમાં કાંઇ મણા રાખી નહીં, અને કોઇ વખતે પણ તેણે લાગવગ, પઇસા કે જાતી મદદ આપવામાં આનાકાની કીધી ન હતી. "અબુતાલેબ" હજરત "અલી"ના પીતા થતા હતા.

બાર વરસની કાચી વયે હજરત "મહમદે" "અબુતાલેબ" ની સાથે વેપાર અર્થે "શામ" ની મુસાફરી કીધી હતી. ૨૫ વરસની ઉમરે "ખુદૈજા" નામની એક પઇસાદાર વેપારી વિધવાએ એમને નોકરીએ રાખી પોતા તરફથી વેપાર કરવા શામમાં મોકલ્યો. એ મુસાફરીમાં પોતાની કુશળતા વાપરી પોતાની શેઠાણીને ઘણો નફો કરી આપ્યો. શામથી પાછા ફરતાં એમની શેઠાણી "ખતીજા" એ એમની સાથે લગન કીધાં. હજરત "મહમદ"ની પરણેતર તેમનાથી ઉમરમાં ૧૫ વરસ મોટાં હતાં.

નાની વયે માબાપ વગરના થઇ જવાથી અને ભણવા શીખવાની સગવડ ન હોવાથી, બાળ વયે મોટી મોટી મુસારીઓ કરવી પડયાથી, તેમજ પોતાના કાકા "અબુતાલેબ" નાં મેંઢાં અને ગાયો ચારવા જવું પડતું હોવાથી હજરત " મહમદ " લખી કે વાંચી શકતા નહીં.

હજરત " **મહમદ** " ચેહેરે સોહામણા, સ્વભાવે મળતાવડા, દીલે ઉદાર, જબાને સાચા, હાથે સખી, આંખે પારખુ અને સમ-

ચસુચકતામાં બાંકા હતા. એમની ઉદારતાનો એક દાખલો અત્રે ટાંકીશું. " ઝેદ " નામના એક જવાન આરબને મક્કા શેહરમાં ગુલામ તરીકે પકડી લાવવામાં આવ્યો. બીબી ખતીજાંની બહેનના છોકરાએ તેને ખરીદી બીબી ખતીજાંને એ ગુલામ ભેટ આપ્યો, જેણે તરતજ તે ગુલામ પોતાના ભરથાર હજરત "મહમદ"ને ભેટ તરીકે હવાલે કીધો. હજરત " મહમદે " તેને તરતજ છુટાપણું બક્ષ્યું. અને પાછળથી તેને પોતાના પુત્ર મીસાલ રાખી અને એક કુળવાન છોકરી નામે "જઇનબ"ની સાથે તેનાં લગ્ન કરી આપ્યાં.

નાની વયથીજ તેણે મોટાઇની નીશાનીઓ દેખાડી હતી; અને બીબી ખતીજાં સાથે લગ્ન કીધા પછી તે ઘણો વખત વિચારમાં ગુજારતા, તે એટલે સુધી કે એકાંત પહાડોમાં જઇ લાંબો વખત ત્યાં બેશી એબાદત અને વિચારમાં ગાળતા. ચાળીશ વરસની પુખ્ત ઉમરે એમને "નબુવત" મળી જે વાત તેણે પહેલાં પોતાની માનીતી મોહોરદાર બીબી ખતીજાં સાથે કરી; જેણે તરતજ ઇમાન આણી આ નવો ધર્મ એખત્યાર કીધો. ત્યાર પછી હજરત મહમદે પોતાનો "ઇસલામી" ધર્મ શીખવવા માંડયો. એમને ઘણી આપદાઓ નડી. એ દીવાનો થઇ ગયો છે, એના મગજમાં ખલલ છે, એ જાદુગર છે એમ લોકો કહેવા લાગ્યા, પણ સચ્ચાઇ કીરણ આખરે પ્રકાશી નીકળ્યા વગર રહેતાં નથી અને ૨૩ વરસના ટુંક અરસામાં આખા અરબસ્તાનને મુસલમાન થયલા જોવા આ ચમત્કારીક માણસ નસીબવાન થયો હતો.

ઇ૦ સ૦ ૬૩૨ માં ૬૩ વરસની પાકી ઉમરે મદીના શેહેરમાં હજરત "મહમદ" હક થયા હતા અને તેજ જગ્યાએ એમને દફનાવવામાં આવ્યા છે; જ્યાં લાખો જાત્રાળુ મકકે હજ્જ કરવા પછી પેગમ્બરની કબરપર ફાતેહા ભણવા જાય છે.

હજરત મહમદ માંદા માણસોની મુલાકાતે જતા, મરણ પામેલા માણસને કબરસ્તાન લઇ જવામાં શામેલ થતા, હલકામાં હલકા માણસના જમણનાં નોત્રાં કબુલ કરતા, પોતાનાં કપડાં પોતાને હાથે સીવતા, બકરીઓનુ દુધ પોતાને હાથે દોહતા અને દરેક પ્રકારનું પોતાનું કામ પોતાને હાથે કરી લેતા. ગરીબોને આશરો આપનાર, નાચારોને દીલાસો દેનાર, તંગદસ્તોને મદદ કરનાર, દુઃખીને સબુરી આપનાર, નાઉમેદ થયલાને ઇશ્વરપર ભરોસો રાખવા કહેનાર, તુંદાઇ, ગરૂરી કે આપવડાઇથી દુર રહેનાર, આ સર્વનું ભલું ઇચ્છનાર માણસ કદી પોતાના કામમાં ગફલતી કરતો નહીં. જેને પોતાના આશ્રા હેઠળ લેતા તેને હમેશાં બચાવનાર વાતચીતમાં મીઠાસથી રોકાનાર, જેઓ એને જોતા તેઓ એને માન આપ્યા વગર રહેતા નહીં. જે એની પાસે આવતા તે એને ચાહતા અને જયારે તેના વિષે બોલતા ત્યારે કહેતા કે એના જેવો માણસ અમે કદી દીઠો નથી. ઘણું કરીને તે ચુપ બેસતા પણ જયારે બોલતા ત્યારે બોજ અને વીચારથી, અને જે કાંઇ તે કહેતા તે કોઇ કદી ભુલી જતું નહીં. તે શરમાળ દયાવંત અને સાબેર હતા.

હજરત મહમદે સ્થાપેલા ધર્મે દુનીઆને શું શું ફાયદા કીધા છે તે લખવા બેસીયે તો તે લખી શકાય એમ નથી. તો પણ થોડા મુખ્ય ફાયદાઓપર હવે પછી વાંચનારનું ધ્યાન ખેચવામાં આવશે. મુસલમાની ધર્મ પાળનારા લેખકો પોતાના ધર્મ અને પેગંબરનાં વખાણ કરે, એ તો કુદરતી છે, પણ પરકોમના લખનારાઓના લખાણમાંથી થોડા ફકરા અત્રે ટાંકી બતાવવાની રજા લઇશ કે જેથી જણાય કે તેઓ "ઇસલામ" અને તેના સ્થાપનાર વિષે કેવા મત ધરાવે છે.

"**સર વીલીયમ મયુર**" લખે છે કે, જે ધર્મ "મહમદ" પોતાની પાછળ મુકી ગયો તે ધર્મે શું ફાયદા કીધા? આપણે વગર વાંધે કબુલ કરશું કે અરબસ્તાનમાં સેંકડો વરસ સુધી ચાલુ રહેલા વહેમોને તેણે નાબુદ કીધાં; "ઇસલામ"ના તેજના જોરે મૂર્તિપૂજા જતી રહી; ઇશ્વરની અનંદીઠ સંપૂર્ણતા અને એકતાઇના ફરમાનો લોકો માનવા લાગ્યા; અને એકલા પરમેશ્વર પરજ ભરોસો રાખતાં શીખ્યાં. સંસારી સુધારામાં એ ધર્મ કાંઇ પછાત નથી. સર્વ મુસલમાન એક બીજાના ભાઇ છે, એમ સમજાવવાથી તેઓમાં ભાઇચારો ઘણે દરજ્જે વધ્યો. યતીમોને બચાવવું, ગુલામો સાથે સારી રીતે વર્તવું; અને દારૂ અથવા શરાબ પીવાથી બાજ રહેવું એમ એ ધર્મે શીખવ્યું."

"**ગીબન**" નામનો તવારીખ કર્તા લખે છે કે, "મહમદના હડહડતા અને કટા નસારા અને યાહુદી દુશ્મનો પણ કબુલ કરશે કે, તેણે ફાયદા ભરેલા ફરમાનો અને કાનુનો શીખવવા માટે એક નવા ધર્મની બનાવટ કીધી; કે જે ધર્મ માત્ર તેમનાજ ધર્મ કરતાં ઉતરતો છે. તેણે પોતાના ધર્મના પાયા તરીકે "મુસા" અને "ઇસા"ના ધર્મોને કબુલ્યા. ઇશ્વરના તખ્ત આગળ અરબસ્તાન ની મૂર્તિ અને દેવોને ભાંગી નાંખ્યા. માણસોની કુરબાનીને બદલે તેણે નિર્દોષ "નમાઝ" "રોજા" અને "ઝકાત" કાયમ કીધાં. અભણ અને વહેમી લોક સમજી શકે એવી રીતે તેણે આવતી દુન્યાની શિક્ષા અને ઇનામો સમજાવ્યાં. તેણે પોતાના મુરીદોમાં ભાઇચારા અને સખાવતનાં બી રોપ્યાં અને સંસારી સદગુણોની ભલામણ કીધી. વિધવાઓ અને યતીમોપર પડતી સખ્તી અને ગેરઇનસાફપર કાયદા અને કાનુનો વડે આંકોશ મુકયા. અરબસ્તાનની જુદી જુદી જાતોએ એકજ ધર્મ એખત્યાર કીધાથી કુસંપના બી નાબુદ થયાં અને આખા દેશમાં એકજ પ્રજા સંપથી વસવા લાગી."

"મી૦ ડેવનપોર્ટ" લખે છે કે "મહમદે પોતાનો ધર્મ તલવાર વડે દુન્યામાં ફેલાવ્યો એમ સમજવું, એ એક હડહડતી ભુલ છે. એટલું તો કબુલ કરવામાં આવશે કે "મહમદ"નો ધર્મ કે જેમાં માણસના લોહીના ભોગ લેવાને બદલે "નમાઝ" અને "ઝકાત"ની અને માંહોમાંહેની લડાઇ અને દુશ્મનીને બદલે ભાઇચારો અને સંસારી સદગુણોની ભલામણ કીધી છે, તેણે સુધારાપર ઘણી સારી અસર કીધેલી હોવીજ જોઇયે. આવા ધર્મના ફેલાવા માટે તલવારની કાંઇ જરૂર નથી, જે તલવારની બહોળી મદદ મુસા પેગંમબરે મૂર્તિ પૂજા નાબુદ કરવા માટે લીધી હતી."

"ચેમ્બર્સની સાઈક્લોપીડયા નો" કર્તા લખે છે કે "ઇસલામનો એક ભાગ જે જમાનાના ફેરફારથી ઝાઝો બદલાયો નથી અને જે તેના સ્થાપનાર (મહમદ) ના મગજની ખુબીઓ દર્શાવે છે તે "કુરાન" ની નીતી (અખલાક) છે. ગેરઇનસાફ, જુઠાણું, ગરૂરી, કીનો, નિંદા, મશકરી, બખીલાઇ, ઉડાઉપણું ઝના અને કોઇનો વિશ્વાસ ન કરવો એવા અવગુણોને "ઇસલામ" ધિક્કારે છે; જયારે ઉદારતા, સખાવત, શરમ, માફી, સબુરી, કરકસર, દીલની સચાઇ, પ્રમાણીકપણું, અદબ, સંપ, સચાઇ, અને ઇશ્વરપર ભરોસો રાખવો અને તેની મરજીને ખુશીથી શરણે થવું એ એક ખરા મુસલમાનની મુખ્ય નીશાનીઓ છે.

વળી એક બીજો અંગ્રેજ લખનાર લખે છે કે "છોકરીઓને મારી નાખવાના અને જીવતી દાટી દેવાના રીવાજોનો અંત "ઇસલામે" આણ્યો. ગુલામી ધંધાને તોડી પાડયો, અને રાજદ્વારી હકોનું સરખાપણું સઘળાને બક્ષ્યું. મુસલમાન તેમજ બીજા ધર્મ પાળનારને એક સરખો ઇનસાફ આપ્યો; કર ઓછાં કીધાં, અને વેપારને અનેક પ્રકારે ઉતેજન આપ્યું બીજા ધર્મ પાળનારાને ધર્મનું

છુટાપણું બક્ષ્યું; જાનમાલની સલામતી આપી અને નાહવા ધોવા અને સફાઇના કાનુનો શીખવ્યાં; ભારે વ્યાજ, ખાનગી કીનો અને છાકટપણાને નાપસંદગીની નજરથી જોયાં."

"ટોમસ કાર્લાઈલ" લખે છે કે "આરબ પ્રજાને અંધારામાંથી ઉજાળામાં "ઇસલામે" આણી."

પ્રકરણ ૬ ઠું.

"ઈસલામે" દુનીયાને કીધેલા ફાયદા.

૧. પરમેશ્વરનું એકપણું.

૧. અરબસ્તાનમાં શું પણ આખી દુનીઆમાં ઘણાખરાં સઘળા લોક મૂર્તિપૂજક હતા. તેઓ પોતાના પેદા કરનારને ભુલી જઇ માટી, પથર અને લાકડાના પુતળાં બનાવી દેવળ અને મંદીરોમાં મુકી તેમને નમન કરી પોતાની મુરાદો તેમની પાસેથી માંગતા. તેજ પુતળાંઓને ખુશીમાં રાખવા માટે પોતાના પ્યારાં બચ્ચાંઓના ભોગ આપવા પણ તૈયાર રહેતા. પેગમ્બર "ઇભરાહીમ" "મુસા" અને "ઇસા" ના ફરમાનો તેઓ વીસરી ગયા; તે એટલા સુધી કે મકકાના "કાબા" નામના મંદીરમાં ૩૬૦ કરતાં વધુ માટી, પથર અને લાકડાની બનાવેલી મૂર્તિઓ હતી; અને તેમને આરબો પગે લાગી પૂજા કરતા. "કાબા" નાં મંદીરની ઇમારત "ઇભરાહીમ" નબીએ ચણાવી હતા. તેણે તે વખતનાં સઘળાં પુતળાં અને મુરતીઓનો નાશ કીધો હતો, તે છતાં તેની બંધાવેલી પાક એબાદતની જગ્યાએ પથ્થર પૂજા ભર જોશમાં ચાલુ હતી.

હજરત "મહમદે" મૂર્તિ પૂજાને કારી ફટકો લગાવ્યો. તેણે લોકોને શીખવ્યું કે પથ્થરનાં પુતળાં આપણને મદદ કરી શકે નહીં,

તેમજ તેઓ કોઇબી પ્રકારનું નુકસાન અથવા હાણી પહોંચાડી શકે નહીં. તેઓ કાંઇ સાંભળી, જોઇ કે બોલી શકતા નથી, જયારે તેઓ આપણી અરજ સાંભળી શકે નહીં અથવા આપણી હાજતો અને આપણું દુ:ખ જોઇ શકે નહી, ત્યાંરે આપણી હાજતો કેમ પુરી પાડી શકે અને આપણાં દુ:ખમાં કેવી રીતે મદદ કરી શકે? આપણે પોતાના હાથે પથ્થરની મૂર્તિ બનાવી છે, ત્યારે આપણા હાથના બનાવેલા માટીનાં પુતળાં આપણને કેવી રીતે આશરો આપી શકે અને આપણા ગુનાહ કેવી રીતે તેઓ બક્ષી શકે?

પરમેશ્વર એકજ છે, શક્તિ, જાહોજલાલી, બળ અને માયામાં તેની બરોબરીઓ કોઇ નથી. તેનીજ આપણે એબાદત કરવી જોઇએ, કે જે આપણો તેમજ માટી પથ્થરના પુતળાંનો પેદા કરનાર છે; તેજ આપણી અરજ સાંભળી શકે, તેજ આપણી હાજતો અને દુ:ખ સમજી શકે, અને તેજ આપણી મદદે પહોંચી શકે; તેજ દુન્યા, આકાશ, સુર્ય, ચંદ્રમાં, તારા, નદી અને પર્વતો સ્રજનાર છે. માણસ, પશુ, પક્ષી, કીડા, ઝાડ અને દરેક પ્રકારના જાનવરોનો તે પેદા કરનાર છે. તેની તાબેદારી કરવી આપણી ફરજ છે; તે એકજ છે અને તેને કોઇએ પેદા કીધો નથી.

"કુરાને મજીદ"ના ૧૧૨ માં સુરાની પહેલી આયતમાં ફરમાવ્યું છે કે "**કહે પરમેશ્વર એક છે**" ૪ થા સુરાની ૩૭ મી આયતમાં ફરમાવ્યું છે કે "**ખરેખર તમારો પરમેશ્વર એક છે**" ૨૦ માં સુરાની ૭ મી આયતમાં ફરમાવ્યું છે કે "**પરમેશ્વર! પરમેશ્વર સિવાય બીજો કોઈ નથી, સઉથી શ્રેષ્ટ તેનાં નામ છે**" ૬ ઠા સુરાની ૧૦૧ અને ૧૦૨ આયતોમાં ફરમાવ્યું છે કે "**આસમાન અને જમીનનો તેજ પેદા કરનાર, એજ તમારો પરમેશ્વર છે, પરમેશ્વર સિવાય બીજો કોઈ નથી. ખરેખર તેને પુત્ર નથી અને તેને માટે સ્રી નથી, જેણે**

સઘળી ચીજ પેદા કીધી છે, તેટલા માટે તેની એકલા-નીજ એબાદત કરો, અને તે સઘળી ચીજો જાણે છે." ૬૭ માં સુરાની ૩ જી આયતમાં લખેલું છે કે "એકપર એક સાત આસમાન જેણે પેદા કીધાં છે, રેહમથી ભરપુર પરમેશ્વરના પેદા કરવાના કામમાં તું કાંઈ એબ જોઈ શકનાર નથી. ફરીથી જો, શું જરા પણ ખોડ તું જુએ છે?" ૬ ઠા સુરાની ૫૯ મી આયતમાં ફરમાવ્યું છે કે, "અને સઘળી છુપી ચીજોનીચાવીઓ તેની પાસે છે, તેના સિવાય બીજો કોઇ જાણતો નથી અને જે કાંઈ જમીન અને દરિ-યામાં છે તે તે જાણે છે, તેની જાણ વગર (ઝાડનું) એક પાદડું પણ પડતું નથી. જમીનની તારીકીમાં એક એવો (અનાજનો) દાણો નથી અથવા લીલી કે સુકી એવી કોઇ ચીજ નથી કે જેનું બ્યાન પવિત્ર કીતાબમાં ન હોય." ૫૮ માં સુરાની ૮ મી આયતમાં લખેલું છે કે "શું તું જોતાં નથી કે પરમેશ્વર આસમાનની સઘળી ચીજો અને જમીનપરની સરવે ચીજો જાણે છે? ત્રણ જણ સાથે ખાનગી વાત કરતા નથી પણ તે ચોથો છે અને પાંચ જણ સાથે ખાનગી વાત કરતા નથી પણ તે છઠો છે; અથવા ઓછા અથવા વધુ પણ જયાં જયાં તેઓ હોય ત્યાં ત્યાં તે તેમની સાથે છે; પછી કયામતને દહાડે તે તેમને તેમનાં કામો વીશે ખબર આપશે. ખચીત પરમે-શ્વર સરવે ચીજો જાણે છે." ૫૭ મા સુરાની ૪ થી આયતમાં ફરમાવ્યું છે કે, "તે એજ છે કે જેણે આસમાન અને જમીનને છ દહાડામાં પેદા કીધાં છે; (અને) પછી તખ્તપર બેઠો. જે જે ચીજો જમીનપર આવે છે અને જે જે ચીજો જમીનની બહાર જાય છે; અને જે જે

આસમાનપરથી નીચે આવે છે અને જે જે આસમાનપર જાય છે, એ સઘળું તે જાણે છે; અને જયાં જયાં તમો હો ત્યાં ત્યાં તે તમારી સાથે છે; અને પરમેશ્વર તમારાં સઘળાં કામો અને કર્મો જુએ છે." ૪૪ માં સુરાની ૫ મી આયતમાં લખેલું છે કે . . . . . તે ખરેખર સાંભળનાર અને જાણનાર છે." ૫૭ માં સુરાની ૩ જી આયતમાં લખેલું છે કે, " તે અવલ છે અને તે આખીર છે; તે જાહેર છે અને તે બાતેન છે, અને તે સર્વ ચીજો જાણે છે." ૧૧૨ માં સુરાની ૨ જી આયતમાં ફરમાવ્યું છે કે "પરમેશ્વરની શરૂઆત તેમજ અંત નથી." ૨ જા સુરાની ૨૫૬ મી આયતમાં ફરમાવ્યું છે કે "પરમેશ્વર! તેના સિવાય બીજો કોઇ પરમેશ્વર નથી તે જીવતો છે અને તે હમેશાં કાયમ રહેનાર છે. ઉંઘ તેનાપર આવતી નથી, અને નિંદ્રા તેના માટે નથી. જે કાંઇ આશમાનોમાં છે અને જે કાંઇ જમીનમાં છે તે સઘળું તેનું છે. તેના હુકમ સિવાય એવો કોણ છે જે તેની પાસે સીફારસ કરી શકે? જે તેમની પછવાડે છે, અને જે તેમની આગળ છે તે તે જાણે છે, તેની મરજી ઉપરાંત તેઓ તેના જ્ઞાનમાંની કાંઈ પણ ચીજ સમજી શકનાર નથી. તેની કુરસીએ આસમાનો અને જમીનને સમાવી લીધાં છે, અને એ બંનેની નીગાહબાનીથી તે થાકી જતો નથી અને તે મોટો અને આલી છે." ૬ ઠા સુરાની ૯૫-૯૬ અને ૯૭ મી આયતોમાં લખેલું છે કે "ખરેખર પરમેશ્વર અનાજના દાણામાંથી અને ખજુરના ઠળીઆમાંથી (ઝાડો પેદા કરે છે) અને મુડદામાંથી જીવતા કરે છે, અને જીવતામાંથી મુડદાં કરે છે, એજ પરમેશ્વર છે, ત્યારે તમે કેમ ફરી જાઓ છો? તે સવાર પેદા કરે છે,

અને રાત આરામ માટે પેદા કરે છે, અને તેણે સુર્ય ચંદ્રમા વખતની ગણતરી માટે પેદા કીધાં છે. બળવાન અને જ્ઞાની (પરમેશ્વર) ની આ ગોઠવણ છે, તે એ છે કે જેણે તમારા માટે સીતારા પેદા કીધા છે કે તમો જંગલ અને દર્યાના અંધારામાં તમારો રસ્તો શોધી શકો, આવી રીતે જાણનાર લોકોમાં અમારી નિશાનીઓનું વીગતવાર બ્યાન કીધું છે." ૩૦ માં સુરાની ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ મી આયતોમાં ફરમાવ્યું છે કે, "અને તેની નીશાનીઓમાંની એક એ છે કે તેણે તમને માટીમાંથી પેદા કીધા છે, અને જુઓ તમે ઇનસાન ચાલવા ફરવા લાગ્યા છો. (૨૦) અને તેની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમારા માટે તમારા પોતામાંથી સ્ત્રીઓ પેદા કીધી છે કે તમે તેમની સાથ આરામ લો, અને તમારામાં તેણે પ્યાર અને રહેમ પેદા કીધાં છે; ખરેખર વિચારવંત લોક માટે એ નીશાનીઓ છે. (૨૧) આસમાનો અને જમીનનું પેદા કરવું અને તમારી જુદી જુદી ભાષાઓનું પેદા કરવું અને (તમારી ચામડીના જુદા જુદા) રંગ પેદા કરવા, એ તેની નીશાનીઓમાંથી છે, ખરેખરસમજુ માણસો માટે એ કર્મોમાં નીશાનીઓ છે. (૨૨) તમારૂં રાતનાં અને દીવસનાં સુવું અને તેની ફજલમાંથી તમારો હિસ્સો શોધવું, એ તેની નીશાનીઓમાંથી છે, ખરેખર સાંભળનાર લોક માટે એમાં નીશાનીઓ છે.(૨૩) તેની બીજી નીશાનીઓ એ છે કે તમારા દિલમાં ધાસ્તી ઉત્પન કરવા અને તમારા દિલમાં (વરસાદની) ઉમેદ ઉત્પન કરવા તે તમને વીજળી દેખાડે છે અને આસમાનમાંથી પાણી મોકલે છે અને તેથી મરી ગયલી જમીનને જીવતી કરે

છે. ખરેખર આકેલ માણસો માટે એમાં નિશાનીઓ છે. (૨૪) અને તેની નીશાનીઓમાંથી છે કે તેના હુકમથી આસમાનો અને જમીન કાયમ છે......" ૫૦ માં સુરાની ૧૫ મી આયતમાં ફરમાવ્યું છે કે **"અને ખચીત અમોએ ઇનસાનને પેદા કીધો છે. અને તેનો દિલ શું વસવસો કરાવે છે, તે સઘળુ અમે જાણીએ છીએ, કારણકે તેના જાનની રગ કરતાં પણ તેની વધુ નજદીક અમો છીએ."** ૩૧ મા સુરાની ૨૬ મી આયતમાં ફરમાવ્યું છે કે **"અને જો જમીનપરના સઘળા ઝાડ કલમ થઈ જાય અને દરિયા સાથે બીજા સાત દરિયા મળી સહી થઈ જાય તોપણ પરમેશ્વરની વાતો (વખાણ) ખલાસ થશે નહીં. ખરેખર પરમેશ્વર માનવંત અને હિકમતવાળો છે."**

એ ઉપરાંત બીજા ઘણા ફકરા "કુરાને શરીફ" માં પરમેશ્વરની તારીફ અને ઓળખ માટે લખેલા છે, પણ ઉપલી આયતો સારો ખ્યાલ આપે છે કે હજરત "મહમદે" કેવા પરમેશ્વરની એબાદત કરવા શીખવ્યું હતું. તે માટીનો ઢગલો કે પથ્થરની મૂર્તિ કે કાગલની છબી નથી, તે સૂર્ય, ચંદ્ર, તારા કે આતશ નથી, તે ગાય, ઘોડો, સર્પ કે વાનર નથી, તે એકજ છે અને તે સર્વ ચીજને પેદા કરનાર છે.

૨. બાળહત્યા.

આરબોને પોતાની છોકરીઓ જીવતા જીવત દાટી દેવાની, અથવા જન્મે તેવીજ કુવા અથવા ખાડીમાં નાખી દેવાની ટેવ હતી; તેઓ એવી બીક રાખતા કે રખેને છોકરીઓ મોટી થઇ પોતાના કુટુંબની આબરૂ ગમાવે, અથવા દુશ્મનો આવી પકડી તેમને ગુલામડીઓ બનાવે, અથવા તેમને ઉછેરી મોટી કરવાના

ખરચથી પોતે તંગીમાં આવી પડે, એવા નાપાયાદાર કારણોને લીધે તેઓ પોતાની વહાલી નીર્દોશ અને બાળક છોકરીઓના પ્રાણ હેવાનિયતભરેલી રીતે લેવામાં જરા પણ આંચકો ખાતા નહીં, જરા પણ લજવાતા કે શરમાતા નહીં. જો છોકરીનો જન્મ થાય તો રડતા કુટતા અને હાય અફસોસમાં દીવસ ગુજારતા; છોકરી મરણ પામે તો તે દીવસ એક તેહેવાર તરીકે પાળી ઘણા ખુશી થતા, અને ભાત ભાતના ભોજન પકાવી ખાતા. જો એક આરબની મરજી પોતાની છોકરી ઉછેરી મોટી કરવાની હોય તો તેને ઉન અથવા બાલના કપડામાં લપેટી ઉંટ અથવા મેંઢાં ચારનારની બરદાસ્ત હેઠળ જંગલમાં મોકલી આપતો. જો તેનો પ્રાણ લેવાની ઇચ્છા રાખતો હોય, તો છ વરસની ઉમરની છોકરી થાય, ત્યાં સુધી તેને તેની માતા સાથે રહેવા દેતો, પછી જંગલમાં જઇ એક ખાડો ખોદતો, અને પોતાના મકાનપર આવી પોતાની સ્ત્રીને કહેતો કે તારી છોકરીના માથાંમાં ગુલાબ નાખ, સારાં સારાં કપડાં પેહેરાવ, અને અતર ખુશબો લગાડ, કે હું તેને મારી સાથે તેની માતાઓની મુલાકાતે લઇ જાઉં. જેવી છોકરી કપડાં પેહેરી તૈયાર થતી કે તે નિર્દય બાપ પોતાની છોકરીને કહેતો કે ચાલો આજે આપણે બહાર ફરવા જઇએ. જંગલભણી તે તેણીને લઇ જતો, અને જ્યારે ખોદી રાખેલા ખાડા પાસે આવતા, ત્યારે તે બોલતો કે જો આની અંદર શું છે ? જેવું તે નિર્દોશ અને ગરીબ બાળક તે તરફ નજર ફેંકતું કે તે નિર્દય અને જનુની બાપ તેને આંચકો મારી ખાડામાં નાંખી દેતો, અને પછી ખાડો માટી અને પથ્થર વડે પુરી નાંખતો. વળી કેટલાક આરબો તો જેવી છોકરી જન્મે કે તરતજ કુવા અથવા ખાહીમાં નાંખી દેતા.

આ નીચ અને હિચકારો રીવાજ એકલા અરબસ્તાનમાં જારી હતો, એવું કાંઇ નથી; દુન્યાના લગભગ સઘળા ભાગોમાં એ

જનુની રીવાજ હસ્તી ભોગવતો હતો; તે એટલા સુધી કે હિન્દુ-સ્તાનમાં તો છેક અંગ્રેજ સરકારના અમલમાં પણ રજપુતો પોતાની છોકરીઓના પ્રાણ છુપી રીતે લઇ લેતા, જે અટકાવવા માટે અંગ્રેજ સરકારને ખાસ કાયદાઓ ઘડવા પડયા છે.

હજરત "મહમદે" ઉપલા નીચ અને ક્રુર રીવાજને જડમુ-ળથી ઉખેડી નાંખ્યો. તેણે લોકોને સમજાવ્યું કે સ્ત્રીઓની નીતિ તેમની કેળવણીપર આધાર રાખે છે; અને જો ઘરમાં સારી કેળ-વણી પામે, અને પોતાના ઘરની બીજી સ્ત્રીઓના સારા દાખલા જુએ તો તમારી છોકરીઓ નીતિવાન થશે, અને પોતાના કુટુંબના સારા નામને કદી એબ લગાડશે નહીં. વળી પરમેશ્વર અનદાતા અને ભરણપોશણના કરનાર છે; જો તે તમને છોકરીઓ આપશે તો તેની સાથે તેમને ઉછેરી મોટા કરવાના સાધનો પણ પુરાં પાડશે. પરમેશ્વરે પેદા કરેલા કોઇબી પ્રાણીનું જીવ લેવાનું કામ માણસનું નથી અને જે કોઇ પોતાની વહાલી પુત્રીનો પ્રાણ લેશે તેને પરમેશ્વર ભારે સજા કર્યા વગર રહેશે નહીં. "કુરાને મજીદ" ના ૧૭ માં સુરાની ૩૩ મી આયતમાં ફરમાવ્યું છે કે "**અને તંગીની ધાસ્તીને લીધે તમારા બચ્ચાંના પ્રાણ તમે લેતા નહીં; તેમને માટે અને તમારે માટે અમે ભરણપોશણ પુરૂં પાડશું; ખરેખર તેમનો પ્રાણ લેવો એ મહા પાપ છે.** ૬ ઠા સુરાની ૧૫૨ મી આયાતમાં ફરમાવ્યું છે કે "...... **અને ગરીબાઇના કારણે તમારા બચ્ચાંને તમે મારી નાખશો નહીં. તેમને માટે અને તમારા માટે અમો ભરણપોશણ પુરૂં પાડશું.**" ૧૬ માં સુરાની ૬૦ અને ૬૧ મી આયતોમાં ફરમાવ્યું છે કે "**જયારે તેમનામાંથી કોઇને છોકરીના જન્મની ખબર આપવામાં આવે છે ત્યારે તેમનું મ્હોડું કાળું થઇ જાય છે અને તે ઘણો દલગીર થાય છે. એ**

ખરાબ ખબર સાંભળવાથી તે લોકોથી છુપતો ફરે છે અને પોતાના મનમાં વિચાર કરે છે, કે તેને ગેરઆબરૂ-થી રાખું કે તેને માટીમાં (જીવતી) દાટી મૂકું (એમ કરવામાં) તેઓ ખોટું ધ્યાન રાખે છે. ”

આવા એક નીચ અને ક્રૂર રીવાજને નાબુદ કરવામાં આખી દુનીઆને હજરત "મહમદે" ફાયદો કીધો એમ કોઇનાથી બી ના પાડી શકાશે નહીં. સ્ત્રીઆને બચગીમાં કચડાઇ જતાં બચાવી, એટલુંજ નહીં, પણ તેમને ઘણા વધુ હકો બક્ષ્યાં.

પ્રકરણ ૭ મું.

૩. સ્ત્રીઓની હાલત અને તેમને અપાયલા હક.

તે જમાનામાં સ્ત્રીઆને વારસા હિસ્સામાં કાંઇ ભાગ મળતો નહીં. જો કોઇ માણસ પોતા પાછળ મોટી પૂંજી મુકી મરી જાય અને તેની એકજ છોકરી હોય તોપણ તે બાપડીને કાંઇ મળે નહીં. મરનારના પૂરૂષના સગાઓ આવી તેની સઘળી પૂંજી લઇ જતા અને તે બીચારી ખાલી હાથે રહી જતી. સરકાર દરબારમાં તેની ફર્યાદ કોઇ સાંભળતું નહી. મા, બેન, સ્ત્રી કે છોકરીને માન આપવું અને તેમની સાથે મમતા કે નરમાશથી બોલવું એ તો હોયજ કયાંથી? નીતિ વીષે તો પુછવુંજ શું? એક માણસ ૨૫, ૫૦, કે ૧૦૦ સ્ત્રી પરણી શકે; તેમની સાથે જેમ મરજીમાં આવે તેમ વર્તે; પહેલી સ્ત્રી સિવાય બીજી કોઇથી ચું કે ચાં થઇ શકે નહીં? અને જયારે મરજીમાં આવે ત્યારે ઘરમાંથી હાંકી કહાડે.

આવી હેવાનિયતભરેલી વર્તણુકને લીધે બિચારી સ્ત્રી જાતિની સ્થિતી ઘણી માઠી થઇ પડી હતી; નીતિ મર્યાદા અને પાકદામની

તો તેઓ જાણતી નહીં. પૂરૂષો અને સ્ત્રીઓ સાથે મળી દારૂ પી મસ્ત થઇ, જુગાર અને અનીતિમાં રોકાતાં. પારકા પૂરૂષોની જરા પણ અદબ કે શરમ કરતી નહીં. જયારે મંદીરોમાં પથરના પુતળાઓની પૂજા કરવા જતી ત્યારે તે મંદીરની આસપાસ તદન નગ્ન હાલતમાં સાત ફેરા ફરતી અને તે મહા પૂણ્યનું કામ ગણાતું. ગુલામ અને ગુલામડીઓની સાથે ક્રૂરતા અને ઝનુનથી વર્તતા, તેમને જોર જબરીથી અનીતીના કામમાં શામેલ કરતા; પોતે સારાં સારાં ભોજન જોભરતા અને ગુલામ અને ગુલામડીઓને ભુખના વાખા કહાડવા પડતા.

આ સઘળો મામલો હજરત "મહમદે" બદલી નાંખ્યો; કોઇ પોતાની છોકરીનો પ્રાણ લઇ શકે નહી એટલુંજ નહી પણ તેમને વારસા હિસ્સાના હકો બક્ષ્યા. જો કોઇ માણસ મરી જાય તો તેની છોકરી, સ્ત્રી અને માતાને ચોકસ હિસ્સો તેની પૂંજીમાંથી મળવોજ જોઇએ, પછી તેની પુંજી ગમે તેટલી હોય; તેમને સરકાર દરબારમાં મરદો જેટલાજ હક ઇનસાફ માગવાને આપ્યા. માતાને માન આપવું, બહેનને મીઠાસથી બોલાવવું, સ્ત્રીને હેતથી રાખવી, અને છોકરીને પ્યારથી રમાડવી, એ કાનુનો જારી થયાં. સ્ત્રીઓ સાથે તોછડાઇથી વર્તવું એ એક ગ્રહસ્થની ચાલચલણને ન છાજતું ગણાવા લાગ્યું. "કાબા"ના મંદીરની આસપાસ કોઇબી સ્ત્રી નગ્ન હાલતમાં ફરે નહીં, પારકા પુરૂષોથી ઘટતું છુટાપણું રાખે અને તેમની સાથે જુગાર, દારૂ અને અનીતિના મેળાવડામાં શામેલ થાય નહીં. સ્ત્રીઓને ભલામણ કીધી કે તમારી પાક દામની જાળવો, નીતિના કામમાં રોકાઓ, ધર્મના કાનુનો પ્રમાણે ચાલો; ગુલામો અને ગુલામડીઓપર નિર્દય ન થવું, પોતે ખાવું તે તેમને ખાવા આપવું, અને પોતે જેવાં કપડાં પહેરવાં તેવાં કપડાં તેમને

પહેરવાં આપવાં, એવી તાકીદ કીધી; તેમને આઝાદી અથવા છુટાપણું આપવું, એ મહા ધર્મનું કામ છે એવી સમજણ પાડી. ગુલામ જો મુસલમાની ધર્મ અખત્યાર કરે કે તરતજ તેને છુટાપણું આપવું કારણકે સરવે મુસલમાન એક બીજાના ભાઇ છે અને એક ભાઇ બીજા ભાઇનો ગુલામ થઇ શકે નહીં. વળી તેણે સમજાવ્યું કે ગુલામ પણ આપણા જેવા ઇનસાન છે; માટે તેમના ગજા ઉપરાંત કામ અને મજુરી કરાવવી, એ ગેરવાજબી છે, અને એવી વર્તણુકથી પરમેશ્વર ખુશી થતો નથી. વળી જે ગુલામડીઓ પોતાનું દામન પાક જાળવી રાખવા માંગતી હોય, તો તેને જોર જબરીથી આડે માર્ગે લઇ જવી નહીં, કે તેની મરજી વિરૂધ અનીતિમાં ફસાવવી નહીં. અણહદ બાઇડીઓ કરવાના રીવાજપર અંકોશ મૂકયો કે તમારી મરજીમાં આવે તેટલી સ્ત્રીઓ સાથે એકી વખતે પરણી શકાશે નહીં, અને એકજ સ્ત્રીપર સંતોષ રાખવાની ખાસ ભલામણ કીધી. સ્ત્રીઓને મલાજા સાથે રાખવી, તેમની સાથે સારી વર્તણુક ચલાવવી, અને તેમને પોતાના સંસારના જોડીઆ તરીકે ગણતા શીખવ્યું.

મરજીમાં આવે ત્યારે તમારી સ્ત્રીઓને હાંકી કહડાશો નહીં અને કાયદા પ્રમાણે તેમની સાથે જ્યારે તમો છુટાછેડા કરશો ત્યારે તેમને તેમની "મેહેર" આપવી પડશે; તેમજ છુટાછેડા કીધા પછી ત્રણ મહીના અને દશ દીવસવેર તેમનું ભરણપોષણ કરવું પડશે. વળી કેટલાક અરબો તો પોતાની સ્ત્રીઓને માત્ર એમજ કેહતા કે તું તો મારી માતા જેવી છે અને એમ કહી તેને છોડી આપતા. એ રીવાજનો અંત એક સીધા કાયદાથી આણ્યો. જો એક કરતાં વધુ સ્ત્રી સાથે પરણવાની ફરજ પડે તો તે બંનેને એકસરખી રીતે રાખવી અને તેમની સાથે એકસરખી રીતે વર્તવું. જો તમારાથી તમારી સ્ત્રીઓને

૪

એકસરખી રીતે રાખી શકાય નહીં તો માત્ર એકજ સ્ત્રી સાથે પરણવું.

"કુરાને શરીફ" ના ૪ થા સુરાની ૩ જી આયતમાં ફરમાવ્યું છે કે **"અને જો તમને બીક લાગે કે તમે યતીમો (સ્ત્રી) સાથે વાજબી રીતે વરતી શકશો નહીં, તો પછી સ્ત્રીઓ કે જે તમારી નજરમાં તમને સારી લાગે તેને પરણો. બે અથવા ત્રણ અથવા ચાર પણ જો તમને બીક લાગે કે તમે (આટલી બધી સાથે) એકસરખી રીતે વરતી શકશો નહીં, તો માત્ર એકજ પરણો. (અથવા) ગુલામડીઓ કે જે તમે મેળવી હોય. આ મારગ સહેલો છે કે તમે આડે રસ્તે જાવો નહીં; અને સ્ત્રીઓને તેમની મેહેર વગર વાંધે આપજો પણ જો તેઓ રાજીખુશીથી તેનો થોડો ભાગ તમને છોડી દે તો તે તમે સંતોષ અને ફાયદા સાથે ભોગવો."**

આવી રીતે એકથી વધુ સ્ત્રી કરવાની બદીને આંકોશમાં સુકી ભલામણ કીધી કે એકથી વધુ સ્ત્રી કરવી નહીં; કારણ કે બે સ્ત્રી-આને એકસરખી રીતે રાખવી એ કેવળ અશકય છે; અને જો બંનેને એકસરખી રીતે રાખવી શકાય નહીં તો બીજી સ્ત્રી થાય પણ નહીં. મારા હમદીન ભાઇઓ જેઓ બે સ્ત્રી કરવાને આતુર હોય અથવા ઇચ્છા રાખતા હોય અથવા થોડીઘણી પણ મરજી હોય તેઓને સેવક ભલામણ કરે છે કે, તેઓએ કુરાને શરીફનો ઉપલો ફકરો બરાબર ધ્યાનથી વાંચવો; કારણ કે એકી વખતે બે સ્ત્રી કરવામાં એક મોટી શરત છે, જે સરત પાળવી ઘણી મુશ્કેલ છે, એટલુંજ નહી પણ કેવળ અશકય છે, અને તે શરત પાળ્યા વગર બીજી સ્ત્રી 'ઇસલામી' ધર્મના કાનુનો પ્રમાણે થઇ શકે નહીં.

એકી વખતે ચાર સ્ત્રીઓને પરણવાની પરવાનગી આપેલી હોવાથી નસારા લખનારાઓએ હઝરત 'મહમદ' અને 'ઇસલામ'પર ઘણા હુમલા કીધા છે; પણ જ્યારે તેઓ આવા હુમલા કરે છે, ત્યારે ભુલી જાય છે કે એ બદી આરબોમાં હદથી બહાર હસ્તી ભોગવતી હતી, અને તેને એકજ ફટકે નાબુદ કરવું, એ કાંઇ સેહેલ નહી હતું. વળી તેઓ ભુલી જાય છે કે અરબસ્તાનમાં તો શું પણ આખી દુન્યામાં એ રીવાજ જારી હતો. "મુસા" નબી "સુલેમાન" નબીને કેટલી સ્ત્રીઓ હતી, તે યાદ રાખવું જોઇએ ? વળી યાહુદી ધર્મમાં એકથી વધુ સ્ત્રી પરણવાની રજા છે; ઇસા નબીએ એ બાબદસર કાંઇ લખ્યું નથી, જેથી પણ કહી શકાય કે તે એ રીવાજની વીરૂદ્ધ નહીં હતા. નસારાઓએ એકથી વધુ સ્ત્રી પરણવાના દાખલા તવારીખમાં લખાઇ ચુકયા છે. પારસી ધર્મમાં એકથી વધુ સ્ત્રીઓ પરણવાની છુટ છે. પારસીઓમાં એકથી વધુ સ્ત્રી પરણવાના દાખલા મુંબઇની સદર અદાલતના ચોપડાઓમાં નોંધાઇ ચુકયા છે. અંગ્રેજ સરકારે એક ખાસ કાયદો પસાર કરી પારસી કોમમાં એ બદીનો અંત આણ્યો. વળી હીંદુઓમાં એ રીવાજ જીવતો જાગતો છે, ત્યારે "ઇસલામ"ને વગોવવો એ કેવળ ગેરઇનસાફ છે.

"કુરાને મજીદ"ના ૪ થા સુરાની ૧ લી આયતમાં ફરમાવ્યું છે કે, **"ઓ માણસજાત! તમારા પેદા કરનારની તમે બીક રાખો કે જેણે તમને એક માણસમાંથી પેદા કીધાં છે અને વળી એક માણસમાંથી તેની સ્ત્રી અને તે બંનેમાંથી આટલાં બધાં માણસ અને સ્ત્રીઓ પેદા કીધાં છે; અને વળી પરમેશ્વરથી તમો બીહો કે જેનું નામ લઇ તમે એક બીજાને વિનંતી કરો છો, અને તમારી માતાને (જેણે તમારો ભાર ઉંચકયો) માન આપો, ખરેખર પર-**

મેશ્વર તમને જુએ છે." ૪ થા સુરાની ૮ મી આયતમાં ફરમાવ્યું છે કે, "માણસોને તેમના માબાપ અને બીજા સગાનાં મરણ પછી તેમની મુકેલી પુંજીમાંથી હિસ્સો મળવો જોઇએ, અને સ્ત્રીઓને તેમનાં માબાપ અને બીજા સગાના મરણ પછી તેમની મુકેલી પુંજીમાંથી હિસ્સો મળવો જોઇએ, પછી તે પુંજી થોડી હોય કે ઘણી હોય; તેમને તેમાંથી નેમેલો ભાગ લેવા દો." ૪ થા સુરાની ૧૨ મી આયતમાં ફરમાવ્યું છે કે, "પરમેશ્વર તમારાં બચ્ચાં માટે હુકમ કરે છે કે, એક છોકરાને બે છોકરીના હીસા જેટલો હિસ્સો મળશે; જો માત્ર છોકરીઓજ હોય અને એક કરતાં વધુ હોય તો તેમના પીતાની પુંજીનો $\frac{2}{3}$ ભાગ તેમને મળશે; જો માત્ર એકજ છોકરી હોય તો તેને અરધી પુંજી મળશે." ૪ થા સુરાની ૧૪ મી આયતમાં ફરમાવ્યું છે કે, "તમારા કરજ અને બક્ષેસો આપ્યા પછી જે બાકી રહેશે તેમાંથી ચોથો હીસ્સો જો તમને કાંઇ બચ્ચાં ન હશે તો તમારી સ્ત્રીઓને મળશે; જો તમને બચ્ચાં હશે તો તમારી પુંજીનો આઠમો હીસ્સો તમારી સ્ત્રીઓને મળશે." ૪ થા સુરાની ૨૪ મી આયતમાં ફરમાવ્યું છે કે, "ઓ મોમનો! તમને તમારી સ્ત્રીઓની મરજી વિરૂધ તેમના વારસ થવાની અથવા તેમની મેહરનો ચોકસ ભાગ પાછો પડાવવાની મતલબથી તેમને અટકાવવાની પરવાનગી નથી; શીવાય કે તેઓએ જાહેર ગુનાહ કીધો હોય. પણ તેમની સાથે માયાથી વરતો; કારણકે જો તમે તેમને ધિક્કારો તો કદાચ તમે તેને ધિક્કારો છો કે જેમાં પરમેશ્વરે પુશકળ નીઆમતો મુકી છે." ૪ થા સુરાની ૧૭૫ મી આયતમાં ફરમાવ્યું છે કે, "...જો

એક માણસ બચ્ચાં મુકયા વગર મરણ પામે અને તેને એક બેહુન હોય તો તેની પુંજીનો અડધો ભાગ તેની બેહુનને મળશે;...જો બે બહેન હોય તો બે ત્રતીયાંશ ભાગ તેમને મળશે; અને જો ભાઇ બહેન બંને હોય તો બેનના હીસ્સાથી બમણો ભાગ ભાઇને મળશે..." ૨૪ મા સુરાની ૩૧ મી આયતમાં ફરમાવ્યું છે કે " અને મોમન સ્ત્રીઓને કહે કે પોતાની આંખો કાબુમાં રાખે, પોતાની પાક દામના જાળવે અને પોતાની મેળે દેખાઇ જાય એવા સણગાર સીવાયનો પોતાનો શણગાર દેખાડે નહીં, અને તેઓ પોતાની ઓઢણીઓ પોતાની છાતીપર નાંખે, અને પોતાના ભર્તાર અથવા પોતાના પીતા અથવા પોતાના ભર્તારના પીતા અથવા પોતાના છોકરા અથવા પોતાના ભર્તારના છોકરા અથવા પોતાના ભાઈ અથવા પોતાના ભાઇના છોકરા અથવા પોતાની બેહેનના છોકરા અથવા બીજી સ્ત્રીઓ અથવા ગુલામ અને ગુલામડીઓ અથવા પુરૂષ નોકરો કે જેને સ્ત્રીની જરૂર ન હોય અથવા બચ્ચાં જે સ્ત્રીઓની નગ્ન હાલત સમજી શકતા નથી તે સિવાય બીજા કોઇને પોતાનો શણગાર દેખાડે નહીં. અને તેઓ જમીનપર જોરથી ચાલે નહીં અથવા એક પગ બીજા પગ સાથે અથડાવે નહીં કે જેથી બીજા લોકોને છુપા સણગારની હસ્તી માલમ પડે અને ઓ મોમનો તમો સઘળા પરમેશ્વર તરફ રજુ કરો જેથી તમારૂં ભલું થાય." ૨૪ મા સુરાની ૩૨ મી આયતમાં ફરમાવ્યું છે કે " અને તમારા ગુલામ અને ગુલામડી જે લગ્ન થયા વગરના હોય તેની સાથે પરણો જો તેઓ ગરીબ છે તો પરમેશ્વર પોતાની નીયામતોમાંથી તેમને નવાજશે; પરમેશ્વર

નવાજનાર અને જાણનાર છે; અને જેમને લાયક જોડા ન મળે તેમને જયાં સૂધી પરમેશ્વર તેમના પર નવાજે ત્યાં સુધી પાક દામનીમાં રહેવા દો." ૨૪ માં સુરાની ૩૩ મી આયતમાં ફરમાવ્યું છે કે, "જો તમારી ગુલામડીઓ પાક દામન રેહવા ચાહતી હોય તો આ દુન્યાના નજીવા ફાયદા માટે જોરજબરીથી તેમની પાક દામની લુટી પાપમાં ઉતારતા નહીં, પણ કોઇ તેમને જોરજબરીથી અનીતિના માર્ગે ઉતારશે તો પરમેશ્વર ખરેખર તેમના (ગુલામડીઓ) ઉપર દયા કરશે અને રેહમ આણશે."

પણ નસારા લખનારા લખે છે કે જો કે હજરત "મહમદે" પોતાનો ધર્મ પાળનારાને માત્ર ચારજ સ્ત્રીઓ પરણવાની રજા આપી છે, તોપણ તેણે પોતે નવથી દસ સ્ત્રીઓ એકી વખતે કીધી હતી તેનું કેમ ? તે હમેશાં કહેતા હતા કે હું તો તમારા જેવો માણસ છું ત્યારે બીજા માણસોને ચાર અને પોતાને આટલી બધી સ્ત્રી કરવાનો પરવાનો કેમ મળ્યો ? મોહોડેથી કહેવું એક અને કરવું બીજું એ કહેવત શું એને લાગુ પડતી નથી ? શું તે પોતાની હલકી પ્રકારની લાગણીઓપર કાબુ રાખી શકયો નહીં જે તેણે આટલી બધી સ્ત્રીઓ કીધી ?

હવે આપણે ઉપલો સવાલ જરા બારીકીથી તપાસીએ અને જોઇએ કે તેમાં કેટલી વજુદ છે. પેગંબરે કેવા સંજોગો વચે એ સ્ત્રીઓ કીધી તે તપાસવાથી સઘળી ખરી હકીકત પોતાની મેળે જણાઇ આવશે. કોઇથી બી ના પાડી શકાવાતું નથી કે હઝરત "મહમદ" એક ગરીબ માણસ હતા; તેમને મહિનાઓ સુધી માત્ર ખજુરપર ગુજરાન કરવું પડયું હતું; પોતાના કપડાં પોતાને હાથે સીવતા, અને દરેક પ્રકારનું પોતાનું કામ પોતાને હાથે કરી લેવું પડતું. આવી ગરીબીમાં જેમ ઝાઝા પ્રાણી-

ઓના પેટ ભરવા પડે તેમ ગુજરાનના શાધનો મેળવવા વધુ મહેનત કરવી પડે . આવી ગરીબીમાં જો કોઇ નાચાર અને તંગ હાલતમાં આવી ગએલાનું પેટ ભરે તો તેને પોતાનો ભોગ આપનાર અને નાચારોને મદદ કરનારનું નામ આપી શકાય. હવે હઝરત "મહમદ"ની લગભગ સઘળી સ્ત્રીઓ ગરીબ વિધવાઓ હતી. પેગંમ્બર વળી એક માણસ હતા. માણસને કુદરતી રીતે એવી જીજ્ઞાસા હોય છે કે મને એક પુત્ર હોય તો ઘણું સારૂં. હઝરત "મહમદ" ને કોઇ હૈયાત પુત્ર નહતો, જે પણ ઘણી સ્ત્રીઓ કરવાનું એક કારણ હોય. જે લોક કહે છે કે દરેક મુસલમાનને ચાર અને પેગંમ્બરને આટલી બધી સ્ત્રીઓ, તેઓએ યાદ રાખવું કે દરેક મુસલમાન પોતાની સ્ત્રી સાથે છુટા છેડા કરી શકે; જયારે પેગંબરથી કદી પોતાની કોઇબી સ્ત્રીને તલાક આપી શકાય નહીં

વળી જે દહાડેથી ચારથી વધુ સ્ત્રી ન કરવાનો ફરમાન થયો ને પછી પેગંમ્બરે એક પણ સ્ત્રી સાથે પરણ્યા ન હતા.

(૧) **બીબી ખતીજા**–જયારે હઝરત "મહમદ" ની ઉમર ૨૫ વરસની થઇ ત્યારે ખતીજાં નામની એક વિધવા સાથે લગ્નના પવિત્ર ગાંઠથી બંધાયા; ૫૧ વરસની ઉમર પેગમ્બરની થઇ ત્યાં સુધી બીબી ખતીજાં જીવવા પામી; હીજરી સન શરૂ થવાની પાંચ વરસ અગાઉ તેણી મરણ પામી. અને તેને "જનત ઉલ મુઅલ્લા" નામની જગ્યાએ દફનાવવામાં આવી છે. તેની હૈયાતીમાં પેગંબરે બીજી કોઇ પણ સ્ત્રી સાથે પરણ્યા નહતા.

(૨) **બીબી સઉદા**–એના પીતાનું નામ "ઝમ" હતું. "સકરાન" નામના એક મુસલમાનને પરકોમના જુલમ અને ક્રૂરતાને લીધે પોતાના ધર્મને ખાતર હબશાન નાશી જવું પડયું હતું. ત્યાં તેણે પેગમ્બરની સારી સેવા બજાવેલી હોવાથી મૂર્તિ પૂજકોએ એને મારી નાંખ્યો. તેની વીધવા સઉદા નાચાર અને

આસરા વગરની હબશાનથી પાછી ફરી, તેને કોઇ મદદ કરનાર કે પાળનાર નહોવાથી પેગંમ્બરે તેની સાથે લગ્ન કીધાં હી૦ સ૦ ૫૪ માં તે મરણ પામી.

(૩) **બીબી આઇસાં**-હઝરત "અબુબકર" જે પાછળથી પહેલા ખલીફા થયા તે એક ચુસ્ત મુસલમાન હતા. તેના દીલની મોટામાં મોટી મુરાદ એ હતી કે તેનું કુટુંબ પેગમ્બરની સાથે લગ્નના પવિત્ર ગાંઠથી બંધાય. અબુબકરના દ્યાણને શરણે થઇ પેગમ્બરે તેની નાની છોકરી આઇસા સાથે લગ્ન કીધાં.

(૪) **બીબી હફ્સા**-હઝરત "ઉમર ઇબને **ખીતાબ**" જે પાછળથી બીજા ખલીફા થયા તેની છોકરી હતી, તેનો પહેલો ભર્તાર "બદર"ની લડાઇમાં માર્યો ગયો હતો, જેથી હજરત ઉમરની અરજ સ્વિકારી પેગંમ્બર તેની સાથે પરણ્યા. ઇ. સ. ૪૫ ના સાલમાં તે મરણ પામી અને પેગંમ્બર પછી ૩૩ વરશ વેર જીવતી હતી.

(૫) **બીબી હીંદ ઉમ-સલમા**-સહલની છોકરી

(૬) **બીબી ઉમ હબીબા**-

(૭) **બીબી જેનબ ઉમ ઉલ મસાકીન**.-

ઉપલી ત્રણે વિધવાઓ હતી, જેમના ભરથાર પોતાના ધર્મને ખાતર પરકોમના લોક અને મૂર્તિ પૂજકોને હાથે માર્યા ગયા હતા.

(૮) **બીબી જેનબ**-એ "જદસ"ની છોકરી હતી. આપણે આગળ જોયું છે કે હઝરત "મહમદે" "ઝઇદ" નામના ગુલામને આઝાદી બક્ષી એટલુંજ નહીં, પણ જેનબ નામની એક અમીરી ખાનદાન અને ઉંચા કુળની છોકરી સાથે લગ્ન પણ કરી આપ્યાં હતાં. હવે જેનબ અને ઝઇદનું સાથે બનતું નહીં. અને તેઓ હમેશાં એક બીજા સાથે લડતા અને કજીયો કરતાં. જેથી આખરે કંટાળી જઇ ઝઇદ પેગંમ્બર પાસે ગયો, અને જણાવ્યું કે મારે જેનબ

સાથે છુટાછેડા કરવા છે. પેગંમ્બર બોલી ઉઠયા શા માટે? શું તેં તેણીમાં કાંઇ એબ દીઠી છે? તેણે જવાબ દીધો કે નહીં, પણ મારાથી હવે વધુ વાર તેણીની સાથે રહી શકાય એમ નથી. પેગંમ્બરે જણાવ્યું કે જા અને તારી સ્ત્રીને સંભાળ તેની સાથે સારી રીતે વર્ત અને પરમેશ્વરથી બીહ. કારણ કે પરમેશ્વરે ફરમાવ્યું છે કે તમારી સ્ત્રીઓની સંભાળ રાખો, અને પરમેશ્વરથી બીહો પણ "જઇદે" તલાક આપવાની હઠ લીધાથી અંતે તેમ થયું. ત્યાર પછી જેનબ પેગમ્બરની પુઠે પડી અને કહ્યું કે તમારા કેહેવાથી મેં જેદ સાથે લગ્ન કીધાં, અને જુઓ હવે મારા શા હાલ થયા છે. માટે હવે તમો પોતે મારી સાથે પરણો; જે પ્રમાણે આખરે થયું.

(૯) **બીબી જવરીઆ**—એ હારેસની છોકરી હતી. બની મુસતેલીક જાતના આરબોએ મુસલમાનો સામે બળવો ઉઠાવ્યો. તેમના સરદાર હારેસની છોકરી જવારીઆ હતી. આરબોની હાર થવાથી જવારીઆ એક મુસલમાનના હાથમાં કેદ પકડાઇ. તેણે પોતાનું છુટાપણું ખરીદવા તેની સાથે કોલકરાર કીધા અને પેગમ્બરને કહ્યું કે મને આટલા પૈસા આપ કે હું મારૂં છુટાપણું ખરીદું. તેણે તરત તે રકમ આપી; તેણી પેગમ્બરની ઉપલી સખાવતથી તેનાપર મોહી પડી અને તેની સાથે લગ્ન કરવાની પોતાની મરજી જણાવી, અને તેમજ થયું. આ લગનથી બળવાખોર આરબો તાબે થયા અને મુસલમાની ધર્મ અખત્યાર કીધો.

(૧૦) **બીબી સફીયા**—એક યાહુદણ હતી કે જેને "ખઇબર"ની લડાઇમાં કેદ પકડવામાં આવી હતી; તેને છુટાપણું બક્ષવામાં આવ્યાથી તેનાપર ઘણી અસર થઇ અને તેની અરજ સ્વિકારી પેગંમ્બરે તેની સાથે લગ્ન કીધાં

(૧૧) **બીબી મેમુન**–એક ૫૦ વરસની કોરેશ વિધવા ડોશી હતી. તેણીની પાસે ભરણપોષણનું કાંઇ સાધન ન હોવાથી અને પેગમ્બરની થોડા ઘણા સગપણમાં હોવાથી તેણીની સાથે પરણ્યા.

પ્રકરણ ૮ મું.

---

૪. માણસનો ભોગ.

આરબો કે જે બુતપરસ્ત હતા તેઓ પથરના પુતળાંને રીજવવા ખાતર માણસોની કુરબાની કરતા એટલે ભોગ આપતા. વળી તેઓ માટીની મૂર્તિપર માનત માનતા કે જો મને પાંચ સાત કે દસ બચાં થાય તો તેમાંથી એકનો ભોગ તને રીજવવા, ઓ મારા માટીના પરમેશ્વર! હું રાજીખુશીથી આપીશ. તેનો એક વિચિત્ર દાખલો પેગમ્બરના પોતાના કુટુંબમાં બન્યો હતો. હજરત "મહમદ" ના મોટા બાપ અબુમુતાલબે માનત માની કે જો મને દસ પુત્ર થાય તો તેમાંથી એકનો ભોગ હું રાજી ખુશીથી આપું. આખરે તેમજ થયું અને તેને દસ પુત્ર થયા. તેણે પોતાની માનત પ્રમાણે અમલ કરવાનો ઠરાવ કીધો અને કેટલીક તકરાર પછી નક્કી થયું કે તે પોતાના દસમાં છોકરા **અબદલાનો** ભોગ આપે. અબદલા હજરત "મહમદ" ના પીતા થતા હતા. બાળક અબદલાની ગરદન કાપી નાંખવાની તૈયારીમાં હતા, એટલામાં એક ધરડો પૂરૂપ વચે પડયો અને જણાવ્યું કે જો તમે આ છોકરાના ભોગને બદલે ૧૦૦ ઉંટના ભોગ આપશો તો તમારી માનત પૂરી થએલી ગણાશે; જેથી અંતે અબદલાનો પ્રાણ બચ્યો. માણસના ભોગ લેવાનો અને આપવાનો રિવાજ **હિંદુઓમાં** ચાલુ હતો; કાળી માતાને ભોગ આપવા વિષેની વાતો કોણ ભુલી ગયું છે?

હજરત "**મહમદે**" એ ધાતકી રીવાજ બંધ પાડયો; અને તેને બદલે લોકોને શીખવ્યું કે તમો નીમાજ અથવા એબાદત

કરો, રોજા અથવા અપવાસ પાળો અને જકાત અથવા સખાવતના કામમાં મશગુલ થાઓ. માણસ જાતનું લોહી નાહક અને વગર કારણે રેડવું એ પરમેશ્વરને પસંદ નથી; એ મહા પાપનું કામ છે જેથી તેનાથી દુર રહો.

૫. છાકટપણું અને જુગાર.

નિશાવાળી ચીજો વાપરવાની અને જુગાર રમવાની સખ્ત મનાઇ હજરત "મહમદે" કીધી છે. શરાબ અને બીજી નિશો ઉત્પન કરે એવા પદાર્થોનો ઉપયોગ કરવાથી માણસ પોતાની બુધી ખોઇ બેસે છે, અને બેભાન સ્થિતિમાં અનેક પ્રકારની નફટાઇને જન્મ આપે છે; વળી એ પીણાથી ઘણી પ્રકારની બીમારીઓ માણસના શરીરમાં પેવસ થાય છે. જુગારનો વ્યસન પણ ઘણો બુરો છે; મહેનત કરી કમાઇ ખાવાને બદલે આઇતો લુકમો મેળવવાની નેમથી તે જુવો રમે છે, અને વધુ મેળવવાને બદલે જે કાંઇ પોતાની પાસે હોય તે પણ ખોઇ બેસે છે. જેમ વધુ ખોએ છે તેમ તે વધુ રમે છે અને આખરે કાંઇ ન રહેવાથી આપઘાત કરવાના દાખલા પણ બન્યા છે.

"કુરાને મજીદ" ના બીજા સુરાની ૨૧૬ મી આયતમાં ફરમાવ્યું છે કે, **"લોકો તને શરાબ અને જુગાર વિષે પુછશે. તેમને જવાબ આપ કે એ બંનેમાં લોકોને બહુ અવગુણ છે અને થોડા ગુણ છે; પણ ગુણ કરતાં અવગુણ ઘણા વધુ છે."** ૪ થા સુરાની ૪૬ મી આયતમાં ફરમાવ્યું છે કે, **"ઓ મોમનો, જ્યારે તમે શરાબ પી મસ્ત થયા હો ત્યારે નીમાજ કરશો નહી. પણ જ્યાં સુધી તમે જે ભણો છો તે બરાબર સમજી શકો ત્યાં સુધી થોભો......"** પાંચમાં સુરાની ૯૨ અને ૯૩ મી આયતોમાં ફરમાવ્યું છે કે, **"ઓ મોમનો; ખરેખર શરાબ જુગાર મુરતો અને તીર-**

ફેંકી જુગાર રમવું એ સઘળું શેતાનના કર્મોની એક હાણી છે; તેથી તેમનાથી દુર રહો કે તમારી ચહડતી થાય; શરાબ અને જુગાર વડે શેતાન તમારામાં દુશ્મની અને ફીસાદના બી રોપવા અને પરમેશ્વરની યાદ અને નીમાજથી વેગળા કરી તમને આડે માર્ગે લઇ જવા ધારે છે; તેથી એ ચીજોથી શું તમે દુર ન રહેશો ? પરમેશ્વરની તાબેદારી કરો અને પેગમ્બરનું કહ્યું માનો અને બીઓ; પણ જો તમો ફરી જાઓ તો જાણો કે પેગમ્બરની ફરજ માત્ર જાહેરમાં પેગામ પહોંચાડવાની છે."

૬. મુંગા પ્રાણીપર ઘાતકીપણું અટકાવ્યું.

મૂંગા પ્રાણી અને પશુઓ તરફ ઘાતકીપણું ન વાપરવા મુસલમાની ધર્મમાં ફરમાવ્યું છે. તેઓ આપણા જેવાં પ્રાણી છે, માટે તેમના ગજા ઉપરાંત તેમની પાસેથી કામ લેવું, અને જો તે બાપડા આપણી ઇચ્છા પ્રમાણે કામ ન કરી શકે તો તેમને અઘટીત માર મારવો, અથવા તેમને પૂરતો ખોરાક ન આપવો એ સઘળી બાબતો તરફ પેગમ્બરે અણગમો દેખાડયો હતો. એવું કહેવામાં આવે છે કે એક દહાડે પેગમ્બર એક શેતરંજીપર બેઠા હતા; તેટલામાં એક બિલાડી આવી તે શેતરંજીના એક ખુણાપર બેસી ઉંઘી ગઇ. પેગમ્બરને કેથે જવાનું હોવાથી વિચારમાં પડયા કે એ સુતેલી બિલાડીને હું કેમ ઉઠાડું, જેથી છરી વડે શેતરંજીનો તે ખુણો કાપી બાકીની શેતરંજી લઇ રવાના થયા, પણ તે બિલાડીને ઉંઘમાંથી જગાડી નહી.

"કુરાને મજીદ" ના ૬ ઠા સુરાની ૩૮ મી આયતમાં ફરમાવ્યું છે કે **"જમીનપર એવી કોઇ જાતનું પ્રાણી નથી અને પાંખે ઉડતું એવું કોઈ પક્ષી નથી કે જે તમારા જેવી એક કોમ ન હોય."**

૭. ભારે વ્યાજ.

ભારે વ્યાજ લેવા અને આપવા સામે હજરત "મહમદે" સખ્ત અણગમો દેખાડયો હતો. આ બાબદસર તફસીર લખનારાઓમાં ભારે મતફેર છે. કેટલાક લખે છે કે ધીરેલા પૈસાપર વ્યાજ લેવું એ તદન હરામ છે, અને વ્યાજના મેળવેલા પૈસાનો ઉપયોગ કરનારને ભારી સજા થશે. જયારે બીજાઓ લખે છે કે માત્ર ભારે વ્યાજ લેવાની મનાઇ છે, એટલે ૨૫ ટકા ૫૦ ટકા વ્યાજ લેવું એ "ઇસલામ" ના કાનુનોથી ઉલટું છે, પણ જો વેપાર અર્થે ઘટતું સાધારણ અને ધંધાના ચાલુ રિવાજ પ્રમાણે વ્યાજ લેવામાં આવે તો તેમાં કાંઇ ખોટું નથી. હજરત "મહમદે" વેપાર રોજગારને હમેશાં ઉતેજન આપ્યું હતું. હવે વેપારવણજ અને ધંધા રોજગાર, લેણદેણ અને ધીરધાર વગર થઇ શકે નહીં, અને લેણદેણ ધીરધાર થાય તો વ્યાજ પણ આપવું લેવું પડે, માટે ઘટતા સાધારણ અને ધંધાના ચાલુ રીવાજ પ્રમાણે વ્યાજ લેવું એ "ઇસલામ" ના કાનુનથી ઉલટું નથી; માત્ર ભારે વ્યાજ લેવાની મનાઇ છે એમ તેઓનું કહેવું છે. વ્યાજ લેવું એ તદન હરામ છે એમ લખનાર ઘણી મોટી સંખ્યામાં છે.

"કુરાને મજીદ" ના ૨ જા સુરાની ૨૭૬ મી આયતમાં ફરમાવ્યું છે કે **"જે લોક ભારે વ્યાજ ખાય છે તેઓ (કયામતને દહાડે પોતાની કબરોમાંથી) શેતાનના હાથ લાગવાથી અપવિત્ર બન્યા હોય તેમ ઉઠશે. તે એટલા માટે કે તેઓ કહે છે કે 'ખરેખર વેપાર (વહેંચવું) એ માત્ર ભારે વ્યાજ જેવુંજ છે. પણ પરમેશ્વરે વેપારની રજા આપી છે અને ભારે વ્યાજની મનાઇ કીધી છે. તેટલા માટે જે કોઇ પરમેશ્વરની આ નસીહત માનશે અને ભારે વ્યાજથી દુર રહેશે તેને જે કાંઈ થઈ ગયું**

હોય તે પરમેશ્વર માફ કરે છે અને તેનો મામલો પરમેશ્વર સાથે છે, પણ જે લોક ભારે વ્યાજ તરફ રજુ થશે તેઓ દોજખની આગના સાથી છે અને ત્યાં તેઓ હંમેશાં રહેશે. પરમેશ્વર ભારે વ્યાજમાંથી બરકત ખેંચી લેશે અને સખાવતમાં વધારો કરશે. કારણકે પરમેશ્વર કાફર કે ગુનાહગારને ચાહતો નથી. ૩ જા સુરાની ૧૨૫ મી આયતમાં ફરમાવ્યું છે કે "ઓ મોમનો ફરી ફરીથી બમણું કરવા માટે ભારે વ્યાજ ખાશો નહીં; પણ પરમેશ્વરથી બીઓ કે તમારી ચહડતી થાય ૩૦ મી સુરાની ૩૮ મી આયતમા ફરમાવ્યું છે કે "જે કાંઈ પૈસા તમે વ્યાજે લોકોના માલમાંથી વધારો કરવાને ઉધાર આપો છો તેમાં પરમેશ્વર તરફથી કાંઈ વધારો થશે નહી. પણ જે કાંઇ તમો પરમેશ્વરના નામપર સખાવતમાં આપો છો એ લોક પોતાનું (સરવ સર્વ સઉ) બમણું કરનારા છે.

૮. ખાવાની મનાઈ.

"ઇસલામે" ચોકસ જાનવરોના માંસ ખાવાની મનાઇ કીધી છે. જે જાનવર પોતાના કુદરતી મોતે મરણ પામે છે એટલે જેને માણસ પોતાના હાથે કાપતો નથી તેવા જાનવરનું માંસ ખાવાની મનાઇ છે. આ ધર્મનો ફરમાન સુખશાંતીના કાનુનોને અનુસરીને જાહેર કરવામાં આવ્યો છે. બીમારી વગર ઘણે ભાગે કોઇ જાનવર મરણ પામતું નથી. હવે પોતાની મેળે મરણ પામેલા જાનવરોનું માંસ ખાવાની છુટ હોય તો માણસ જાતમાં અનેક પ્રકારની બીમારીઓ ફેલાય. જે બીમારીથી તે જાનવર પીડાતું હોય, તે બીમારી લોકોમાં સેહલાઇથી પેવશ થાય. એવાજ કારણને લીધે રગત પીવાની મનાઇ છે. માણસે કોઇપણ પ્રાણીનું લોહી પીવું નહીં. વળી ભુંડનુ માંસ ખાવાની સખ્ત મનાઇ છે. આ

કદરૂપી પ્રાણી દરેક પ્રકારનું નર્ક ખાઇ જીવે છે. એના જેવું ગંદું પ્રાણી બીજું જવલેજ મળી આવશે. ખસુસ કરી ગરમ દેશોમાં એનું માંસ ખાવાથી તંદુરસ્તીનો બગાડો થાય છે, અને ઇંગ્લાંડ જેવા સરદ દેશમાં પણ ઉનાળામાં એનું માંસ પસંદ કરવામાં આવતું નથી. "ઇસલામ" મૂર્તિ અને પથર પૂજાની હડહડતું વિરૂધ છે. મૂર્તિ પૂજાથી ઇનસાન પોતાના કિરતારને ભુલી જાય છે અને પથરની મુર્તિને પરમેશ્વર તરીકે માનતા શીખે છે. અને એવા પુતળાઓપર માનત કરી તેના નામ પર જાનવરોના ભોગ આપી તેનું માંસ લોકોમાં મફત વેંહચી આપતા. મૂર્તિ પૂજાને જડમુળથી ઉખેડી નાખવા "કુરાને શરીફ"માં ઘણા ફરમાનો છે, તેમાં એક એવો પણ છે કે જે જાનવરોને કાપતી વખતે પરમેશ્વર સિવાય બીજા કોઇનું નામ લેવામાં આવ્યું હોય તો તેવા પ્રાણીનું માંસ પણ ખાવું નહીં. એવા પ્રાણીનું માંસ ખાવાથી જે મૂર્તિના નામથી તેને ઝબેહ કરવામાં આવ્યું હોય તેની સરદારી જાણે તમે કબુલ કરો છો એમ ઠરે. એવી રીતે એકજ પરમેશ્વરની ભક્તિ કરવાને બદલે પથરની પૂજા તરફ ઇનસાન ઘસડાય, અને રફતે રફતે પરમેશ્વરને ભુલી જઇ માટીની મૂર્તની એબાદત કરતાં શીખે. આ ખેદકારક મામલો અટકાવવા પરમેશ્વરની એબાદતમાં ઇનસાંનને ચુસ્ત રાખવા તે એકજ છે એવું તેને હરઘડી યાદ દેવાડવા "ઇસલામ" પરમેશ્વર સિવાય બીજા કોઇનું નામ લઇ કાપેલા જાનવરોનું માંસ ખાવાની સખ્ત મનાઇ કરે છે.

"કુરાને મજીદ"ના ૨ જા સુરાના ૧૬૭ અને ૧૬૮ માં આયતોમાં ફરમાવ્યું છે કે **"ઓ મોમનો જે ચીજો અમોએ તમને ખોરાકને માટે આપી છે તેમાંથી સારી ચીજો ખાઓ, અને જયારે તમો પરમેશ્વરની એબાદત કરતા હો ત્યારે તેના શુકરા-**

ણા અદા કરો. તમને માત્ર તે (જાનવર) ખાવાની મનાઈ છે કે જે પોતાની મેળે મરણ પામે છે અને લોહી અને ભુંડનું માંસ અને તે કે જેનાપર ઝબેહ કરતી વખતે પરમેશ્વર સિવાય બીજા કોઈનું નામ ભણવામાં આવ્યું હોય, પણ જો એ ચીજો જોરજબરીથી ખાવાની ફરજ પડે અને એ ખાવાની તમારો મરજી ન હોય અને જરૂર કરતાં વધુ જાણી જોઇને ખાશો નહીં, તો તમને પાપ નથી. ખરેખર પરમેશ્વર માફી બક્ષનાર અને માયાળું છે." ૬ ઠા સુરાની ૧૪૬ મી આયતમાં ફરમાવ્યું છે કે "કહો કે જે મને (પરમેશ્વર તરફથી) વહી આવે છે તે પરથી ખાનારને કોઇ પણ ચીજ ખાવાની મનાઈ હોય એમ મને જણાતું નથી, શીવાય કે રગોમાંથી રેડાયલું લોહી અથવા મુરદાર (જાનવર) અથવા ભુંડનું માંસ કારણ કે એ નાપાકી છે—અથવા તે કે જેનાપર (ઝબેહ કરતી વખત) પરમેશ્વર શીવાય બીજા કોઇનું નામ ભણવામાં આવ્યું હોય. પણ જેને જરૂરીયાતને લીધે જબરીથી ખાવાની ફરજ પડે છે અને જાણી જોઈને અથવા જરૂર કરતાં વધુ ખાતો નથી—તો ખરેખર પરમેશ્વર માફી બક્ષનાર અને માયાળુ છે." ૫ માં સુરાની ૪ થી આયતમાં ફરમાવ્યું છે કે "તમને જે (જાનવર) પોતાની મેળે મરણ પામેછે અને લોહી અને ભુંડનું માસ અને જેનાપર (ઝબેહ કરતી વખતે) પરમેશ્વર શીવાય બીજા કોઈનું નામ ભણવામાં આવે છે તે, ગુંગળાવી મારી નાંખેલું (જાનવર) અને ફટકો મારી મારી નાંખેલું (જાનવર) અને પડી જવાથી મરણ પામેલું (જાનવર) અને જંગલી જનાવરે ખાધેલું (જાનવર) શીવાય કે તમો વખતસર જઈ તેને ઝબેહ કરો અને જેની

(પથરની) મુર્તી પર કુરબાની કીધી હોય તે ખાવાની અને તીરો ફેંકી મુડદાં જુદા કરવાની (જુગાર રમવાની) મનાઈ છે:-એ નાપાકી છે." ૧૬ માં સુરાની ૧૧૬ મી આયતમાં ફરમાવ્યું છે કે "તેણે (પરમેશ્વરે) તમને માત્ર તે ખાવાની મનાઈ કરે છે કે જે પોતાની મેળે મરણ પામે છે, અને લોહી અને ભુંડનું માંસ અને તે કે જેનાપર પરમેશ્વર શીવાય બીજા કોઇનું નામ ભણવામાં આવ્યું હોય. પણ જો એ ચીજો તમને જોરજબરીથી ખવડાવવામાં આવે અને એ ખાવાની તમારી મરજી ન હોય અને જરૂર કરતાં વધુ જાણી જોઇને ખાશો નહીં, તો તે તમારા માટે પાપ નથી. ખરેખર પરમેશ્વર માફી બક્ષનાર અને માયાળુ છે."

પ્રકરણ ૯ મું.

નીતિ.

હવે આપણે "ઇસલામ"ના નીતિ સંબંધી થોડા ફરમાનો વીશે ટુંક વિવેચન કરશું:—

(૧) માબાપની આજ્ઞા માની તેમને માન આપવું. "કુરાને મજીદ"ના ૧૭ માં સુરાની ૨૪ અને ૨૫ મી આયતોમાં ફરમાવ્યું છે કે "તમારા ઘરડાં માબાપ સાથે સભ્યતાથી વર્તો તેમને તોછડાઈથી બોલાવશો નહીં, તેમજ તેમને ઠપકો પણ આપશો નહીં, પણ તેમની બંનેની સાથે માનપૂર્વક ભાષામાં વાતચીત કરશો, અને માયા સાથે તેમનાથી નમી ચાલો, અને તેમના હકમાં પરમેશ્વર પાસેથી દુઆ ચાહો કે, ઓ સર્વે વસ્તુઓના પેદા કરનાર, મારા માબાપે

૫

મને નાનપણથી ઉછેરી મોટો કીધો છે તેથી તેમનાપર તું દયા કર." ૨૯ મી સુરાની ૭ મી આયતમાં ફરમાવ્યું છે કે **"અમોએ ઈનસાનને પોતાના માબાપ સાથે ભલાઇથી વર્તવા ફરમાવ્યું છે."**

(૨) કોઇ ઇનસાનનો પ્રાણ વગર કારણે લેવો નહીં. "કુરાને મજીદ" ના ૧૭ મા સુરાની ૩૫ મી આયતમાં ફરમાવ્યું છે કે **"તું કોઇ આણસનું ખુન કરીશ નહી."**

(૩) સ્ત્રી અથવા પુરૂષે અનીતિ કરવી નહીં. "કુરાને મજીદ" ના ૧૭ મા સુરાની ૩૪ મી આયતમાં ફરમાવ્યું છે કે **"ઝનાની નજદીક જઈશ નહી, ખરેખર એ એક બેહયા કર્મ અને આડો માર્ગ છે."**

(૪) ખોટી જુબાની કે સાક્ષી આપવી નહીં.

"કુરાને મજીદ" ના ૪ થા સુરાની ૧૩૪ મી આયતમાં ફરમાવ્યું છે કે **"ઓ મોમેનો, પરમેશ્વરને હાજર નાજર જાણી તમે જબાની આપો ત્યારે હક ઈનસાફપર કાયમ રહેજો; પછી તમારી પોતાની અથવા તમારાં માબાપની અથવા તમારાં સગાંવહાલાંની અથવા પૈસાદાર કે ગરીબની વિરૂધ સાક્ષી આપવી પડે તો શું થયું ? એ સઘળા કરતાં પરમેશ્વર તમને વધુ નજદીક છે."**

(૫) કોઇની નિંદા કે ગીબત કરવી નહીં.

"કુરાને મજીદ" ના ૪૯ મા સુરાની ૧૧ અને ૧૨ મી આયતોમાં ફરમાવ્યું છે કે **"એક બીજાની નીંદા કરશો નહીં અથવા એક બીજાને તોછડાં નામથી બોલાવશો નહીં; "ઇસલામી" ધર્મ કબુલ કર્યા પછી એમ કરવું એ ઠીક નથી અને જેઓ આવાં કામ કરવા માટે પસ્તાતા નથી તેઓ ભુંડાં કામના કરનારા છે. ઓ મોમેનો, બીજા**

લોક પર વેહેમ લઈ જવાથી દુર રહો; અને બીજાઓના ખાનગી હાલથી વાકેફ થવા ના ઇચ્છો; અથવા કોઈની પીઠ પછવાડે તેની ગીબત કરશો નહીં. શું તમે તમારા મરણ પામેલા ભાઇનું માંસ ખાવાનું પસંદ કરશો? ખચીત નહીંજ. અને પરમેશ્વરથી બીઓ; ખરેખર પરમેશ્વર માફી આપનાર તેમજ દયાળુ છે.

(૬) રૂશવત આપવી કે લેવી નહીં.

"કુરાને શરીફ" ના ૨ જા સુરાની ૧૮૪ મી આયતમાં ફરમાવ્યું છે કે "**તમારી દોલત તમે ફોકટ અથવા આડે માર્ગે ખરચશો નહીં, અને બીજા લોકનો માલ પચાવી જવાની નેમથી હાકમોને રૂશવત આપશો નહીં, જયારે તમે જાણો છો કે એ પાપનું કામ છે.**"

(૭) બીજા લોકની અદેખાઇ કરવી નહીં.

જો બીજા લોક પાસે ઘણા પૈસા અથવા ઓલાદ અથવા આબરૂ અથવા લાગવગ હોય અને તમારી પાસે તેટલું ન હોય તો અદેખા થઇ નારાજ ન થવું. જે પોતા પાસે હોય તે ઉપર સબુરી પકડી તેમાં વધારો કરવા પ્રયત્ન કરવું; પણ જેના પાસે વધુ હોય તેના વિષે બુરૂં ઇચ્છવું નહીં.

"કુરાને મજીદ" ના ૪ થા સુરાની ૩૬ મી આયતમાં ફરમાવ્યું છે કે "**જે લોકને પરમેશ્વરે પોતાની નીયામતોમાંથી ઘણો માલ બક્ષયો હોય તેની અદેખાઇ તું કરીશ નહીં.**"

(૮) માબાપ વગરના યતિમોની માલ મીલકત લઇ લેવી કે પચાવી જવી નહીં. જયારે નાના બાળકના માબાપ મરી જાય છે ત્યારે કુદરતી રીતે તે બાળક નાચાર સ્થીતિમાં આવી પડે છે; તેને સમજણ નથી કે આ દુનીયામાં કેમ ચાલવું અને પોતાના માલની રખે-

વાલી કેમ કરવી. એવે વખતે તેનો વાલી જો દયાનત બગાડી તે બાળકનો માલ પચાવી પાડવાની તજવીજ કરે તો તે પોતાની નેમમાં ઘણો સહેલાઇથી ફાવી જાય. યતિમો સાથે ઇનસાફથી ચાલવા તેમનો માલ નેક દયાનતથી સાચવવા, તેમની બરદાસ્ત કરવા અને તેમને કેળવણી આપવાની હજરત "મહમદે" વારંવાર તાકીદ દીધી હતી.

"કુરાને મજીદ"ના ૪ થા સુરાની ૧૧ મી આયતમાં ફરમાવ્યું છે કે **"ખરેખર જે લોક યતિમોનો માલ ગેરવાજબી રીતે ખાય છે, તેઓ પોતાના પેટમાં આગનાં ભડકાં ભરે છે, અને આખરે તેઓ દોજખનાં ભડકાંમાં બળશે."**

(૯) જો કોઇ દેવાદાર પોતાનું દેવું આપી શકે એવી હાલતમાં ન હોય તો તેનાપર અયોગ્ય દબાણ કે સખતી કરવી નહીં. લેણદારે થોડો વખત થોભવું કે જેથી તે બીચારો પોતાનું કરજ સહેલાઇથી અદા કરી શકે.

"કુરાને મજીદ" ના ૨ જા સુરાની ૨૮૦ મી આયતમાં ફરમાવ્યું છે કે **"જો કોઈ કરજદાર પોતાનું દેવું આપતાં મુશ્કેલીમાં હોય તો તેની મુશ્કેલી ટળી જાય ત્યાં સુધી તેના માંગનારે થોભવું, પણ જો તમે તેનું કરજ ખેરાત તરીકે માફ કરશો તો તમારા ફાયદા માટે છે."**

નીતિ.

(૧૦) દુકાનદારોએ માલ આપતી વખતે માપ અધુરાં ભરવાં નહીં અને માલ તોળી આપતી વખતે ઓછું તોળવું નહીં. પોતાના ઘરાકોને ઠગી મોટો નફો મેળવવા ખાતર દુકાનદારો નાનાં અને મોટાં માપ પોતાની દુકાનોમાં રાખે અને પોતાને ફાયદો થાય તેવાં માપોથી ભરી આપે અથવા લે, અને એવીજ ઠગાઇ કરવા ખોટાં ત્રાજવાં રાખે એ સામે અણગમો દેખાડી એવી ઠગાઇ રમવાની "ઇસલામે" સખ્ત મનાઇ કીધી છે.

" કુરાને મજીદ "ના ૭ માં સુરાની ૮૩ મી આયતમાં ફરમાવ્યું છે કે **" માપ ભરવા અને તોળવામાં પૂરતાં માપ ભરજો અને બરાબર તોળી આપજો. "** ૮૩ માં સુરાની ૧ ૨ ૩ ૪ ૫ અને ૬ ઠી આયતોમાં ફરમાવ્યું છે કે **" ધીક્કાર છે તે લોકપર કે જે માપ લેતી વખતે પૂરાં માપ લે છે અને આપતી વેળાએ અધુરાં માપ ભરે છે, અથવા તોળતી વેળાએ ઓછું તોલે છે. શું એ લોક ખ્યાલ નથી કરતા કે એક મોટે દીવસે તેમને પાછા સજીવન કરવામાં આવશે ? એક દીવસ કે જયારે સર્વ ઇનસાન સઘળી દુન્યાઓના પેદા કરનાર હજુર ઉભા રહેશે ? "**

(૧૧) સબુરીનાં ફળ મીઠાં છે. ઇનસાંનપર ગમે તેવી મોટી આફત આવી પડે અથવા પૈસાવાળો હોય અને તંગીમાં આવી પડે અથવા કોઇ અતલગનો ખેશી અથવા ખેશીઓ મરણ પામે અથવા બીમારીઓથી પીડાતો હોય અથવા પોતાનાં સારાં નામને બીજા કોઇની ચાલચલણથી કલંક લાગે અથવા પોતાની પરીક્ષામાં ફતેહ ન મળે અથવા કોઇ મોટો ઓધો મેળવવા જતાં નીરાશી મળે અથવા બીજા કોઇ પ્રકારનું દુઃખ થાય તો તે માણસની ફરજ છે કે તે સબુરી પકડે અને એકદમ નાઉમેદ થઇ પોતાના જીવપર આવી ન જાય. " કુરાને શરીફ "ના જુદા જુદા ભાગોમાં સબુરી વીશે ઘણી ભળામણો કરેલી છે. ૩ જા સુરાની ૨૦૦ મી આયતમાં ફરમાવ્યું છે કે **" એ મોમનો તમારાં દુઃખ સબુરીથી વેઠો; સબુરીમાં તમારૂં નામ કહાડો, મુસ્તકીમ (મક્કમ) રહો અને પરમેશ્વરથી બીઓ, એ સઘળું તમારા ફાયદા માટે છે. "**

(૧૨) તમારા પૈસા વગર કારણે ઉડાવી દેશો નહીં, તેમજ બખિલ પણ થશો નહી. લોકોમાં પોતાની વડાઇ દેખાડવા લગ્ન

અને મરણના અવસરે પોતાના ગજા ઉપરાંત ખરચ કરી કરજના બોજા હેઠળ દબાઇ મરવું અથવા ભીખ માગતા થવું એમાં ડહાપણ સમાએલું નથી. વળી કેટલા લોક પોતાની પૂંજીનો મોટો ભાગ મોજશોખમાં ઉડાવી દે છે. ઉડાઉપણાને "ઇસલામ"ધિક્કારે છે. વળી કેટલાક લોક ગમે તેટલી પૂંજી એકઠી કીધેલી હોવા છતાં સખાવતનાં કામમાં કાંઇ ખરચતા નથી, એટલુંજ નહીં પણ પોતા પાછળ ઘટતો ખરચ કરતા નથી, બસ તેમની એવીજ નેમ હોય છે કે જેમ વધુ એકઠું કરશું તેમ વધુ ઠીક. એવી બખિલાઇ અને કંજુસાઇને પણ "ઇસલામ, પસંદ કરતો નથી.

"કુરાને મજીદ"ના ૧૭ મા સુરાની ૨૯ અને ૩૧ મી આયતોમાં ફરમાવ્યું છે કે **"તું તારો માલ બેદરકારપણે ઉડાવી દઇશ નહીં, કારણ કે ઉડાઉ લોક સેતાનના ભાઈ છે અને સેતાન પોતાના પેદા કરનાર તરફ નીમકહરામ હતો અને તારો હાથ એકદમ બંધ કરી બખિલ થઇશ નહીં અથવા બેદરકારીથી ઉડાવી દઈશ નહીં કે તું હેકરાત અને કંગાલિઅતપણામાં આવી જાય."**

(૧૩) પોતાથી જે પાપના કામ થયાં હોય તેને માટે પસ્તાવો કરી પરમેશ્વર પાસેથી માફી માંગવી અને પોતાની ચાલચલણ સુધારી ફરીથી પાપ કરવાં નહીં, પણ પસ્તાવો તરત કરવો અને નહીં કે જાણીજોઇને પાપના કામ કર્યાં જવું અને મરણ નજદીક આવે ત્યારે માફી માંગવી અને પરમેશ્વરની પાસે દુવા ચાહવી કે હવેથી હું પાપના કામ કરીશ નહીં. આવી જાતનો પસ્તાવો પરમેશ્વર કબુલ કરતો નથી.

"કુરાને મજીદ"ના ૪ થા સુરાની ૨૦ ૨૧ અને ૨૨ મી આયતોમાં ફરમાવ્યું છે કે **"જો તમારામાંથી બે જણ પાપ કરે તો તેમને બંનેને સજા કરો, પણ જો તેઓ ખરાં**

દીલથી પસ્તાવો કરે, અને પોતાની ચાલચલણ સુધારે તો તેમને રેહવા દો. ખરેખર પરમેશ્વર પાસેથી માફી મેળવવી સહેલ છે કારણ કે તે દયાળુ છે. પરમેશ્વર માત્ર તેમનાજ પાપ માફ કરશે કે જે અજાણપણે પાપ કરે છે, અને પાપ કર્યા પછી તરતજ પસ્તાવો કરશે અને પોતાની ચાલચલણ સુધારશે. ખરેખર પરમેશ્વર જાણનાર છે. પણ જે લોક મોત આવે ત્યાં લગી પાપના કામ કર્યા જાય છે અને તે વખતે કહે છે કે હવે હું પસ્તાવો કરૂં છું તો તે પસ્તાવો કબુલ કરવામાં આવશે નહીં."

(૧૪) જો કોઇ માણસ તમને ગાળ દે અથવા તમને અપમાન કરે તો તેની પાસેથી તમારે કીનો કે વેર ન લેવું.

"કુરાને મજીદ" ના ૪૨ માં સુરાની ૩૮ મી આયતમાં ફરમાવ્યું છે કે, **"પણ જે સખ્સ પોતાને થયલું અપમાન ભુલી જઈ પોતાના દુશમનને માફ કરી તેની સાથે સંધી કરશે તો તેના ફળ પરમેશ્વર પાસેથી પામશે. ખરેખર પરમેશ્વર ગેરઈનસાફથી ચાલનારને ચાહતો નથી."**

(૧૫) સાચું બોલવું અને આપેલાં વચનો પાળવાં. અગર એક શખ્સ બીજાને બોલ આપે કે હું તારે ત્યાં જમવા આવીશ અથવા ફલાણું કામ કરીશ અથવા બીજી કોઇ પ્રકારની કબુલાત આપે તો તેની ફરજ છે કે તે પોતાના બોલ અને કબુલાત પ્રમાણે અમલ કરે. અથવા તમે કોઇની સાથે કોલકરાર કરો તો તેની શરતો પ્રમાણે તમારે ચાલવું જોઇએ. ખોટાં વચનો કહેવા ખોટી કબુલાતો આપવી અને જુદા કોલકરારોથી બંધાવું એ એક ગ્રહસ્થને ન છાજે એવી વર્તણુક છે.

"કુરાને મજીદ" ના ૧૭ માં સુરાની ૩૬ મી આયતમાં ફરમાવ્યું છે કે **"તમો તમારાં વચનો અને કોલકરાર**

પાળજો, તમારાં વચનો તમોએ પાળ્યાં કે કેમ તે વિષે તમને પુછવામાં આવશે."

(૧૬) આપઘાત કરવું નહીં.

"કુરાને મજીદ" ના ૪ થા સુરાની ૩૩ મી આયતમાં ફરમાવ્યું છે કે **"આપઘાત કરશો નહીં."**

(૧૭) બીજા કોઇના મકાનપર જવું ત્યારે તેમાં રેહનારની પરવાનગી મેળવ્યા વગર અંદર દાખલ થવું નહીં, તેમજ તેને અને તેના કુટુંબને સલામ કર્યા વગર પણ અંદર જવું નહીં. એ તો જાણીતી બીના છે કે મુસલમાન ઓરતો પોતાના ચહેરા પારકા પૂરૂષોને દેખાડતી નથી. હવે વગર ચેતવણી આપે માણસો ઘરની અંદર ચાલ્યા આવે તો સ્ત્રીઓ પોતાની અદબ જાળવી શકે નહીં. વળી " કુરાને શરીફ " ના એક ફકરામાં એમ ફરમાવ્યું છે કે **" તમારા છોકરા અને નોકરો પણ સવારની નીમાજ અગાઉ બપોરના અને સાંજની નમાજ પછી તમારા ઓરડામાં તમારી પરવાનગી મેળવ્યા વગર દાખલ થાય નહીં,"** સવારની નમાજ અગાઉ માણસ કદાચ બીછાનામાં હોય અને સાંજની નમાજ પછી તે ઉંઘવા જવાની તૈયારી કરતો હોય અને બપોરે ગરમીના જોરને લીધે લોકો જરા આરામ લેતા તેથી એવે વખતે માણસ પોતાનાં કપડાં બાબે ઘણો ચોકસ રહેતો નથી, અને એવે વખતે બચ્ચાં અથવા નોકર ઓરડામાં દાખલ થાય તો અદબ બરાબર જળવાય નહીં, જેથી દાખલ થવાની અગાઉ પરવાનગી મેળવવાની જરૂર છે.

" કુરાને મજીદ " ના ૨૪ માં સુરાની ૨૭–૨૮ અને ૨૯ મી આયતોમાં ફરમાવ્યું છે કે **" ઓ મોમનો તમારા પોતાના મકાન સિવાય ત્યાં રહેનારની પરવાનગી મેળવ્યા વગર દાખલ થશો નહીં. આ સલુક તમારે માટે શ્રેષ્ટ છે જેથી**

તે ધ્યાનમાં રાખશો. જો અંદર કોઈ ન હોય તોપણ તમને રજા મળ્યા વગર દાખલ થવું નહીં. જો તમને કહેવામાં આવે કે તમે પાછા ચાલ્યા જાઓ તો તમારે ચાલ્યા જવું. આમ ચાલ્યા જવાથી તમે ઠપકામાં આવશો નહીં, અને જે કાંઇ તમે કરો છો તે પરમેશ્વર જાણે છે. તમારી સગવડ માટે ઉજડ ઘરોમાં દાખલ થશો તો તેમાં કાંઈ ખોટું નથી, અને જે તમે જાહેર કરો છો અને જે તમે છુપાવો છો તે પરમેશ્વર જાણે છે."

પ્રકરણ ૧૦ મું.

ઈસલામ.

"ઇસલામ" બીજા ધર્મોની પેઠે બે ભાગમાં વેહેંચાયલું છેઃ—

(૧) ઇમાન (faith) (૨) દીન (practice)

(૧) ઇમાન.

"ઇમાન" ના ૭ વિભાગ છેઃ—

(ક) પરમેશ્વરનું એકપણું (ખ) પેગમ્બરોની નબુવત, (ગ) દેવતાઇ કિતાબોનું ખરાપણું, (ઘ) ફિરસ્તાઓની હસ્તી (ન) કયામતનો દહાડો, (ચ) ઇનસાફ.

(ક) પરમેશ્વરનું એકપણું—પરમેશ્વર એકજ છે. તે સર્વેને પેદા કરનાર અને જીવાડનાર છે; તેનો જોડીઓ બરોબરીઓ કે ભાગીઓ કોઇ છે પણ નહીં અને થશે પણ નહીં. તે બળવાન આકેલ ઇનસાફી અને માયાળુ છે. તે માટીનો ઢગલો કે પથરની મુર્ત કે કાગળની છબી નથી, તે સૂર્ય, ચંદ્ર, તારા કે આતશ નથી, તે ગાય, ઘોડો સરપ કે વાનર નથી, તે એકજ અને તે સર્વે ચીજને

પેદા કરનાર છે. એક કરતાં વધુ પરમેશ્વર છે એમ માનવું એ મહા પાપનું કામ છે અને એક કરતાં વધુ પરમેશ્વર છે એમ માનનારને ભારી સજા થશે. એ વિષેનો મહાભારત અને જગત મશહુર વાક્ય "પરમેશ્વર સિવાય બીજો કોઇ પરમેશ્વર નથી અને 'મહમદ' તેનો રસુલ છે," મુસલમાનોની ખરી મગરૂરી છે. એ વાક્ય બોલી હજારો મુસલમાનો પોતાના પેદા કરનારના નામપર પોતાના પ્રાણ આપવા તૈયાર થશે. એ વાક્યે દુનીઆની તવારીખમાં અમુલ્ય ભાગ બજાવ્યો છે અને કોઇપણ ઇનસાન પોતાના ખરાં અંતઃકરણથી એ વાક્ય આચરવા વગર ઇસલામી ધર્મ અખત્યાર કરી શકતો નથી.

(ખ) પેગમ્બરોની બુવત—હજરત "મહમદે" આગળ થઇ ગયલા સઘળા પેગમ્બરોને કબુલ રાખ્યા હતા અને તેમને માન આપવા પોતાના મુરીદોને ફરમાવ્યું હતું. કેટલાક કહે છે કે બધા મળી ૨૨૪૦૦૦ પેગમ્બર થયા છે જ્યારે, બીજાઓ કહે છે કે માત્ર ૧૨૪૦૦૦ પેગમ્બર થઇ ગયા છે તેમાં માત્ર ૬ સર્વેથી મોટા હતા અને તેમાં પણ જે પછવાડેથી આવેલા તે પોતાથી આગળ આવી ગએલાથી ઉંચી પદ્વીવાળા ગણાય. એ છના નામ (૧) આદમ (૨) નુહ (૩) ઇબરાહીમ (૪) મુસા (૫) ઇસા (૬) મહમદ. પેગમ્બરોમાં કાંઇ દેવતાઇ ગુણ નહતા. તેઓ માત્ર પરમેશ્વરે મોકલેલા ગુમાસ્તા હતા, જેઓએ દુન્યામાં આવી લોકોને શીખવ્યું કે મૂર્તી પૂજા મૂકી દો અને એકલા પરમેશ્વર પરજ ભરોસો રાખતાં શીખો અને ભલાં કામ કરો અને આડે માર્ગે જતાં અટકો. તેમની ફરજ માત્ર જાહેર બોધ આપવાની હતી.

"કુરાને મજીદ" ના ૭૨ માં સુરાની ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ મી આયતોમાં ફરમાવ્યું છે કે **"કહે ખરેખર તમને ફાયદો**

કે નુકસાન પહોંચાડવું એ મારા (પેગમ્બર) અખત્યારમા નથી; કહે ખરેખર પરમેશ્વર સિવાય મને (પેગમ્બરને) કોઇ પનાહ આપનાર નથી અને તેના સિવાય બીજો કોઈ આશરો મને મળનાર નથી. પરમેશ્વર તરફથી આવેલી વહી અને પેગામ જાહેર કરવા સિવાય મારૂં કામ કાંઈ નથી; અને જે કોઈ પરમેશ્વર અને તેના પેગમ્બરની નાફરમાની કરશે તેને માટે દોજખની આગ છે, અને તેમાં તેઓ હમેશાં રહેશે." ૧૧ માં સુરાની ૩૧, ૩૨ અને ૩૩ મી આયતોમાં ફરમાવ્યું છે કે "ઓ મારી કોમ, મારી શીખામણ માટે હું તમારી પાસેથી પૈસા માંગતો નથી. મારો બદલો એકલા પરમેશ્વર પાસેથી છે. જે લોક ઈમાન લાવ્યા છે તેને હું મારી પાસેથી હાંકી કહાડીશ નહીં. ખરેખર તેઓ પોતાના માલેકને મળશે; પણ હું જોઉં છું કે તમે અજ્ઞાન કોમ છો. ઓ મારી કોમ, જો હું તમને હાંકી કહાડું તો પરમેશ્વરની સામે મને કોણ મદદ કરશે? શું તેટલા માટે તમે વિચાર ન કરશો? હું તમને કહેતો નથી કે પરમેશ્વરનો ખજાનો મારા હાથમાં છે અથવા તેના છુપા ભેદોથી હું વાકેફ છુ, અથવા હું કહેતો નથી કે ખરેખર હું એક ફેરસ્તો છું અથવા હું કહેતો નથી કે જેને તમે ધિકારની નજરથી જુઓ છો, તેમને પરમેશ્વર સારી ચીજો આપશે નહીં. તેમના જીગરમાં શું છે તે પરમેશ્વર સારી પેઠે જાણે છે, અને જો હું એમ કહું તો ખરેખર હું સીતમગારોમાંથી એક છું." ૪૦ મા સુરાની ૭૮ મી આયતમાં ફરમાવ્યું છે કે "અમોએ તારી અગાઉ ઘણા પેગમ્બર મોકલ્યા છે, થોડાઓની તવારીખ અમોએ તને

કહી છે અને બીજાઓની તવારીખ અમોએ તને કહી નથી; પણ કોઈબી પેગમ્બરને પરમેશ્વરની પરવાનગી વગર કાંઇબી નીશાની લઇ આવવાની શકિત નહીં હતી–" ૨૨ માં સુરાની ૪૯ મી આયતમાં ફરમાવ્યું છે કે "હું તમો ઇનસાનને માત્ર જાહેરમાં શીખામણ આપનાર છું." ૨૪ માં સુરાની ૫૨ મી આયતમાં ફરમાવ્યું છે કે "કહે પરમેશ્વર અને તેના પેગમ્બરની ફરમાનબરદારી કરો, પણ જો તમે ફરી જાઓ તો જાણો કે તેને તેનો બોજો ઉપાડવાનો છે અને તમોને તમારો બોજો ઉપાડવાનો છે. પણ જો તમે તેનું કહ્યું માનશો તો સીધો રસ્તો પામશો, પણ પેગમ્બરની ફરજ તો માત્ર જાહેરમાં પેગામ પહોંચાડવાની છે." ૨૫ માં સુરાની ૫૮ મી આયતમાં ફરમાવ્યું છે કે "અમોએ તને માત્ર એક ખુશ ખબર આપનાર તરીકે અને ચેતવણી આપનાર તરીકે મોકલ્યો છે." ૫ માં સુરાની ૯૨ અને ૯૩ મી આયતોમાં ફરમાવ્યું છે કે "ઓ મોમનો ખરેખર શરાબ, જુગાર, મુરતો અને તીર ફેંકી જુગાર રમવું એ સઘળું સેતાનના કરમોની એક હાણી છે; તેથી તેમનાથી દુર રહો કે તમારી ચહડતી થાય. શરાબ અને જુગાર વડે સેતાન તમારામાં દુશ્મની અને ફીસાદના બી રોપવા અને પરમેશ્વરની યાદ અને નીમાજથી વેગળા કરી તમને આડે માર્ગે લઈ જવા ધારે છે; તેથી એ ચીજોથી શું તમે દુર ન રહેશો? પરમેશ્વરની તાબેદારી કરો અને પેગમ્બરનું કહ્યું માનો, અને બીઓ; પણ જો તમે ફરી જાઓ તો જાણો કે પેગમ્બરની ફરજ માત્ર જાહેરમાં પેગામ પહોંચાડવાની છે."

(ગ) દેવતાઇ કીતાબોનું ખરાપણું.

મુસલમાન લોક માને છે કે જયારથી પરમેશ્વરે આ દુન્યા પેદા કીધી ત્યારથી તેણે એક પછી એક પેગમ્બર લોકોને સીધો રસ્તો દેખાડવા અને આડે માર્ગે જતાં અટકાવવાની ચેતવણી આપવા મોકલ્યા હતા, અને તેમનામાંના કેટલાકને તો દેવતાઇ લખાણો સાથે મોકલ્યા હતા કે જેથી એ લખાણો તેમનામાં હમેશાં રહે અને એ કિતાબોના લખાણો પ્રમાણે તેઓ અમલ કરે. એવી બધી મળી ૧૦૪ કીતાબો પરમેશ્વર તરફથી ઉતરી છે. એમાંની ૧૦ "આદમ" નબીને, ૫૦ "સેસ" નબીને, ૩૦ "ઇદરૂસ" નબીને, ૧૦ "ઇબરાહીમ" નબીને અને એકેકી "મુસા," "દાઉદ," "ઇસા" અને "મહમદ" પેગમ્બરોને સ્વાધિન કરવામાં આવી હતી. છેલી ચાર કિતાબો સિવાય બાકીની સઘળી ૧૦૦ કિતાબો તદન નાબુદ થઇ ગઇ છે અને "મુસા," "દાઉદ" અને "ઇસા" નબીઓને અપાયલી કિતાબોમાં એ-ટલા બધા ફેરફાર થયા છે અને એટલી બધી ભુલો એ લખાણોમાં દાખલ થઇ ગઇ છે કે તેમનાપર કાંઇ ભરોસો રાખી શકાય નહીં. માત્ર "કુરાને મજીદ" કે જે કિતાબ હજરત "મહમદ"ને તેના મુરીદોની રાહબરી માટે તેને સોંપવામાં આવી હતી તેજ તેની અસલ નિર્મળ સ્થિતિમાં છે, અને તેથી તેનાપર ભરોસો રાખી શકાય અને તેમાં જણાવેલાં ફરમાનો પ્રમાણે દરેક મુસલમાને ચાલવું જોઇએ. "ઇસલામ"ની વિરૂધ લખનારા નસારા લેખકોને કબુલ કરવાની ફરજ પડી છે કે "કુરાને મજીદ"ની ભાષા ચોખી, નિર્મળ અને શ્રેષ્ટ છે. તે એવી ભાષા છે કે એક અભણ કે શીખેલો આરબ કદી લખી શકે નહીં. હજરત "મહમદ" ના જમાનામાં પણ પરકોમના લોક મશ્કરી કરતા કે એ દેવતાઇ કિતાબ નથી; અને તે વખતે પણ હજરત "મહમદે" લોકોને

છડેછોક કહ્યું હતું કે જો એ કિતાબ દેવતાઇ નથી તો તમો એવી કિતાબ બનાવી રજુ કરો તો તરત જણાઇ આવે કે પરમેશ્વરની બનાવેલી અને માણસની બનાવેલી કિતાબમાં કેટલો ફરક હોય છે. હજરત " મહમદ " ની ઉપલી ચાલેનજ આજ દહાડા સુધી કોઇએ ઉપાડી લીધી નથી.

મુસલમાન કોમ પોતાના ધર્મની કિતાબ " કુરાને મજીદ " ને ઘણું માન આપે છે. પોતાના શરીરને સાફ ધોયા વગર એ કિતાબને અડતા નથી. પોતાના મકાનપર સર્વથી ચોખી જગ્યાપર એને સાચવીને રાખે છે. " કુરાને મજીદ " માં બધા મળી ૩,૨૩,૬૭૧ અક્ષરો, ૭૭,૯૩૪ શબ્દો, ૬,૬૧૬ આયતો અને ૧૧૪ સુરા છે.

"કુરાને મજીદ" ના ૧૦ માં સુરાની ૩૮ અને ૩૯ મી આયતોમાં ફરમાવ્યું છે કે **"આ કુરાન પરમેશ્વર સિવાય બીજા કોઇથી બનાવી શકાય એવો નથી. એ આગળ આવી ગએલાને ખરૂં ઠેરવે છે અને આ કિતાબનું બારીકીથી બયાન કરે છે. એમાં કાંઇ શક નથી, અને આ દુન્યાના માલેક તરફથી ઉતરી આવ્યું છે. શું તેઓ (લોક) એમ કહે છે કે તેં (મહમદે) એની બનાવટ કીધી છે ? તેઓને જવાબ આપ કે જો તમે ખરૂં બોલતા હો તો પરમેશ્વર સિવાય બીજા કોઇની મદદ માંગો અને એના જેવો એક સુરો તૈયાર કરો."** ૧૭ માં સુરાની ૯૦ અને ૯૧ મી આયતોમાં ફરમાવ્યું છે કે **" કહે આના જેવો કુરાન બનાવવા માટે માણસ જાત અને " જીનો " સાથે એકઠા થાય અને એ કામમાં એક-બીજાની મદદ કરે તોપણ તેઓ બનાવી શકશે નહીં અને અમોએ આ કુરાનમાં તરેહ તરેહની મીસાલો (દાખલા) આપી લોકોને સમજણ પાડી છે પણ જો તેમનો મોટો**

ભાગ કબુલ કરવા ના પાડે છે તો માત્ર "કુફરના જોરે" ૬૯ મા સુરાની ૩૯, ૪૦, ૪૧, ૪૨ અને ૪૩ મી આયતોમાં ફરમાવ્યું છે કે "**જે તમે જોઈ શકો છો અને જે તમે જોઈ શકતા નથી તેના હું સમ ખાઇ કહુંછું કે આએ એક ઉમદા પેગમ્બરનું ભાષણ છે અને એક કવિની કવિતા નથી-કેટલો થોડો ઈમાન તમારામાં છે-અને આએ એક જોતીશની ભાષા નથી-શીખામણની અસર તમારાપર કેટલી થોડી છે-દુન્યાઓના માલેક તરફથી આ ઉતરી આવ્યું છે.**"

(ધ) ફીરેસ્તાઓની હસ્તી.

"ઇસલામ" ફિરેસ્તાઓની હસ્તી કબુલ રાખે છે. ફિરેસ્તાઓમાં ચાર મુખ્ય છે. (૧) "જેબરાયલ" એ ફીરેસ્તો સઉથી માનીતો છે; એ હઝરત "મહમદ" ની પાસે "કુરાન" લઇ આવ્યો હતો અને પરમેશ્વર અને તેના પેગમ્બર વચ્ચે વારંવાર કાસદનું કામ બજાવ્યું હતું. (૨) "મીકાયલ" (૩) "અઝરાયલ" મોત-મરણ વખતે દરેક ઇનસાનના બીછાણાપર હાજર થાય છે અને તેનો પ્રાણ કહાડી લે છે. (૪) "ઇસરાફીલ"-કીયામતને દહાડે એ રણસીંગડું વગાડશે અને દરેક માણસ તે સાંભળતાંજ પાછો સજીવન થશે અને પોતાના પેદા કરનારની દરબારમાં હાજર થશે. એ ઉપરાંત એક બીજો જાણીતો ફીરેસતો છે જેનું નામ અસલ "અજાજીલ" હતું, તેણે સારી સેવાઓ બજાવેલી હોવાથી તેને ઇજત આબરૂ મળી હતી અને "અજાજીલ" એટલે ઇજત પામેલો તેનું નામ હતું. ત્યાર પછી તેણે બળવો ઉઠાવયો અને પરમેશ્વરની સતાનો અનાદર કીધો, તેથી તેનું નામ "સેતાન" પડયું અને જ્યારે પરમેશ્વરની માફીથી નાઉમેદ થયો ત્યારે તેનું નામ "ઇબલીસ" પડયું. નાના ફીરેશતાઓમાં "રજવાન"-જનતનો

રખેવાલ. " માલીક"—દોજખનો રખેવાલ " મુનકીર " અને "નકીર વગેરે, વગેરે. આ સઘળું દાષતાંરૂપી છે એમ ઘણા લોક માને છે.

(ન) કયામતનો દહાડો.

આપણા મરણ પછી આપણે એક દહાડે પાછા સજીવન થશું અને તે વખતે આપણાં ભલાં ભુંડાં કામના પ્રમાણમાં આપણને બદલો મળશે અથવા સજા થશે એમ " ઇસલામ " શીખવે છે. દરેક માણસ પોતાની ચાલચલણ માટે પોતાનાં પેદા કરનારને જવાબદાર છે; અને પોતાના ધર્મના ફરમાનો જાણીબુજીને તોડશે અથવા આ દુન્યાગાં અનીતિનાં કામોમાં રોકાશે અથવા પારકો માલ ચોરશે અથવા પચાવી જશે તો તે પોતાના પેદા કરનારની દરબારમાં હાડમાર થશે અને પોતાની બદચાલ માટે ઘટતે ફેજે પહોંચશે. જે માણસ ભલાં કામ કરશે, નીતિથી ચાલશે, પારકી દોલતમાં ખીઆનત નહીં કરશે, અને સખાવત કરશે, તો તે માણસ પોતાની કરણીનાં મીઠાં ફળ ચાખશે. આપણી હવે પછીની જીંદગી વિષે " કુરાને મજીદ " માં ઘણી આયતો છે.

" કુરાને મજીદ" ના ૩૩ મા સુરાની ૬૩ મી આયતમાં ફરમાવ્યું છે કે **"લોક તને (પેગમ્બરને) આખેરી દહાડા વિષે પુછશે; તેમને કહે કે ખરેખર તેની ખબર એકલા પરમેશ્વરનેજ છે અને તે તને ખબર આપશે નહીં. કદાચ તે દીવસ નજદીક હોય."**

(ચ) ઈનસાફ.

કીયામતને દહાડે દરેક ઇનસાનનો હક ઇનસાફ થશે અને જેની નેકી તેની બદી કરતાં વધુ હશે તેને તેની નેકીના પ્રમાણમાં તેનો બદલો આપવામાં આવશે, અને જે લોકની બદી તેમની નેકી કરતાં વધુ હશે તો તેના પ્રમાણમાં તેને સજા થશે.

જેવી કરણી તેવી પાર ઉતરણી અને જેવું રોપશું તેવું લેશું. પરમેશ્વર કોઇને રતીભારભી ગેરઇનસાફ કરનાર નથી.

"કુરાને મજીદ" ના ૨૩ મા સુરાની ૧૦૪, ૧૦૫ અને ૧૦૬ ઠી આયતોમાં ફરમાવ્યું છે કે, **"જ્યારે રણશીંગડું ફુંકવામાં આવશે તે દહાડે એક બીજાની સગાઇ રહેશે નહીં, અને એક બીજાની મદદ માંગશે નહીં. જે લોકોના તોલ ભારી હશે તેઓ સુખી થશે, પણ જેના તોલ હલકા હશે તેઓ પોતાના આતમાને નુકસાન પહોંચાડનારા છે, અને તેઓ હંમેશાં દોજખમાં રહેશે."**

પ્રકરણ ૧૧ મું.

દીન.

દીનના ચાર વિભાગ છે.

(૧) નમાજ, (૨) રોજા અથવા અપવાસ, (૩) ઝકાત અથવા સખાવત, (૪) હજ્જ.

(૧) નમાજ.

"ઇસલામ" પર ખરાં દીલથી ઇમાન આણ્યા પછી દરેક ઇનસાનની ફરજ છે કે તેણે પોતાના ધર્મના ફરમાનો પ્રમાણે અમલ કરવું. એમાં સર્વથી અગત્યનું ફરમાન "નમાજ" બાબે છે. પરમેશ્વરે આપણને પેદા કીધા છે એટલુંજ નહીં, પણ જે સઘળી સારી ચીજો આપણે ભોગવીએ છીએ તેને માટે આપણે દર પળે તેના આભારી છીએ. આપણી સઘળી જરૂરીઆતો તે પુરી પાડયા ઉપરાંત આપણા સુખના સાધનો પણ તેણે તૈયાર રાખ્યાં છે, અને આપણે તેનો ઘટતો લાભ લઇએ એવી દરેક

સગવડ અને છુટ આપણને બક્ષી છે. આતશ, હવા, પાણી અને જમીન જે જીવવાનાં ખાસ સાધનો છે, તેનો કાંઇ ટોટો નથી; એ ઉપરાંત પહેરવાને કપડાં, રહેવાને ઘર, ફરવાને ગાડી વગેરે વગેરે દરેક સગવડ અને સુખના સાધન ઇનસાન માટે તૈયાર છે. પરમેશ્વર આપણને પેદા કરનાર, જીવાડનાર, અને આપણીપર સઘળી ન્યામતો ઉતારનાર છે એવું ઇનસાનના મનપર મજબુતીથી ઠસાવવા અને તેનો ઉપકાર દરરોજ માનવા "ઇસલામે" દીવસમાં પાંચ વખત "નમાજ" અદા કરવાની મજબુત તાકીદ કીધી છે. એવું કહેવામાં આવે છે કે એક વખતે હજરત "મહમદ" બોલ્યા હતા કે 'જનતની ચાવી અને દીનનો થાંભલો તે નમાજ છે.' "નમાજ" ભણવા પહેલાં દરેક ઇનસાને પોતાના કપડાં અને શરીરને ધોઇ સાફ કરવાં જોઇએ અને કોઇબી પ્રકારની નાપાકી કે ગંદાઇ કે મેલાપણાથી દુર રહેવું જોઇએ. સાધારણ રીતે હાથ પગ અને મોહોડું ધોવું જોઇએ કે જેને "વઝુ" કહે છે, પણ ચોકસ વખતે જ્યારે આપણું શરીર ચોખું ન હોય ત્યારે આખાં શરીરને ધોઇ સાફ કરવાની જરૂર છે કે જેને "ગુસલ" કહે છે. પણ સર્વથી વધુ અગત્યનું તો એ છે કે તે પોતાના દીલ, અને અંતઃકરણની ગંદકી દુર કરે અને ખરા દીલ ચોખા મન અને સાફ અંતઃકણ લઇ પોતાના પેદા કરનારની ખીદમતમાં હાજર થાય. "નમાજ" દરરોજ પાંચ વખત ભણવાની દરેક મુસલમાનની ફરજ છે. (૧) સૂર્ય ઉગવાની પહેલાં, (૨) બપોરના–ઝોહોર, (૩) બપોર પછી–અસર (૪) સૂર્ય અસ્ત પામતી વખતે–મગરબ, (૫) સૂર્ય અસ્ત પામવા પછી–ઇસા. "નમાજ" ભણતી વખતે દરેક મુસલમાન પોતાનું મહોડું મકકાના "કાબા" નામના મંદીરની તરફ ફેરવે છે. દરેક મસજીદની અંદર એ દીશા ચોકસ નીશાનીથી દેખાડવામાં આવે છે કે જેને "મેહેરાબ" કહે છે.

"વઝુ" અને "ગુસલ."

"કુરાને મજીદ" ના ૪ થા સુરાની ૪૬ મી આયતમાં ફરમાવ્યું છે. કે "**ઓ મોમનો જયારે તમે શરાબ પી મસ્ત થયા હો ત્યારે નમાજ કરશો નહીં; પણ જયાં સુધી તમો જે ભણો છો તે બરાબર સમજી શકો ત્યાં સુધી થોભો; અને રસ્તાની મુસાફરી સિવાય જયારે તમે અપવિત્ર થયા હો ત્યારે આખાં શરીરને ધોયા વગર નમાજ કરશો નહીં, પણ જો તમે બીમાર હો અથવા મુસાફરી કરતા હો અથવા તમે હાજતની જગ્યાએથી આવ્યા હો અથવા તમારી સ્ત્રીઓ સાથે સંસારનું સુખ ભોગવ્યું હોય અને તમને પાણી ન જડે તો ઝીણી સફાઇદાર રેતી લઇ અને તે વડે તમારાં મોઢાં અને હાથ સાફ કરો; કારણ કે પરમેશ્વર માયાળુ અને માફી બક્ષનાર છે.**" પાંચમાં સુરાની ૮ અને ૯ મી આયતોમાં ફરમાવ્યું છે કે "**ઓ મોમનો જયારે તમે નમાજ કરવાને તૈયાર થાઓ ત્યારે તમારા ચેહેરા અને તમારા હાથ કોણી સુધી ધોજો અને તમારાં માથા અને તમારા પગ (બહાર નીકળેલાં હાડકાં સુધી) ને સાફ કરજો અને જો સ્ત્રી સાથે સંસારનું સુખ ભોગવી અપવિત્ર થયા હો તો તમારા આખા શરીરને ધોજો; પણ જો તમે બીમાર હો અથવા મુસાફરી કરતા હો અથવા તમારામાંથી કોઇ હાજતની જગ્યાએથી આવ્યો હોય અથવા તમોએ સ્ત્રી સાથે સુખ ભોગવ્યું હોય અને તમને પાણી ન જડે તો ઝીણી સફાઈદાર રેતી લઈ અને તે વડે તમારાં મોઢાં અને હાથ સાફ કરો; પરમેશ્વર તમારાપર મુશકેલી નાખવા ઈચ્છતો નથી, પણ તે**

તમને પવિત્ર કરવા અને તમારાપર પોતાની નવાજેશો સંપુર્ણ કરવા ઇચ્છે છે કે તમો તેના શુકરાના અદા કરો."

કીબલા.

"કુરાને મજીદ" ના બીજા સુરાની ૧૦૯ મી આયતમાં ફરમાવ્યું છે કે "પુર્વ દીશા અને પશ્ચિમ દીશા એ સઘળી પરમેશ્વરની છે; તેટલા માટે જયાં જયાં તમો તમારૂં મહોડ ફેરવશો ત્યાં ત્યાં પરમેશ્વરનો ચહેરો છે. ખરેખર પરમેશ્વર મોટો અને જાણનાર છે." બીજા સુરાની ૧૭૨ મી આયતમાં ફરમાવ્યું છે કે "પુર્વ દીશા તરફ મહોડું કરવામાં અથવા પશ્ચિમ દીશા તરફ મહોડું કરવામાં કાંઇ (ગુણ ફાયદો અથવા) ખાસ નેકી નથી. પણ તે ખરો નેક માણસ છે કે જે પરમેશ્વર અને આખરી દીવસ અને ફિરેસ્તા અને દેવતાઈ કિતાબો અને પેગમ્બરોને માને છે. જે પરમેશ્વરના નામપર પોતાની પુંજીમાંથી પોતાના સગાઓ અને યતિમો અને લાચારો અને મુસાફરો અને મીસકીનોને અને ગુલામ છોડવવામાં આપે છે; જે નમાજ ભણે છે અને ઝકાત આપે છે અને જે કોલકરાર કરે છે તે વફાદારીથી સરનજામ પહોંચાડે છે, અને બીમારીમાં અને પડતી હાલતમાં અને દુઃખના વખતમાં સાબેર રહે છે; એજ લોક ખરા છે અને એના દીલમાં પરમેશ્વરની બીક છે." બીજા સુરાની ૧૩૯ મી આયતમાં ફરમાવ્યું છે કે "અમે જોયું છે કે તું આકાશના દરેક ભાગ તરફ નમાજ વખતે તારૂં મોહોડું ફેરવે છે, પણ અમે તને એવા "કીબલા" તરફ મહોડું ફેરવવા ફરમાવશું કે જે તને પસંદ પડશે. તેટલા માટે તું તારૂં મહોડું મકકાની પવિત્ર મસજીદ તરફ ફેરવ,

અને જયાં જયાંથી તમો હો ત્યાંથી એજ જગ્યા તરફ નમાજ કરતી વખતે તમારા મહોડાં ફેરવજો. જે લોક માટે આ કિતાબ ઉતરી છે તેઓ જાણે છે કે તેમના કિરતાર તરફની આ સચાઇ છે, પરમેશ્વર તમો જે કરો છો તે માટે બેદરકાર નથી."

નમાજ.

"કુરાને મજીદ" ના બીજા સુરાની ૪૦ મી આયતમાં ફરમાવ્યું છે કે "નમાજ કર અને ઝકાત આપ અને જે તને નમે તેની સાથે તું નમીને ચાલ." બીજા સુરાની ૨૩૯ અને ૨૪૦ મી આયતોમાં ફરમાવ્યું છે કે "તમો નેમેલી નમાજ કરો અને વચલી નમાજ કરો અને પરમેશ્વરની સામે એક ધ્યાનથી ઉભા રહો. અને જો તમને (જોખમ અથવા નુકસાનની) બીક હોય તો પગે ચાલતાં ચાલતાં અથવા ઘોડાની પીઠ ઉપર સવારી કરતાં કરતાં નમાજ કરો; પણ જ્યારે તમો સલામતી (ભરેલી જગ્યા) માં આવી પહોંચો, ત્યારે પરમેશ્વરે જે તમો જાણતા ન હતા તે તમને કેમ શીખવ્યું તે તમો યાદ રાખજો." ચોથા સુરાની ૪૦ મી આયતમાં ફરમાવ્યું છે કે "પરમેશ્વરની એબાદત કરો, અને તેની ભકિત કરતી વખતે બીજા કોઈનું નામ તેના પવિત્ર નામની સાથે સામેલ કરશો નહીં. માબાપ, સગાંવહાલાં, યતિમ, ગરીબ પાડોસી, મિત્રો અને ગુલામો સાથે નરમાસથી ચાલો (અને તેમને મદદ કરો.) ખરેખર પરમેશ્વર મગરૂર અને બડાઇખોરને ચાહતો નથી." ૧૭ માં સુરાની ૮૦ અને ૮૧ મી આયતોમાં ફરમાવ્યું છે કે "સુર્ય અસ્ત પામતી વખતે રાતના પહેલા પોહોરે અને પરોઢીઆંમાં બરાબર નમાજમાં મુસતકીમ

રહો, કારણ કે પરોઢીઆંની એબાદતની શહાદત પુરવામાં આવે છે; અને રાતના થોડો વખત એ ઉપરાંત નમાજ કર, એવું બને છે કે તેથી તને પરમેશ્વર માન ભરેલે ઠેકાણે પહોંચાડે." ૧૭ માં સુરાની ૧૧૧ મી આયતમાં ફરમાવ્યું છે કે "નમાજ મોટે સાદે ભણશો નહીં. તેમજ મુંગે મહોડે દીલમાં પણ ભણશો નહીં. પણ હલકે સાદે ભણશો." ૨૦ માં સુરાની ૧૩૦ મી આયતમાં ફરમાવ્યું છે કે "——અને પરમેશ્વરની બંદગી સૂર્ય ઉગવા પહેલાં અને સૂર્ય અસ્ત પામ્યા પેહેલાં અને રાતની વખતે અને દીવસના છેડાઓના વખતે કરો કે તે તમારાથી ખુશ થાય." ૨૦ મા સુરાની ૧૩૨ મી આયતમાં ફરમાવ્યું છે કે "તારા કુટુંબને એબાદત કરવાનું કહે અને તું પણ તેમાં મંડયો રહે." ૨૯ માં સુરાની ૪૪ મી આયતમાં ફરમાવ્યું છે કે જે "કુરાન" અમોએ તારી ઉપર મોકલ્યો છે તેને તું ભણ, અને નમાજ અદા કરવામાં તું કાયમ રહે. ખરેખર નીચ અને ઠપકાપાત્ર કામોથી ઈનસાનને નમાજ બચાવે છે; પરમેશ્વરને યાદ કરવું એ વગર શકે સર્વેથી વધુ ગંભીર ફરજ છે; અને તમો જે કરો છો તે પરમેશ્વર જાણે છે." ૩૦ માં સુરાની ૧૬ અને ૧૭ મી આયતોમાં ફરમાવ્યું છે કે "જ્યારે સાંજ પડે અને જ્યારે પરોઢીઆંમાં તમો ઉઠો ત્યારે પરમેશ્વરનાં વખાણ કરો (નમાજ પડો); અને જમીન અને આસમાનના સઘળાં વખાણ તેનેજ ઘટે છે. અને સૂર્ય અસ્ત પામતી વખતે અને બપોરના વખતે તેના વખાણ કરો (નમાજ પડો.)

પ્રકરણ ૧૨ મું.

૨. રોજા.

"ઇસલામ" ના કાનુનો પ્રમાણે દરેક મુસલમાને "રમજાન" મહિનામાં અપવાસ પાળવા જોઇએ. મુસલમાની બાર માસના નામ નીચે પ્રમાણે છેઃ-(૧) મોહરમ (૨) સફર (૩) રબી ઉલ અવલ (૪) રબી ઉલ આખર (૫) જમાદી ઉલ અવલ (૬) જમાદી ઉલ આખર (૭) રજબ (૮) શાબાન (૯) રમજાન (૧૦) શવાલ (૧૧) ઝીલકદ (૧૨) ઝીલહજ. એ બાર માસમાં પાંચ મહીના પવિત્ર ગણાય છે. જેમાંથી ચાર 'હરામ' કરીને કહેવાય છે, અને એક 'મુબારક' કહેવાય છે. 'મોહરમ ઉલ હરામ' 'રજબ ઉલ હરામ' 'ઝીલકદ ઉલ હરામ' અને 'ઝીલહજ ઉલ હરામ' અને 'રમજાન ઉલ મુબારક.' પહેલા ચાર મહિના 'હરામ' કહેવાય છે, કારણ કે ચાર મહિનાઓમાં લડાઇ, ફીસાદ, મારામારી કે ઝગડા કરવાની મનાઇ છે, અને પાંચમો મહિનો રમજાન 'મુબારક' કહેવાય છે કારણ કે એ મહિનામાં ઘણી ન્યામતો ઇનસાનપર વરસી છે. એ મહિનામાં લોકોની હીદાયત અને ફાયદા માટે "કુરાને મજીદ" નાજલ થયો. એ મહિનો મુસલમાન લોક પવિત્ર ગણે છે, એમાં અપવાસ પાળે છે, ખેરાતના કામોમાં મશગુલ થાય છે અને એબાદત પાછળ ખરાં અંતઃકરણથી મંડે છે, અને દુન્યાની રોકાણોપર બનતાં સુધી થોડું ધ્યાન આપી પોતાના પેદા કરનારની ખીદમતમાં મંડયા રહેવાની બનતી કોશેશ કરે છે. એવું કહેવામાં આવે છે કે એ મહિનામાં સ્વર્ગના દરવાજા ખુલા રહે છે અને દોજખના દરવાજા બંધ હોય છે; વળી એમ પણ કહેવાય છે કે, રોજા એ દીનનો દરવાજો" છે. "રમજાન" મહિનાની પહેલી તારીખથી તે જયાં સુધી તે મહિનો પૂરો થાય ત્યાં સુધી દરરોજ

સૂર્ય ઉગવાની પહેલાંથી તે સૂર્ય અસ્ત પામે ત્યાં સુધી દરેક મુસલમાન ખાવા, પીવા, સ્ત્રીઓ, નાહવા અને અતર ખુશબોથી દુર રહે છે. રોજા ત્રણ જાતના છેઃ—(૧) ખાવાપીવાથી દુર રહેવું, (૨) કાન, આંખ, જબાન, હાથ, પગ અને શરીરના બીજા અવયવોને કાબુમાં રાખવા, (૩) અને દુન્યાઇ જંજાળોથી પોતાનું દીલ દુર કરી પરમેશ્વર તરફ પોતાનું દીલ રજુ કરી તેની ખીદમત અને એબાદતમાં પોતાનો વખત ગાળવો.

મુસાફરો અને બીમાર લોક સિવાય દરેક મુસલમાનપર રમજાનના "રોજા" રાખવાની ફરજ નાખવામાં આવી છે. જે સ્ત્રીઓ પોતાનાં નાનાં બાળકને દુધ પાતી હોય અને જે સ્ત્રી બેજીવથી હોય અથવા નાનાં બચ્ચાં એ સઘળાં બીમાર માણસોમાં આવી જાય છે. પણ જેવી મુસાફરી પુરી થાય કે બીમારી જતી રહે કે તરતજ તે માણસે તેટલા દીવશ બીજા મહિનામાં અપવાસ પાળવા.

"શવાલ" મહીનાની પહેલી તારીખે "રમજાન ઇદ" નો તેહવાર પડે છે જેને "ઇદ ઉલફીત્ર" કહે છે. એક મહીનાના રોજા રાખવા પછી એ દીવસે ખાવાપીવાની છુટ મળવાથી કુદરતી રીતે એ દીવસ મોજમજા અને ખુશી ખુશાલીમાં ગુજારવામાં આવે છે. એ દીવસે લોકો સવારના ઉઠી નાહીધોઇ સફાઇદાર કપડાં પહેરી અતર ખુશબો લગાડી ઇદની નમાજ ભણવા જુમા મસજીદ અથવા ઇદગાહે જાય છે. નમાજ પુરી થવા પછી તરત જમાતનો ઉપરી જેને "ઇમામ" અથવા "પેશવા" કહે છે તે "મમબર" પર ચહડી એક ભાષણ આપે છે કે જેને "ખુતબા" કહે છે; જેમાં તે વખતના પાદશાહની સલામતી ઇચ્છવા ઉપરાંત પાપની માફી, બીમારોનું સાજા થવું વરસાદની સંપૂર્ણતા અને અનાજનો વધારો, આફતમાંથી બચવું અને કરજદારીથી મોહતાજ

ન થવું એવી દુવા માંગવામાં આવે છે. ત્યાર પછી સઘળા લોક એકબીજાને મુબારકબાદી આપે છે. એક બીજાનું ભલું ઇચ્છે છે અને એક બીજાને ભેટે છે. ત્યાર પછી પોતાને ઘેર જઇ અથવા પોતાનાં સગાંવહાલાંઓને ત્યાં ભાતભાતના ભોજન જમે છે અને બાકીનો દહાડો રમતગમતમાં ગુજારે છે.

"કુરાને મજીદ"ના ૨ જા સુરાની ૧૭૯ ૧૮૦, ૧૮૧ અને ૧૮૩ મી આયતોમાં ફરમાવ્યું છે કે "ઓ મોમનો જેમ તમારી આગળ આવી ગયેલા લોકોને રોજા રાખવા ફરમાવવામાં આવ્યું હતું તેમ તમને પણ રોજા રાખવાનું ફરમાવવામાં આવે છે કે તમો પરહેજગારી કરો. નેમેલા ચોકસ દીવસો વેર તમો અપવાસ પાળશો પણ તમારામાંથી કોઈ પણ બીમાર હોય અથવા મુસાફરી પર ગયો હોય તો તે તેટલાજ દહાડા બીજા મહીનામાં રોજા રાખશે અને જે લોક રાખી શકે અને ન રાખે તો તેઓ પોતાની ગફલતી માટે એક મીસકીનને ખાવાનું આપશે; પણ જે લોક પોતાની રાજી ખુશીથી મીસકીનો પર નવાજશે તો તેના ફળ તેઓ પોતે પામશે. પણ જો તમો રોજા રાખશો તો તમારે માટે વધુ સારૂં છે. "રમજાન" મહીનામાં તમો રોજા પાળશો કે જે મહીનામાં લોકોની હીદાયત માટે અને હીદાયતની દલીલો જાહેર થવા માટે અને હલાલ હરામમાં તફાવત જાણવા માટે "કુરાન" ઉતર્યો છે. તેટલા માટે જે લોક એ મહીનામાં હાજર હોય તેઓ એજ મહીનામાં રોજા પાળશે. પણ જે લોક બીમાર હોય અથવા મુસાફરીએ ગયા હોય તેઓ તેટલાજ બીજા દીવસ રોજા પાળશે; તમારે માટે જે સહેલું હોય તેનો પરમેશ્વર ઇરાદો રાખે છે,

અને જે તમારે માટે મુશ્કેલ હોય તેનો પરમેશ્વર ઇરાદો રાખતો નથી, કે તમો ગણતરીના દીવસ પુરા કરો અને તેની મોટાઇના વખાણ કરો કારણકે તેણે તમને હીદાયત કીધી છે કે તમો તેના શુકરાણા અદા કરો. અને "રોજાની રાતના તમારી સ્ત્રીઓ સાથે સુખ ભોગવવું તમારે માટે હલાલ છે. તેઓ તમારા માટે લીબાસ છે અને તમો તેમના માટે લીબાસ છો; પરમેશ્વર જાણે છે કે તમોએ એ બાબદમાં ભુલ ખાધી છે, તેથી તે તમારા તરફ ફરી તમને માફી બક્ષે છે. તેટલા માટે હવે તમો તમારી સ્ત્રીઓ પાસે જાઓ અને જે તમારે માટે તેણે સરજયું છે, તે શોધો (ઓલાદની તલબ કરો) "(૧૮૩) અને પરોઢીઆનાં ઉજાસથી કાળી દોરીને સફેદ દોરીથી પારખી શકો ત્યાં સુધી તમો ખાઓ અને પીઓ અને ત્યારથી તે રાત સુધી અપવાસ પાળો અને મસજીદોમાં જઇ એબાદતમાં રોકાશો. આ હદ પરમેશ્વરે તમારે માટે મુકરર કીધી છે અને તેની બહાર જવાનું કરશો નહીં. આવી રીતે પરમેશ્વરે પોતાની નીશાણીઓ માણસોની ઉપર જાહેર કીધી છે કે તેઓ તેના શુકરાણા અદા કરે."

પ્રકરણ ૧૩ મું.

---

૩. સખાવત.

લાચારોની હાજતો પૂરી પાડવી, તંગદસ્તોને મદદ કરવી, મુસાફરોની પરોણાગત કરવી, બીમારો માટે શફાખાના (Hospital) બાંધવા, ધર્મશાળાઓ ચણાવવી, કુવા ખોદાવવા, અને મીસકીનોને

ખાવાનું અને કપડાં આપવાં અને એવાંજ બીજાં સખાવતનાં કામોમાં પોતાની પૂંજીનો ચોકસ ભાગ ખરચવાની "ઇસલામે" ખાસ ભલામણ કીધી છે. આરબોની પરોણાગત જગત પ્રસિદ્ધ છે. પોતાના ઘરમાં ઉમદામાં ઉમદા ચીજ હશે તે પોતાના પરોણાની સારવાર માટે હાજર કરવામાં કદી એક આરબ સેજ પણ આનાકાની કરશે નહીં. સખાવત બે જાતની હોય છે:—

(૧) ઝકાત (૨) સદકાત.

એમાંની પહેલી ફરજ્યાત કહેવાય છે. કારણકે દરેક ચુસ્ત મુસલમાનની ફરજ છે કે પોતાની પૂંજીનો ચોકસ ભાગ દર વરસે સખાવતના કામમાં આપવો; ઘણું કરીને સેંકડે ૨॥ ટકા આપવાનો રીવાજ છે, જો કે કેટલીક ચીજોમાં વધતું ઓછું પણ આપવા લેવામાં આવે છે. "ઝકાત" આપવાની ભલામણ "કુરાને મજીદ"માં વારંવાર કીધી છે. એ પ્રમાણે ઝકાત હજરત "મહમદ"ની હૈયાતીમાં વસુલ કરવામાં આવતી હતી; જેને શફાખાના બાંધવામાં, કુવાઓ ખણાવવામાં, ધર્મશાળાઓ બાંધવામાં, ગરીબોને મદદ કરવામાં, અને એવા બીજા સખાવતના કામમાં ખરચવામાં આવતી હતી. સખાવત લોકોને દેખાડવા અથવા પોતાની વાખવાખી ગવડાવવા માટે કરવી નહીં પણ એવી રીતે સખાવત કરવી કે તમારો ડાબો હાથ જાણે નહીં કે તમારો જમણો હાથ શું કરે છે; એ ઉપરાંત જે કાંઇ તમો તમારી રાજી ખુશીથી સખાવતના કામમાં તમો ખરચો તેને "સદકાત" કહે છે.

"કુરાને મજીદ"ના ૨ જા સુરાની ૪૦ મી આયતમાં ફરમાવ્યું છે કે **"નમાજ કર અને ઝકાત આપ અને જે તને નમે તેની સાથે તું નમીને ચાલ."** ૨ જા સુરાની ૨૧૭ મી આયતમાં ફરમાવ્યું છે કે **"લોકો તને પુછશે કે ઝકાત" માં કેટલું ખરચવું ? તેમને કહે કે જેટલું તમો ખરચી શકો**

તેટલું" ૨ જા સુરાની ૨૨૫ મી આયતમાં ફરમાવયું છે કે "ઓ મોમનો તે દહાડે કે જ્યારે વેપાર અથવા દોસતી અથવા સીફારસ ચાલશે નહીં, તે દહાડો આવી પહોંચે તે પહેલાં જે અમોએ તમને આપ્યું છે તેમાંથી ખરચ કરો (ઝકાત આપો)..." ૨ જા સુરાની ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૬, ૨૬૭, ૨૬૯, ૨૭૦, ૨૭૨, અને ૨૭૫, મી આયત માં ફરમાવ્યું છે કે, "જે લોક પરમેશ્વરની રસ્તામા પોતાની પુંજી ખરચે છે તેની મીસાલ એક અનાજના દાણા જેવી છે કે જેમાંથી સાત અનાજના દુંઠા ઉગે છે અને દરેક દુંઠામાં સો અનાજના દાણા હોય છે. કારણ કે પરમેશ્વર જેને ચાહે તેને બમણું કરી આપે કારણકે પરમેશ્વર ઉદાર અને જાણનાર છે." (૨૬૪) "જે લોક પરમેશ્વરના રસતામાં પોતાની પુંજી ખરચે છે અને જેને તેઓ ખેરાત આપે છે તેને ધમકાવતા નથી અને ઇજા પહોંચાડતા નથી તેનો બદલો તેમના પરમેશ્વર સાથે છે. તેઓ પર ધાસ્તી આવશે નહીં, અને તેઓ ગમગીન થશે નહીં." (૨૬૫) "ધમકાવીને ખેરાત આપવા કરતાં નરમાસથી બોલી ના પાડવું એ વધારે સારૂં છે અને પરમેશ્વર ગની (પઇસાવાલો) અને દયાળુ છે." (૨૬૬) "ઓ મોમનો જે લોક બાહેરના દેખાવ માટે લોકોની સામે ખેરાત કરે છે અને પરમેશ્વર અને આકેબતના દહાડાને માનતા નથી તેમની માફક તમારા ખેરાત ધમકી આપી અને તાણા મારી રદ બાતલ ના કરો. તેમની મીસાલ એક માટીથી ઢાંકેલા પથરની છે; તેપર ભારે વરસાદ પડે છે, અને તે પથર છે એમ જણાઇ આવે છે. તેઓએ જે કમાણી કીધી છે, તેમાંથી તેમને

કાંઇ ફાયદો થનાર નથી; કારણ કે પરમેશ્વર કાફરોની કોમને (હીદાયતનો) રસ્તો દેખાડતો નથી." (૨૬૭) અને જે લોક પરમેશ્વરને રાજી રાખવાની ઇચ્છાથી અને પોતાના આત્માના ભલાંને અર્થે ખેરાત કરે છે તેમની મીસાલ એક ઉંચી ટેકરી પરના બગીચાની છે; જયાં ભારે વરસાદ પડે છે, અને ફળફળાદી બમણી ઉગી નીકળે છે; અને જો વરસાદ પડતો નથી તો રાતની ઝાકળ (શબનુમ) પડે છે અને તે પુરતી છે, અને પરમેશ્વર જે તમો કરો છો તે જુએ છે." (૨૬૯ અને ૨૭૦) "ઓ મોમનો તમો જે કમાણી કરો તેમાંથી સારી ચીજો અને તમારે માટે જમીનમાંથી ઉગે છે તે ચીજો ખેરાતમાં આપો અને ખેરાતમાં આપવા માટે ખરાબ (ખબીસ) ચીજો પસંદ કરશો નહીં કે જે ચીજો તમો પોતે પણ આંખ બીચામણી કર્યા વગર લો નહીં અને જાણો કે પરમેશ્વર ગની છે અને તારીફને લાયક છે" (૨૭૨) "જે જે ખેરાત તમો આપો છો અથવા જે જે માનત તમો માનો છો તે ખરેખર પરમેશ્વર જાણે છે; પણ જુલમ કરનારનો કોઈ મદદગાર નથી. જો તમો ખેરાત જાહેરમાં આપશો તો ઠીક છે; પણ જો તમો છુપાવી ફકીરોને આપશો તો તે તમારે માટે વધુ સારૂં છે; અને પરમેશ્વર તમારાં પાપ તમારાથી દુર કરશે અને જે તમો કરો છો તેથી પરમેશ્વર સારી રીતે ખબરદાર છે." (૨૭૫) "જે લોક પોતાની પુંજી રાત્રે અને દીવસે, જાહેરમાં અને છુપી રીતે, ખેરાતમાં ખરચે છે તેનો બદલો તેઓ પોતાના કીરતાર પાસેથી લેશે; તેઓ પર કોઇબી પ્રકારની ધાસતી આવશે નહીં અને તેઓ

ગમગીન થશે નહીં." ૪ થા સુરાની ૪૨ અને ૪૩ મી આયતોમાં ફરમાવ્યું છે કે "અને જે લોક બાહેરના દેખાવ માટે લોકોની સામે ખેરાત આપે છે અને પરમેશ્વરને અને આકેબતના દહાડાને માનતા નથી અને જેમનો સાથી શેતાન છે તેમને પરમેશ્વર ચાહતો નથી. શેતાન એક ખરાબ સાથી છે." (૪૩) "જો તેઓ પરમેશ્વરને અને આકેબતના દહાડાને માને, અને જે પરમેશ્વરે તેમને આપ્યું છે તેમાંથી ખેરાત કરે, તો તેમને શું હાણી થવાની છે? પરમેશ્વર તેમના વિશે જાણે છે." ૯ મા સુરાની ૬૦ મી આયતમાં ફરમાવ્યું છે કે "ખેરાત ફકીરો અને મીસકીનો અને જે લોક ખેરાત એકઠી કરે છે અને વહેંચી આપે છે તેને અને જેમના દીલમાં ઉલફત છે (નવા મુસલમાન) તેને અને ગુલામોને છુટાપણું ખરીદવા, અને નાદાર કરજદારોના કરજ ફીટાડવા, અને પરમેશ્વરના ધર્મના વધારા, અને મુસાફરો માટે છે. આ પરમેશ્વર તરફની ફરજ છે અને પરમેશ્વર જાણનાર અને હિકમતવાળો છે."

પ્રકરણ ૧૪ મું.

૪. હજ્જ.

મક્કા શહેરમાં "કાબા" નામની મસજીદ છે જેની મુલાકાત જીંદગીમાં એક વાર હેરવેલે વખતે લેવાની દરેક મુસલમાનને "ઇસલામ" ભલામણ કરે છે; એ મુલાકાતને "હજ્જ" ના નામથી ઓળખવામાં આવે છે. હજ્જ બે નામથી ઓળખાય છે. (૧) હજ્જ (૨) મોટી હજ્જ. "ઝીલ હજ્જ" મહીનાની ૯ મી તારીખ

જો શુક્રવારે પડે તો તે હજ્જને "મોટી હજ્જ" કહે છે. જ્યારે એ તારીખ શુક્રવાર સિવાય બીજા કોઇ દીવસે પડે છે, તો તેને માત્ર સાધારણ "હજ્જ" ના નામથી ઓળખવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે "હજ્જ" કરવાથી આપણા સઘળા ગુનાહ અને પાપ પરમેશ્વરની દરબારમાં માફ થાય છે. આ ફરજ અદા કરવા લાખો જાત્રાળુ દર વરસ દુન્યાના જુદા જુદા ભાગોમાંથી મક્કા શહેરમાં એકઠા થાય છે. જ્યારે જાત્રાળુ મક્કા શહેરથી પાંચથી છ માઇલને છેટે આવી પહોંચે છે, કે જે જગ્યાને "મીકાત" ના નામથી જાણવામાં આવે છે ત્યારે તે હજામને બોલાવી, વાળ કહડાવી, નખ ઉતરાવી, હમામ કરી, (નાહી) હજ્જ માટેનું ખાસ લીબાસ કે જેને "અહરમ" કહે છે તે પેહેરે છે. સ્ત્રીઓ પોતાના વાળના છેડાપરના ચાર પાંચ આંગળી જેટલા વાળ કાતરી હમામ કરી "એહરમ" નું ખાસ લીબાસ પહેરી મક્કા તરફ રવાના થાય છે. મક્કા શેહરમાં આવી પહોંચ્યા પછી તરત જાત્રાળુ "વજુ" કરી "બૈત ઉલ શરીફ" એટલે "પવિત્ર ઘર" ની મુલાકાત લેછે અને તે વખતે ભણવા માટે ખાસ તૈયાર કરેલી દુઆઓ તે ભણે છે; "કાબા" ની મસજીદની અંદર એક કાળો પથર છે કે જેને "હજરત ઉલ અસવદ" કહે છે તેનું ચુમન કરી તે ઇમારતની આસપાસ સાત આંટા ફરે છે કે જેને "તવાફ" કહેછે. પેહલા ત્રણ આંટા ઝડપથી અને છેલ્લા ચાર ફેરા જરા ધીમેથી ફરવામાં આવે છે. ત્યાર પછી તે "મુકામે ઇબ્રાહીમ" નામની જગ્યાએ જઇ બે "રીકાત" નમાજ ભણી, પાછો આવી "હજરત ઉલ અસવદ" નું ચુમન કરી "સાફા" નામની ટેકરીપર જાય છે, જ્યાં પરમેશ્વર મોટો છે એમ કહી પોતાના ગુનાહ અને પાપની માફી ચાહે છે. ત્યાર પછી "મરવા" અને "સાફા" ની ટેકડીઓ વચ્ચે સાત ફેરા દોડતો દોડતો કરે છે.

ત્યાંથી અત્રે નેમેલી દુઆઓ ભણી સઘળા જાત્રાળુ "ઝીલ હજ્જ" મહીનાની તા૦ ૮ મીએ "મીના" નામની જગ્યાએ એકઠા થાય છે.

અહીં તેઓ આખો દીવસ અને આખી રાત એબાદત અને નમાજ ભણવામાં ગુજારે છે. બીજે દીવસે સવારના એટલે તા૦ ૯ મીએ સઘળા "અરાફત" નામની ટેકરીપર આવી પરોઢીઆની નીમાજ કર્યા પછી "ઇમામ" ની પછવાડે હજ્જની બે રીકાત નમાજ ભણે છે, અને તે ઇમામ પછી એક ભાપણ આપે છે કે જેને "ખુતબો" કહે છે જે લગભગ ત્રણ કલાક સુધી ચાલે છે. ખુતબો પુરો થયા પછી જાત્રાળુઓ સૂર્ય અસ્ત પામવા સુધી ત્યાંજ રહે છે. સાંજ પડતાંજ તેઓ "મુજ-દલીફા" નામની જગ્યા તરફ રવાના થાય છે. જયાં તેઓ તેસઠ નાના નાના કંકર એકઠા કરે છે, અને આખી રાત ત્યાંજ ગુજારે છે. બીજે દીવસે સવારના એટલે "ઝીલહજ" મહિનાની ૧૦ મી તારીખે તેઓ પાછા "મીના" તરફ ફરે છે અને સાથે લાવેલા તેસઠ કંકરપર કાંઇ ભણી ત્રણ જુદા જુદા થાભલા છે તે તરફ ફેંકે છે. આ ક્રિયાને "રમી ઉલ જમાર" કરીને કહે છે. પથર ફેંકવાનું પૂરૂં થયું કે "કુરબાની" નું કામ શરૂ થાય છે અને હજારો પ્રાણીઓને ધર્મને નામે રેંહેંશી નાખવામાં આવે છે. ત્યાર પછી પાછો "મરવા" અને "સાફાની" વચ્ચે સાત ફેરા દોડીને મારે છે," અને "બેત ઉલ શરીફ"ના તવાફ પણ પાછા કરે છે. ત્યાર પછી જાત્રાળુ હજામત કરાવી નખ ઉતારી હમામ કરી "એહરમ" નામનું લીબાસ પડતું મૂકે છે. આવી રીતે જાત્રાળુની સેંકડો માઇલની મુસાફરીનો, હજારો મેહેનતોનો અને લાખો પીડાઓ વેઠવાનો બદલો મળી રહે છે, અને આ પવિત્ર કામથી સંતોષ પામી પોતાના દેશ તરફ રવાના થાય છે. વળી કેટલાક ત્યાંથી મદીના શહેરમાં હજરત "મહમદ" ની કબર પર ફાતેહા ભણવા

જાય છે. "હજ્જ" કરતી વખતે શિકાર કરવાની મનાઇ છે પણ દર્યામાંથી માછલી મારી ખાવાની મનાઇ નથી. "કાબા" ની પૂર્વ દીશાએ "ઝમઝમ" નામનો કુવો આવેલો છે જેનું પાણી ઘણું પવિત્ર ગણાય છે, જયાં દરેક જાત્રાળુ જાય છે અને શીશીઓ ભરી ત્યાંનું પાણી પોતા સાથે લઇ આવે છે અને પોતાનાં સગાં વહાલાંઓ અને મિત્રોમાં ભેટ તરીકે વહેંચી આપે છે.

"કુરાને મજીદ" ના ૨ જા સુરાની ૧૯૨–૧૯૩–૧૯૪–૧૯૫–૧૯૬–૧૯૭–૧૯૮ અને ૧૯૯ મી આયતોમાં ફરમાવ્યું છે કે **"પરમેશ્વરના માનમાં પવિત્ર જગ્યાઓની મુલાકાત લો અને હજ કરો અને જો દુશ્મનોએ તમને ઘેરી લીધા હોય તો જે સહેલામાં સહેલી કુરબાની તમો આપી શકો તે મોકલજો અને જયાં સુધી તમારી કુરબાની કુરબાની કરવાની જગ્યાએ પહોંચે નહીં ત્યાં સુધી તમારા માથાં બોડાવશો નહીં; પણ તમારામાંથી કોઇ બીમાર હોય અથવા તેના માથામાં કાંઈ દરદ હોય તો માથું બોડાવવાને બદલે તેણે રોજા રાખવા અથવા ખેરાત (સદકો) આપવી અથવા કુરબાની કરવી. જયારે તમો દુશ્મનોથી ફારેગ હો, અથવા સહી સલામત હો અને મકકાની પવિત્ર મસજીદની મુલાકાતે હજ કરવા આવ્યા હો ત્યારે જે તમને મયસર થઇ શકે તે કુરબાની માટે લઈ આવો, પણ જો કાંઇ પણ મયસર ન થાય તો 'હજ' માં ત્રણ દીવસ સુધી રોજા કરશો અને 'હજ' કરી પાછા ફરો ત્યારે સાત દીવસ સુધી રોજા રાખશો. આવી રીતે દશ દહાડા પુરા કરશો. આ તેને માટે છે કે જેનું કુટુંબ મકાની પવિત્ર મસજીદમાં હાજર ન હોય અને પરમેશ્વરથી બીઓ અને જાણો કે પરમેશ્વર સજા કરવામાં ઘણો**

સખ્ત છે." (૧૯૩) "જાણીતા મહિનાઓમાં 'હજ' કરો અને જે કોઈ 'હજ' કરવાનું માથે લે છે તેણે 'હજ' કરતી વખતે પાપ કરવાં નહીં અને કજીયા કરવા નહીં. જે સારાં કામો તમો કરોછો તે પરમેશ્વર જાણે છે અને તમારી મુસાફરી માટે શામેલગીરી તઇયાર કરો, પણ સર્વેથી શ્રેષ્ટ સામાન એ નેકી છે અને ઓ સમજુ માણસો, મારાથી (પરમેશ્વરથી) બીઓ." (૧૯૪) 'હજ' દરમ્યાન (વેપાર કરી) પરમેશ્વર પાસેથી તમારી પુંજીમાં વધારો થવાનું શોધો એમાં કાંઇ ખોટું નથી અને જયારે તમો સઘળા 'અરાફત'ની ટેકરી પરથી નીકળો અને 'મશઅર ઉલ હરામ' નામની જગ્યાએ આવી પહોંચો ત્યારે પરમેશ્વરને યાદ કરજો; તેને યાદ કરજો કે જેણે તમને હીદાયત કીધી છે કે જો કે આગળ તમો ખોટે માર્ગે ચાલનારા હતા." (૧૯૫) "તેટલા માટે તમો જયાંથી સઘળા સાથે નીકળો છો ત્યાંથી સઘળાની સાથે નીકળો અને પરમેશ્વર પાસેથી માફી માંગો કારણ કે પરમેશ્વર માફી બક્ષનાર અને માયાળુ છે." (૧૯૬) "અને જયારે તમો 'હજ'ની સઘળી ક્રિયાઓ પુરી કરો ત્યારે જેમ તમો તમારા બાપને યાદ કરો છો તેમ અથવા તેથી વધુ માનથી પરમેશ્વરને યાદ કરો. કેટલાક લોક એમ કહે છે કે ઓ પરમેશ્વર, અમને આ દુન્યાની ભલી ચીજો આપ, પણ એવા લોકોને આકેબતમાં કાંઇ મળશે નહી." (૧૯૭) "વળી બીજા કેટલાક લોક કહે છે કે ઓ પરમેશ્વર, અમને આ દુન્યાની સારી ચીજો અને આકેબતની ભલી ચીજો આપ અને અમને દોજખની આગના દુ:ખમાંથી છોડવ." (૧૯૮) "એ લોકોએ જે નેકી કીધી

realpatidar.com

હજરત મહુમદ.

બીબી ફાતમા. × અલી. (૧)

(૨) હુસન.

(૩) હુશેન.
(૪) જેનુલ આબદીન.
(૫) મહુમદ બાકર.
(૬) જાફર સાદક.

મીસર અને વાહીઆઓના ઈસમાઈલી ઈમામો.

(૭) ઇસમાઇલ.
(૮) મહુમદ.
(૯) અબદલા.
(૧૦) આહમદ.
(૧૧) હુસેન.
(૧૨) અબદુલા ઉલ માહાદી. (મીશરના પહેલા બની ફાતમાં ખલીફ.)
(૧૩) કાયમ બે અમર અલાહ.
(૧૪) મનસુર બીલાહ.
(૧૫) મોઈઝ ઉદ દીન બીલાહ.
(૧૬) અઝીઝ બીલાહ.
(૧૭) હાકેમ બીલાહ.
(૧૮) જાહીર ઉદ દીન બીલાહ.
(૧૯) મુસતન સર બીલાહ.

અસનાઅશરી શીઆના બાર ઈમામ.

(૭) મુસા કાઝમ.
(૮) અલી રઝા.
(૯) મહુમદ તકી.
(૧૦) અલી નકી.
(૧૧) હુસન અસગરી.
(૧૨) મહુમદ ઉલ મોહદી.

ઈસમાઈલી આલમુતોના ઈમામ.

(૨૦) નીઝાર.
(૨૧) મહુમદ.
(૨૨) હુસન જકરીયા સલામ.
(૨૩) અલાઉદીન મહુમદ.
(૨૪) જલાલુદીન હુસન.
(૨૫) આલા મહુમદશાહ.
(૨૬) રૂકનુદીન ખુરશાહ.
(૨૭) શમ્સદીન મહુમદ.
(૨૮) કાશમશાહ.
(૨૯) એસલામશાહ.
(૩૦) મહુમદ બીન એસલામશાહ.
(૩૧) મુસતન સર અલીશાહ.
(૩૨) અબ્દ સલામશાહ.
(૩૩) ગરીબ મીરજાં.
(૩૪) બુદરઅલી.
(૩૫) મુરાદ મીરજાં.
(૩૬) ઝુલફીકારઅલી.
(૩૭) નુરદીનઅલી.
(૩૮) ખલીલીલાહુઅલી.
(૩૯) નીજારઅલી.
(૪૦) સઇયદઅલી.
(૪૧) હુસનઅલી,
(૪૨) કાશમઅલી.
(૪૩) જાફરશાહ.
(૪૪) અબલહુશનઅલી.
(૪૫) ખલીલીલાહુઅલી
(૪૬) શાહ હુશનઅલી આગાખાન.
(૪૭) અલીશાહ.
(૪૮) સર સુલતાન મહમદશાહ. જી. સી. આઈ. ઈ. (હૈયાત.)

વાહીઆઓના ઈમામ.

(૨૦) મુસ્તેઅલી.
(૨૧) આમીર.

મહુમદ.
હાફીઝ.
જાફીર.
ફૈજ.
અદીદ.

છે તેમાંથી તેમનો હિસ્સો મળશે, કારણ કે પરમેશ્વર હીસાબ લેવામાં ચપળ છે." (૧૯૯) "ચોકસ (ત્રણ) દીવસો સુધી પરમેશ્વરને યાદ કરો (હજની ક્રિયાઓ કરો) પણ કોઇ બે દહાડામાં જતો રહેશે તો તેમાં કાંઈ ખોટું નથી; અને જો કોઈ લાંબો વખત સુધી થોભશે અને પરમેશ્વરની બીક રાખશે તો તેમાં પણ કાંઇ ખોટું નથી, તેટલા માટે પરમેશ્વરથી બીઓ અને જાણો કે તમો સઘળા તેની હજુર એકઠા થશો." ૩ જા સુરાની ૯૦ અને ૯૧ માં આયતોમાં ફરમાવ્યું છે કે "ખરેખર લોકોની બરકત માટે અને હીદાયત માટે મુકરર કરેલું ઘર, તે મકકામાં છે, અહીં જાહેર નીશાનીઓ છે. અને ઇબ્રાહીમનું સ્થળ (મુકામ) છે. અને જે એની અંદર દાખલ થાય છે તે સહી સલામત છે. આ ઘરનો "હજ" કરવી એ જે લોક મુસાફરી કરવાને લાયક હોય તેઓપર પરમેશ્વર તરફની એક વાજબી ફરજ છે: પણ જો કોઈ કાફર રહે છે (ઇમાન લાવતો નથી) તો ખરેખર પરમેશ્વર દુન્યાઓથી બેપરવા છે." ૫ માં સુરાની ૯૬ અને ૯૭ મી આયતોમાં ફરમાવ્યું છે કે "ઓ મોમનો, "હજ" કરતી વખતે શિકાર કરશો નહીં. જે કોઇ જાણીજોઇને કોઈ જાનવરનો શિકાર કરશે તે તમારામાંથી બે સારા અને ઇનસાફી માણસના ચુકાદા પ્રમાણે તેટલીજ કીંમતનું પાળેલું જાનવર કુરબાની માટે "કાબા" માં લઇ આવશે, અથવા મીસકીનોને ખાણું ખવાડશે અથવા રોજા રાખશે, કે પોતાના કામના માઠાં પરીણામ તે ચાખે. જે કાંઇ અત્યાર અગાઉ થઇ ચુકયું હોય તે પરમેશ્વર માફ કરે

છે; પણ જે કોઇ ફરીથી કરશે તેની પાસેથી પરમેશ્વર બદલો લેશે; કારણ કે પરમેશ્વર બળવાન છે, અને બદલો લેવાની શકિત ધરાવે છે." (૯૭) "તમારા માટે અને જે મુસાફરી કરતા હોય તેના ખોરાક માટે દર્યામાંથી માછલી પકડવા અને ખાવાની તમને મનાઇ નથી, પણ જયારે હજ કરતા હો ત્યારે જમીનપર શિકાર કરવાની તમને મનાઇ છે. પરમેશ્વરથી બીઓ કે જેની સામે એક દહાડે તમો સઘળા એકઠા થશો." ૨૨ મા સુરાની ૨૮–૨૯–અને ૩૦ આયતોમાં ફરમાવ્યું છે કે "અને તું લોકોને "હજ" કરવાનું ફરમાવ. તમને પગે ચાલીને દુબલા ઉંટ ઉપર બેસીને દુર દુરના ભાગોથી આવવા દે કે "હજ" કરવાથી શું શું ફાયદા તમને થાય છે તે તેઓ જુએ, અને નેમેલે દીવસોએ પરમેશ્વરે જે જાનવરો તમને આપ્યાં છે, તેને માટે તેનો ઉપકાર માની, તેને યાદ કરો, અને તેમાંથી તમો ખાઓ અને લાચારે અને ફકીરોને ખવાડો. ત્યાર પછી તમને તેમના શરીરની બેદરકારી દુર કરવા દો. (નહાવું., બાલ ઉતારવા, નખ કહાડવા વગેરે વગેરે...) અને તેઓએ લીધેલા સોગંદ પુરા કરવા અને "કાબા" ની મસજીદની આસપાસ તવાફ (આંટા) ફરવા દો." ૨૨ માં સુરાની ૩૮ મી આયતમાં ફરમાવ્યું છે કે "કોઇબી રીતે તેમનું (કુરબાની કરેલા જનાવરનું) માંસ અથવા તેમનું લોહી પરમેશ્વરને પહોંચશે નહીં, પણ તમારા દીલની નેકી તેને પહોંચે છે."

પ્રકરણ ૧૫ મું.

ધર્મનું છુટાપણું.

ઘણા લોકો એમ માને છે કે, જે લોકોએ મુસલમાની ધર્મ કબુલ્યો નથી તેઓ સઘળા નરકમાં જશે, અને દોજખની આગમાં બળશે, એમ 'ઇસલામ' શીખવે છે. ગમે તેવો ભલો માણસ હોય પણ જો તે 'ઇસલામ'ને પોતાના ધર્મ તરીકે કબુલ ન રાખે તો તે કદી સ્વર્ગમાં જઇ શકે નહીં. પરકોમના લોકોને જોરજબરીથી મુસલમાન બનાવવા જો તેઓ પોતાનો બાપીકો ધરમ ન તજે તો તેમને દરેક રીતે પજવવા, એમ 'ઇસલામ' પોતાના સેવકોને ફરમાવે છે એમ માનવામાં આવ્યું છે.

હવે મુસલમાની ધર્મના કાનુનો સંપુરણ રીતે તપાસી જોતાં માલમ પડે છે કે, આ "ઇસલામ"ની એક હડહડતી બદનક્ષી છે. "ઇસલામ" આવા જનુની અને સાંકડાં ફરમાનો શીખવતોજ નથી, પણ પરકોમના લોકની સાથે સભ્યતાથી વર્તી તેમને ધર્મનું છુટાપણું આપવા, તેમને આપેલા વચનો પાળવા, અને તેમની સાથે હક ઇનસાફથી ચાલવા, "ઇસલામે" વારંવાર તાકીદ કીધી છે. દીલગીરીની વાત તો એ છે કે ઘણા મુસલમાનો પણ ઉપલી વાતને ટેકો આપે છે, જેથી એ જુઠાણાને મજબુતી મળી છે. "કુરાને મજીદ"ના નીચલા ફકરા જરા બારીકીથી વાંચવાથી સઘળા લોકોની খાત્રી થશે કે "ઇસલામ" એક જનુની અને સાંકડા વિચારનો ધર્મ નથી.

"કુરાને મજીદ"ના બીજા સુરાની ૫૯ મી આયતમાં ફરમાવ્યું છે કે "**ખરેખર જે લોક ઈમાન લાવ્યા છે, (મુસલમાન થયા છે,) અને જે લોક યાહુદી ધર્મ પાળે છે, અને**

નસારા અને સેબીયન લોક જે કોઇ પરમેશ્વર અને આખેરી દહાડાને માને છે, અને જે ખરૂં છે તે કરે છે તેનો બદલો પરમેશ્વર પાસેથી મળશે; તેમનાપર ખોફ આવશે નહીં અને તેઓ ગમગીન થશે નહીં." બીજા સુરાની ૨૫૭ મી આયતમાં ફરમાવ્યું છે કે, "ધર્મની અંદર જબરદસ્તી નથી. ખરેખર ખરો રસ્તો ખોટા રસ્તાથી જાહેર કરવામાં આવ્યો છે અને જે લોક પથરની સુર્તી છોડી પરમેશ્વરપર ઇમાન લાવશે તેઓને હાથ એક મજબુત કડો લાગ્યો છે, અને તે કદી તુટનાર નથી, અને પરમેશ્વર સાંભળનાર અને જાણનાર છે." ૫ માં સુરાની ૭૩ મી આયતમાં ફરમાવ્યું છે કે, "ખરેખર જે લોક ઇમાન લાવ્યા છે (મુસલમાન થયા છે) અને યાહુદી લોક અને સેબીયનો (સીતારાપરસત) અને નસારા લોક જેઓ પરમેશ્વર અને આકેબતના દહાડાને માને છે અને ભલાં કામ કરે છે તેઓપર ખોફ આવશે નહીં અને તેઓ ગમગીન થશે નહી" ૬ ઠા સુરાની ૧૦૮ મી આયતમાં ફરમાવ્યું છે કે, "જે પરમેશ્વર શિવાય પથરની મુર્તિની મદદ માંગે છે તેમને વિષે બુરૂં બોલશો નહીં કે તેઓ પોતાના અજ્ઞાનપણામાં પરમેશ્વર વિષે વધુ બુરૂં બોલે." ૨૨ માં સુરાની ૧૭ મી આયતમાં ફરમાવ્યું છે કે, "ખરેખર જે લોક ઈમાન લાવ્યા છે (મુસલમાન) અને યાહુદી લોક અને સેબીયનો (સીતારા પુજક) અને નસારા અને મજુસ લોક (પારસીઓ) અને મુરતી પુજકો ખરેખર પરમેશ્વર કયામતને દહાડે તેમની વચ્ચે ફેસલો કરશે: ખરેખર પરમેશ્વર સર્વ ચીજપર હાજર છે." ૩૩ માં સુરાની ૪૭ મી આયતમાં ફરમાવ્યું છે કે "તું કાફરો અને

મુનાફેકોનું કહયું માનતો નહીં. પણ તેમને ઇજા કરવાથી દુર રેહજે અને પરમેશ્વરપર તું ભરોસો રાખ કારણ કે પરમેશ્વર પુરતો વાલી (વકીલ) છે. ” ૬૦ માં સુરાની ૮ મી આયતમાં ફરમાવ્યું છે કે **“જે લોકોએ તમારા ધર્મ માટે તમારી સાથે લડાઈ કીધી ન હોય અને જેઓએ તમને તમારાં ઘરોમાંથી હાંકી કહાડયા ન હોય તેમની સાથે ઈનસાફ અને એહસાનથી વરતવાને પરમેશ્વર તમને મના કરતો નથી; ખરેખર પરમેશ્વર ઇનસાફથી ચાલનારાને ચાહે છે.”**

પ્રકરણ ૧૬ મું.

ખલીફા અબુબકર.

પેંગમ્બરની વફાત પછી તેમનો સ્થાપેલો ધર્મ અને રાજય ચલાવનારા તે ખલીફા કહેવાયા. હજરત “મહમદ” આ ફાની દુન્યામાંથી કુચ કરી જવાની ખબર જેવી બહાર પડી કે હજરાત અબુબકર, ઉમર, અલી અને બીજા કેટલાક અસહાબો તેમના મકાનપર એકઠા થયા, અને તેમને ગુસલ આપવાની તૈયારીમાં હતા એટલામાં કોઇ એક માણસે આવી હજરત ઉમરને ખબર આપી કે હજારો માણસ મસજીદમાં એકઠાં થયાં છે અને “અબુ ઓબેદા” નામના શખ્સને ખલીફા મુકરર કરવાની તૈયારીમાં છે. આ ખબર હજરત ઉમરે તરતજ હજરત અબુબકરને કહી, જેથી હજરત “મહમદ”ની લાશને હજરત અલીના કબજામાં મુકી તેઓ સઘળા મસજીદ તરફ રવાના થયા. ત્યાં ઘણો શોર મચી રહ્યો હતો અને પેગમ્બર પછી ખલીફા કોણને નેમવા એ વિશે ભારે વાદ-

વિવાદ ચાલુ હતો. હજરાત અબુબકર અને ઉમરના આવી પહોંચ-વાથી કાંઇ મામલો સુધર્યો નહીં, અને તકરાર ભારે જોશમાં વધી પડી. હજરત ઉમરે જોયું કે આવી રીતે વાદવિવાદ ચાલુ રહેશે તો તેનો અંત આવશે નહીં, અને તેના પરીણામ માઠાં નીવડશે, જેથી ઉપલી તકરારનો નીવેડો આણવા માટે તેણે હજરત અબુબ-કરને કહ્યું કે તમારો હાથ મને આપો અને તેના હાથ ઉપર બોસો આપી કહ્યું કે તમે અમારા ખલીફ છો, અને તમારી તાબેદારી કરવાને અમે બંધાઇએ છીએ. તેને જોઇને બીજા સ ઘળાઓએ હજરત અબુબકરની ખલાફત કબુલી. હજરત અલીને વકી હતી કે હું પેગમ્બરનો પીત્રાઇ હોવાથી, અને સર્વ અસહા બોમાં પહેલાં મુસલમાની ધર્મ અખ્તયાર કીધેલો હોવાથી, અને વળી તેની માનીતી છોકરી ફાતમાનો ભર્તાર હોવાથી, અને લાંબા વખત વેર તેના લશ્કરના વડા તરીકે કામ બજાવેલું હોવાથી, તેની વફાત પછી ખલાફત પર મારો હક બીજાઓ કરતાં શ્રેષ્ટ છે અને મને ખલીફા મુકરર કરવામાં આવશે; પણ તેમ ન થવાથી તેને ઘણું માઠું લાગ્યું. કેટલાક લોક લખે છે કે તેણે હજરત અબુબકરની ખલાફત તરત વેળા કબુલ કીધી નહીં; બીબી ફાતમાં છ માસ પછી ગુજર્યાં અને ત્યાર પછી હજરત અલીએ હજરત અબાબકરની ખલાફત કબુલી. વળી બીજાઓ લખે છે કે તેણે બાર માસ રહીને તેમ કીધું; જયારે ત્રીજા લખે છે કે હજ-રત ઉમરની સમજાવટથી તેણે તરતજ હજરત અબુબકરને ખલીફા તરીકે માન્યા. એટલું તો નકી છે કે તેણે મોડે યા વહેલે પોતાના ખલીફા તરીકે હજરત અબુબકરને કબુલ કીધો. 'ઝુબેર' અને 'તોલેહ' નામના અસહાબોએ હજરત અલીને ઘણું એ ઉશ-કેર્યાં કે તમે હજરત અબુબકરની સામે થાઓ અને ખલાફતનો દાવો કરો અને હમો તમને મદદ કરશું. પણ 'ઇસલામી' ધર્મ તે

વખતે બચગીમાં હતો, તેના દુશ્મન ઘણા અને દોસ્ત થોડા હતા, અને એવે વખતે મુસલમાનોમાં કુસંપના બી રોપાય, તો તેનાં પરીણામ માઠાં આવ્યા વગર રહે નહીં, જેથી હજરત અલીએ કોઇબી પ્રકારનો ફીસાદ કે વાંધો ઉઠાવવાની સાફ ના પાડી.

ખલીફા અબુબકર હી૦ સ૦ ૧૧–૧૩. હજરત અબુબકર ખલીફા નકી થવા પછી તેની સામે કેટલાક આરબો થયા. તેઓએ જકાત આપવા ના પાડી જેથી તેમને શરણે લાવવા માટે એક નાના લશ્કરને તેમની સામે મોકલવાની ફરજ પડી. મજબુત હાથે કામ લેવાથી એવી જાતના ફીસાદ બંધ પડયા.

ત્યાર પછી અરબસ્તાનનાં "યમન" પ્રાંતમાં એક ભારે બળવો ઉઠયો; એક આરબ નામે "મોસલેમા" એ ઢોંગ કીધો કે હું ખોદાનો રસુલ છું, અને પરમેશ્વરે મને તમારી હીદાયત અને સંભાળ માટે મોકલ્યો છે. માટે તમો મને માન્ય કરો. વળી તે હાથ ચાલાકીના હુનરમાં ઘણો પ્રવિણ હોવાથી તેણે લોકોને કેટલાક ખેલ કરી બતાવ્યા, અને કહ્યું કે આ મારા મોજેજા છે. તેના આવા ઢોંગ સોંગથી ઘણા લોક છેતરાયાં, અને તેને પરમેશ્વરના પેગમ્બર તરીકે માનવા લાગ્યાં, અને યમન પ્રાંતમાં તેમનું જોર દીનપર દીન વધતુંજ ચાલ્યું. હઝરત અબુબકરે એક મોટું લશ્કર તૈયાર કરી યમન તરફ રવાના કીધું કે પેલા ઠગારાની બુધી ઠેકાણે આણે. "અકરેબા" નામની જગ્યાએ ભારે યુધ થયું, ઠગારાની હાર થઇ અને અંતે તે પોતે પણ માર્યો ગયો. લોકોની બુધી ઠેકાણે આવી, અને તેઓએ તે ઠગારાના ધર્મને તજી મુસલમાની ધર્મ અખત્યાર કીધો. આવી રીતે હવે આખું અરબસ્તાન મુસલમાની ધર્મને શરણે આવ્યું.

ત્યાર પછી ખલીફાએ મુસલમાનોના લશ્કરને શામની તરફ મોકલવાનો ઇરાદો કીધો. અસહાબોની સલાહ લઇ તેણે જુદા

જુદા પ્રાંતોના હાકેમોને પોતાનાં લશ્કર સાથે મદીનામાં એકઠા થવા ફરમાવ્યું. તેનાં હુકમને માન આપી સઘળા મદીનાની આસ-પાસ એકઠા થયા; જ્યારે સઘળું લશ્કર એકઠું થયું ત્યારે તેણે થોડા આગેવાનો સાથે ફરીને તેમની તપાસ લીધી અને ત્યાર પછી શામ તરફ કુચ કરવા તેમને ફરમાવ્યું, અને લશ્કરના વડાને ભલામણ કીધી કે " એ સરદાર, તું તારા લશ્કર-પર સખ્તી વાપરીશ નહીં તેમજ તેમને બેચેન થવા દઇશ નહીં. પણ તારા સઘળા કામકાજમાં તેમની સલાહ લેજે. ઇનસાફ અને રાસ્તીના માર્ગે ચાલવાની સંભાળ રાખજે કારણ કે જે લોક ગેરઇનસાફ અને ખોટે માર્ગે ચાલે છે તેમની ચહડતી થતી નથી. જ્યારે તમારા દુસ્મનો સાથે લડો ત્યારે મરદો માફક વર્તજો અને અને જો તમો ફતેહ પામો તો બચાં, ઘરડાં પૂરૂષો તેમજ સ્ત્રીઓના પ્રાણ લેશો નહીં. ખજૂરીનાં ઝાડનો નાશ કરતા નહીં, અને અના-જના ખેતરને બાળી નાંખતા નહીં. મેવાના ઝાડને કાપી નાંખશો નહીં તેમજ ખોરાકીના કામમાં લાવો તે સિવાય મૂંગા જાનવરોને હાણી પહોંચાડશો નહીં, અને કોઇની સાથે કોલકરાર કરો તો તેની શરતો પ્રમાણે ચાલજો. "

આ લશ્કરની હીલચાલ વિષે નસારાઓના પાદશાહ હીરાકલીસને ખબર પડતાં, તે ઘણો ચીંતાતુર થયો અને તેણે એક લશકરને મુસલમાનો સાથે લડવા મોકલ્યું, પણ મુસલમાનોએ તેને હરાવી નસાડયો. રસ્તામાં તેઓએ કેટલાક મોટાં મોટાં શેહેરો જીતી લીધાં, જેમાં " બોસતરા " મુખ્ય છે. મુસલમાનોની બહાદુરીનો કાંઇ પાર ન હતો જયાં જતાં ત્યાં ફતેહ મેળવ્યા વગર રહેતા નહીં. આવી રીતે ફતેહ મેળવતાં મેળવતાં શામની રાજ્યધાની " દમાસકસ " પાસે આવી પહોંચ્યા અને કેટલાક મહિનાઓ સુધી ઘેરો ઘાલી પડયા હતા. એ અરસામાં નસારાના બાદશાહે ૭૦,૦૦૦

માણસનું મોટું લશ્કર મોકલ્યું. મુસલમાનો અને નસારાઓ વચ્ચે ભારે યુધ થયું. હજારો માણસ માર્યા ગયાં. અંતે નસારાઓની હાર થઇ અને તેમના ૫૦,૦૦૦ માણસ માર્યા ગયા. મુસલમાનોએ લાખો રૂપિઆની લૂટ મેળવી અને આ ફતેહ માટે પરમેશ્વરનો ઉપકાર માની "દમાસકસ" શહેરને પાછો ઘેરો ઘાલ્યો. મુસલમાન સ્ત્રીઓએ પણ પોતાની બહાદુરી અનેક પ્રકારે દેખાડી હતી. આખરે "દમાસકસ" શેહેર પણ શરણે આવ્યું. આવી રીતે દોઢ વર્ષના ટુંક અરસામાં શામ જેવા એક કીમતી પ્રાંતને તઓએ પોતાના રાજ્ય સાથે જોડી નાંખ્યું. જે દીવસે "દમાસકસ" શેહેર મુસલમાનોને શરણે આવ્યું તેજ દીવસે હજરત અબુબકર મદીના શહેરમાં મરણ પામ્યા. એવો શક લઇ જવામાં આવે છે કે યાહુદીઓએ તેમને ઝેહર પાયું હતું; પણ એમ કેહવાય છે કે ઠંડીના દીવસે ઠંડાં પાણીથી તે નાહ્યા હતા જેથી તેને તાપ ચહડી આવી હતી જેની અસરથી ૧૫ દીવસની માંદગી ભોગવી મરણ પામ્યા હતા.

તેના મરણ અગાઉ તેણે વસીયત કીધી હતી કે મારા મરણ પછી હજરત ઉમરને ખલાફત આપવી. જ્યારે હજરત ઉમરને ખબર પડી કે તેણે તેને ખલીફા નેમવાની વસીયત કીધી છે, ત્યારે તે બોલી ઉઠયો કે મારે ખલાફતની જરૂર નથી, પણ હજરત અબુબકર બોલ્યા કે પણ ખલાફતને તમારી જરૂર છે.

તેને ત્રણ સ્ત્રીઓ, ત્રણ પુત્ર અને બે છોકરીઓ હતાં. તેની સ્ત્રીઓના નામ ૧ કતીલા, ૨ ઉમારૂમાન, ૩ અસમા, તેના પુત્ર 'અબદલા,' 'આબદરેહમાન' અને 'મહમદ' હતા, અને છોકરીઓ ૧ અસમા અને ૨ આઇશાં હતી.

તે કેદ ઉંચા તેમ શરીરે પાતળા હતા. ચેહરો લાલ અને દહાડી પાતળી હતી, જેને મેંદી લગાડતા હતા. સરકારી તીજોરીમાં

તે કદી પૈસા એકઠા કરતા નહીં અને દર શુક્રવારે સીપાહી, મીસકીન ગરીબ અને નાચારોને જે કાંઇ ખજાનામાં હોય તે વેહેંચી આપતા. એની ઉમર ૬૩ વરસની હતી, અને તેણે બે વરસ, ત્રણ મહિના અને નવ દીવસ સુધી ખલાફત ભોગવી. તેણે પોતાનું કામ બાહોશી કુનેહ અને કુશળતા સાથે બજાવ્યું હતું.

પ્રકરણ ૧૭ મું.

ખલીફા ઉમર.

ઉમર બીન ખીતાબ—હી૦ સ૦ ૧૩–૨૩

હજરત અબુબકરની વસીયત પ્રમાણે હજરત ઉમરે તેના મરણનેજ દહાડે મસજીદમાં જઇ ખલાફત પોતાને સ્વાધીન લીધી. લોકોએ તેની ખલાફત કબુલી અને તરતજ પોતાનું ખલીફા તરીકેનું પહેલું ભાષણ આપ્યું; એની સામે બીજા કોઇએ ખલાફતનો દાવો કીધો નહીં.

આપણે આગળ જોયું કે મુસલમાનોએ “ દમાસકસ ”ને પોતાને તાબે કીધું. નસારા ત્યાંથી નાઠા અને મુસલમાનોની એક નાની ટુકડી તેમની પાછળ ગઇ અને તેમને પણ પોતાને તાબે કીધા; અને યુનાનના શેહનશાહની છોકરીને કેદ પકડી તે ટુકડી પાછી “ દમાસકસ ” આવી પહોંચી. નસારાઓએ આગ્રહ કીધો કે શેહનશાહની છોકરી પાછી આપવી જે પ્રમાણે આખરે તેને પાછી જવા દેવામાં આવી હતી. ત્યાર પછી તેઓએ “ હેમ ” તરફ કુચ કીધી, જયાંના હાકમ સાથે સંધી થઇ. ત્યાર પછી મુસલમાનોએ એક પછી એક “કીનીસરીન,” “ બાલબક, ” “હેમ,” “ આરસતાન ” અને “ શાએઝાર ” નામના કિલ્લાઓ પોતાની

બહાદુરી ધર્મ અને શુર વડે જીતી લીધાં. તેઓએ કેવી બહાદુરી દેખાડી કેવી રીતે લડયા અને કેવા કેવા બીકટ સંજોગો વચેથી બચી જઇ પોતાના દુશ્મનોને હટાવી હરાવી પોતે જશ અને યશ પ્રાપ્ત કીધાં તે વિગતવાર લખતાં ઘણું લંબાણુ થઇ જાય.

મુસલમાનોની ઉપલી ઉપરાસાપરી ફતેહથી યુનાનનો હીરાક-લીસ પાદશાહ ઘણો વિચારમાં પડયો. તે કહેવા લાગ્યો કે ઘણા બળવાન લશ્કરોને મેં હરાવ્યા છે. જાહોજલાલી ધરાવનારા રાજાઓ મારાથી બીએ છે, દુન્યાના લગભગ સઘળા ભાગોમાં મારૂં રાજ્ય છે, છતાં આ જંગલી આરબો મારા રાજયમાં આવવાની હીમત કરે છે એટલુંજ નહીં પણ ત્યાં આવી ઉપરાસાપરી કિલ્લાઓ જીતતાજ જાય છે અને મારા કવાયદ પામેલા હથિઆરબંધ અને બળવાન લશ્કરને સેહેજ પણ ગણકારતા નથી, અને ફરી ફરીથી મારાં લશ્કરની હાર થાય છે. હવે આ જંગલીઓને મારા રાજય-માંથી હાંકી કહાડવા માટે કાંઇ મજબુત ઉપાય લેવા જોઇએ. તેટલા માંટે તેણે પોતાના રાજયના જુદા જુદા પ્રાંતોમાંથી સીપા-ઇઓ બોલાવ્યા, મોટાં મોટાં લશ્કરો તૈયાર કીધાં અને તેમને ભલામણ કીધી કે આરબો જંગલી છે તેમની પાસે પૂરતાં હથિઆર નથી, તેઓ ભીખારી હોવાથી આપણી દોલત લુટવા આવ્યા છે, માટે તમો મરદો માફક તેમની સાથે લડી તેમનો ઘાણ કહાડી નાખશો એવી મારી પૂર્ણ ખાત્રી છે. આવી આવી ભલામણો કરી તેણે શામના જુદા જુદા ભાગોમાં પોતાનાં લશ્કર મોકલ્યા.

જ્યારે નસારાઓના લશ્કરની હીલચાલ વિષે મુસલમાનોને ખબર પડી ત્યારે તેઓ વિચારમાં પડયા કે એમની સાથે કયાં અને કેવી રીતે લડવું. થોડાઓએ સલાહ આપી કે આપણે અરબસ્તાન તરફ પાછા જવું અને દુશ્મનો આપણી પછવાડે આપણી પુઠ પકડીને આવે, ત્યારે જંગલોમાં તેમનો ઘાણ વાળવો.

પણ લશ્કરના વડા "અબુ ઓબેદલા" ને ઉપલી સલાહ પસંદ પડી નહીં. બીજાઓએ કહ્યું કે આપણે જયાં છીયે ત્યાંજ રહેવું અને કોઇબી રીતે હીલચાલ કરવી નહીં, અને જયારે નસારાઓનું લશ્કર આવી પહોંચે ત્યારે તેમની સાથે ત્યાંજ લડવું. એ સલાહ "ખાલેદ"ને પસંદ પડી નહીં, કે જે એક અજીત અહંગ સીપાહ બચ્ચો હતો. તેણે સલાહ આપી કે આપણે "યારમુક" તરફ જવું અને ત્યાં દુસ્મનો સાથે લડવું અને મદીને કાગળ લખી વધુ મદદ માગવી. "અબુઓબેદલા" એ એ સલાહ માની અને તેઓ '**યારમુક**' તરફ કુચ કરી ત્યાં છાવણી નાખી દુસ્મનોની રાહ જોતા બેઠા.

યુનાનના બાદશાહનું લશ્કર પણ આવી પહોંચ્યું. તેમની સાથે માણસ ઘણા હતા. હથિઆર વધુ હતાં અને લડાઇની દરેક સામેલગીરી પણ સાથે હતી. પહેલાં તેઓએ મુસલમાનો સાથે લડવાની હીમત કીધી નહીં, પણ અંતે લડાઇ શરૂ થઇ અને બંને બાજુ વાળા ઘણી બહાદુરીથી લડયા અને કઇ બાજુ ફતેહ પામશે તે બીલકુલ જણાતું નહતું. સાત દીવસ સુધી લડાઇ ચાલુ રહી અને આખરે નસારાઓની હાર થઇ. મુસલમાનોને લખો રૂપિઆની લૂટ મળી જે સીપાહીઓને વહેંચી આપવામાં આવી. "અબુ ઓબેદલા" એ ઉપલી ફતેહની ખબર ખલીફા ઉમરને કાગળ લખીને આપી અને પૂછાવ્યું કે હવે મારે શું કરવું અને કયાં જવું? કારણ કે "યારમુક"ની ઉપલી લડાઇએ "**શામ**"નો આખો પ્રાંત વગર વાંધે મુસલમાનોના હાથમાં આપ્યો. શામમાં "ઇસલામ"નો વાવટો પૂર જોરથી ઉડવા લાગ્યાથી ત્યાં હવે લશ્કરને વધુ વાર થોભવાની જરૂર નહતી. ખલીફા ઉમરે જવાબ વાળ્યો કે હું તમારી ઉપલી ફતેહથી ઘણો ખુશી થયો છું અને હવે તમારે "બૈત ઉલ મુકદસ" (Jerusalem) તરફ કુચ કરી જવું.

ખલીફાના હુકમને માન આપી "અબુઓબેદલા" એ લશ્કરની એક ટુકડીને "બૈત ઉલ મુકદસ" (Jerusalem) તરફ મોકલી અને તેની પછવાડે પોતે પણ આખાં લશકર સાથે તેજ તરફ રવાના થયો. ત્યાંના લોકોએ સામે થવાની તૈયારીઓ કીધી અને જયારે પહેલી ટુકડી ત્યાં જઇ પહોંચી ત્યારે તેઓ તેની સાથે લડયા. દસ દીવસ સુધી લડાઇ ચાલુ હતી જયારે 'અબુઓબેદલા' આખાં લશ્કર સાથે ત્યાં આવી પહોંચ્યો. ત્યાંના લોક લડવાનું મૂકી દઇ શેહેરની અંદર નાઠા અને શેહેરના દરવાજા બંધ કરી તાબે થવાની ના પાડી. મુસલમાનો તે શેહેરને ઘેરો ઘાલી બેઠા. ચાર મહિના આવી રીતે વહી ગયા અને અંતે શેહેરની અંદરના લોકોએ આજેજ થઇ શરણે આવવાની મરજી જણાવી, પણ તે એવી શરતે કે ખલીફા પોતે ત્યાં આવી પોતાને હાથે કોલકરારની સંધીપર સહી કરે અને તેમના જાનમાલની સલામતી જાળવવાને પોતે બંધાય. આ પ્રમાણે "અબુઓબેદલા"એ ખલીફા ઉમરને લખ્યું. કેટલાક અસહાબોએ સલાહ આપી કે ખલીફાએ ત્યાં ન જવું, પણ હજરતઅલીએ સલાહ આપી કે ખલીફાના જવાથી લશ્કરને ઉતેજન મળશે, "બૈત ઉલ મુકદસ" કોઇનું લોહી રેડાયા વગર તાબે થશે જેથી ખલીફાએ ત્યાં જવું. ખલીફા ઉમરે હજરતઅલીની સલાહ માની અને પોતાની ગેરહાજરીમાં હજરત-અલીને કામચલાઉ ખલીફા નેમી પોતે "બૈત ઉલ મુકદસ" તરફ રવાના થયા. આ અરબસતાન અને શામના પાદશાહે પોતાની રાજયધાની મદીના શેહેરથી તે 'બૈત ઉલ મુકદસ' ની મુસાફરી માથે લેવામાં હાથી ઉંટ અને ઘોડાઓ કે માણસના રસાલા પોતાની સાથે લીધા ન હતા, કાંઇ દબદબો કે ભપકો કીધો નહીં. પોતાની સાથે માત્ર એક ઉંટ અને એક ગુલામ હતાં અને એક કોસ સુધી પોતે ઉંટપર બેસતા અને ગુલામ પગે ચાલતો જયારે બીજા કોસ

સુધી ગુલામને ઉંટપર બેસાડી પોતે તે ઉંટની રસી પકડી પગે ચાલતા.

ખલીફા ઉમરના આવી પહોંચવા પછી "બૈત ઉલ મુકદસ" ના આગેવાનો તેની હજુરમાં આવ્યા અને કોલકરારની શરતો નકી કરી પોતાની રાજી ખુશીથી મુસલમાનોને સરણે આવ્યા. ખલીફા ઉમર અને બીજા આગેવાન મુસલમાનો શેહેરમાં દાખલ થયા અને નસારાઓએ ત્યાંની જોવા લાયક ચીજો તેમને ફેરવીને દેખાડી. તેઓ એક દેવલ જોવા ગયા એટલામાં નીમાજ ભણવાનો વખત થવાથી હજત ઉમરે તેમને પુછયું કે મારે નમાજ કયાં ભણવી? નસારાઓએ જવાબ વાળ્યો કે તમો દેવળની અંદરજ તમારી એબાદત કરો; તેમ કરવાની ખલીફાએ ના પાડી અને દેવળની બહાર જઇ પોતાની નમાજ પૂરી કીધી. એબાદત પૂરી થયા પછી નસારાઓને પૂછયું કે તમો જાણો છો કે મેં દેવલની અંદર શા માટે નમાજ ન કીધી? તેઓએ કહ્યું કે નહીં; તેણે કહ્યું કે જો હું તમારા દેવળની અંદર નમાજ ભણતે તો સઘળા મુસલમાન તેમાં નમાજ ભણવાની હઠ લેતે જેથી તમારા પોતા માટે દેવળની અંદર જગ્યા રહેતે નહીં. "બઇત ઉલ મુકદસ" માં ખલીફા ઉમર દસ દીવસ સુધી રહ્યા. ત્યાં એક મસજીદ બંધાવી અને પછી પાછા અરબસ્તાન તરફ રવાના થયા. પણ પાછા જતી વખતે તેણે મુસલમાની લશ્કરને ત્રણ ભાગમાં વેહેંચી નાખ્યું. એક ભાગને જીતી લીધેલાં શેહેરની સંભાળ માટે રાખ્યો, અને અબુઓબેદલાને બીજો ભાગ આપી યુનાનના પાદશાહના પાયતખ્ત શેહેર "આનટીઓક" તરફ જવા ફરમાવ્યું અને ત્રીજા ભાગને "અમરૂ" નામના સરદારના હાથ નીચે મીસર દેશ જીતવા મોકલ્યો.

"અબુઓબેદલા" એ "આનટીઆક" શેહેર તરફ જતાં રસ્તામાં "હેદર" "એલેપો" અને "અઝાઝ" નામના કિલ્લાઓ વધુ

આછી મુશ્કેલીઓ વેઠી જીતી લીધા અને ત્યાર પછી તેણે રાજ્યધાનીના શેહેર તરફ કુચ કીધી. નસારા લોક એક મોટું લશકર લઇ પોતાના બચાવ અરથે ઉભા હતા. બાદશાહ પણ શેહેરમાં હતો. બંને બાજુ વચે ભારે યુધ થયું, બેઉ બાજુ બહાદુરીથી લડી લખો માણસ માર્યા ગયા અને અંતે મુસલમાનોની ફતેહ થઇ અને નસારા હાર્યા. રાજ્યધાનીનું શેહેર મુસલમાનોના હાથમાં આવ્યું. પાદશાહ ઇસતમબુલ તરફ નાઠો અને ઇસલામનો વાવટો યુનાની પાદશાહ હીરાકલીસના પાયતખ્ત શેહેરપર પૂર દમામથી ઉડવા લાગ્યો. ઉપલી ફતેહની ખબર સાંભળી ખલીફા ઉમરે અબુઓબેદલાની સેવાઓ માટે પોતાનો પૂર્ણ સંતોશ જાહેર કીધો, અને એને અને સીપાહીઓને ઘટતી શાબાસી આપી.

હવે આપણે જરા "ઇરાન" તરફ આપણી નજર ફેંકશું. ખલીફા ઉમરે એક નાનું લશ્કર તૈયાર કરી તેને "અબુઓબેદા"ની સરદારી હેઠળ મૂકી તેને ફુરાત નદી ઓળંગી ઇરાન દેશ ભણી જવા ફરમાવ્યું. ઇરાનમાં તે વખતે પુરાન દુખ્ત નામની રાણી રાજ્ય કરતી હતી. તેણે રૂસતમ નામના સરદારને ૪૦૦૦ માણસનું લશ્કર આપી મુસલમાનો સાથે લડવા મોકલ્યો. રૂસતમ અને અને અબુઓબેદલા વચે "ફુરાત" નદીની પૂર્વ દીશાએ યુધ શરૂ થયું અને બંને બાજુવાળા બહાદુરીથી લડયા. મુસલમાનોની હાર થઇ અને તેમને પાછા ફરવાની ફરજ પડી. જયારે અબુ ઓબેદલાના લશ્કરની હારની ખબર હજરત ઉમરને પોહોંચી ત્યારે તેણે તેને દીલાસો આપી નાઉમેદ થવા ના પાડી, અને બીજું સારૂં જેવું એક લશ્કર તેની મદદે મોકલી ઇરાન દેશના યરાક પ્રાંતપર હુમલો લઇ જવા ફરમાવ્યું. ફરીથી મુસલમાનો અને ઇરાનીઓ વચે ભારે યુધ થયું. બંને બાજુના હજારો માણસ

માર્યાં ગયાં અને મુસલમાનોની ફતેહ થઇ, અને ઇરાનનું લશ્કર ચોતરફ નાસભાગમાં પડયું. આ વખતે ઇરાનની રાણી "પુરાન દુખ્ત"ને મારી નાંખવામાં આવી અને "યઝદેજરદ" નામનો પાદશાહ ઇરાનનું રાજ્ય ભોગવતો હતો. મુસલમાનોની ઉપલી ફતેહથી તે ગભરાયો, અને તેમને કેવી રીતે માગી હટાવવા તે વિષે સોંચવા લાગ્યો. મુસલમાનોના લશ્કરના સરદાર સૈયદ બીન વકાસપર તેણે સંદેશો મોકલ્યો કે તારી તરફથી થોડા આગેવાનોને મારી દરબારમાં મોકલ કે હું તેમની સાથે વાતચીત કરી જાણું કે તમો મારાં રાજયમાં શા માટે આવ્યા છો અને અમારી પાસેથી તમો શું માગો છો?

તેની ખાહેશ પ્રમાણે ત્રણ ઘરડા આરબ તેની કચેરીમાં મુસલમાનો તરફથી ગયા. જયારે તેઓએ બેઠક લીધી ત્યારે "યઝદેજરદ" બોલ્યો કે "અમો હમેશાં તમો આરબો વિષે ઘણું હલકું મત ધરાવીએ છીયે. ઇરાન દેશમાં આરબો માત્ર વેપારી અને ભીખારી એ બેજ નામથી ઓળખાય છે. તમો કીડાઓ અને સાંપ ખાઓછો, સમુદ્રનું ખારૂં પાણી પીઓછો અને જાડા વાળનાં બનેલાં કપડાં તમો પહેરોછો. થોડુંક થયું તમો 'ઇરાન' દેશમાં આવ્યાછો અને અહીં તમોએ સારો ખોરાક ખાધો, મીઠું પાણી પીધું, અને સારી બનાવટનાં કપડાં પહેર્યાં છે. આ વાત અરબસ્તાનમાં જઇ તમોએ બીજાઓને કહી જેથી સઘળા લોક ઉપલી વસ્તુઓ મેળવવા ઇરાનમાં આવે છે. ઉપલી સારી વસ્તુઓ હાંસલ કરવાથી તમો સંતોષ પામ્યા નથી, પણ તમો અમને એક નવો ધર્મ કબુલ કરવાની ફરજ પાડોછો જે ધર્મ કબુલ કરવા અમો ખુશી નથી. તમારી હકીકત કહેવતમાં આવેલી એક લોંકડીની વાતને મળતી આવે છે. એક દહાડે એક લોંકડી દરાખના બાગમાં જઇ ત્યાં દરાખ ખાવા લાગી. તે બાગનો

રખેવાળ ઉદાર દીલનો માણુસ હોવાથી તેણે વીચાર્યું કે એક ભુખે મરતી લોંકડીના ખાધાથી શું ઘટી જવાનું છે? જેથી તેણે તેને બહાર હાંકી કહાડી નહીં. પણ તે લોંકડીએ પોતે ખાઇ સંતોષ પામવાને બદલે બીજી હજારો લોંકડીઓને કહ્યું કે પેલા બાગમાં દરાખ ઘણી સારી છે અને ત્યાંનો રખેવાળ ઘણો ભલો માણુસ છે. જેથી સઘળી લોંકડીઓ તે બગીચામાં દાખલ થઇ. બીચારા રખેવાળને પોતાના માલના બચાવ માટે તે સઘળાં પ્રાણીઓને મારી નાંખવાની ફરજ પડી પણ મારી ખાત્રી થઇ ચૂકી છે કે તમને ભુખમરાથી મારા દેશમાં આવવાની ફરજ પડી છે જેથી તમારી એ બેઅદબી માફ કર્યા ઉપરાંત તમારા ઉંટ, ઘઉં અને ખજૂરથી હું લાધી આપીશ કે તમો તમારા દેશમાં પાછા ફરી તમારા દેશના લોકોને તેમાંથી ખવાડો. પણ ખાત્રી રાખજો કે જો તમો મારી ઉદારતા અને સખાવતને ન ગણકારતાં ઇરાન દેશમાં રહેવાની હઠ લેશો તો તમારામાંના એકને પણ મારા તાજબી કીનાનો સ્વાદ ચખાડયા વગર સહીસલામત જવા દઇશ નહીં."

ઉપલી વાત પેલા ત્રણે આરબોએ મૂગે મોહોડે સાંભળી અને જ્યારે તેણે પૂરી કીધી ત્યારે તેમનામાંના એકે ઠંડે કલેજે જવાબ આપ્યો કે આરબોની આગળી સ્થીતિ વિષે જે તમો બોલ્યા તે સઘળું ખરૂં છે, તેઓ લીલા સાંપ ખાતા હતા, પોતાની બાળક છોકરીઓને જીવતી દાટી દેતા હતા; વળી કેટલાક મરણ પામેલાં જાનવરોનું માંસ ખાતા અને લોહી પીતા હતા; વળી કેટલાક પોતના સગાવહાલાના ખુન કરી તેમનો માલ લૂટી લેતા હતા, તેઓ વાળનાં બનાવેલાં કપડાં પહેરતા અને હલાલ હરામ વચે કાંઇ ફરક સમજતા નહીં હતા. આવી અમારી સ્થીતિ હતી. પણ પરમેશ્વરે પોતાની મેહરબાનીની રાહે અમારી હીદાયત માટે એક પવિત્ર પેગંમ્બર મોકલ્યો અને એક પવિત્ર કેતાબ મોકલી કે જે

અમને સાચો ધર્મ શીખવે છે. તે અમને કાફરો સાથે લડાઇ કરવા અને અમારી ગરીબ અને કંગાળ સ્થીતિ, દોલત અને દોવતમાં બદલી નાખવા ફરમાવે છે. હવે અમો તમને ગંભીરતાથી ભલામણ કરીયે છીએ કે તમો અમારો ધર્મ કબુલ કરો. જો તમો અમારો ધર્મ કબુલ કરશો તો તમારી પરવાનગી વગર એક પણ આરબ ઇરાન દેશમાં દાખલ થશે નહીં અને અમારા સરદારો તમારી પાસેથી માત્ર તેજ કર માંગશે કે જે સઘળા મુસલમાન આપવાને બંધાએલા છે. પણ જો તમો અમારો ધર્મ કબુલ ન કરો તો બીજા ધર્મ પાળનારાઓ ઉપર નેમેલી ખંડણી આપો. જો એ બંને શરતોમાંથી એક પણ તમને કબુલ ન હોય તો લડવા તૈયાર થાઓ. પરમેશ્વર તમારી અને અમારી વચ્ચે નકી કરશે કે કોણ સાચે માર્ગે છે અને કોણ ખોટે રસ્તે છે."

"યઝદેજરદે" ઉપલી શરતો કબુલ ન રાખવાથી લડાઇ શરૂ થઇ. "કદીસા" નામની જગ્યા આગળ યુધ થયું. બંને બાજુવાળા મરણીઆ થઇ લડયા. ઇરાનીઓની સખ્ત હાર થઇ અને તેમના એક લાખ માણસ માર્યાં ગયાં, જ્યારે મુસલમાનોના માત્ર ૩૦૦૦ માણસ ખરાબ થયાં. તેમને કીમતી લૂટ મળી અને "યઝદેજરદ" હલવાન તરફ નાઠો. "મદાયન" નામનો પ્રાંત પોતાને તાબે કીધા પછી "સઇયદ બીન વકાસે" યઝદેજરદની પુઠ પકડી, અને પોતાના ભત્રીજા હાશમને એક ટુકડી આપી ઇરાનીઓના બીજા એક લશ્કરની સામે મોકલ્યો, કે જે લશ્કર "શીરવાન" અને "આજરબાયજાન" નામના પ્રાંતોમાંથી આવ્યું હતું. હાશમે તેમનાપર "હલવાન" નામના કિલ્લામાં હુમલો કીધો અને કેદ પકડયા. જ્યારે "યઝદેજરદે" ઉપલાં લશ્કરના કેદ પકડાવવાની ખબર સાંભળી ત્યારે તે પોતાની છાવણી "હલવાન"માં મુકી પોતે "રાઇ" તરફ નાશી ગયો. "હલવાન" અને "એહવજ"

નામના અગત્યનાં શેહેરો મુસલમાનોએ તાબે કીધાં અને ત્યાર પછી તેઓ "કુફા"માં છાવણી નાંખી બેઠા અને ત્યાર પછી તેઓએ શું કરવું તે વિષે હજરત ઉમરને પૂછાવ્યું.

ખલીફા ઉમરે મુસલમાનોના લશ્કરની સરદારી "સઇયદ બીન વકાસ" પાસેથી લઇ લીધી અને "નોમાન" નામના માણસને તે સોંપી. જયારે "યઝદેજરદે" સાંભળ્યું કે "વકાસ"ને બરતરફ કરવામાં આવ્યો છે ત્યારે તેને કાંઇ હીમત આવી અને તેણે "ખોરાશાન," "રાઇ" અને "હમદાન" માંથી દોઢ લાખ માણસનું લશ્કર એકઠું કીધું. હજરત ઉમરે પણ મુસલમાની રાજયના જુદા જુદા ભાગોમાંથી લશ્કર એકઠું કરી ઇરાન તરફ મદદ મોકલી. મુસલમાનોએ "કુફા" શેહેર છોડી પોતાની છાવણી "નેહાવંદ" આગળ નાખી. "યઝદેજરદ"નું લશકર પણ ત્યાં આવી પહોંચ્યું અને તેઓએ મુસલમાનોની છાવણીની સામે પોતાની છાવણી નાંખી. આવી રીતે બે મહીના સુધી તેઓ એક બીજાની સામે બેસી રહ્યા. આ ઢીલથી "નોમાન"નું પાકી આવ્યું અને તેણે લડવાની તૈયારી કીધી. જયારે સઘળા તૈયાર થયા ત્યારે તે બોલ્યો કે, અરે ભાઇઓ, તમો જીત મેળવવા અથવા શહાદતનું મીઠું શરબત પીવા તઇયાર થાઓ. હું ત્રણવાર "અલ્લાહ અકબર" કહીશ. પહેલી વખત કહું ત્યારે તમારા કમરબંધ બાંધજો, બીજીવાર બોલું ત્યારે ઘોડાપર સવાર થજો અને ત્રીજીવાર બોલું એટલે તમારા ભાલા લઇ જીત અથવા જનત તરફ દોડજો. હું પોતે માર્યો જઇશ અને જયારે હું શહીદ થાઉં ત્યારે "હજીફા ઇબને અલીઆમાન" ની સરદારી કબુલ કરજો.

લડાઇ શરૂ થઇ. ઇરાનીઓ હારી ગયા. તેમના ૧૧૦૦૦૦ માણસ માર્યાં ગયાં મુસલમાનોના લશ્કરનો વડો "નોમાન" પણ મરણ પામ્યો અને ઇરાની લશ્કરનો સરદાર "ફીરઝાન" નાઠો.

તેની પુઠે મુસલમાનો થયા અને તેને હરાવી તેનો પ્રાણ લીધો. "નેહાવંદ" ની ઉંપલી લડાઇ પછી આખું ઇરાન વગર મુશ્કેલીએ મુસલમાનોને તાબે થયું. "યઝદેજરદ" સીસ્તાન નાઠો જયાંથી તે ખોરાસાન અને ખોરાસાનથી "મર્વ" નાસી ગયો; જયાં એક ધાંચીએ તેના પૈસા મેળવવાની લાલચે તેનો પ્રાણ લીધો. આવી રીતે ઇરાન દેશમાં પણ ખલીફા ઉમરના વખતમાં "ઇસલામ" નો વાવટો પૂર દમામ સાથે ઉડવા લાગ્યો.

આપણે ઉપર જોયું કે જયારે "બેત ઉલમુકદસ" મુસલમાનોને શરણે આવ્યું ત્યારે હજરત ઉમરે મુસલમાની લશ્કરને ત્રણ ભાગમાં વેંહેંચી આપ્યું હતું; જેમાંના એક ભાગની સરદારી "અમરૂ" ને આપી તેને "મીસર" દેશ ભણી મોકલ્યો હતો. મુસલમાનોએ "શામ," "આનટીઆક" અને "ઇરાન" જીતી લીધાં તે આપણે જોયું; "મીસરમાં" તેઓએ શું કીધું તે હવે આપણે તપાસીએ. "અમરૂ" એકદમ મીસર ભણી જવાને બદલે થોડો વખત સુધી તે "બેત ઉલમુકદસ" પાસેજ થોભ્યો કારણ કે યુનાની પાદશાહ હીરાકલીસનો છોકરો "કોનસટેનટાઇન" સારા જેવા લશ્કર સાથે તેટલામાંજ હતો. "અમરૂ" તેની સાથે લડવાની તૈયારી કરતો હતો, તેટલામાં પાદશાહનો છોકરો બીધો અને "સીઆરીયા' ભણી રાતો રાત પોતાનું લશ્કર લઇ નાઠો. જયારે 'અબુઓબેદલા'ને ખબર પડી કે 'કોનસટેનટાઇન' 'સીઆ-રીયા' ભણી નાઠો, ત્યારે તેણે 'અમરૂ' ને લખ્યું કે તું 'સીઆ-રીયા' ભણી જા અને હું પણ તારી પાછળ આવું છું. ત્યાર પછી 'ત્રીપોલી' વગર લડાઇએ મુસલમાનોને શરણે આવ્યું. ત્યાંથી એક નાની ટુકડી 'તાયર' તરફ મોકલવામાં આવી જે ટુકડીએ તે શેહેર જીતી લીધું. જયારે 'કોનસટાનટાઇને' સાંભળ્યું કે 'ત્રીપોલી' અને 'તાયર' મુસલમાનોના હાથમાં ગયા ત્યારે તે 'સીઆ-

રીયા' છોડી 'ઇસતમબુલ' નાસી ગયો. તેના નાસી જવા પછી "સીઝારીઆ" અમરૂને શરણે આવ્યું ત્યાર પછી 'રામલા' એકર જોપા આસકાલોન ગાઝા સીસેમ નોબલા તાયબેરીઆ બીરો ઝીદા જબલા અને લાંકોદીના નામના શેહેરો અને કિલ્લાઓ એક પછી એક ઇસલામના અજીત જુંદા નીચે આવ્યા.

હવે 'અમરૂ" મીસર ભણી રવાના થયો અને 'મીસર'માં આવી પહોંચ્યા પછી તેણે સઉથી પહેલાં 'ફારમા' નામના કિલ્લાને એક માસ સુધી ઘેરો ઘાલી જીતી લીધો. ત્યાર પછી 'ફેરો' તરફ તેણે કુચ કીધી અને સાત માસ સુધી તેને ઘેરો ઘાલી બેઠો પણ કાંઇ ફાયદો થયો નહીં. આખરે તેણે ખલીફા ઉમરને વધુ મદદ મોકલવા લખ્યું. મદીનેથી મદદ આવી પહોંચ્યા પછી સેહેલાઇથી તેણે "ફેરો" શેહેરને પોતાને હાથ કીધું. ત્યાંથી તે મીસર દેશની રાજ્યધાનીના શેહેર "એલેકઝાંદરીઆ" ભણી કુચ કરી ગયો. ત્યાંના યુનાની નસારાઓ તેની સામે થયા પણ અંતે મુસલમાનોના અજીત સીપાહીઓ આગળ તેમને તાબે થવાની ફરજ પડી. અને 'મીસર' દેશને પણ મુસલમાની રાજ્ય સાથે જોડી નાખવામાં આવ્યું. આ વખતે અરબસ્તાનમાં દુકાળ પડયો અને લોકોને અનાજના વાખા પડવા લાગ્યા. હજરત ઉમરે અમરૂને લખ્યું કે "મીસર" માંથી અનાજ મુસલમાનોના વપરાસ માટે મોકલી આપવું. મીસર દેશ ઘણો ફળદરૂપ હોવાથી અમરૂએ ઉંટોના ઉંટ ભરી કીમતી અનાજ અરબસ્તાનમાં મોકલી આપ્યું. જેથી ખલીફાએ તેની કીમતી સેવાઓ માટે તેનો ઉપકાર માની મીસરનું રાજ્ય બરાબર ઇનસાફથી ચલાવવા તેને ફરમાવ્યું.

મુસલમાની રાજ્ય વધારવામાં ખલીફા ઉમર ઘણા ફતેહમંદ નીવડયા હતા. દુન્યાના મોટા કીમતી અને ફળદ્રુપ દેશો મુસલમાનોએ જીત્યા અને "ઇસલામ"ની ચહડતીનો ડંકો દુરદરાજ દેશોમાં વાગવા

લાગ્યો. એટલા ટુંક અરસામાં કોઇપણ રાજાએ અથવા કોઇપણ દેશે આટલી બધી ફતેહ મેળવી હોય એમ તવારીખમાં નોંધાયલું નથી.

ફીરોજ નામનો એક ઇરાની ગુલામ ખલીફા ઉમર આગળ ફરિયાદ લઇ આવ્યો કે મારો ધણી મારી સાથે ઘણી ખરાબ રીતે વર્તે છે અને મારી કમાઇમાંથી સારો જેવો હિસ્સો લઇ લે છે. હજરત ઉમરે તેના ધણીને બોલાવી ખુલાશો પુછ્યો; ખુલાસો થવા પછી હજરત ઉમરે ચુકાદો આપ્યો અને પેલા ગુલામને કહ્યું કે તારો ધણી તારી સાથે ગેરવાજબી રીતે વર્તતો નથી, અને એનો જે કાયદા પ્રમાણે હક છે તેજ માત્ર લે છે; આ ચુકાદાથી ફીરોજ સંતોષ પામ્યો નહીં, અને એક દીવસે લાગ જોઇ પરોઢીઆની નીમાજ ભણવા તે મસજીદમાં ગયો. હજરત ઉમર આગી નમાજ ભણતા હતા એટલામાં તે ગુલામે છરી વડે તેને છ જખમ કીધા જેની અસરથી ત્રણ દીવસની માંદગી વેઠી આ બાહોશ રાજ્યદ્વારી ૬૩ વરસની ઉમરે વફાત થયા. ફીરોજે તરતજ તેજ છરી વડે પોતાનો પ્રાણ પણ લીધો.

મોતના બીછાનાપર તેણે વશીયત કીધી કે મારા મરણ પછી ત્રીજે દીવસે 'અલી' 'ઉસમાન' 'સાયદ' 'તોલાહ' 'જુબેર' અને 'અબ્દુરેહમાન' મળી એ છ જણાઓએ પોતામાંથી એકને ખલીફા નેમવો.

તેનો ચહેરો શામળો કદે ઉંચા અને એનું માથું વાળ વગરનું હતું. તે પહેલા દરજાના રાજદ્વારી અને ઇનસાફ ચુકવવામાં એકા હતા. પઇસાવાળા કે ગરીબ જોરાવર કે નાતવાન સઘળાઓને એક હાથે અપક્ષપાત ઇનસાફ આપતા. એવું કહેવામાં આવે છે કે, 'ગાસાન' કોમનો સરદાર 'જબલા' એક દીવસે ખલીફા ઉમર પાસે આવ્યો, અને ઇસલામી ધર્મ અખત્યાર કરવાની પોતાની મરજી જણાવી. ખલીફાએ તેને ઇસલામી ધર્મમાં લીધો. ત્યાર પછી તે મક્કે

હજ કરવા ગયો અને "કાબા" ની મસજીદની આસપાસ સાત આંટા ફરતો હતો, જેવામાં એક ગરીબ માણસનો પગ તેની શાલપર આવી જવાથી તેની શાલ જમીનપર પડી ગઇ. "જબલા" એ એથી ખીજવાઇ જઇ, તે ગરીબને સખ્ત માર માર્યો, તે એટલા સુધી કે તેનું નાક ભાંગી ગયું અને તેના ચાર દાંત પડી ગયા. તે બીચારો પોતાની ફરિયાદ ખલીફા પાસે લઇ ગયો; ખલીફાએ તરતજ જબલાને બોલાવી મંગાવ્યો. જ્યારે તે હાજર થયો ત્યારે હજરત ઉમરે તેને તેના ગુનાહ વિષે પૂછયું; તેની સામે ગુનાહ સાબેત થવાથી હજરત ઉમરે ફરમાવ્યું કે તેનું નાક ભાંગી નાખો અને તેના ચાર દાંત તોડી પાડો. તે બોલી ઉઠયો કે હું એક રાજા છું અને તે એક ભીખારી છે. ખલીફાએ જવાબ આપ્યો કે ગરીબ કે રાજા સર્વે અમારી અદાલતોમાં એકસરખા છે.

ખલીફા ઉમર ધર્મના કાનુનો પાળવામાં ચુસ્ત અને જાતી ભોગ આપવામાં તત્પર હતા. તેણે દસ વરસ ખલાફત ભોગવી જેમાં નવ વાર મકે હજ કરવા ગયા હતા. તે નીમક અને જુવારના રોટલા શીવાય બીજું કાંઇ ખાતા નહીં. તેની લાકડી તલવાર કરતાં વધુ બોજ ધરાવતી અને તે કદી સરકારી તીજોરીમાં ખજાનો ભરી રાખતા નહીં, પણ દર શુક્રવારે લાચારોમાં વેહેંચી આપતા. તેણે દશ વરસ છ મહીનાં અને આઠ દીવસ સુધી ખલાફત ભોગવી હતી.

પ્રકરણ ૧૮ મું.

ખલીફા ઉસમાન.

ખલીફા ઉસમાન ઇબને આફાન-હી૦ સ૦ ૨૩-૩૫ હજરત ઉમરે વશીઅત કીધી હતી કે મારા મરણ પછી ત્રીજે દહાડે હજરાત અલી ઉસમાન સાયદ તોલાહ જુબેર અને અબદરેહમાન નામના છ અસહાબોએ એકઠા થવું અને તેઓએ પોતામાંથી એકને ખલાફતની મસનદપર બેસાડવો. એ વશીઅત પ્રમાણે એ છએ જણ પોતપોતામાં વિચાર કરવા એકઠા થયા. થોડા વાદ-વિવાદ થવા પછી અબદરહેમાને હજરત અલીને કહ્યું કે જો તમો "કુરાને મજીદ" માં ફરમાવેલાં ફરમાનો પેગમ્બરની હદીસો અને હજરાત અબુબકર અને ઉમરના ચુકાદાઓ પ્રમાણે ચાલવા બંધાઓ તો અમે તમને ખલાફત સોંપીએ. હજરત અલીએ જવાબ આપ્યો કે "કુરાને મજીદ" ના ફરમાનો અને પેગમ્બરની હદીસો પ્રમાણે ચાલવા બંધાઉં છું. પણ હજરાત અબુબકર અને ઉમરના ચુકાદાઓ પ્રમાણે અમલ કરવા બંધાતો નથી કારણ કે મારા મત પ્રમાણે દરેક ખલીફાએ પોતાના વખતમાં પોતાની સમજણનો ઉપયોગ કરવો જોઇએ અને જેવા સંજોગ આવી બને તેને અનુસરીને અમલ કરવો જોઇએ અને જેથી તેના હાથ છુટા રાખવા જોઇએ અને તેની પાસેથી આગળ થઇ ગએલા ખલીફાઓના ચુકાદાઓ પ્રમાણે અમલ કરવાની કબુલાત લઇ તેના હાથ બાંધી લેવા ન જોઇએ. જે ઉપરથી તરતજ અબદરેહમાને હજરત ઉસમાનને કહ્યું કે જો તમે ઉપલી શરતો કબુલ રાખો તો અમે તમને ચુંટી કહાડી ખલાફતની મસનદપર બેસાડીએ. જે પ્રમાણે ચાલવાને હજરત ઉસમાને કબુલ કીધાથી તેને ખલાફત આપવામાં આવી. હજરત ઉસમાન પેગમ્બરના જમાઇ થતા હતા.

જેવી ખલાફત હજરત ઉસમાનને મળી કે તેણે રાજ્યના જુદા જુદા હાકમોને ફરમાવ્યું કે તેઓએ મુસલમાની રાજ્ય વધારવાના કામમાં મશગુલ થવું. ઇરાન દેશના થોડા ઘણા ભાગ જે જીતવા બાકી રહયા હતા તે જીતી લેવામાં આવયા અને 'શામ'ના હાકમ 'માવીઆ' એ યુનાની રાજ્યપર ચહડાઇ કીધી અને ઘણા શેહેરો જીતી લીધાં. ખલીફા ઉસમાન જોકે ધર્મચુસ્ત મુસલમાન હતા તોપણ રાજ્ય ચલાવવાની લાયકાત હજરત ઉમર જેટલી ધરાવતા ન હતા. ભલા ખવાસના નરમાસવાળા સ્વભાવના અને ઉદાર દીલના હતા પણ રાજ્ય ચલાવવાને જે મકમપણું જોઇએ તે ખલીફા ધરાવતા ન હતા. ખલીફા ઉસમાન પોતાના સગાઓને મોટી મોટી પદવીઓ તેમની લાયકાત તપાસ્યા વગર આપતા અને ખલીફાના સગા હોવું એ એટલી તો મજબુત ભલામણ હતી કે ગમે તેવા જોખમદાર ઓધાઓ તેમને આપવા એ પોતાની ફરજ સમજતા. એ મામલો એટલા સુધી વધી પડયો કે જે લાયક માણસોને ખલીફા ઉમરે નેમ્યા હતા તેમને બરતરફ કરી પોતાના સગાઓને તેમના ઓધા આપ્યા. સરકારી તીજોરીમાંથી મોટી મોટી રકમો તે પોતાનાં સગાઓને આપી દેતા અને કોઇ માણસ એના સગાઓ સામે ફર્યાદ લાવે કે ફલાણો માણસ અમારી સાથે ગેરવાજબી રીતે વર્તે છે તો તેની ફર્યાદ સાંભળતા નહી.

આપણે આગળ જોયું કે "અમરૂ" એ મુસલમાનોની તારીફ લાયક સેવા "મીશર" દેશ જીતવામાં અને તે દેશનો રાજ્ય કારોબાર સમાધાનીથી ચલાવવામાં બજાવી હતી, અને "મીશર" દેશની હાકમી ભોગવવાને કોઇ પણ માણસ લાયક હોય તો તે "અમરૂ" હતો. હજરત ઉમરે "મીશર" દેશનો રાજ્ય કારોબાર તેનેજ સોંપ્યો હતો. પણ હજરત ઉસમાને ખલાફતપર આવ્યા પછી તરત "અમરૂ" ને મીશર દેશની હાકમી ઉપરથી

બરતરફ કીધો અને તેની જગ્યાએ પોતાના ભાઇ "અબદલા" ને નેમ્યો. હવે અબદલા એ ઓધો ભોગવવાને જરા પણ લાયક ન હતો અને તેના હાકમ થવા પછી થોડા વખતમાં મીશર દેશની તે વખતની રાજયધાનીનું શેહેર "એલેકઝેનદરીઆ" મુસલમાનોના હાથમાંથી જતું રહ્યું. લોકોએ ખલીફા આગળ ભારે ફર્યાદ કીધી કે અબદલાને બરતરફ કરી "અમરૂ" ને પાછી હાકમી આપો, કારણકે અબદલા જો વધુ વાર મીશર દેશમાં રહેશે તો આખો દેશ મુસલમાનો ખોઇ બેસશે; જેથી અંતે ખલીફા ઉસમાનને તેમ કરવાની ફરજ પડી અને અબદલાને બરતરફ કરી "અમરૂ" ને મીશરનો હાકેમ નેમ્યો. તેણે તરતજ "એલેકઝેનદરીઆ" શેહેર પાછું જીતી પોતાને કબજે લીધું.

આવી રીતે મામલો દીનપરદીન બગડતો ગયો. દરેક પ્રાંતમાં, દરેક શેહેરમાં અને દરેક ગામમાં લોકો ખલીફા સામે બડબડવા લાગ્યા. ખલીફા ઉસમાન સામે જે ફરીયાદો હતી, તેમાં નીચલી મુખ્ય હતી:–(૧) ચાલાક અને અનુભવી માણસોને ઉંચી પદવીઓપરથી બરતરફ કરી પોતાના કુટુંબના જવાન અને બીન અનુભવી માણસોને તેમના ઓધાઓ આપતા.

(૨) મેહેરવાન બીન અલ હાકેમ અને "હારેસ બીન અલ હાકેમ" નામે બે ભાઇઓ હતા. તેઓએ પેગંમ્બરના વખતમાં મુસલમાની ધર્મ કબુલ્યો હતો, પણ પાછળથી ઇસલામી ધર્મ તજી પેગમ્બરના કટા દુશ્મન થયા હતા. જયારે હજરત મહમદે મકા શેહેર જીત્યું ત્યારે તેમને પકડવામાં આવ્યા અને તેમના પ્રાણ લેવા પેગમ્બરે ફરમાવ્યું. હજરત ઉસમાન જે તેમના સગપણમાં હતા તે વચે પડયા અને તેમનાપર દયા કરવા સીફારસ કીધી જેથી તેમને દેશેતીકાલ કરવામાં આવ્યા. હજરાત અબુબકર અને ઉમરે પણ પોતાની ખલાફતના વખતમાં તેમને દેશ બહા-

રજા રહેવા દીધા. પણ જ્યારે હજરત ઉસમાન ખલીફા થયા ત્યારે તેણે તેમને મદીનામાં બોલાવ્યા અને પોતાની બે છોકરીઓનાં લગ્ન તેમની સાથે કીધાં અને એક લાખ રૂપીઆ તેમને સરકારી ખજાનામાંથી આપ્યા. એટલુંજ નહીં પણ "અમરૂ"ને બરતરફ કરી "હારેસ" ને તેની જગ્યાએ મીશરનો હાકેમ નેમ્યો, અને "મેહેરવાન બીન હાકેમ" ને પોતાના વજીરની પદવી આપી એટલે પોતાનો ખાનગી સેક્રેટરી નેમ્યો. હવે પેગંમ્બરે જે માણસોને દેશનીકાલની સજા કીધેલી તેઓ ઉપર આવી રીતે નવાજવાથી લોકોમાં ઘણી બેદીલી ફેલાઇ.

(૩) " કુરાને મજીદ "નાં જુદાં જુદાં વાંચનની જુદી જુદી નકલો તે વખતે હસ્તી ભોગવતી હતી, એટલે સુરા અને આયતોમાં ઘણો હેરફેર હતો, જેથી ખલીફા ઉસમાને તે સઘળી એકઠી કીધી અને એક વાંચન કે જેનાપર ભરોસો રાખી શકાય તે સિવાય બીજી સઘળી બાળી નાખી કે જેથી માત્ર એકજ તરેહનાં વાંચનની નકલો બાકી રહે. કુરાન જેવી પવિત્ર કીતાબને બાળી નાખવાથી પણ લોક ઘણા નાખુશ થયા.

(૪) " મેહેરવાન બીન અલ હાકેમ "ના વજીર થવાથી તેણે ખલીફાને સમજાવી એવું ફરમાન બહાર પાડયું કે મદીનાના આગેવાન શેહેરીઓ જેવા કે હજરત અલી હજરાત જુબેર અને તોલેહ વગેરે જેઓ ખલીફાની હજુરમાં આવી તેને સલાહ આપતા હતા તેઓ તેની હજુરમાં ન આવે.

(૫) પેગમ્બર જે મસજીદમાં બોધનાં ભાષણ આપતા હતા ત્યાં એક " મંમબર " હતું. પેગમ્બર " મંમબર "ની સર્વેથી ઉંચી પાયરીપર બેસતા. જ્યારે હજરત અબુબકર ખલીફા થયા ત્યારે તે ભાષણ કરતી વખતે એક પાયરી નીચે બેસતા અને પેગમ્બર જે પાયરી પર બેસતા હતા ત્યાં બેસતા નહીં. ખલીફા

ઉમર બે પાયરી તેથી નીચે બેસી પોતાનાં ભાષણ આપતા. પણ જયારે હજરત ઉસમાન ખલીફા થયા ત્યારે તે એકદમ "મંમબર"ની પહેલી પાયરી કે જયાં પેગમ્બર બેસતા ત્યાં જઇ બેસતા અને ત્યાંથી પોતાના ભાષણ આપતા. જેથી પણ લોક નાખુશ થયાં અને કહેવા લાગ્યા કે શું હજરત ઉસમાન પોતાને પેગમ્બરની બરોબર ગણે છે જે તેની જગ્યાએ બેસવાની હીમત કરે છે અને ત્યાંથી પોતાનાં ભાષણ આપે છે ?

આવા અવિચારી પણ નજીવાં કામોથી લોકોની બેદીલીનો કાંઇ પાર રહ્યો નહીં. ખલીફાને એ વાતની ખબર પડતાં તે ઘણા ગુસામાં આવ્યા અને એક દહાડે મસજીદમાં મંમબરપર ચહડી તેણે ભાષણ આપ્યું કે સરકારી તીજોરીમાં જે પૈસા છે તે પવિત્ર છે અને તે પરમેશ્વરની મતા છે અને હું મુસલમાનોનો ખલીફો હોવાથી તેનો મારી મરજીમાં આવે તેવો ઉપયોગ કરવાની મને કુલ મુખત્યારી છે. તેના વિષે બીજા કોઇને બોલવાની કે બડબડ વાની સતા નથી અને જે લોક એ બાબતમાં માથું મારવાની ગુસતાખી કરશે, તેનાપર પરમેશ્વરની લાનત છે. એટલામાં એક જણ બોલી ઉઠયો કે સરકારી પૈસાનો કેવો ઉપયોગ થાય છે અને તે કેવા કામમાં ખરચાય છે તે વિષે પૂછવાનો દરેક મુસલમાનને સંપૂર્ણ હક છે. જેપરથી ખલીફા ઉસમાન ઘણા ઉશ્કેરાઇ ગયા અને તે માણસને માર મારવા ફરમાવ્યું. તેને એટલો માર પડયો કે તે બીચારો બેભાન થઇ ગયો.

ખલીફાની આવી ચાલથી આરબો ઘણા ઉશ્કેરાઇ ગયા અને મદીના શેહેરથી આશરે ત્રણ માઇલને છેટે હથિઆરબંધ થઇ છાવણી નાખી બેઠા. ત્યાંથી તેઓએ ખલીફા ઉપર એક બેઅદબીભરેલો સંદેશો મોકલ્યો કે યા તો તમારે સીધા અને ઇનસાફને માર્ગે ચાલવું, નહીં તો ખલાફત તમારે છોડી દેવી. આરબોની

આ હીલચાલથી તે ઘણા ચીંતાતુર થયા અને મસજીદમાં જઇ મંમબરપર ચહડી તે બોલ્યા કે પરમેશ્વરના કસમ ખાઇ કહું છું કે જે કાંઇ મારાથી થયું તેને માટે હું ઘણો દીલગીર છું અને તેના માટે હું પરમેશ્વર પાસેથી માફી માગું છું.

પણ હવે ઘણું મોડું થઇ ચુક્યું હતું. રાજ્યના લગભગ દરેક પ્રાંતમાંથી લોકો મદીનામાં પોતાની ફર્યાદો લઇ આવ્યા હતા. કુફામાંથી ૨૦૦ માણસ, બસરામાંથી ૧૫૦ માણસ અને મીશરમાંથી ૬૦૦ માણસ આવ્યાં હતાં. હવે શું કરવું તે વિષે ખલીફા ઉસમાન વિચારમાં પડયા. તેણે બે જણને તેમની પાસે મોકલ્યા પણ તેઓએ તેમને મારી હાંકી કહાડયા. ત્યાર પછી ખલીફા ઉસમાને હજરત અલીને બોલાવ્યા અને કહ્યું કે તમો તેમની પાસે જાઓ અને આ બાબદનો ફેસલો કરો. હજરત અલી તેમની પાસે ગયા અને તેઓએ તેને માન સાથે આવકાર દીધો. હજરત અલીએ તેમને કહ્યું કે ખલીફા ઉસમાન તમારી ફર્યાદો સાંભળવા અને તમારાં દુઃખ દુર કરવા તૈયાર છે અને હું પોતે જામીન થાઉં છું કે ખલીફા પોતાની કબુલાતો પ્રમાણે અમલ કરશે. હજરત અલીના આ બોલોની સારી અસર થઇ. એક લેખ લખવામાં આવ્યો જેપર ખલીફા ઉસમાન અને હજરત અલીએ સહીઓ કીધી. મીશરના લોકોએ માગણી કીધી કે "હારેસ બીન અલ હકેમ" ને મીશરની હાકમીપરથી બરતરફ કરી તેને બદલે હજરત અબુબકરના છોકરા મહમદને તેની જગ્યાએ નેમવો. એ માગણી ખલીફા ઉસમાને તરતજ કબુલી અને એક લેખ લખી મહમદને સોંપ્યો કે તમને મીશર દેશના હાકમ નેમવામાં આવે છે અને તમો મીશર જઇ તમારા ઓધાનો અખત્યાર લો. આવી રીતે સઘળો મામલો શાંત થયો અને ફીશાદ થતાં અટકયો; મીશરના લોક મીશર તરફ કે જેની સાથે હજરત અબુબકરનો

પુત્ર મહમદ પણ હતો, બસરાના લોક બસરા તરફ અને કુફાના લોક કુફા તરફ રવાના થયા. દેખીતી રીતે તુફાની વાદળ વીખરાઇ ગયાં અને ઠેકાણે ઠેકાણે સમાધાની ફેલાઇ, પણ એ સઘળું થોડાજ વખત માટે હતું.

વાંચનારને યાદ હશે કે ખલીફા ઉસમાને "મેરવાન-બીન-અલ-હાકેમ"ને પોતાનો નજીર એટલે ખાનગી સેક્રેટરી નેમ્યો હતો. તેણે ખલીફા ઉસમાનને જણાવ્યા વગર એક કાગજ મીશર દેશના હાકમપર લખ્યો, જેમાં લખ્યું કે હજરત અબુબકરનો પુત્ર મહમદ તમારા તરફ આવે છે અને જ્યારે તે તમારી પાસે આવી પહોંચે ત્યારે તમે તેને ફાંસીએ ચહડાવી મારી નાંખજો, અને તેની સાથે જે માણસો હોય તેને ગરદન મારજો. એ કાગજપર તેણે ખલીફા ઉસમાનની મોહોર કરી અને પછી તે કાગજ તેણે ખલીફા ઉસમાનના એક ગુલામને આપી તેને ઉંટપર સવાર કરી મીસર દેશ તરફ રવાના કીધો અને આ સઘળી વાતની ખલીફા ઉસમાનને બીલકુલ ખબર આપી નહીં. હજરત અબુબકરના પુત્ર મહમદ અને તેની સાથનાં માણસોએ પેલા ઉંટ સવારને રસ્તામાં જોયો તેથી તેને બોલાવીને પૂછ્યું કે તું કોણ છે અને કયાં જાય છે? તેણે જવાબ દીધો કે હું ખલીફા ઉસમાનનો ગુલામ છું, અને મીશર દેશનાં હાકમને સંદેશો આપવા જાઉં છું. પણ હજરત અબુબકરનો પુત્ર મહમદ બોલી ઉઠયો કે મીશર દેશનો હાકમ તો હું છું, તેથી તે સંદેશો તું મને આપ. તે ગુલામે જવાબ દીધો કે, "હારેસ-બીન અલ હાકમ"ને એ સંદેશો આપવાનો મને હુકમ છે, જેથી હું તમને કાંઇ કહી શકતો નથી. મહમદને કુદરતી રીતે એ ઉપરથી શક ગયો તેથી તેણે ગુલામને પૂછ્યું કે તારી પાસે કાંઇ કાગજ છે કે? તે ગુલામે જવાબ આપ્યો કે નહીં. ત્યાર પછી તેના સાથની સઘળી ચીજોની બારીક તપાસ

લેવામાં આવી અને તેની પાસેથી ઉપલો કાગજ નીકળ્યો. મહમદના ગુસાનો કાંઇ પાર રહ્યો નહીં, તેણે તરતજ "બસરા" અને "કુફા" ના લોકોપર કાગળો લખ્યાં કે ખલીફાએ આપણને ઠગ્યા છે માટે તમો સઘળા મદીને પાછા આવો અને હું પણ ત્યાં આવું છું. ખલીફાની ઠગાઇની વાત ઠેકાણે ઠેકાણે ફેલાઇ અને લોકો વગર કારણે તેને ધિકારવા લાગ્યા.

હજરત અબુબકરનો છોકરો મહમદ જ્યારે મદીનાની બહાર આવી પહોંચ્યો ત્યારે તેણે હજરત અલીને બોલાવી સઘળી કેફીયત કહી સંભળાવી. આ વાત ખલીફા ઉસમાનના કાનપર આવી ત્યારે તેણે સઘળો ખુલાસો કરવા લોકોને એકઠાં કીધાં. જ્યારે સઘળા લોક એકઠાં થયાં ત્યારે હજરત અલીએ ખલીફાને પૂછ્યું કે આ ગુલામ કોનો છે? તેણે જવાબ દીધો કે મારો છે. આ ઉંટ કોનું છે? તેણે ઉતર વાળ્યો કે મારૂં છે. આ મોહોર કોણની છે? તેણે કહ્યું કે મારી છે. આ કાગળ તમે લખાવી મોકલ્યો છે? ખલીફાએ જવાબ આપ્યો કે નહીં. ખરી હકીકત હવે બાહેર આવી. ખલીફા ઉસમાન નિર્દોષ હતા. એ કામ નીચ અને દગાબાજ "મેહેરવાન" નું હતું; જે ઉપરથી હજરત અબુબકરનો છોકરો મહમદ બોલી ઉઠ્યો કે જો તમોએ એ કાગળ લખ્યો છે તો તમે દગાબાજ છો અને દગાબાજ માણસ ખલાફત ભોગવી શકે નહીં. જો એ કાગળ તમે નથી લખ્યો તો તમો એટલા નબળા રાજ કર્તા છો કે તમો ખલાફત ભોગવવાને લાયક નથી, માટે તમારે હવે ખલાફત છોડી દેવી. વળી મેહેરવાને એ કાગળ લખ્યો એમ તમો કહો છો તો એ માણસ અમારે સ્વાધીન આપો તો અમો એને ઘટતી સજા કરીએ. ખલીફાએ મેહેરવાનને આપી દેવાની સાફ ના પાડી. તકરાર ઘણી વધી પડી અને અંતે કાંઇ પણ પરીણામપર આવ્યા વગર મંડળી બરખાસ્ત થઇ. હજ-

૯

રત ઉસમાને ખલાફ્ત છોડી દેવા સાફ ના પાડી અને દીનપર દીન મામલો વધુ ને વધુ બગડતો ગયો.

આખરે તેઓએ ખલીફા ઉસમાનના ઘરને ઘેરો ઘાલ્યો અને ખોરાકી કે પાણી ખલીફાને ન પેહોંચે એવો બંદોબસ્ત રાખ્યો. હજરત અલીએ સંદેશો મોકલ્યો કે કાફરો અને ગુલામોપર પણ પાણી બંધ કરવું એ વાજબી નથી, ત્યારે મુસલમાનોના ખલીફા પર પાણી બંધ કરવું એ ગેરઇનસાફ છે, અને તેણે પોતાના ગુલામની સાથે ખલીફાના મકાનપર પાણી પહોંચાડયું. વળી પોતાના છોકરા હસન અને હુસેનને તેનો પ્રાણ બચાવવા માટે તેના દરવાજાપર ચોકી કરવા બેસાડયા. છ અઠવાડીઆં સુધી બળવાખોરો ખલીફાના મકાનને ઘેરો ઘાલી બેઠા હતા. ત્યારે પછી તેઓ તેનાં મકાનમાં દાખલ થયા અને હજરત અબુબકરનો પુત્ર મહમદ તેના ખાનગી ઓરડામાં દાખલ થયો, ત્યારે ખલીફા ઉસમાન "કુરાને મજીદ" પોતાના ખોળામાં રાખી તે ભણતા હતા. મહમદે ખલીફાની દહાડી પકડીને કહ્યું કે હવે તમારા મિત્રો કયાં છે ? ખલીફા ઉસમાને જવાબ દીધો કે જો તારો બાપ આ વખતે જીવતો હતે તો મારી સાથે આવી રીતે તે કદી વર્તતે નહીં. તે બોલી ઉઠયો કે જો તમો તમારી ખલાફત છોડી દો તો અમે તમારો પ્રાણ લેશું નહીં. ખલીફા ઉસમાને મકમપણે જવાબ દીધો કે પરમેશ્વરે એ ઓધો મને આપ્યો છે અને તેના સીવાય બીજો કોઇ મારી પાસેથી એ પદવી છીનવી શકશે નહીં. જયારે બળવાખોરોએ જોયું કે હજરત ઉસમાન કદી ખલાફત છોડનાર નથી, ત્યારે તેઓએ તેને તલવાર વડે જખમી કરી તેનો પ્રાણ લીધો.

ત્રણ દીવસ સુધી તેની લાશ એવીજ હાલતમાં પડી હતી અને આખરે વગર ગુસલ અને કફને એને દફનાવવામાં આવ્યા હતા. જયારે ખલીફાની લાશને એમનાં મકાનપરથી લઇ જતા

હતા, ત્યારે બેસમજ લોકોએ એમના જનાજાપર પથરનો વરસાદ વરસાવ્યો હતો. એમની લાશને માટે કોઇએ જનાજો આપ્યો નહીં. જેથી ઘરનો એક દરવાજો કહાડી તેનાપર ખલીફાની લાશને મુકી લઇ ગયા. કબરસ્તાનમાં પણ એમની લાશને બળવાખોરોએ દાટવા દીધી નહીં, જેથી કબરસ્તાનની બહાર એક ખેતરમાં ખલીફા ઉસમાનને દફનાવવામાં આવ્યા હતા. આવી રીતે એક ધર્મચુસ્ત, માયાળુ સ્વભાવના અને દયાથી ભરપુર દીલના ખલીફાનો અંત તેની બેકદર અને અણસમજ પ્રજાએ આણ્યો હતો. તેની ઉમર ૮૨ વરસની હતી અને તેણે ૧૨ વરસ ૧૧ મહીના અને ૨૦ દીવસ સુધી ખલાફત ભોગવી હતી. તે કદે ઉંચા અને ચેહેરે શામળો હતો અને તે હમેશાં ઘણી સાદાઇથી રહેતા હતા.

પ્રકરણ ૧૯ મું.

૧. ખલીફા અલી.

અલી ઈબને અબુતાલેબ હી૦ સ૦ ૩૫-૪૦

ખલીફા ઉસમાનના ખુન થવાથી મદીનાના રહેવાશીઓ પર બીજો ખલીફો ચુંટી કહાડવાની ફરજ આવી પડી. આ વખતે મદીના શેહેરમાં માત્ર ત્રણ આગેવાન રહીશ હતા. હજરાત અલી, તોલાહ અને જુબેર; એ ત્રણમાંથી કોણને ખલાફતની મસનદપર બેસાડવો, અને રાજ્યની લગામ સોંપવી તે વિષે થોડો ઘણો મતફેર હતો. કુફા, મીશર અને અરબસ્તાનના લોક હજરત અલીની તરફેણમાં હતાં, જયારે બસરાના કેટલાક માણસ હજરત તોલેહની તરફેણમાં અને બસરાના બાકીના લોક હજરત જુબેરને ખલીફ બનાવવા મથી રહ્યા હતા. આ ગડબડ ચાલતી હતી એટલામાં કેટલાક લોક

હજરત અલીની પાસે આવ્યા અને અરજ કીધી કે આપ રાજ્ય આસનપર બેસવા કબુલ થાઓ. તેણે જવાબ દીધો કે મને એ પદવી મેળવવાની કાંઇ આરજુ નથી માટે તમો બીજા કોઇને ખલાફતની મસનદપર બેસાડો અને હું તેના હાથ નીચે ખુશી સાથે કામ કરીશ.

જે લોક બસરા, કુફા અને મીશરથી ખલીફા ઉસમાન સામે ફર્યાદો લઇ આવ્યા હતા તેઓએ મદીના શેહેરના વતનીઓને ધમકી આપી કે નવો ખલીફ મુકરર કરવો એ તમારી ફરજ છે, અને જો એ કામ તમો એક દીવસની અંદર નહીં બજાવશો તો અમો હજરાત અલી, તોલાહ અને જુબેર એ ત્રણે જણને મારી નાંખશું. જેપરથી સાંજરે મદીનાના રહેવાશીઓ હજરત અલીના મકાનપર ગયા અને તેને ખલીફ થવા કબુલવાની ઘણી આજેજી કીધી. તેણે ફરીથી ના પાડી ત્યારે તેઓ બોલી ઉઠયા કે અમો તમને પરમેશ્વરના કસમ આપીએ છીએ. આપણે મદીનાના વતનીઓ કેવી હાલતમાં છીએ તેનો શું તમને વિચાર નથી ! શું આપણા ધર્મ વિષે તમને ખ્યાલ નથી ? લોકોની બેદીલીનો તમને વિચાર નથી ? અને શું તમો પરમેશ્વરથી બીતા નથી ? આવા આગ્રહથી અંતે હજરલ અલીનું દીલ પીગળ્યું અને તે બોલ્યા કે જો તમો બીજા કોઇને આ પદવી માટે ચુંટી કહાડશો તો તેના હાથ નીચે હું ઘણી રાજીખુશીથી રાજયની સેવા બજાવીશ, પણ એ બોજો જો તમો મારાજ ઉપર નાખવાની હઠ લેતા હો તો તમારી મરજીને હું આધીન છું અને મારી શકતી પ્રમાણે ધર્મ, દેશ અને રાજયની સેવા હું બજાવીશ. આથી ત્યાંજ લોકોએ તેના હાથને ચુમન કરી તેની ખલાફત કબુલવાની મરજી જણાવી પણ હજરત અલીએ તેમ કરવા ના પાડી, અને જણાવ્યું કે એ એક જાહેર ક્રિયા છે, અને તે કોઇ પણ શખસના ખાનગી

મકાનપર થવી ન જોઇએ પણ તે જાહેરમાં મસજીદની અંદર થવી જોઇએ. જેથી આવતી કાલે સવારના તમો સઘળા મસજીદમાં હાજર થજો અને ત્યાં સઘળું નક્કી કરવામાં આવશે.

બીજે દહાડે સવારના હજારો માણસ મસજીદમાં એકઠાં થયાં અને રાબેતા પ્રમાણે હજરત અલી પણ ત્યાં આવ્યા, પણ હજરાત તોલાહ અને જુબેર હાજર થયા નહીં. જેથી હજરત અલીએ તેમને બોલાવ્યા અને જયારે તેઓ આવી પહોંચ્યા ત્યારે હજરત-અલીએ તેમને કહ્યું કે, જો તમારામાંથી કોઇ ખલીફ થશે તો હું ઘણો ખુશી થઇશ, અને તેના કામમાં હું દીલોજાનથી મદદ કરીશ. પણ એ બંને જણે હજરત અલીને ખાત્રી આપી કે, અમને તમારા ખલીફા થવાથી ઘણી ખુશી છે અને તમારી ખલાફત સફળ નીવડે તે માટે અમો તમારી મદદ કરશું અને અમો અમારા ખરાં અંતઃકરણથી તમારી સરદારી કબુલ કરીએ છીએ. એમ કહી તેઓએ હજરત અલીના હાથ ચુમ્યા, અને તેમની પછવાડે બાકીના સઘળા લોકોએ તેમજ કરી હજરત અલીને ઇસલામના ચોથા ખલીફા તરીકે સરવાનુમતે ચુંટી કહાડયા. આવી રીતે અંતે પેગંમ્બરનો પીત્રાઇ, તેની માનીતી છોકરી ફાતમાનો ભર્તાર તેના આગેવાન અસહાબોમાંનો એક અને તેમનામાં સર્વેથી પહેલાં મુસલમાની ધર્મ એખત્યાર કરનાર હજરત અલીએ ખલાફતની મસનદપર સવાર થઇ રાજય દંડ હાથમાં ધર્યું.

વાંચનારે જોયું કે હજરાત તોલાહ અને જુબેરે રાજીખુશીથી હજરત અલીને ખલાફતની મશનદપર બેસાડયા હતા. પણ એ સઘળું જાહેરમાં હતું, કારણ કે બાતેનમાં તેઓ હજરત અલીની વીરૂદ્ધ હતા અને પોતે ખલીફા થવાની નેમમાં ફાવી ન શકવાથી તેઓએ હજરત અલીને લોકોમાં અકારા અને અપ્રીય બનાવવાની યુકતીઓ રચવા માંડી. એક પ્રપંચનું ચોકડું ગોઠવી એક દહાડે

તેઓ બંને ખલીફા અલીની હજુરમાં આવ્યા અને કહેવા લાગ્યા કે હજરત ઉસમાનના ખુનીઓને ઘટતી સજાએ પહોંચાડવા જોઇએ અને એ લોકોએ ઉમેર્યું કે એ ખુનીઓ પાસેથી કીનો લેવામાં અમો તમને મદદ કરવા તૈયાર છીએ. હજરત અલી એ લોકોની નેમ સમજી ગયા, કારણ કે બળવાખોરો ઘણા હતા, અને જો હજરત અલી તેમની સામે કીનો લેવા તૈયાર થાય કે તરતજ બીજો બળવો ઉઠે અને તેથી પોતાની નેમમાં કદાચ એ લોક ફાવી જાય. જેથી હજરત અલીએ કહ્યું કે એ લોક મોટી સંખ્યામાં હોવાથી એમને સજા કરવી એ કેવળ અશકય છે, પણ જો તમો કાંઇ ઇલાજ સુચવો તો તેપર આપણે વિચાર કરી અમલ કરીએ. તેઓએ જવાબ આપ્યો કે અમો કાંઇ ઇલાજ સુચવી શકતા નથી. હજરત અલીએ વળી ઉમેર્યું કે હવે આપણે માંહોમાંહેના ઝગડા ભુલી જવા જોઇએ અને લોકોમાં હેત અને સંપ વધારવાની તજવીજ કરવી જોઇએ.

આ યુકતી નહીં ફાવવાથી તેઓએ બીજી યુકતી શોધી કહાડી. હજરત તોલાહે કહ્યું કે મને કુફાની હાકમી આપો અને હજરત જુબેરે કહ્યું કે મને બસરાની હાકમી આપો, એવી નેમથી કે ત્યાં જઇ હજરત અલીને હેરાન કરે. હજરત અલીએ જવાબ દીધો કે તમારા જેવા વિદ્વાન, અનુભવી અને ડાહ્યા માણસોને એટલે છેટે મોકલું તો ગરજ પડે ત્યારે મને સલાહ કોણ આપે, માટે તમો મારી પાસેજ રહો. જેપરથી તેઓએ "મકકા" શેહેરમાં જવાની રજા માંગી કે જયાં તે વખતે પેગમ્બરની વીધવા બીબી આઇસાં પણ રહેતાં હતાં, જે રજા તેમને આપવામાં આવી.

વાંચનારને યાદ હશે કે ખલીફા ઉસમાને રાજયના જુદા જુદા પ્રાંતોમાં પોતાના સગાઓને તેમની લાયકાત જોયા વગર હાકેમ નેમ્યા હતા અને તે હાકમો પોતાના ગેરઇનસાફથી લોકોમાં

એટલા અકારા બન્યા હતા કે તેમની સામે ફર્યાદો લઇ લોકો મદીને ખલીફા ઉસમાન પાસે આવ્યા હતા. જ્યારે હજરત અલી ખલીફા થયા ત્યારે તેણે એ સઘળા નાલાયક હાકમોને બરતરફ કીધા અને તેમની જગ્યાએ બીજા લાયક માણસોને નેમ્યા. હજરત અલીના સલાહકારાએ તેને ઘણુંએ સમજાવ્યું કે આવી રીતે એકદમ સઘળા હાકમોને એકી વખતે બરતરફ કરવા ઠીક નથી અને એનાં પરીણામ સારાં આવશે નહીં, પણ હજરત અલી જેવો એક ઇનસાફી અને ખરે માર્ગે ચાલનારો માણસ કદી પોતે ખલીફ થવા પછી એવા નાલાયક હાકમોને તેમની જગ્યાએ રહેવા દે એ ન બને એવી વાત હતી. જેથી હજરત અલીએ પોતાના સલાહકારોની વાત માની નહીં, અને હનીફના છોકરા ઉસમાનને બસરાનો, સાલેહના છોકરા અમરૂને કુફાનો, અને અબ્બાસના છોકરા અબદલાને યમનનો, હનીફના છોકરા સાલેહને શામનો, અને કઇસને મીશરના હાકમ નેમ્યા. જ્યારે "બની ઉમઇયા"એ એ વાત જાણી ત્યારે તેઓ સઘળા હજરત અલીની સામે થયા અને યમનના હાકેમ સિવાય બીજા સઘળા મદીને પાછા ફર્યા અને હજરત અલીને ખબર આપી કે અમને કોઇ હાકમી આપતું નથી, અને અમને મારી નસાડવામાં આવ્યા જેથી અમો પાછા મદીને આવ્યા છીએ.

હજરત અલીની સામે લોકોને ઉસ્કેરવામાં " બની ઉમઇયા " એ કાંઇ મણા રાખી નહીં. ખલીફા ઉસમાનનું ખુન થયું તે વખતે જે પેહરણ તેણે પેહેરેલું હતું અને જે આખું લોહીથી ખરડાઇ ગયું હતું તે તેઓ "શામ" માં લઇ ગયા અને મસજીદમાં લોકોને દેખાડતા અને લાકડીપર ટાંગી રસ્તાઓમાં ફેરવતા અને લશ્કરના સીપાહોને કહેતા કે ખલીફા ઉસમાનના ખુનનો બદલો લેવો જોઇએ અને તેથી હજરત અલી સાથે લડવું જોઇએ; જાણે કે

હજરત અલીએ તેનું ખુન કીધું હોય તેમ તેઓ બોલવા અને વર્તવા લાગ્યા.

ખલીફા અલીએ હવે રાજયના સુબાઓ ઉપર કાગળ લખ્યાં અને તેમને સમજાવ્યું કે હું કાંઇ હજરત ઉસમાનના ખુનનો જોખમદાર નથી, અને મને કાયદા પ્રમાણે ખલીફા ચુંટી કહાડવામાં આવ્યાથી મારા ફરમાનો પ્રમાણે ચાલવાની તમારી ફરજ છે. આ પગલાની સારી અસર થઇ કારણ કે કુફાનો હાકેમ તરત તાબે થયો; પણ શામના હાકમ "માવીયા" એ હજરત અલીના ઉપલા કાગળની સેજપણ દરકાર કીધી નહીં, અને ત્રણ મહિના સુધી આજે કાલે કરી હજરત અલીના કાસદને થોભાવ્યો અને કાંઇપણ જવાબ વાળ્યો નહીં. ત્રણ માસ વીતી જવા બાદ તેણે કાસદને પોતાની હજુરમાં બોલાવ્યો અને તેને એક કાગળ આપીને કહ્યું કે આ હજરત અલીના કાગળનો જવાબ છે જે તમો તેમની પાસે લઇ જાઓ. જયારે તે કાસદ મદીને આવી પહોંચ્યો ત્યારે હજારો માણસ માવીઆનો જવાબ જાણવા માટે મસજીદમાં એકઠા થયા. હજરત અલીએ તે કાગળ ખોલી જોયું તો તેમાંથી એક કોરાં કાગળ સિવાય બીજુ કાંઇ નીકળ્યું નહીં. આવી રીતે શામના હાકમ માવીઆએ ખલીફા અલીનું અપમાન કીધું. કાસદે મોહડેથી ખબર આપી કે માવીઆ પાસે ૬૦૦૦૦ માણસનું લશ્કર તૈયાર છે. આથી હજરત અલીએ જોઇ લીધું કે શામમાં લડાઇ થયા વગર રેહશે નહીં. જેથી તેણે લડાઇની તૈયારીઓ કરવા માંડી, અને રાજયના જુદા જુદા ભાગોના સુબાઓને મદદ મોકલવા ફરમાવ્યું. આ લડાઇની તૈયારીઓ થતી હતી એટલામાં ખબર આવી કે હજરાત તોલાહ અને જુબેરે મક્કા શેહેરમાં ખલીફા અલી સામે બળવો ઉઠાવ્યો છે અને તેમની સાથે પેગમ્બરની વિધવા બીબી આઇસાં પણ સામેલ થઇ છે.

હજરાત તોલાહ અને જુબેર ખલીફા અલીની પરવાનગી મેળવી મક્કે ગયા હતા તે આપણે આગળ જોયું. ત્યાં જઇ તેઓએ બીબી આઇસાને સમજાવ્યું કે હજરત અલીની સામે જગેજગ બળવા ઉઠયા છે અને એ સઘળાઓને એ શરણે કરી શકે એટલી તાકાત હજરત અલીમાં નથી માટે આપણે પણ એને હેરાન કરીએ કે આપણે પણ આપણું વેર એની પાસેથી લઇએ. બીબી આઇસાંએ એમની વાત માની અને કહ્યું કે આપણે એકદમ મદીને જઇ હજરત અલી સાથે લડી તેને હરાવીએ. બીજાઓએ સલાહ આપી કે આપણે મદીને ન જવું પણ માવીઆ સાથે મળી જઇએ અને તેની સાથે મળી હજરત અલી સાથે લડી તેને હરાવીએ. ત્રીજાઓએ સલાહ આપી કે માવીઆ પાસે પુરતું કૌવત છે અને શામનો પ્રાંત તેના હાથમાં સહીસલામત છે, માટે આપણે બસરા તરફ જઇ હજરત અલીને બે ત્રણ ઠેકાણેથી એકી વખતે હેરાન કરીએ. અંતે એવું ઠર્યું કે બસરા તરફ જવું.

તેઓએ મક્કા શેહેરમાં ઢંઢેરો ફેરવ્યો કે બીબી આઇસાં અને હજરાત તોલેહ અને જુબેર બસરા તરફ જાય છે માટે જે લોકોને ધર્મને મદદ કરવાની અને ખલીફા ઉસમાનના ખુનનું વેર લેવા માટે લડવાની મરજી હોય તેઓને ઉંટ કે ઘોડે સ્વારી કરવાની સગવડ ન હોય તો પણ આવવું. ત્રણ હજાર માણસના લશ્કર સાથે તેઓ બસરા તરફ રવાના થયા. એક કીમતી ઉંટપર સવાર થઇ તેમના સરદાર તરીકે બીબી આઇસાં મુસાફરી કરતાં હતાં. રસ્તામાં "જોવાબ" નામની નદી અને ગામડાં આગળ તેઓ આવી પહોંચ્યાં. એ ગામમાં કુતરાઓ ઘણી મોટી સંખ્યામાં હતા અને આટલાં બધાં માણસ જોઇ તેઓ ગામડાંની બહાર આવ્યાં અને ખુબ ભસવા લાગ્યા. બીબી આઇસાંને તેપરથી કાંઇ વેહેમ જવાથી, તેણે હુકમ આપ્યો કે, આખી રાત ત્યાંજ છાવણી નાંખી રહેવું. હજરાત તોલાહ

અને જુબેરે ઘણુંએ સમજાવ્યું કે હજરતઅલી આપણી પાછળ આવી પહોંચશે, તો આપણા બુરા હાલ થશે, માટે જેમ બને તેમ આપણે જલદીથી મુસાફરી કરવી જોઇએ. પણ બીબી આઇસાંએ માન્યું નહીં, જેથી એક માણસે ગપ મારી કે, જુઓ પેલા હજરતઅલી આવી પહોંચ્યા છે. આ સાંભળી સઘળા બનતી ઉતાવળે રવાના થયા અને આખી રાત ત્યાં થોભવાની વાત જયાં ને ત્યાંજ રહી ગઇ. એમ કરતાં થોડા વખત પછી તેઓ બસરાની બહાર આવી પહોંચ્યાં.

બસરાની બહાર છાવણી નાખી ત્યાંના હાકમને બીબી આઇસાંએ પેગામ મોકલ્યો કે ખલીફા ઉસમાન એક ભલા અને ધર્મચુસ્ત માણસ હતા; તેના સદગુણ અગણીત હતા અને તેના ખુનનો બદલો લેવો જોઇએ, માટે અમો તમારી મદદ માંગીએ છીએ કે આવા તારીફ લાયક કામમાં તમો અમને મદદ કરો. એ પેગામનો કાગળ લઇ ત્યાંનો સુબો મસજીદમાં ગયો અને લોકોની સલાહ પુછી. તેઓમાંનો એક જણ બોલી ઉઠયો કે જો બસરાની બહાર છાવણી નાખી બેઠેલા લોક બીહને નાસી આવ્યા છે કે જયાં એક પક્ષીને પણ કોઇ ઇજા પહોંચાડતું નથી; પણ જો તેઓ હજરત ઉસમાનના ખુનીઓને શોધવા આવ્યા છે તો આપણે કાંઇ હજરત ઉસમાનનું ખુન કીધું નથી માટે તેમને પાછા ચાલ્યા જવાનું કહો. એટલામાં એક બીજો માણસ બોલવા ઉઠયો પણ લોકોએ તેને બોલવા દીધો નહીં. આ વાદવિવાદ ચાલતો હતો એટલામાં બીબી આઇસાં પોતાના લસ્કર સાથે આગલ વધી અને લોકો મસજીદ છોડી તેની સામે લડવા દોડયા. બે દીવસ વેર લડાઇ ચાલુ રહી અને અંતે બીબી આઇસાં અને હજરાત તોલાહ અને જુબેરે બસરા પોતાને કબજે લીધું. ત્યાંના સુબાની દહાડી અને આંખના વાળ એક એક કરી તોડી નાંખ્યા અને તેને થોડો વખત સુધી કેદ રાખ્યો અને પછી તેને છોડી દીધો.

હજરત અલીએ ૯૦૦ માણસના લશ્કર સાથે ઉપલાં લશ્કરની પુઠ પકડી પણ જયારે તેણે સાંભળ્યું કે બસરા તેમના હાથમાં જતું રહ્યું છે ત્યારે તેણે પોતાના લશકરને આસાયશ આપવા તેમજ હવે શું કરવું તે વિષે વિચાર કરવા "અરાબદા" નામની જગ્યાએ થોભવાનું નકી કીધું, અને તે ઇરાદા પ્રમાણે ત્યાં છાવણી નાંખી બેઠા. અહીંથી તેણે હજરત અબુબકરના છોકરા મહમદ અને જાફરના છોકરા મહમદને કુફા ભણી મોકલ્યા અને કુફાના લોકોએ મદદ કરવાની સેહજ પણ મરજી જણાવી નહીં, જેથી હજરત અલીએ પોતાના પુત્ર હસનને કુફે મોકલ્યો જેણે ત્યાં જઇ એક એવું તો છટાદાર ભાષણ આપ્યું કે ત્યાંના લોકોના દીલ પીગળી ગયાં અને તેઓ સઘળા એકી અવાજે હજરત અલીને મદદ કરવા કબુલ થયા અને ૯૦૦૦ માણસના લશ્કર સાથે ઇમામ હસન કુફેથી ખલીફાની મદદે આવી પહોંચ્યા.

હવે હજરત અલીએ બસરા તરફ કુચ કીધી. બીબી આઇસાં હવે ગભરાઇ અને આ મુશ્કેલીમાં હવે શું કરવું તે તેને સુજ પડયું નહીં. તેણે હજરત અલી પાસે કાસદો મોકલ્યા કે આપણે સલાહ કરવી. સુલેહના કોલકરારો અને સરતો નકી કરવાનું કામ ઘણું આગળ વધ્યું, તે એટલા સુધી કે હજરાત અલી તોલાહ અને જુબેર સાથે બેસી કલાકો સુધી વાતચીત કરતા જેથી સઘળાઓની ખાતરી થઇ કે, સુલેહ થયા વગર રહેશે નહીં. હજરત જુબેરે અંતે સમ લીધા કે મારે કદી હજરત અલી સાથે લડવું નહીં. પણ સઘળું અંતે વ્યર્થ ગયું, કારણ કે બીબી આઇસાંએ હવે સુલેહ કરવા ના પાડી અને હજરત અલીના લશ્કર સાથે લડવાને તૈયાર થઇ. સુલેહના પેગામો બંધ પડયા અને લડાઇ શરૂ થઇ.

બીબી આઇસાં ઉંટપર સવાર થઇ લશ્કરના જુદા જુદા ભાગોમાં ફરતી, અને સીપાહોને બહાદુરીથી લડવાને ઉતેજન આપતી, પણ અંતે કાંઇ વળ્યું નહીં. હજરત તોલાહ માર્યો ગયો; મરતાં મરતાં તેણે હજરતઅલીની સામે લડવા માટે પોતાનો પસ્તાવો જાહેર કીધો. હજરત જુબેરના પણ તેવાજ હાલ થયા અને બીબી આઇસાં કેદ પકડાઇ. હજરત અલીની ફતેહ થઇ અને બસરાએ હવે મકમપણે તેની ખલાફત કબુલી.

લડાઇ પુરી થયા પછી હજરતઅલીએ બીબી આઇસાંની મુલાકાત લીધી, અને તેને ખેર આફીયત પુછી, તેની સાથે ઘણી સભ્યતાથી વર્ત્યા અને તેની સાથે સારો જેવો રેસાલો આપી મદીના ભણી રવાના કીધી. તેમને જણાવ્યું કે રાજ્યદ્વારી મામલામાં તમારે વચ્ચે પડવું નહીં. પોતાના બંને છોકરા હસન અને હુસેનને તેને એક એક દીવસની મુસાફરી સુધી મુકી આવવા મોકલ્યા.

એવું કહેવામાં આવે છે કે હજરતઅલીએ બીબી આઇ-સાંની સ્ત્રી ખીદમતગારોને મરદના લીબાસ પહેરાવી તેની ખીદમતમાં તેની સાથે મોકલ્યા હતા. એથી બીબી આઇસાં ઘણી નારાજ થઇ, અને કહેતી હતી કે મારી પાસે મરદ નોકરોનું શું કામ ? અને હજરતઅલીને આવી બેઅદબી માટે ઘણું માઠું બોલતી. જ્યારે મદીને આવી પહોંચ્યા ત્યારે તે સ્ત્રી ખીદમતગારોએ પોતાના મરદના લીબાસ કહાડી નાંખ્યા અને સ્ત્રી લીબાસમાં બીબી આઇસાંની ખીદમતમાં હાજર થઇ જેથી બીબી આઇસાંની ખાતરી થઇ કે હજરતઅલીએ તેની કાંઇ પણ બેઅદબી કીધી નથી તેથી તે ઘણી ખુશી થઇ અને હજરતઅલીને હજારો હજાર આશીશ આપી અને તેને માટે દુવા ચાહી.

આ ફતેહની અસર ઘણી સરસ નીવડી, કારણ કે ત્યાર પછી ઇરાક, મીશર, અરબસ્તાન અને ખુરાસાને હજરત અલીની ખલાફત વગર વાંધે કબુલી. તેની સામે વાંધો ઉઠાવનાર શામના સુબા માવી આ સિવાય બીજો કોઇ રહ્યો નહીં.

ખલીફા અલીની હવે ખાતરી થઇ કે શામનો સુબો માવીઓ પણ તેની સાથે લડશે નહીં કારણ કે તે એકલો પડી ગયો છે. તેથી ખલીફાએ માવીઆને તાબે થવા ફરમાવ્યું પણ માવીઆએ જવાબ વાળવામાં ઢીલ કીધી. "અમરૂ" બએત ઉલ મુકદસમાં હતો. તે પાછો આવે તેની રાહ જોતો હતો. અમરૂ જ્યારે પાછો ફર્યો ત્યારે માવીઆએ તેને સઘળી હકીકતથી વાકેફ કીધો અને હવે શું કરવું તે વિષે તેની સલાહ પૂછી; અમરૂએ તેને સલાહ આપી કે શામના લોક તારી તરફેણમાં છે અને હજરત અલીની દરકાર કરતા નથી. માટે તારે હજરત અલીને શરણે જવું નહીં. તમો તમારા પોતા માટે ખલાફતનો દાવો કરો અને હજરત અલીની સામે મરતાં સુધી શુરા નર થઇ લડો અને એ કામમાં મદદ કરવાને હું તૈયાર છું. પણ માત્ર એકજ શરત કરૂં છું અને તે એ કે જો તમો તમારી નેમમાં ફાવો અને હજરત અલીને હરાવી તમો ખલીફા થવાના કામમાં ફાવી જાઓ તો તમારે મને "મીશર" દેશના સુબા નેમવા. માવીઆએ અમરૂની એ શીખામણ માની અને પોતે ખલીફ હોય એવો દાવો કીધો.

હજરત અલીએ શામના લોકોને સમજણ પાડવાની કોશેશ કીધી કે માવીઓ આપમતલબી છે અને પોતાની મતલબ સારવા માટે મુસલમાનોનું લોહી નાહક રેડવાની બેવકુફી કરે છે, પણ તેમાં કાંઇ વળ્યું નહીં અને અંતે હજરત અલીને ૯૦૦૦૦, માણસનાં લશ્કર સાથે માવીઆની બુધી ઠેકાણે આણવા શામ જવું પડયું. જ્યારે આ લશ્કર શામની સરહદમાં આવી પહોંચ્યું ત્યારે

તેમને એક જગ્યાએ છાવણી નાખવાની ફરજ પડી કે જ્યાં પાણીની ઘણી તંગી હતી; તેની પડોશમાં એક મઠ હતો કે જ્યાં નસારા સાધુઓ રહેતા હતા. હજરત અલીએ તેમનામાંના એકને બોલાવી પૂછ્યું કે અહીં કાંઇ પાણીની સગવડ થઇ શકશે? તેણે જવાબ આપ્યો કે પાણીની કાંઇ જોગવાઇ નથી, અહીં કેથે એક કુવો હતો પણ તે પૂરાઇ ગયો છે તે કઇ જગ્યાએ હતો તે કોઇ જાણતું નથી. આ દેશમાં એક એવી દંતકથા લોકો માને છે કે કોઇ પેગંમ્બર અથવા તેના વારસ સિવાય બીજો કોઇ એ કુવો શોધી શકશે નહીં. આ વાત સાંભળી હજરત અલીએ એક જગ્યા દેખાડી તે ખોદવાનો હુકમ કીધો; તરતજ તેમાંથી પાણી નીકળી આવ્યું. એ જોઇ પેલા નસારા સાધુઓએ તરતજ મુસલમાની ધર્મ અખત્યાર કીધો. પરમેશ્વરનો ઉપકાર માની લશ્કર માટે પુરતું પાણી લઇ ખલીફા "સેફીન" તરફ રવાના થયા. "સેફીન" ઇરાક અને શામ વચ્ચે આવેલું છે.

આ જગ્યાએ દુશ્મનો ૮૦૦૦૦ માણસના લશ્કર સાથે છાવણી નાખી બેઠા હતા. હજરત અલીએ પણ પોતાની છાવણી તેજ મેદાનપર નાખી. હવે માવીઆનું લશ્કર ફુરાત નદી અને હજરત અલીના લશ્કરની વચ્ચે આવેલું હતું, જેથી હજરત અલીના લશ્કરને પાણી મળી શક્યું નહીં. શીપાહીઓ ફર્યાદ કરવા લાગ્યા જેથી હજરત અલીએ માવીઆને કહી મોકલ્યું કે અમને નદીમાંથી પાણી લેવાની રજા આપ. અમરૂએ માવીઆને કહ્યું કે જો હજરત અલી આપણી જગ્યાએ હતે તો આપણા લશ્કરને પાણી આપ્યા વગર રહેતે નહીં, માટે આપણે પણ તેના લશ્કરને પાણી લેવા દેવું જોઇએ. મુસલમાનોને તરસથી મરી જતા બચાવવાની આપણી ફરજ છે, પણ માવીઆએ કાંઇ માન્યું નહીં, અને જવાબ વાળ્યો કે તમારી પાસે પાણી ન હોય એ દેખાડે છે કે કુદરત મારી

તરફેણમાં છે અને એ ખુલ્લી રીતે દેખાડે છે કે હું જીત્યા વગર રહીશ નહીં જેથી હું તમારાં લશ્કરને નદીમાંથી પાણી લેવાની રજા આપતો નથી.

આ ઉપરથી હજરત અલીના લશ્કરના બે સરદારોએ રજા માગી કે અમો લડીને પાણી મેળવીશું. હજરત અલીએ તેમને રજા આપી અને તેઓએ એવી સરસ રીતે પોતાનું કામ બજાવ્યું કે હજરત અલીનું લશ્કર ફુરાત નદી અને માવીઆના લશ્કરની વચ્ચે આવી ગયું જેથી હવે માવીઆનાં લશ્કરને પાણી મળી શક્યું નહીં. તેનાં લશ્કરમાં પાણીની તાણ પડી અને કોઇબી પ્રકારે પાણી મળી શક્યું નહીં. અંતે માવીઆને હજરત અલી પાસે એક કાસદ મોકલવાની ફરજ પડી કે અમને નદીમાંથી પાણી લેવા દો. હજરત અલી જેવો સખી અને રહેમદીલ નર મુસલમાનો પાણી વગર તેની આંખો આગળ મરણ પામે એ કદી જોઇ શકે નહીં. હજારો ગરીબને મદદ કરનાર બીમારોનાં બીછાનાંપર જઇ દીલાસા દેનાર બીજાના દુઃખો પોતાના માથા ઉપર ઉપાડી લેનાર આ ચલકતો હીરો પોતાના હમદીન ભાઇઓનું આ દુઃખ દુર કર્યાં વગર રહેજ નહીં. હજરત અલીએ તરતજ માવીઆને કહી મોકલ્યું કે પાણી એ પરમેશ્વરે આપેલી એક ન્યામત છે, જેપર સઘળા મુસલમાનોનો હક એકસરખો છે, માટે જો તમારા માણસ નદીમાંથી પાણી લેવા આવશે તો તેમને કોઇ ઇજા પહોંચાડશે નહીં અને વગર હરકતે જેટલું તેમને પાણી જોઇશે તેટલું લઇ જવા દેવામાં આવશે અને તેમજ થયું.

એક માસ સુધી લડાઇ થઇ નહીં. કાસદો, એક છાવણીમાંથી બીજી છાવણીમાં આવતા જતા કે કોઇબી પ્રકારે સંધી થાય કે મુસલમાનોનું લોહી વગર કારણે રેડાય નહીં અને આ માંહોમાંહે નો ઝગડો સમાધાનીથી પતી જાય પણ કાંઇ સારૂં પરીણામ આ-

વ્યું નહીં. અંતે લડાઇ નાના પાયાપર શરૂ થઇ. ૧૧૦ દીવસમાં ૯૦ નાની નાની લડાઇઓ થઇ. જેમાં માવીઆના ૪૫૦૦૦ અને હજરત અલીના ૨૫૦૦૦ માણસો માર્યાં ગયાં. ત્યાર પછી હજરત અલીએ ૧૨૦૦૦ માણસ લઇ એક સખ્ત હુમલો માવીઆના લશ્કરપર કીધો જેથી તેના લશ્કરની ટુકડીઓ વીખરાઇ ગઇ અને નાસભાગ કરવા માંડી; એટલામાં હજરત અલીની આંખ માવીઆ પર પડી અને તેને જોઇ બોલ્યા કે ઓ માવીઆ, લોકો આવી રીતે કેટલો વખત સુધી પોતાના પ્રાણ ખોશે. આવ આપણે બે જણ એકલા લડીએ અને આપણામાંથી જે જીતે તે સઘળું લઇ લે. હજરત અલી જેવા શુરવીર લડવૈઆ સાથે ઝીપલાવવાની માવીઆએ હીમત કીધી નહીં અને કાંઇ પણ જવાબ આપ્યા વગર ત્યાંથી તે પોતાની છાવણીમાં નાસી ગયો.

"સફીન" આગળ વળી એક યુધ થયું અને તે છેલ્લું હતું. તેમાં હજરત અલીના સરદારોએ માવીયાના લશ્કરને વીખેરી નાંખ્યું. તેમનાં હજારો માણસ માર્યાં ગયાં પણ હવે "અમરૂ"એ એક યુકતી શોધી કાઢી અને જો અમરૂની આ યુકતી ફાવી નહીં ગઇ હતે તો હજરત અલીને સંપૂર્ણ ફતેહ મળતે. જયારે અમરૂએ જોયું કે માવીઆની હાર થવામાં કાંઇ ખોટી નથી ત્યારે તેણે માવીઆને સલાહ આપી કે આપણા લશ્કરનાં થોડાં માણસના ભાલાપર "કુરાને શરીફ"ની નકલો બાંધી તેમને હજરત અલીના લશ્કર પાસે મોકલો અને તેઓ ત્યાં જઇ કહે કે આપણા મતફેર અને વાંધાનો ફેસલો આ કીતાબે કરવો જોઇએ. તમારી અને અમારી વચ્ચે પરમેશ્વરની આ કીતાબ છે.

માવીઆએ અમરૂની એ સલાહ માની. જયારે માવીઆના લશ્કરના સીપાહો આવી રીતે હજરત અલીના લશ્કર પાસે આવ્યા ત્યારે તેઓએ લડવાનું છોડી દઇ ખલીફા અલી પાસે દોડી ગયા

અને કહેવા લાગ્યા કે હવે આપણે લડવું ન જોઇએ. હજરત અલીએ ઘણુંએ સમજાવ્યું કે એ માત્ર આપણને ઠગવાનો ઢોંગ છે માટે આપણે તેમનાથી છેતરાવું ન જોઇએ અને પૂરતી હીમતથી લડવું જોઇએ. પણ તેઓએ હજરત અલીનું કહ્યું માન્યું નહીં, અને તેમની સાથે જો હજરતઅલી સંધી કરવા ના પાડે તો તેમની સાથે લડવા સારૂ ના પાડી. આથી ખલીફાને દીલગીરી સાથે લડાઇ બંધ કરવાની ફરજ પડી અને પ્રપંચી અમરૂ પોતાના પ્રપંચમાં ફાવી ગયો.

ત્યાર પછી હજરત અલીએ માવીઆને પૂછાવ્યું કે તમો "કુરાને શરીફ" લઇને આવ્યા તેની શું નેમ હતી તે સમજાવો. માવીઆએ જવાબ વાળ્યો કે મારા સલાહકારોની એવી ખાહેશ છે કે આપણી વચેના વાંધાનો ફેસલો કરવા બે લવાદને સોંપવું, જેઓ કુરાને શરીફના ખરા ભાવાર્થ અને સુનત પ્રમાણે તેનો ચુકાદો કરશે. હજરત અલીને એ બાબત પસંદ પડી નહીં પણ તેના લશ્કરના આગેવાનોએ ઉપલી શરતો પ્રમાણે લવાદ નેમવાની ફરજ પાડી. હજરત અલી તરફથી અબુમુસાને લવાદ નેમવામાં આવ્યો અને માવીઆએ પોતા તરફથી અમરૂને લવાદ મુકરર કીધો. હજરત અલી અને માવીઆએ તેમને લખી આપ્યું કે તમો જે ફેસલો કરો તે અમને કબુલ છે. લવાદો પોતાનો ચુકાદો આઠ માસ પછી આપનાર હોવાથી હજરતઅલી પોતાના લશ્કર સાથે કુફે અને માવીઆ પોતાના લશ્કર સાથે દમાસકસ પાછા ફર્યા.

માવીઆના લવાદ અમરૂએ હજરતઅલીના લવાદ અબુમુસાને ઠગ્યો. તેણે અબુમુસાને સમજાવ્યું કે હક તો હજરતઅલીનો છે તેમાં કાંઇ શક નથી. પણ માવીઆ ઘણો જોરાવર છે અને તેની પાસે ઘણું લશ્કર છે. જો આપણે હજરતઅલીનો દાવો વાજબી છે એમ ઠરવશું તો માવીઆ સામે થયા વગર રહેશે નહીં, અને

૧૦

લડાઇ પાછી ચાલુ થશે અને મુસલમાનોનું લોહી નાહક રેડાશે; તેનો જવાબ પાક પરવરદેગારની દરગાહમાં આપણને આપવો પડશે. જો આપણે હજરત અલી અને માવીઆ એ બંનેનો દાવો રદ બાતલ કરીએ અને બંનેને ખલાફત પરથી ઉઠાડી મૂકીએ તો લોકો પોતાની મેળે બીજો ખલીફ ચુંટી કહાડશે અને આવી રીતે સઘળી આપદાઓનો અંત વગર મુશ્કેલીએ આવી જશે.

ઉપલી વાતથી અબુમુસા ઠગાયો અને તેણે અમરૂની વાત કબુલી અને હજરતઅલી અને માવીઆ એ બંનેને ખલાફ્તની મસનદ પરથી ઉઠાડી મેલવા એકમત થયા.

"સફીન"ની લડાઇ પછી આઠ માસે "દમાત ઉલ જોનડેલ" નામની જગ્યાએ બંને લવાદો પોતાનો ચુકાદો આપવા હાજર થયા. ઉપલી જગ્યા કુફા શામ અને મકા વચે આવેલી છે. લવાદોનો ચુકાદો સાંભળવા લખો માણુસ એકઠાં થયાં. અમરૂએ અબુમુસાને કહ્યું કે તમો હજરતઅલીના લવાદ છો, માટે તમને માન ઘટે છે જેથી તમારે મારાથી આગળ આગળ ચાલવું અને આપણો ચુકાદો જાહેર કરવા માટે પણ તમારે મમબરપર પહેલાં ચહડવું. અબુમુસાને કાંઇ શક ન હોવાથી તેણે એ વાત પણ કબુલી. લખો માણુસની ઇનતેજારી વચે અબુમુસા મસજીદના મમબરપર ચહડયો અને મોટે અવાજે બોલ્યો કે જેવી રીતે આ અંગુઠી મારી આંગળીપરથી હું કહાડી નાખું છું, તેવીજ રીતે હું હજરતઅલી અને માવીઆને ખલાફ્તપરથી રદ બાતલ કરૂં છું. એટલું બોલી તે મંમબરપરથી નીચે આવ્યો અને પછી અમરૂં મંમબરપર ચહડયો અને બોલ્યો કે તમોએ સાંભળ્યું કે અબુ મુસાએ હજરતઅલીને ખલાફ્તપરથી ઉઠાડી મેલ્યો છે; હું પણ તેને ખલાફતપરથી ઉઠાડી મૂકું છું, અને તે ખલાફત હું માવીઆને આપું છું અને જેવી રીતે આ અંગુઠી હું મારી

આંગળીપર મેલું છું તેવીજ રીતે હું તેને ખલાફતની મસનદ સોંપું છું. આ ચુકાદાથી લોકોમાં ભારે ચરચા થઇ, અબુ મુસાએ તરતજ જાહેર કીધું કે તેને દગવામાં આવ્યો છે, અને ખુના મરકી થતાં સેજમાં અટકી હતી.

આ વખતે વળી ખારજી લોકોએ બળવો ઉઠાવ્યો; પણ હજરત અલીએ તેમને જલદીથી શરણે કીધા. માવીઆનું જોર દીનપર દીન વધવા લાગ્યું. તેણે બસરા તરફ ચહડાઇ મોકલી પણ તેમાં તેની હાર થઇ. બીજું લશ્કર તેણે અરબસ્તાનના "હીજાજ" પ્રાંતમાં મોકલ્યું જેથી તે પ્રાંત માવીઆને તાબે થયો. ત્યાર પછી મકા અને મદીના લઇ તેનું લશ્કર યમનમાં આવી પહોંચ્યું, જે પ્રાંત પણ તેને શરણે ગયો. હજરત અલીએ ૪૦૦૦ સવાર તેના લશ્કરની સામે મોકલ્યા જેથી તેને શામ તરફ પાછા ફરવાની ફરજ પડી.

આપણે ઉપર જોયું કે હજરત અલીએ "સાયદ" નામના માણસને મીસર દેશનો સુબો નેમ્યો હતો. તેનાપર ખલીફાને શક જવાથી તેની જગ્યાએ મરહુમ ખલીફા અબુબકરના છોકરા મહમદને સુબો નેમ્યો. હવે મહમદ મીસર દેશના લોકોના દીલ પોતાના હાથમાં રાખી શકયો નહીં. એ ખબર માવીઆને પડવાથી તેણે અમરૂને મીસર દેશ જીતવા મોકલ્યો. મીસરના લોક અમરૂ સાથે મળી ગયા અને તેમની મદદથી અમરૂએ મહમદને હરાવી મીશર દેશ પોતાના કબજામાં લીધો અને અમરૂએ ત્યાં માવીઆને મુસલમાનોના ખલીફા તરીકે જાહેર કીધો. મહમદ બીન અબુબકર કેદ પકડાયો, જેને અમરૂએ મારી નાંખ્યો, અને તેની લાશને એક ગધેડાના ચામડાંમાં લપેટી બાળી નાંખી. પોતાના ભાઇ મહમદના આવા ખેદકારક મરણથી બીબી આઇસાંને ઘણું લાગી આવ્યું અને દરરોજ નમાજ ભણ્યા પછી તેણી ગુહણમંડીએ

પડતી અને પરમેશ્વર પાસે દુવા માંગતી કે પરમેશ્વરની લાનત માવીઆ અને અમરૂપર હમેશાં હોજો. આવી રીતે મીસર દેશ પણ હજરતઅલીના હાથમાંથી જતો રહ્યો.

ત્રણ ખારજી લોક મકામાં બેઠા બેઠા વાતો કરતા હતા. તેઓ રાજ્યદ્વારી મામલા વિષે વાતો કરવા લાગ્યા અને મુસલમાનોની માંહોમાંહેની લડાઇઓ વીશે ખેદ કરવા લાગ્યા. તેમાંથી એક જણ બોલ્યો કે સઘળા ફીસાદના મુખ્ય કારણ હજરતઅલી માવીઆ અને અમરૂ છે. જો એ ત્રણ જણ મરી જાય તો સઘળો ફીસાદ મટી જાય અને મુસલમાનોની માંહોમાંહેની લડાઇઓ બંધ થાય અને એકસંપી થવાથી મુસલમાનોની ચહડતીના બી રોપાય. એક જણ બોલી ઉઠયો કે હું હજરતઅલીનો પ્રાણ લેવા તૈયાર છું, બીજાએ કહ્યું કે હું માવીઆનો ઘાણ કહાડીશ, અને ત્રીજાએ કબુલ્યું કે હું અમરૂને ઠેકાણે પાડીશ. તેઓએ પોતાની નેમ પૂરી પાડવા માટે શુક્રવાર તા૦ ૧૭ મી રમજાનનો દીવસ મુકરર કીધો. પછી પોતાની તલવારોને ઝેહેર પાઇ એક કુફા બીજો દમાસકસ અને ત્રીજો મીસર તરફ રવાના થયા. તેઓએ એમ ઠેરાવ્યું હતું કે જયારે ઉપલે દીવસે હજરતઅલી કુફાની મસજીદમાં અને માવીઆ દમાસકસની મસજીદમાં અને અમરૂ મીશરની મસજીદમાં નમાજ ભણાવવા આવે તે વખતે તેમની ઉપર ઝેહેર પાયલી તલવારો વડે હુમલા કરી એ ત્રણેને એકી વખતે જુદે જુદે ઠેકાણે ઠાર કરવા. ત્રણે જણ તા૦ ૧૭ મી રમજાનની અગાઉ પોતપોતાને નેમેલે ઠેકાણે આવી પહોંચ્યા, અને પોતાની નેમ પૂરી પાડવામાં કોઇબી રીતે પછાત પડયા નહીં

હવે નેમેલે દીવસે અમરૂને સરદી થઇ આવી તેથી તે દહાડે તે મસજીદમાં નમાજ ભણાવવા જઇ શકયો નહીં, તેથી તેણે પોતાને બદલે “ કરીજા ” નામના એક કાજીને મસજીદમાં નમાજ

ભણાવવા મોકલ્યો. તે ખારજી એમ સમજ્યો કે એજ અમરૂ છે અને એમ જાણી પેલા કાજીનો પ્રાણ લીધો; આવી રીતે અમરૂ તો સહીસલામત બચી ગયો.

જે ખારજી દમાસકસમાં માવીઆનો પ્રાણ લેવા ગયો હતો તેણે માવીઆપર હુમલો કીધો. તેને જખમ પણ થયો પણ તે જખમ કારી નીવડયો નહીં. જેથી થોડા દીવસનું બીછાનું સેવી તે જીવવા પામ્યો. માવીઆને જખમ થયા પછી તેની સારવાર માટે હકીમને બોલાવવામાં આવ્યો. તેણે જખમ તપાસી કહ્યું કે જો એનો જીવ બચાવવો હોય તો માત્ર બેજ ઇલાજ છે. એક તો એનાપર વહાડકાપ કરવી, બીજું તેને એવી દવા ખવાડવી પડશે કે જેથી તેનો પ્રાણ તો બચશે પણ તે નામર્દ થઇ જશે અને ત્યાર પછી તેને કાંઇ બચ્ચાં થશે નહીં. માવીઆએ બીજો ઇલાજ પસંદ કીધો, જેથી તે જીવવા પામ્યો, પણ તયાર પછી તેને બીલકુલ બચ્ચાં થયાં નહીં. તેનાપર હુમલો કરનારને તરતજ પકડવામાં આવ્યો અને તેના હાથ અને પગ કાપી નાખવાની તેને સજા થઇ. પણ તેના હાથ અને પગ કાપી નાંખવાથી તે મરણ પામ્યો નહીં, જેથી એક દીવસે માવીઆના એક સગાએ કહ્યું કે જે માણસે માવીઆને વધુ બચ્ચાં થતાં અટકાવ્યો હોય તેને પોતાને બચ્ચાં થાય એ વાજબી નથી, જેથી તેણે તેની ગરદન કાપી તેનો પ્રાણ લીધો.

ત્રીજો ખારજી કે જેનું નામ અબદુલ રેહમાન હતું તે પોતાની નેમમાં પાર પડયો. કુફામાં આવી પહોંચતાં તેણે એક સ્ત્રીના ઘરમાં ઉતારો લીધો. એ સ્ત્રીના ઘણા સગા હજરત અલીની સામે લડવાથી લડાઇઓમાં માર્યા ગયા હતા, જેથી તે સ્ત્રી હજરત અલી પાસેથી કીનો લેવા મથી રહી હતી. આ સ્ત્રી જરા સોહામણી હોવાથી અબદુલ રેહમાન તેની સાથે પ્યારમાં પડયો, અને પોતાની

સાથે લગ્ન કરવા તે સ્ત્રીને જણાવ્યું. તેણે જવાબ આપ્યો કે મારી મેહેર ઘણી ભારી છે જે તારાથી આપી શકાશે નહીં. તેણે પૂછ્યું કે તારી મેહેર શું છે? તેણે જવાબ આપ્યો કે મારી મેહેર ૩૦૦૦ રૂપાના દરમ, એક ગુલામ, એક ગુલામડી અને હજરત અલીનું માથું છે. તે બોલ્યો તારી આ શરતો મને કબુલ છે; કારણ કે હજરત અલીનો પ્રાણ લેવાની નેમથી તો હું કુફામાં આવ્યો છું. આ સાંભળી તે ઘણી ખુશ થઇ અને અબ્દુલ રેહમાન પોતાની નેમમાં સંપૂર્ણ રીતે ફાવે તે માટે દરવાન અને સેથ નામના બીજા બે જણ મદદ માટે તેની સાથે આપ્યા.

હજરત અલીના ખુન થવા અગાઉ રમજાન મહિનામાં તેણે પોતાના મોતની વારંવાર આગાહી આપી હતી. તેણે પોતાના સગાઓને આડકતરી રીતે ચેતવણી આપી હતી કે હવે હું થોડા દહાડાનો મહેમાન છું. શુક્રવાર તા૦ ૧૭ મી રમજાનની સવારના રાબેતા પ્રમાણે હજરત અલી મસજીદમાં નમાજ ભણવા ગયા. ત્રણે ખુનીઓ ત્યાં આગળથીજ આવ્યા હતા. મસજીદમાં આવી ખલીફા નમાજ ભણવામાં મશગુલ થયા. ખુનીઓ જાણે પોતપોતામાં કજીયો કરતા હોય તેમ મોટે મોટે બોલવા લાગ્યા અને પછી તલવાર ખેંચી દરવાને હજરત અલીપર વાર કીધો. પણ તે તલવાર હજરત અલીને વાગી નહીં. કારણ કે તે તો મસજીદના મેહરાબ સાથે અથડી. એટલામાં અબ્દુલ રહેમાને હજરત અલીના માથાંપર પોતાની તલવાર વડે એક કારી જખમ કીધો; અને ત્યાર પછી તેઓ ત્યાંથી નાઠા. એક માણસે દરવાનને હાથમાં નાગી તલવાર લઇ નાસતાં દીઠો; તેથી તેની ખાતરી થઇ કે એજ ખલીફનો ખુની છે જેથી દરવાનનો તેણે પ્રાણ લીધો. સેથ એવો નાઠો કે તેનો પતો બીલકુલ હાથ લાગ્યો નહીં. અબ્દુલ રહેમાનને જીવતો પકડી હજરત અલીની હજુરમાં લઇ આવ્યા. હજરત અલીએ પોતાના છોકરા ઇમામ

હસનને ફરમાવ્યું કે જો હું આ જખમની અસરથી મરણ પામું તો મારા ખુનીને એકી ઘાએ મારી નાંખજો, એના હાથપગ કાપી એને રીબાવી રીબાવી મારતા નહીં, અને તેજ પ્રમાણે ઇમામ હસને તેને સજા કીધી. વળી બીજાઓ લખે છે કે પહેલાં તેનો એક હાથ કાપવામાં આવ્યો, પછી બીજી બાજુનો એક પગ, ત્યાર પછી લોઢું ગરમ કરી તેની આંખો ફોડવામાં આવી અને ત્યાર પછી તેની જીભ કાપી તેને બાળી નાંખવામાં આવ્યો.

હજરત અલી તા૦ ૨૧ મી રમજાનને દીવસે આ ફાની દુન્યા છોડી ગયા હતા. તેની ઉમર કેટલા વરસની હતી તે નકી જણાએલું નથી. કોઇ કહે છે કે તે ૫૯ વરસના હતા, જ્યારે બીજા ૬૦, ૬૩ અને ૬૬ વરસ સુધી લઇ જાય છે. તેણે ચાર વરસ અને નવ મહિના સુધી ખલાફત ભોગવી હતી. હજરત અલીને કઇ જગ્યાએ દફનાવવામાં આવ્યા છે તે પણ નકી જણાએલું નથી. કેટલાક કહે છે કે ઇમામ હશન તેની લાશને મદીને લઇ ગયા હતા જ્યાં તેની ધણીઆણી બીબી ફાતમાની બાજુમાં હજરત અલીને દફનાવવામાં આવ્યા છે પણ ઘણા લોકનું કહેવું છે કે હજરત અલીને કુફાના "નજફ" શેહેરમાં ભુમીદા કરવામાં આવ્યા છે. હી૦ સ૦ ૩૬૭ ની સાલમાં અબુદોઉલતે હજરત અલીની કબરપર એક કીમતી ગુંબદ બંધાવ્યું હતું જ્યાં હજારો શીઆ જાત્રાળુ દર સાલ તેની કબરપર ફાતેહા ભણવા જાય છે.

હજરત અલી લાલ ચેહેરો, મોટી આંખો, મોટું પેટ, વાળ વગરનું માથું અને લાંબી દહાડી ધરાવતા હતા. તેની છાતીપર બાલ ઘણા હતા અને કદ જરા ટુંકું હતું. હજરત અલી સારો દેખાવ, મળતાવડો સ્વભાવ અને હસતો મુખડો ધરાવતા હતા.

હજરત અલીના અનેક લકબ હતા. તેને "વસી" તેમજ "મુરતજા" ના નામોથી લોકો ઓળખે છે. વળી "અબદલા ઉલ ગાલીબ"

"હઇદર," "શાહે મરદા," "શીરે અલા"અને "ફઇજે અનવરી" ના નામોથી હજરત અલી જણાએલા છે. એને નવ સ્ત્રીઓ, ૧૪ છોકરા અને ૧૮ છોકરીઓ હતી.

(૧) એની પહેલી મોહરદાર પેગમ્બરની માનીતી છોકરી બીબી ફાતમાં હતી, જેની હૈયાતીમાં એણે બીજી સ્ત્રી કીધી નહોતી, જેને પેટે ત્રણ પુત્ર થયા હતા. ૧–હસન, ૨–હુસેન, ૩–મોહેસન જે પોતાની બચગીમાં મરણ પામ્યો હતો.

(૨) એની બીજી સ્ત્રીનું નામ "ઉમઉલ નબીઇન" હતું જેને પેટે ચાર છોકરા થયા હતા. ૧–અબદલા, ૨–ઉસમાન, ૩–અબાસ, ૪–જાસર, જે સઘળા કરબલાની લડાઇમાં ઇમામ હુસેનની સાથે શહીદ થયા હતા.

(૩) એની ત્રીજી સ્ત્રીનું નામ "અસીમા" હતું જેને પેટે બે છોકરા થયા હતા. ૧–જહીઆ, ૨–અઉન.

(૪) એની ચોથી સ્ત્રીનું નામ "ઉમ હબીબાહ" હતું. જેને પેટે એક છોકરો થયો, જેનું નામ ઉમર હતું.

(૫) એની પાંચમી સ્ત્રીનું નામ "કોલાહ" હતું, જેને પેટે મહમદ હનીફનો જન્મ થયો હતો.

એની બાકીની ચાર સ્ત્રીઓના નામ મળી શકયા નથી; જેને પેટે ત્રણ છોકરા થયા હતા. જેમાંના એકનું નામ મળી શકતું નથી; બાકીના બે છોકરાનાં નામ મહમદ અને અમરૂ હતા. એ ઉપરાંત બીજી ૧૮ છોકરીઓ હતી, જેમનાં નામ આપવાની જરૂર નથી.

જેમ હજરત અલીએ એક લડવૈયા તરીકે પોતાનું નામ કહાડયું હતું તેમ સખાવતમાં પણ કોઇથી તે ઉતરતા ન હતા. પેગંમ્બરની હૈયાતીના વખતમાં એણે પેગંમ્બરના સીપેહસાલારની પદવી ભોગવી હતી. અને એકલે હાથે લડવામાં એણે કદી હાર ખાધી

નહોતી. "ખઇબર" નો કિલ્લો જીતવામાં એણે જે બહાદુરી, શુર-વીરપણું અને ચપળતા દેખાડી હતી તે જગત આશકારા છે, અને હજરત અલી સર્વથી શ્રેષ્ટ સીપાહ બચો હતો એ તો તેના કટા દુસ્મનોથી પણ ના પાડી શકાવાનું નથી. ગરીબોની દાજ હૈડે ધરનાર એના જેવો કોઇ જવલેજ મળી આવશે. પોતાની મહેનતથી મેળવેલું અન જે વગર પોતાને ફાંકા કહાડવા પડશે એવી પૂર્ણ ખાતરી છતાં ખરા લાચારને તે આપી દેતાં તે સેજ પણ આંચકી ખાતા નહિં. તંગીમાં આવી ગએલાં કુટુંબને બનતી મદદ આપ-વામાં કદી પછાત પડતા નહિં. એબાદત કરવામાં એણે કદી કમર મરડી નહતી. આખી આખી રાત એબાદતમાં રોકાવાના અને ભર લડાઇમાં ઘોડાપર નમાજ ભણવાના હજરત અલીના દાખલા તવા-રિખમાં નોંધાઇ ચુકયા છે.

વિદ્યા હુનરમાં પણ હજરત અલી કાંઇ પછાત નહતા. પેગમ્બર હમેશાં તેની તરફ માનની નજરથી જોતા. પેગંમ્બરે એક વખતે કહ્યું હતું કે, અલી મારા માટે છે અને હું અલીને માટે છું. એની અને મારી વચે તે સંબંધ છે કે જે હારૂન અને મુસા વચે હતો. વળી તેણે બીજી એક વખત કહ્યું હતું કે હું જ્ઞાન (ઇલ્મ) નો શેહેર છું અને અલી તેનો દરવાજો છે. પોતાની વિદ્યાના જોરે તેણે કેટલીક ચોપડીઓ લખી હતી જેમાં "મોલાના કલામ" અથવા તો હજરત અલીની કહેવતો મશહુર છે.

પ્રકરણ ૨૦ મું.

---

૨. ખલીફા હસન ઇબને અલી હીં૦ સ૦ ૪૦—૪૧

જેવી લોકોને ખબર પડી કે હજરત અલી આ ફાની દુન્યા છોડી પોતાના કીરતારની દરગાહમાં કુચ કરી ગયા છે કે તરતજ

લોકો કુફાની મસજીદમાં એકઠા થયા અને હવે હજરત અલી પછી તેની ખલાફતની ગાદી પર કોને બેસાડવો તે વિષે વિચાર કરી ફેસલો કરવામાં સેજ વાદવિવાદ થયો. આ વખતે કાંઇ ઝાઝી ગડબડ થઇ નહીં, અને થોડા વખતમાં હજરત અલીના વડા બેટા અને પેગંમ્બરના દોત્રા ઇમામ હસનને ખલાફતની મસનદ પર બેસાડવાનું નકી કીધું અને એ ઠેરાવની રૂએ ઇમામ હસનને મસજીદમાં બોલાવી તેના હાથના ચુમન કરી તેને ઇસલામના ખલીફા તરીકેની સરદારી સોંપી.

આ વખતે માવીઆ ઘણો બળવાન થયો હતો કારણ કે શામના પ્રાંત ઉપરાંત મીસર દેશ અને 'બએત ઉલ મુકદસ' પણ તેને તાબે થયાં હતાં. ખલીફા હસનના સલાહકારોએ તેને સલાહ આપી કે તમારે એક મોટું લશ્કર એકઠું કરી માવીઆ સામે લડવા જવું અને તેને ઠેકાણે પાડવો; કારણ કે ઇસલામના બે ખલીફા એકી વખતે થઇ શકે નહીં, અને માવીઆ બળવાખોર ગણાવો જોઇએ અને બળવાખોરને દાબી દેવાની ઇસલામના ખરા ખલીફાની ફરજ છે. વળી માવીઆ દીનપર દીન વધુ બળવાન થતો જાય છે અને થોડા વખતમાં તે કુફે આવી આપને પજવશે. ખલીફા હસનને એ સલાહ પસંદ પડી નહીં, કારણ કે તે એક વિદ્વાન માણસ હોવાથી લડાઇને ધિકારતા હતા અને એકમારગીપણું અને શાંતીમાં અને વિદ્યા અને ફીલસુફીના વાદવિવાદોમાં પોતાનો વખત ગાળવાનું પસંદ કરતા હતા. માંહોમાંહેની લડાઇઓમાં મુસલમાનોનું લોહી નાહક રેડાય એ જોઇ તેનું દીલ ઘણું દુખાતું હતું. દુન્યાના કાવાદાવા અને લડાઇની હાડમારી એમના સ્વભાવને સેજ પણ માફક આવતાં નહીં. પોતાનો વખત આવા જગડાઓમાં ગુમાવવા કરતાં સખાવતના કામોમાં અને ઉંચી ઉંચી કીસમની ચોપડીઓ વાંચવામાં ગુજારવાનું વધુ પસંદ કરતા. પોતાના સલાહકારોની

સલાહ પસંદ ન પડવા છતાં ખલીફાને તે પ્રમાણે અમલ કરવાની ફરજ પડી, કારણ કે માવીઆ એક મોટું લશ્કર લઇ કુફા ભણી આવે છે એવી ખબર ખલીફા હસનને મળી. "કેસ" નામના સરદારને ૧૨૦૦૦ માણસનું લશ્કર આપી ખલીફાએ તેને માવીઆ સામે મોકલ્યો અને તેની પાછળ ખલીફા હસન પોતે પણ ૪,૦૦૦૦ માણસના લશ્કર સાથે રવાના થયા. જયારે ખલીફા મદાયનમાં આવી પહોંચ્યા ત્યારે તેના લશ્કરમાં નજીવા કારણસર જગડા થયા અને તે મામલો એટલે સુધી વધી પડયો કે ખલીફાને પોતાને બે ત્રણ વાર અપમાન સહન કરવાં પડયાં. ખલીફા હસને જોઇ લીધું કે મારા લશ્કરમાં સંપ ન હોવાથી માવીઆના લશ્કરની સામે ટકવું મુશ્કેલ છે અને જો લડશું તો આપણી હાર થયા વગર રેહેશે નહીં; માટે માવીઆ સાથે સંધી કરી લેવી જોઇએ. તેના નાના ભાઇ ઇમાન હુસેને માવીઆ સાથે સંધી કરવા સામે વાંધો ઉઠાવ્યો પણ ખલીફાએ કોઇની વાત માની નહીં, અને માવીઆ સાથે સંધી કીધી જેની મુખ્ય શરતો નીચે પ્રમાણે હતીઃ—

(૧) માવીઆએ પોતાના મરણ સુધી ઇમામ હસન વતી ખલાફત ભોગવવી અને તેટલા માટે ઇમામ હસને ખલાફતને રાજી ખુશીથી છોડી દેવી અને પોતે પોતાના કુટુંબ સાથે મદીને જઇ રહેવું અને ત્યાં કોઇબી જાતના બખેડા કરવા નહીં, અને માવીઆને વગર હરકતે રાજ્ય ચલાવવા દેવું.

(૨) કુફાની તીજોરીમાં જેટલા પઇસા હોય તેટલા ઇમામ હસનને આપી દેવા અને માવીઆનું તેના પર કાંઇ લાગે વળગે નહીં. પણ આ શરત કુફાના લોકોએ પાળી નહીં, અને કહ્યું કે એ પઇસા અમારા છે. તેના પર માવીઆનું કાંઇ લાગતુંવળગતું નથી કે જે તે ઇમામ હસનને આપી દે.

(૩) માવીઆએ ઇમામ હસનને એક મોટી રકમનું સાલીયાણું આપવું.

(૪) માવીયાના મરણ પછી ખલાફત ઇમામ હસનના કુટુંબને મળે; એટલે ઇમામ હસન પોતે જીવતા હોય તો તેને મળે, નહીં તો તેના વારસોને મળે. પણ માવીયાના કુટુંબનું રાજ્ય પર કાંઇ લાગેવળગે નહીં. આ શરત માવીયાએ પાળી નહીં, કારણ કે જેવો તે ખલાફત પર મજબુત થયો કે તેણે પોતાના છોકરા યજીદને પોતાનો વારસ નેમ્યો અને તેના મરણ પછી યજીદે ઇમામ હુસેનને ખલીફા થવા દીધા નહીં.

(૫) માવીયાએ ઇમામ હસનની હજુરમાં હજરત અલી વિષે ભુડું બોલવું નહીં. આ શરત પણ તેણે પાળી નહીં.

આ સંધી થયા પછી ઇમામ હસન અને માવીઆ સાથે કુફામાં દાખલ થયા, જ્યાં અમરૂની ભલામણથી માવીઆએ ઇમામ હસનને મજીદના મમ્બર પર ચહડી પોતે ખલાફત છોડી દેવા વિષેનો એકરાર કરવા જણાવ્યું. ઇમામ હસને તે પ્રમાણે એકરાર કીધો અને પછી કુફા છોડી મદીને જવા તૈયાર થયા. જતાં જતાં તેણે કુફાના લોકોને કહ્યું કે તમોએ મારા પીતા હજરત અલીનું ખુન કીધું છે અને મને પોતાને અપમાન કીધું છે અને મારો માલ લૂટી લીધો છે જેથી તમારાથી નાખુશ થઇ તમારૂં શેહેર છોડી જાઉં છું. ત્યાર પછી કુફા શેહેર છોડી પોતાના કુટુંબ સાથે ઇમામ હસન મદીને આવી રહ્યા.

કુફાના લોકો જોકે દગલબાજ, કપટી અને ભરોશો ન રાખી શકાય એવા હતા તોપણ તેઓ ઇમામ હસન અને હજરત અલીના કુંટુંબના આવી રીતે ચાલ્યા જવાથી ઘણા દીલગીર થયા; અને હજારો માણસ તેમના રવાના થતી વખતે તેમની પાસે આવી રડવા લાગ્યા. વળી જ્યારે ઇમામ હસને કુફાની મસજીદપર ખલાફત છોડી દેવાનો

એકરાર કીધો ત્યારે એકપણ કુફી મસજીદમાં એવો ન હતો કે જે મોટે સાદે હુસકે હુસકે રોયો ન હોય. કેટલાક માણસો વળી થોડે સુધી તેમને મુકવા પણ આવ્યાં હતાં. આવા વીચિત્ર લોક કુફાના રેહેવાસી હતાં.

ઇમામ હસને મદીને જઇ પોતાની જીંદગીના બાકીનાં નવ વરસ શાંતીમાં ગુજાર્યાં. માવીઆ તરફથી જે ઇમામને સાલીયાણું મળતું હતું તે સઘળું તે સખાવતના કામમાં ખરચતા હતા. પોતાની જીંદગીમાં ઇમામ હસન બેવાર "સરબંદી" થયા હતા. "સરબંદી" થવું એટલે પોતાની પુંજીની પઇએ પઇ પોતાના આંગપરનાં પહેરવાનાં ત્રણ કપડાં સિવાય ધર્મના કામમાં આપી દેવી. એ ઉપરાંત ત્રણ જુદે જુદે વખતે પોતાની અર્ધી પુંજી ગરીબોમાં ઇમામે વહેંચી આપી હતી. ઇમામ હસનની મોહોરપર નીચલું લેખ કોતરેલું હતું:—"એક પરમેશ્વર સિવાય બીજો કોઇ નથી અને તેજ ખરો અને જાહેર બાદશાહ છે". સખી હોવા ઉપરાંત ઇમામ હસન વિદ્યામાં એકા હતા અને ચોપડીઓ વાંચવાનો તેને ઘણો શોખ હતો. વિદ્વાન માણસોની સોબતમાં પોતાનો ફાજલ વખત ગુજારવાની તેને ટેવ હતી.

જ્યારે ઇમામ હસન મદીનામાં હતા ત્યારે ખારજી લોકોએ માવીઆના રાજ્યથી નાખુશ થઇ તેની સામે બળવો ઉઠાવ્યો અને ઇમામ હસનને એક કાગળ લખ્યો કે અમો માવીઆથી ઘણા નાખુશ છીએ અને અમને એનું રાજ્ય પસંદ પડતું નથી; માટે તમો અમારી સાથે શામેલ થઇ અમારા લશ્કરની સરદારી લઇ માવીઆ સામે લડી તમારૂં રાજ્ય તમો પાછું મેળવો. ઇમામે તેના જવાબમાં લખ્યું કે મુસલમાનોની સામે લડવું એ મારૂં કામ નથી. હું રાજ્યદ્વારી ખટપટોથી દુર રેહવા ઇચ્છું છું જેથી તમારા લશ્કરની સરદારી લેવા ના પાડું છું; પણ જો રાજ્ય સંબંધી ખટપટોમાં

ભાગ લેતો હોઉં અને રાજ્ય મેળવવાની મારી મતલબ હોય તોપણ હું તમારા લશ્કરની સરદારી લઉં નહિં અને તમારી તરફેણમાં લડું નહિં. ઉલટો તમારી વિરૂધ લડી તમને હરાવવાની તજવીજ કરૂં. વાંચનારને યાદ હશે કે હજરત અલીનું ખુન કરનાર એક ખારજી હતો અને તેનાં કુટુંબને સતાવનાર પણ કુફાના ખારજી લોક હતાં.

પોતાની ગાદી પર પગભર થયા પછી માવીઆએ વિચાર્યું કે મારા મોતની અગાઉ ઇમામ હસન મરણ નહિં પામશે, તો વખતે મારા છોકરા યજીદને મારી ગાદી મળી શકશે નહિં. કારણકે તેની અને ઇમામ હસનની વચ્ચે જે કોલકરાર થયા હતા તેમાં ખુલે ખુલું લખેલું હતું કે માવીઆએ પોતાના મરણ સુધી ઇમામ હસનના તરફથી ખલાફત ભોગવવી અને તેના મરણ પછી ખલાફત ઇમામ હસન અથવા તેના કુટુંબના વડીલને મળે. માવીઓ ઇચ્છતો હતો કે તેનો છોકરો યજીદ તેનો વારસ થાય અને ઇમામ હસન અથવા તેના કુટુંબને કાંઇ મળે નહિં. તેથી તેણે ઇમામ હસનનું કાટલું કહાડી નાખવાની યુકતી રચી. ઇમામ હસનની એક સ્ત્રી હતી જેનું નામ "જએદા" હતું અને જે "અશાસ" નામના શખશની છોકરી હતી. માવીઆએ તેને સંદેસો મોકલ્યો કે જો તું તારા પતી ઇમામ હસનને ઝેર પાઇ મારી નાંખશે તો હું તને એક લાખ દીરમનું ઇનામ આપ્યા ઉપરાંત મારા છોકરા યજીદ સાથે તારાં લગ્ન કરી આપીશ. "જએદા" ઉપલી શરતોથી લલચાઇ અને આ જબુન કામ માથે લઇ પાર ઉતારવા કબુલ્યું. માવીઆએ ઝેરની સીસી તેના પર મોકલી આપી.

ઇમામ હસને એક દહાડે અપવાસ પાળ્યો હતો. ગરમીના દીવસ હોવાથી અપવાસ પૂરો કરતી વખતે તેને ઘણી તરસ લાગી જેથી તેણે પોતાની સ્ત્રી "જએદા"ને દૂધનું એક પ્યાલું લઇ

આવવા કહ્યું. આ પાપી સ્ત્રીએ આ તકનો લાભ લઇ દુધમાં ઝેહેર નાંખીને ઇમામને પાયું જેની અસરથી ત્રણ દીવસનું બીછાનું સેવી ઇમામ હસન મરણ પામ્યા. વળી બીજાઓ લખે છે કે તે પાપી સ્ત્રીએ બીજી રીતે પોતાનું નીચ કામ બજાવ્યું હતું. ઇમામને દરરોજ નાહવાની ટેવ હતી અને જેવા ઇમામ નાહી રહે કે તેની સ્ત્રી "જએદા" તેનું શરીર એક ટુવાલ વડે સાફ કરતી. તેણે ટુવાલમાં ઝેહેર ભર્યું અને તે ઝેહેરવાળો ટુવાલ ઇમામના શરીરપર છ દહાડા સુધી લગાડવાથી ઝેહેર તેના શરીરમાં પેવશ થયું, અને તેની અસરથી ઇમામ હસન અંતે આ ફાની દુન્યા છોડી ગયા.

જયારે આ ખબર બહાર આવી કે ઇમામ હસનને ઝેહેર આપવામાં આવ્યું છે ત્યારે તેનો નાનો ભાઇ ઇમામ હુસેન તેની પાસે ગયો અને પૂછ્યું કે તમને ઝેહેર આપવા વિષે કોની પર શક છે? ઇમામ હસને પૂછ્યું કે તમે એ સવાલ શા માટે પુછો છો? શું તમને કીનો લેવાનો વિચાર છે? હુસેને જવાબ આપ્યો કે હા. ઇમામ હસને જવાબ આપ્યો કે ત્યારે હું કદી કહીશ નહીં. અને તમારે મારા ખુનનું વેર લેવું નહીં. મારો અને મને ઝેહેર આપનારનો ઇનસાફ પરમેશ્વર પાસે થશે! એમાં તમારે વચ્ચે પડવાનું કાંઇ :કામ નથી.

ત્યાર પછી તેણે વસીયત કીધી કે મારી લાશને મારા નાના બાપ પેગંમ્બરની કબરની બાજુમાં દફનાવજો. ઇમામને બીક હતી કે રખેને પેગંમ્બરની વિધવા બીબી આઇસાં એ કામની સામે થાય તેથી તેણે બીબી આઇસાં પાસે એક કાસદ મોકલ્યો અને તેને પોતાની હાલત વિષે ખબર આપી પેગંમ્બરની કબરની પડોશમાં પોતાની લાશને દફનાવવાની પરવાનગી માગી. બીબી આઇસાંએ તરતજ પરવાનગી આપી.

જ્યારે ઇમામ હસન મરણ પામ્યા ત્યારે તેના ભાઇ ઇમામ હુસેને તેની લાશને ગુસલ આપી કફન પહેરાવી તેના જનાજાને પેગંમ્બરની કબર પાસે દફનાવવા માટે લઇ ગયા. પણ બની ઉમૈયા તેની સામે થયા અને કહ્યું કે ઇમામ હસનની લાશને ત્યાં દફનાવવા દેશું નહીં. તેઓમાંથી એક બીબી આઇસાં પાસે દોડયો અને આડુંઅવળું સમજાવ્યું કે જો ઇમામ હસનની લાશને ત્યાં દફનાવવામાં આવશે તો તમારા બાપ અબુબકર અને હજરત ઉમર કે જેને પેગંમબરની પડોશમાં દફનાવવામાં આવ્યા છે તેમની કબરોને પુરતું માન મળશે નહીં. બીબી આઇસાં આવી નાપાયદાર તાલ તલાવટની વાતોથી ભોળાઇ અને પૂછયું કે ત્યારે હવે કરવું કેમ? તેણે જવાબ આપ્યો કે તમે મારા ઉંટ પર સવાર થાઓ અને પેગંમ્બરની કબર પાસે ચાલો અને ત્યાં આવીને કહો કે ઇમામ હસનની લાશને ત્યાં દફનાવવાની પરવાનગી નથી. એ ઉપરથી બીબી આઇસાં ઉંટ પર સવાર થઇ અને ત્યાં આવી પહોંચી અને ઇમામ હુસેનને જણાવ્યું કે આ મારૂં મકાન છે. અને એ મકાનમાં તમારા ભાઇ ઇમામ હસનની લાશને દફનાવવા દેવામાં આવશે નહીં. ઇમામ હુસેને સભ્યતાથી જવાબ આપ્યો કે હજરાત અબુબકર અને ઉમરને અહીં દફનાવવામાં આવ્યા છે કે જેમની સાથે પેગંમ્બરને કોઇ બી પ્રકારે લોહીનું સગપણ ન હતું; ઇમામ હસન તેની છોકરીનો છોકરો છે, અને વળી તમોએ એકવાર પરવાનગી આપી છે માટે અમો એની લાશને અહીં દફનાવશું. વાંધો વધી પડયો. બીબી આઇસાંએ કાંઇ માન્યું નહીં, અને અંતે ઇમામ હસનની લાશને મદીના શેહેરના સાધારણ કબ્રસ્તાનમાં દફનાવવાની ફરજ પડી.

માવીઆએ જ્યારે ઇમામ હસનના મોતની ખબર સાંભળી ત્યારે તે ઘણો ખુશ થયો અને પરમેશ્વરનાં શુકરાના કરવા લાગ્યો.

કે તેનો એક દુસ્મન ઓછો થયો છે. ઇમામ હસનની પાપી સ્ત્રી પર તે ઘણો નવાજયો અને એક સારી રકમનું ઇનામ તેને આપ્યું; પણ તેણે તેના છોકરા યજીદ સાથે તેનાં લગ્ન કીધાં નહીં. કારણ કે યજીદ એવો ભોળો ન હતો કે એક ખુની સ્ત્રી સાથે પોતાનાં લગ્ન કરે જેથી એ દુષ્ટ સ્ત્રીને પોતાની બાકીની જીંદગી એક વિધવા તરીકે ગુજારવી પડી.

સોમવાર તા૦ ૧૫ મી રમજાન હી૦ સ૦ ૩ માં ઇમામ હસનનો જન્મ મદીના શેહેરમાં થયો હતો. ૩૭ વરસની ઉમરે એને ખલાફત મળી જે તેણે છ માસવેર ભોગવી અને ત્યાર પછી માવીઆની તરફેણમાં છોડવી પડી; અને પોતાની જીંદગીના બાકીના નવ વરસ તેણે મદીના શેહેરમાં ગુજાર્યાં. હી૦ સ૦ ૪૯ માં મદીના શેહેરમાં ૪૭ વરસની ઉમરે ઇમામ મરણ પામ્યા કે જ્યાંની કબરસ્તાનમાં તેને દફનાવવામાં આવ્યા છે.

એવું કહેવામાં આવે છે કે ઇમામ હસને બધી મળી ૨૫૦ સ્ત્રીઓ સાથે લગ્ન કીધાં હતાં; વળી બીજાઓ કહે છે કે તેમની સ્ત્રીઓની સંખ્યા ૩૦૦ ની હતી. તેમને એકી વખતે ચાર સ્ત્રીઓ કરતાં વધુ ન હતી. તેમને ૨૦ બચ્ચાં થયાં હતાં, જેમાં ૧૫ છોકરા અને ૫ છોકરીઓ હતી. તેમનો ચેહેરો સોહામણો હતો અને તે દેખાવે ઘણાખરા પેગંમ્બરને મળતા આવતા હતા.

પ્રકરણ ૨૧ મું.

(૩) ઇમામ હુસેન ઈબને અલી.

ભેસ્પતવાર તા૦ ૩ જી શાબાન હી૦ સ૦ ૪ માં મદીના શેહેરમાં ઇમામ હુસેનનો જન્મ થયો હતો, જેથી ઇમામ હસનના મરણની વખતે તેની ઉમર ૪૫ વરસની હતી. ઇમામ હસને

પોતાના નાના ભાઇ હુસેનને પોતાનો વસી નેમ્યો હતો. જેથી હવે હજરત અલીના કુટુંબમાં સરવેથી મોટા એજ હતા. ઇમામ હસનના મરણ પછી માવીઆ ૧૧ વર્ષ સુધી જીવતા પામ્યો, જે અરસામાં ઇમામ હુસેન પોતાના કુટુંબ સાથે મદીના શેહેરમાં રહેતા હતા. એવું કહેવામાં આવે છે કે ઇમામ હુસેને ૨૫ વાર હજ કીધી હતી અને માવીઆ ઇમામ હસનના મરણ પછી તેમને દર સાલ પોતાના રાજ્યના પાયતખ્ત શેહેર દમાસકસમાં બોલાવતો અને ત્યાં થોડા દીવસ સુધી પોતાના પરોણા તરીકે રાખી મોટી રકમનું ઇનામ આપી પાછા મદીને રવાના કરતો. આવી રીતે ૧૧ વર્ષ વીતી ગયાં જ્યારે માવીઆ મરણ પામ્યો.

હવે માવીઆ અને ઇમામ હસન વચે જે કોલકરાર થયા હતા તેમાં એવી શરત હતી કે માવીઆના મરણ પછી ખલાફત ઇમામ હસનના કુટુંબને મળે. એ શરત પાળવાને બદલે એકદમ માવીઆનો છોકરો યજીદ ખલાફતની મસનદપર બેઠો અને સઘળા સુબાઓ અને પ્રાંતોના હાકમોને પોતાના રાજ્યની સતા કબુલવા ફરમાવ્યું; તેના હુકમ પ્રમાણે શાંમ, મેસોપોટેમીઆ, મીશર અને ઇરાનમાં તેની ખલાફત કબુલવામાં આવી જેથી તે ઘણો પગભર થયો પણ તેને બીક હતી કે હજરત અલીનો છોકરો હુસેન, હજરત જુબેરનો છોકરો અબદલા અને આમરનો છોકરો અબદલા તેની સતાની સામે થશે. માટે મદીનાના સુબા વાલીદને લખ્યું કે મારા પીતા માવીઆના મરણ પછી રાજ્યની લગામ મેં હાથ ધરી છે. માટે મદીનાના લોકોને મારી સરદારી કબુલવા ફરમાવજો અને હજરત અલીના પુત્ર હુસેન, જુબેરના પુત્ર અબદલા અને આમરના પુત્ર અબદલાપર નજર રાખજો અને તેમને મારી ખલાફત કબુલવા ફરમાવજો અને જો તેઓ તેમ કરવા ના પાડે તો તેમને કેદ પકડી બંધીખાને નાંખજો અને તે વિષે મને ખબર પહોંચાડજો.

જ્યારે મદીનાના સુબા વાલેદને ઉપલો પત્ર મળ્યો ત્યારે તેણે મેહેરવાન બીન હાકેમને પોતાની પાસે બોલાવી મંગાવી એ પત્રના લખાણને કેવી રીતે અમલમાં મૂકવું તે વિષે તેની સલાહ પૂછી. મેહેરવાન બીન હાકેમે કહ્યું કે એ ત્રણે જણને તમારી સન્મુખ બોલાવો અને તેમને યઝીદની સરદારી કબુલ કરવા જણાવો, અને જો તેઓ ના પાડે તો તેમના માંથા કાપી નાંખો. વાલેદે ઇમામ હુસેનપર સંદેશો મોકલી જણાવ્યું કે તમારે મારા મકાનપર હાજર થવું. હવે એ સઘળી વાતની ઇમામ હુસેનને આગળથી ખબર થઇ ચુકી હતી. જેથી તેણે કાસદને કહ્યું કે હું થોડા વખતમાં વાલેદના મકાનપર આવું છું. પછી તેણે પોતાની વલણના થોડા માણસને એકઠાં કીધાં અને તેમને જણાવ્યું કે હું મદીનાના સુબા વાલીદના મકાનપર જાઉં છું અને તમો સઘળા તેનાં મકાનની આસપાસ રહેજો અને ત્યાં જો કાંઇ ગડબડ થાય કે તરત તમો મારી મદદે અંદર દોડી આવજો. આવી ગોઠવણ કરી ઇમામ હુસેન મદીનાના સુબા વાલીદના મકાનપર ગયા.

વાલીદે ઇમામ હુસેનને કહ્યું કે માવીઆ મરણ પામ્યો છે અને તેની ગાદીપર તેના હકદાર વારસ તરીકે તેનો છોકરો યઝીદ બેઠો છે. માટે તેની ખલાફત તમો મારી હજુરમાં હમણા કબુલ કરો. ઇમામ હુસેને તેને સમજાવ્યું કે એ ક્રિયા મસજીદમાં સઘળા લોકોની સન્મુખ જાહેરમાં થવી જોઇએ, અને નહિં કે આવા ખાનગી મકાનપર, અને જયાં સુધી સઘળા લોક મસજીદમાં તેની સરદારી કબુલ કરે, ત્યાં સુધી મારે થોભવું જોઇએ. આ વાત વાલીદે માની પણ મેહેરવાન જે હજરત અલીના કુટુંબનો એક કટો દુશ્મન હતો તેણે કહ્યું કે આ માત્ર બહાનું છે. માટે જયાં સુધી ઇમામ હુસેન યઝીદની ખલાફત ન કબુલે ત્યાં સુધી તેને જવા દેશો નહિં, અને જો તેમ ન કરવાની તે હઠ લે તો તેનું માથું કાપી લઇ

તેને સજા કરો, પણ વાલીદે એ વાત માની નહીં, અને ઇમામ હુસેન ત્યાંથી પોતાના મકાનપર રવાના થયા.

ઇમામ હુસેને હવે જોઇ લીધું કે તેને યજીદની ખલાફત કબુલ કરવી પડશે, અને જો તેમ ન કરવું હોય તો મદીના શેહેર છોડી ચાલ્યા જવું જોઇએ અને તેમ કરવાની તૈયારી કરવા માંડી અને જયારે જયારે પણ વાલીદ ઇમામ હુસેનને યજીદની ખલાફત કબુ-લવા માટે મસજીદમાં બોલાવતો ત્યારે તે એક અથવા બીજું બહાનું કહાડી મસજીદમાં જતાં નહિં. ઇમામ હુસેન પોતાના સઘળા કુટુંબ સાથે એક દહાડે ગુપચુપ મદીના છોડી મકકા તરફ રવાના થયા અને માત્ર તેનો ભાઇ મહમદ હનીફ મદીનામાં રહ્યો.

ઇરાકના લોક માવીઆના મોતના સમાચાર સાંભળી ઘણાં ખુશ થયાં; કારણ કે તેઓ તેના ગેરઇનસાફ અને જુલમથી કંટાળી ગયા હતા અને તેઓએ ધાર્યું કે કોલકરારની શરતો પ્રમાણે હવે ઇમામ હુસેન ખલીફા થશે અને તેના અમલમાં આપણે સુખી થવા વગર રહેશું નહિં. દીનપર દીન કુફામાં ઇમામ હુસેનની લોકપ્રીયતા વધતી ગઇ અને કયારે તે અત્રે પધારે કે અમો એની તાબેદારી કબુલીએ એમ અધીરા થયા. જેથી કાગળપર કાગળ અને કાસદપર કાસદ તેઓએ ઇમામ હુસેનપર મોકલ્યા કે તમો કુફામાં આવો અને અમારા ખલીફા થાઓ; અમો બની ઉમૈયાના રાજયથી કંટાળી ગયા છીએ. તેઓએ વળી ખાતરી આપી કે સઘળા લોક તમારી તરફેણમાં છે અને જો તમો અહીં પધારશો તો વગર અડચણે તમને ખલીફા મુકરર કરવામાં આવશે.

કુફાના લોક કેવા દગાખોર હતા તે ઇમામ હુસેન સારી પેઠે જાણતા હતા જેથી ખરી હકીકત શું છે તે જાણવા માટે તેણે પોતાના પીત્રાઇ "મુસલીમ" ને કુફે મોકલ્યો અને તેની સાથે કુફાના લોકપર એક પત્ર મોકલ્યો. અને તેને કહ્યું કે તમો જાઓ અને

તપાસો અને જો સઘળું આપણી તરફેણમાં હોય તો તરત મને જણાવવું, કે હું પણ કુફે આવું. "મુસલીમ" જ્યારે કુફે જઇ પહોંચ્યો, ત્યારે તેણે થોડા આગેવાન લોકોને ખબર આપી કે હું ઇમામ હુસેન તરફથી આવ્યો છું અને તમો શું કરવા માંગોછો તે કહો. કેટલા લોક ઇમામ હુસેનની તરફેણમાં છે તે જાણવા માટે તેમની સહીઓ લેવાનું શરૂ કીધું અને સેહેજ વખતમાં ૧૮૦૦૦ સહીઓ થઇ ગઇ. આથી "મુસલીમ" ઘણો ખુશી થયો અને ઇમામ હુસેનપર એક કાગળ લખી તેને સઘળી હકીકતથી વાકેફ કીધો અને જણાવ્યું કે, અહીંના લોક તમારી તરફેણમાં છે, અને જો તમો આવશો તો આપણી ફતેહ થયા વગર રહેશે નહિં. આપરથી ઇમામ હુસેને કુફાની મુસાફરી કરવાની તૈયારીઓ કીધી.

યજીદ તરફથી નેમાએલા સુબા "નોમાન" ને સઘળી વાતની ખબર પડતાં તેણે લોકોને સમજાવ્યું કે, તમારે યજીદને તાબે થવું, અને દગો ફીસાદ છોડી દઇ સુલેહ જાળવવી જોઇએ, પણ તેની કોઇએ ઘણી દરકાર કીધી નહિ. આ મામલાની યજીદને ખબર પડી જેથી તેણે "નોમાન" ને બરતરફ કરી "ઓબેદુલા" ને કુફાનો સુબો નેમ્યો. ઓબેદુલા કુફામાં આવી પહોંચ્યા પછી તેણે એક નોકરને ૩૦૦૦ દરમ આપી જણાવ્યું કે, તું શેહેરમાં જા અને ઇમામ હુસેનની તરફેણમાં શું શું કરવામાં આવે છે તેની બાતમી મેળવ. આ નોકરે ઢોંગ કીધાં કે હું ઇમામ હુસેનની તરફેણમાં છું અને મારી પાસે ૩૦૦૦ દરમ છે તે પણ હું ઇમામ હુસેનને આપી દેવા ચાહું છું. એ ઉપરથી તેને "મુસલીમ"ની પાસે લઇ ગયા અને તેણે એવી તો સરસ રીતે પોતાનું કામ બજાવ્યું કે કોઇને તેનાપર શક ગયો નહીં. સઘળી હકીકતથી બરાબર વાકેફ થઇ તે ઓબેદુલાની પાસે ગયો અને સઘળી બીના તેને કહી સંભળાવી.

અબ્દુલાએ "હાની" નામના આગેવાનને કે જેણે "મુસલીમ" ને સારી મદદ કીધી હતી તેને પકડી મંગાવ્યો અને મુસલીમ વિષે તેને ઘણા સવાલ પૂછ્યા અને તેનાં મન માનતા જવાબ ન મળવાથી તેને બંધીખાને નાંખ્યો. આ ખબર સાંભળતાંજ "મુસલીમે" નાનું જેવું લશ્કર લઇ જે કિલ્લામાં "હાની" ને કેદ પૂરવામાં આવ્યો હતો તે કિલ્લાપર હુમલો કીધો. અબ્દુલા તેની સામે થયો. આ મામલો જોઇ "મુસલીમ" ના માણસ કે જેઓ કુફાના રહેવાસી હતા તેઓ થોડા થોડા કરી નાશી ગયા અને બીચારો "મુસલીમ" એકલો રહી ગયો, તે એટલા સુધી કે સાંજરે તે શેહેરની બહાર ગયો ત્યારે તેની સાથે એક પણ માણસ બાકી રહ્યો નહીં.

શેહેરની બહાર જંગલમાં શું કરવું તે તેને સુજ પડયું નહી. કારણ કે તે કુફાથી બીલકુલ અંજાણ્યો હતો અને કયે રસ્તે જવું તે તેને ખબર ન હતી. એટલામાં તેણે એક નાની ઝુંપડી જોઇ ત્યાં જઇ તેણે બારણું ઠોકયું. એક ઘરડી ડોસીએ તે ઝુંપડીનું બારણું ખોલ્યું. "મુસલીમે" તેની પાસેથી પાણી પીવા માંગ્યું જે તેણે તેને પાયું. "મુસલીમ" ત્યાંજ ઉભો રહ્યો ત્યારે તે ડોસી બોલી કે તમારે અહીં ઉભાં રેહેવું નહીં. તમારે રસ્તે તમારે ચાલ્યા જવું. તેણે જવાબ આપ્યો કે મારૂં નામ "મુસલીમ" છે અને મારે કયાં જવું તે હું જાણતો નથી. આ સાંભળી તે ડોશીએ તેને પોતાના ઘરમાં લીધો અને એક કોટડીમાં તેને સંતાડયો. રાત્રે તે ડોસીનો છોકરો મકાનપર આવ્યો અને પોતાની માતાને વારંવાર તે કોટડીમાં જતાં જોઇ તેને શક આવ્યો જેથી તેણે તેને પૂછયું કે તમો વારંવાર એ ઓરડામાં શા માટે જાઓ છો ? તેણે કાંઇ જવાબ આપ્યો નહીં. કેટલીક તકરાર પછી અંતે તેને માલમ પડયું કે "મુસલીમ" તેના મકાનમાં સંતાયો છે.

ઓબેદુલાએ જાહેર ઢંઢેરો ફેરવ્યો હતો કે, "મુસલીમ"નો પતો મેળવી આપનારને મોટું ઇનામ આપવામાં આવશે. એ ઇનામની લાલચે તે ડોશીના છોકરાએ ઓબેદુલાને કહ્યું કે "મુસલીમ" મારા મકાનપર સંતાઇ બેઠો છે. ઓબેદુલાએ ૮૦ ઘોડેસ્વાર તેને પકડવા મોકલ્યા. "મુસલીમ" એકલે હાથે ઘણી બહાદુરીથી લડયો, અંતે થાકી જવાથી અને સેંકડો જખમ થવાથી તેને જીવતો પકડવામાં આવ્યો અને તેને ઓબેદુલાની હજુરમાં લઇ ગયા. રસ્તામાં જતાં જતાં તે રડયો જેથી એક માણસ બોલી ઉઠયો કે સીપાહી બચ્ચો થઇને રડે છે? "મુસલીમે" જવાબ દીધો કે હું પોતા માટે રડતો નથી; હું તો ઇમામ હુસેન અને તેના કુટુંબની સલામતી માટે રડું છું. "મુસલીમ"ને ભારે તરસ લાગી હતી પણ તેને કોઇએ પાણી પાયું નહીં. જયારે તેને ઓબેદુલાની હજુરમાં લઇ જવામાં આવ્યો ત્યારે તેણે તેને સલામ કીધી નહીં. તેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, કે યજીદ અહીં હોય તો પણ હું તેને સલામ કરૂં નહીં. થોડા વખતવેર બોલોની ટપાટપી થવા પછી તેને કિલ્લાની ટોંચ ઉપર લઇ ગયા અને તેનું માથું કાપી નાખવામાં આવ્યું. તેના માથાને ત્યાંથી નીચે જમીનપર નાખી દેવામાં આવ્યું, અને ત્યાર પછી તેના બાકીના શરીરને પણ તેવીજ રીતે ફેંકી દીધું. ઓબેદુલાએ "મુસલીમ" નું માથું યજીદને ભેટ તરીકે મોકલ્યું.

ઇમામ હુસેને કુફે જવાનો ઠેરાવ કીધો એ આપણે ઉપર જોયું. તેના મિત્રોએ તેને ઘણુંએ સમજાવ્યું કે કુફાના લોક દગાબાજ છે અને યજીદ બળવાન હોવાથી કુફે જવામાં ફાયદો થવાને બદલે સામું નુકશાન થશે અને તમારો તેમજ તમારા કુટુંબીઓનાં પ્રાણ ધાસ્તીમાં આવી પડશે માટે તમારે ત્યાં જવાનું માંડી વાળવું. પણ ઇમામ હુસેને કોઇની સલાહ માની નહીં અને

પોતાના કુટુંબના લગભગ સઘળા મરદ ઓરત અને બચ્ચાંઓને સાથે લઇ જે દહાડે "મુસલીમ" ને કુફામાં કાપી નાખવામાં આવ્યો તેજ દહાડે મક્કેથી નીકળ્યા.

કુફાના સુબા ઓબેદુલાએ ૧૦૦૦ ઘોડેસ્વાર સાથે "હુર" નામના સરદારને ઇમામ હુસેનની સામે મોકલ્યો. "આસેરાફ" નામની જગ્યાએ ઇમામ હુસેન અને હુરનો મેળાપ થયો. હુરનું લશ્કર પાણીની તંગીને લીધે ઘણું હેરાન થયું હતું, જેની હેરાનગતી ટાળવા માટે ઇમામ હુસેને તેમને પાણી પુરૂં પાડયું. જે સખાવતના કામથી હુરની ઉપર ઘણી સારી અસર થઇ જેથી તેણે ઇમામ હુસેનને કહી દીધું કે મને તમારી સાથે લડવાનો હુકમ નથી. માત્ર તમને કુફે લઇ જવાનો હુકમ છે; હું તમને ખાતરીથી કહું છું કે કુફાના લોક તમારાથી ફરી ગયા છે માટે જો તમો મદીને અથવા મક્કે પાછા ચાલ્યા જવાનો ઇરાદો રાખતા હો તો હું તમને જવા દઇશ, અને અમારા સુબા ઓબેદુલાના ગુસ્સાને હું સંભાળી લઇશ. પણ ઇમામ હુસેને તો પાછા જવાની ના પાડી અને કુફા તરફ કુચ કરવાનું ચાલુ રાખ્યું અને અંતે "કરબલા" ના મેદાનમાં તેઓ સઘળા આવી પહોંચ્યા જયાં ઇમામ હુસેને પોતાની છાવણી નાંખી.

ઓબેદુલાના હુકમથી નદીમાંથી પાણી તેને લેવા દીધામાં આવ્યું નહીં. ઇમામ હુસેને સંધી કરવાના પેગામ મોકલ્યા. પણ ઓબેદુલાએ તેની કાંઇ કનવાર કીધી નહીં, અને કહી મોકલ્યું કે પહેલાં તમો યજીદની ખલાફત કબુલ કરો અને ત્યાર પછી સંધીની વાત. આવી રીતે પેગામો આવતા જતા હતા એટલામાં ભરેસપતવાર તા૦ ૯ મી મોહોરમના દીવસે ઓબેદુલ્લાએ છેવટનો પેગામ મોકલ્યો, કે તમો યજીદની ખલાફત કબુલ કરો નહીં તો લડવા તૈયાર થાઓ. ઇમામ હુસેને બીજે દહાડે જવાબ આપવા

જણાવ્યું. હવે લડાઇની તૈયારી કરવા વગર બીજો કોઇ ઉપાય બાકી રહ્યો નહીં. જેથી ઇમામ હુસેને રાત્રે લડાઇની તૈયારીઓ કરવા માંડી અને પોતાના મલતાવીશેકોને બીજે દહાડે તૈયાર રહેવા જણાવ્યું.

સ્ત્રીઓ અને બચ્ચાંઓના કકળાટ વચ્ચે તે રાતનો મોટો ભાગ પરમેશ્વરની બંદગીમાં ઇમામ હુસેને ગુજાર્યો. પરોઢયું થતાં ઇમામે સારાં સારાં કપડાં પહેરી અતર ખુશબો શરીર પર લગાડી; જેપરથી એક જણે પૂછયું કે, આવી રીતે સારાં સારાં કપડાં પહેરી અતર ખુશબો લગાડવાનું કારણ શું હશે ? ઇમામ હુસેને જવાબ આપ્યો કે હવે જનત અને અમારી વચ્ચે કાંઇ છેટું નથી. એ લોક અમારા પ્રાણ લે કે અમો સ્વર્ગમાં પહોંચ્યા.

ઇમામ હુસેનનું લશ્કર ૩૨ ઘોડેસવાર અને ૪૦ પાયદળ મળી ૭૨ માણસનું બનેલું હતું. હુર પણ ૩૦ ઘોડેસ્વાર સાથે ઇમામના લશ્કર સાથે મળી ગયો. શુક્રવાર તા૦ ૧૦ મી મોહોરમની સવારનાં બંને બાજુવાળાઓએ લડવાની તૈયારીઓ કીધી અને આશરે દસ વાગે લડાઇ શરૂ થઇ. ઇમામ હુસેનની આ નાની ટુકડી હજારો માણસના લશ્કર સામે લડવા ઉભી રહી. ઇમામનાં માણસ ઘણી બહાદુરીથી લડયા અને જે કોઇ એમની સામે લડવા આવતા તેના પ્રાણ લઇ લેવામાં આવતા. વાંચનારે જાણવું જોઇએ કે જયારે લડાઇ શરૂ થઇ ત્યારે એક માણસ એક બાજુએથી અને બીજો માણસ બીજી બાજુએથી આવી લડતા. આવી રીતે આશરે બે કલાક સુધી યુધ જારી રહ્યું જેમાં ઇમામ હુસેનનો એક પણ માણસ માર્યો ગયો નહીં; જયારે સામી બાજુના સેંકડો માણસ માર્યા ગયાં.

આ મામલો ચાલુ રેહેવાથી સામી બાજુવાળાઓનો સરદાર બીધો કે રખેને મારાં લશ્કરની હાર થાય; જેથી તેણે એકદમ

સઘળા મળી હુમલો કરવા જણાવ્યું. લડાઇ ઘણી જોશમાં થવા લાગી. ઇમામનાં માણસ મરણીઆ થઇ લડયા અને સામી બાજુ-વાળાંના સેંકડો માણસ મરવા લાગ્યા પણ અંતે સામી બાજુવાળા-ઓની મોટી સંખ્યાને લીધે ઇમામ હુસેનના લશ્કરપર અસર થવા લાગી અને તેના લશ્કરમાંથી સર્વથી પહેલાં પોતાનો પ્રાણ ખોનાર તેનો માનીતો છોકરો અલી અકબર હતો. આવી રીતે રફતે રફતે પૂર્ણ બહાદુરીથી લડી સામીવાળાઓનો ખુબ ઘાણ કહાડી ઇમામ હુસેનનાં લશ્કરનાં માણસ એક પછી એક બધા આ ફાની દુન્યા છોડી પોતાના નામ તેની અંદર અમર કરી પોતાના કીરતારની દરબારમાં કુચ કરી ગયાં.

હવે ઇમામ હુસેનની પોતાની વારી આવી. તેને સેંકડો તીર લાગી ચૂકયાં હતાં અને તેને કેટલા જખમ થયા હતા તેની તો ગણત્રી પણ નથી. ભુખ અને તરસથી તે બીલકુલ નાતાકાત થઇ ગયા હતા. તેના છ માસના બાળક પુત્ર અલી અસગરનો તેના હાથમાંજ તીરવડે તેના દુશ્મનોએ પ્રાણ લીધો અને અત્યંત દુખ આપદા અને સીતમ કરી તેનો પ્રાણ શીમર નામના એક માણસે લીધો. આવી ઘાતકી રીતે કરબલાના રણમાં અલી અને ફાતમાનો છોકરો પેગંમ્બરનો દોત્રો ભુખ અને તરસથી પીડાઇ, પોતાના વહાલાં બચ્ચાંને પોતાની નજરે ટુકડે ટુકડા થઇ જતાં જોઇ, પોતાના કુટુંબની સ્ત્રીઓ અને છોકરીઓને ભુખી અને તરસી છોડી દુશ્મનોની ખુનખાર તલવાર તીર અને ભાલાંઓના જખમ ખાઇ શહીદ થયો.

ઇમામ હુસેનના મરણ પછી ખુનીઓએ તેની માલમતા સઘળી લૂટી લીધી, તેના કુટુંબની સ્ત્રીઓ અને બચ્ચાંઓને અપમાન કીધાં અને તેમને કેદ કરી કુફાના સુબા ઓબેદુલા પાસે લઇ ગયા. ઇમામ હુસેનનું માથું તેના શરીરથી જુદું કરી એક થાળીમાં મુકી

ઓબેદુલાની સન્મુખ લઇ જઇ રાખ્યું. તેણે તેના હોઠપર એક લાકડી મારી જેથી ત્યાં બેઠેલા એક ઘરડા માણસનો મીજાજ ગયો અને તે બોલી ઉઠયો કે અફસોસ જે હોઠોપર પેગંમ્બરે હેતથી બોસા લીધેલા તેજ હોઠોપર તું લાકડી મારે છે. ઇમામ હુસેનની બહેન બીબી જેનબ અને ઓબેદુલા વચ્ચે શબ્દોની ભારે ટપાટપી થઇ. ઓબેદુલાએ ઇમામ હુસેનના પુત્ર જેનલાબદીનનો પ્રાણ લેવાનો હુકમ કીધો કે જે પોતાની બીમારીને લીધે કરબલાની કતલમાં ભાગ લઇ શકયા ન હતા. પણ બીબી જેનબના અસરકારક ભાષણની અસરથી તે પોતાના પાપી વિચારથી બાજ રહ્યો. અને ઇમામ હુસેનના સઘળા કુટુંબીઓને કેદ કરી તેની સાથે ઇમામનું માથું આપી દમાસ્કસ શેહેરમાં યજીદ પાસે મોકલી આપ્યાં. માર્ગમાં પણ તેમને કાંઇ થોડાં દુઃખ વેઠવા પડયા નહિં.

યજીદની હજુરમાં આવી પહોંચતાં વળી તેની અને બીબી જેનબ વચ્ચે થોડી ટપાટપી થઇ. યજીદે તેમને ઘણાં પજવ્યાં નહિં. પોતાનાં મેહેલમાં તેમને ઉતારો આપ્યો અને દરેક પ્રકારે તેમની સારી પરોણાગત અને બરદાસ્ત કરવા ફરમાવ્યું. માવીઆની વીધવાઓ તેમની પાસે આવી બેસતી અને તેમની સાથે સભ્યતાથી વાતચીત કરી દીલાસો આપતી. થોડા દહાડા તેના મેહેલમાં રહેવા પછી તેમની અરજથી તેમને યજીદે મદીના શેહેરમાં મોકલી આપ્યા.

ઇમામ હુસેનના માથાનું શું થયું તે વિષે મતફેર છે. કેટલાક લખે છે કે તેને મદીને લઇ ગયા જયાં ઇમામ હુસેનની માતા બીબી ફાતમાની કબરની બાજુમાં તેને દફનાવામાં આવ્યો છે. વળી બીજાઓ લખે છે કે તેને દમાસ્કસ શેહેરમાં ભુમીદા કરવામાં આવ્યો હતો, જયાંથી પાછો કહાડી "અસકલાન" શેહેરમાં લઇ જવામાં આવ્યો અને ત્યાંથી વળી પાછો મીશર દેશના "કેરો" શેહેરમાં ભુમીદા કરવામાં આવ્યો છે અને હાલ પણ ત્યાંજ છે. વળી, ત્રીજાઓ

લખે છે કે તેનાં માથાંને દમાસ્કસથી પાછા કરબલા લઇ આવ્યા અને હાલ જયાં ઇમામ હુસેનની કબર છે, ત્યાં તેના શરીરની સાથે દફનાવવામાં આવ્યું છે.

કરબલાની કતલ પછી ત્રણ દિવસ સુધી ઇમામ હુસેનની લાશ દફન થયા વગર મેદાનમાં પડી હતી. ત્રણ દિવસ વહી ગયા પછી પાસેના ગામડાંના લોકોએ આવી ઇમામ હુસેન અને તેનાં લશ્કરના માણસોની લાશોને ઠેકાણે પાડી. જે ઠેકાણેઇમામ હુસેનની લાશને દફ્નાવવામાં આવી છે તેને "મશહદે હુશેન" ના નામથી ઓળખવામાં આવે છે જયાં લાખ્ખો શીઆ જાત્રાળુ દર સાલ ફાતેહા ભણવા જાય છે.

ઇમામ હુશેનને છ જુદી જુદી સ્ત્રીઓને પેટે છ બચ્ચાં થયાં હતાં. ચાર છોકરા અને બે છોકરીઓ જેનાં નામ નીચે પ્રમાણે છે.—

(૧) **જેનુલાબદીન**—ઇરાનના છેલા પારસી બાદશાહ બીજા યજદેજરદની છોકરી "શહેરબાનુ"ને પેટે જનમ્યા હતા; અને કરબલાની કતલની વખતે બીમાર હોવાથી એ યુધમાં ભાગ લઇ શકયા ન હતા, અને તેથી દુશ્મનોના પંજામાંથી બચી ગયા હતા.

(૨) **અલી અકબર**—અબુ મુરશકફીની છોકરી "લેલાં" ને પેટે અલી અકબર અવતર્યાં હતા અને કરબલાની કતલમાં ઇમામ હુસેનનાં લશ્કરમાં સર્વેથી પહેલાં શહીદ થયા હતા.

(૩) **જાફર**—કજુઆ જાતની એક સ્ત્રી સાથે ઇમામ હુસેને લગ્ન કીધાં હતાં, જેનું નામ મળી શકયું નથી તેને પેટે જાફરનો જન્મ થયો. તે પોતાના પીતાની હઇયાતીમાં નાની વયે મરણ પામ્યો હતો.

(૪) અલી અસગર— કરબલાની કતલ વખતે એની ઉમર છ માસની હતી અને તેના પીતા ઇમામ હુસેનના હાથમાં દુશ્મનોના તીરથી મરણ પામ્યો હતો.

(૫) શકીના—રૂબાબ નામની ઇમામ હુસેનની ધણીઆણીને પેટે શકીનાનો જન્મ થયો હતો. કરબલાની કતલની વખતે તે ઘણી નાની ઉમરની હતી. તેણે પાછળથી ઘણું નામ કહાડયું હતું. તે ઘણી વિદ્વાન અને બાહોશ હતી અને તેની કહેવતો અને કવિતાઓ મશહુર છે.

(૬) ફાતમા—ઉમ અસહક નામની ઇમામની સ્ત્રીને પેટે ફાતમાનો જન્મ થયો હતો.

હી૦ સ૦ ૬૧ ની સાલના મોહોરમ મહીનાની ૧૦ મી તારીખે ઇમામ હુસેન ૫૬ વરસની વયે કરબલાનાં રણમાં શહીદ થયા. એ દીવસ દર સાલ હિંદુસ્તાન અને ઇરાન દેશોમાં ભારે દબદબાથી પાળવામાં આવે છે. શરૂઆતમાં એ એક શોકાતુર દીવસ હતો પણ હાલતો વખતના વહેવા સાથે એક તેહવાર તરીકે પાળવામાં આવે છે. ઇરાન દેશના એકેએક શેહેર અને એકેએક ગામડાંમાં લોકો ૧૦ દીવસ સુધી ચોકસ ઠેકાણે એકઠા થાય છે. સવારથી તે દસ વાગ્યા સુધી તેઓ તે દીવસને માટે એક "શબી" કહાડે છે, એટલે એક જણ ઇમામ હુસેન થાય છે, બીજો શીમર, ત્રીજો ઓબેદલા, ચોથો હુર, પાંચમો અલી અકબર વગેરે વગેરે. એવી રીતે પાઠ લે છે અને પછી જે જે હકીકત તે વખતે બની હતી તે ભજી બતાવે છે અને એ જોઇ અને સાંભળી એકઠા થએલા મરદો અને ઓરતો મોટે મોટે સાદે રડે છે અને પોતાની છાતી અને માથાં કુટે છે. છેલે દહાડે એટલે મોહરમની ૧૦ મી તારીખે પણ એવીજ એક "શબી" કહાડે છે અને ઇમામ હુસેન પોતે કેવી રીતે લડયા અને પોતાના કુંટુંબીઓને છેલી સલામ કેવી રીતે કીધી તેની અને તેના દુશ્મનો વચે શું શું વાદવિવાદ થયો એ સઘળું ભજવી બતાવવામાં આવે છે અને અંતે જે માણસે ઇમામ હુસેનનો પાઠ લીધો હોય તે જાણે શહીદ થાય છે. એ વખતે લોકો

રડવામાં અથવા તો પોતાના શરીરને કુટવામાં કાંઇ પણ મણા રાખતા નથી.

ત્યાર પછી તેઓ "ઘોડો" કહાડે છે એટલે એક સવાર વગરના ઘોડાને કાળાં કપડાં પહેરાવે છે અને તેના પર એક નાગી તલવાર બાંધે છે. બીજા પણ ત્રણ ચાર ઘોડાઓ સાથે ફેરવે છે. કેટલાક નેજા પોતાના હાથમાં લે છે અને બાકીના પોતાની છાતી જોરથી કુટે છે અને આવી રીતે તેઓ સાત આંટા ફરે છે. એ દીવસોમાં જાણે આખી પ્રજા ઉસ્કેરાઇ ગઇ હોય તેમ માહેતમ કરવામાં દરેક જણ પોતાનો હિસ્સો આપે છે. પૈસાદાર લોક ઘોડો ફેરવવાના ખરચ માટે મોટી ખુશી સાથે પઇસા કહાડી આપે છે. ટુંકમાં ઇરાન દેશની આખી પ્રજા એકી અવાજે ઇમામ હુસેનના મુસીબતોપર હાય અફસોસ કરે છે; રાજા કે રંક, અમીર કે ફકીર, સ્ત્રી કે પુરૂષ, મોટા કે નાના સઘળા આ લોકપ્રીય ક્રિયામાં હોંસે હોંસે ભાગ લે છે.

વળી એ તેહવારોમાં મીજલસો પણ કરવામાં આવે છે. જયારે એક માણસ મંબ્બર પર ચહડી ઇમામ હુસનની કથા વાંચે છે, અને તે અને તેના કુટુંબીઓ કેવી બહાદુરીથી લડયા અને અંતે કેવી રીતે તેઓ યુધમાં માર્યા ગયા, તેના કુટુંબની સ્ત્રીઓ અને બાળકોનાં કેવી રીતે અપમાન કીધાં અને તેની બાળક છોકરી સકીના કેવા વિલાપ કરતી હતી તે વિગતવાર વાંચવામાં આવે છે અથવા તો કહી સંભળાવવામાં આવે છે અને લોકો તેની આસ-પાસ બેસી તેની તેજ કથા દર વરસ ફરી ફરીથી સાંભળે છે અને કાંઇ ખાસ દુખનું બયાણ સાંભળી તેઓ છાતી કુટવા પણ મંડી જાય છે.

હિંદુસ્તાનમાં એ તેહવાર જુદી જુદી રીતે પાળવામાં આવે છે. સુની લોક દરરોજ રાતના રસ્તાઓ ઉપર મજલસો કરે છે,

અને ઇમામ હુસેનની કથા વાંચે છે અને ૧૧॥ વાગે શરબત અથવા એવીજ બીજી કોઇ ચીજ જે લોકોમાં વહેંચી આપવામાં આવે છે તે ભોગવી પોતાના મકાન પર રવાના થાય છે.

શીઆ લોક પોતાના જમાતખાના ઇમામવાડા અથવા મસજીદોને રંગ ચુના લગડાવે છે અને દશ દીવસો સુધી રંગબેરંગી રોશનીથી પોતાના જમાતખાના, ઇમામવાડા અને મસજીદોને સણગારે છે. અને ભાતભાતની ખાણીપીણીઓ પણ તૈયાર રાખવામાં આવે છે. ઇરાન દેશની માફક હિંદુસ્તાનમાં પણ મોગલ લોક 'ઘોડો' કહાડે છે, જેમાં ખોજા કોમ પણ મોટે ભાગે શામેલ થાય છે.

મોહરમના દસે દીવસો સુધી "મજલસો" બરપા કરવામાં આવે છે જ્યાં ઇમામ હુસેનની કથા વાંચવામાં આવે છે અને લોકો એકઠા થઇ તેનો કીસો સાંભળે છે, રડે છે અને કેટલીક વખતે કુટે છે. કથા પુરી થઇ રહી કે પછી ભાતભાતના લેહજતદાર ભોજન જે તૈયાર રાખવામાં આવે છે તે જમે છે. એ સ્વાદિષ્ટ ખાણાને "તીઆજ" નું નામ આપવામાં આવ્યું છે. આવાં ભોજનો આવા ગમીના અવસરે ખવાડવું એ ધર્મનું કામ સમજી લેવામાં આવયું છે અને આવાં કામ માટે ઘણાં માણસ પોતાના ગજા પ્રમાણે પૈસા કાઢી આપે છે.

લકનોના શીઆ લોક જેને "જુલાઇયા"ને નામે ઓળખવામાં આવે છે તેઓ શીઆ લોક હોવા છતાં પણ તાબુત કાઢે છે.

પ્રકરણ ૨૨ મું.

(૪) ઇમામ જેનલાબદીન.

હી० સ० ૩૬ ની સાલના જમાદી ઉલ અવલ મહીનાની ૧૫ મી તારીખે ઇમામ જેનલાબદીનનો જન્મ ઇરાન દેશનાં

છેલ્લા જરથોશતી બાદશાહ બીજા યજદેજરદની છોકરી શેહેરબાનુને પેટે થયો હતો. એવું કેહવામાં આવે છે કે હજરત ઉમરની ખલાફતના વખતમાં જ્યારે ઇરાન દેશ મુસલમાનોએ જીતી લીધું ત્યારે ત્યાંના પાદશાહની છોકરી "શાહજેહાન" ને કેદ પકડી મદીના શેહેરમાં ખલીફા ઉમરની હજુરમાં લઇ આવ્યા. હજરત ઉમરે તેને કેટલાક સવાલ પૂછ્યા. જેના જવાબ તેણે ઘણી તોછડાઇથી આપ્યા જેથી ખલીફાને ગુસો લાગ્યો અને તેણે ફરમાવ્યું કે આ આતશ પરસ્ત છોકરીને ગુલામડી તરીકે વેહેંચી નાખો. હજરત અલી કે જે તે વખતે દરબારમાં હાજર હતા તે વચ્ચે પડયા અને સલાહ આપી કે એક પાદશાહની છોકરીને ગુલામડી તરીકે વેચવી એ કામ ઠીક પડશે નહીં. જેપરથી હજરત ઉમરે 'શાહજેહાંન' ને કહ્યું કે અત્રે આટલા બધા મુસલમાન બેઠા છે તેમાંથી તારી મરજીમાં આવે તેને તારા ભરથાર તરીકે પસંદ કર.

શાહજેહાને ઇમામ હુસેનની પીઠપર પોતાનો હાથ લગાડયો જેપરથી હજરત અલીએ તેને પૂછયું કે તમારૂં નામ શું છે ? તેણે જવાબ દીધો કે મારૂં નામ "શાહજેહાન" છે. હજરત અલી બોલ્યા કે હવેથી હું તમારૂં નામ "શેહેરબાનુ" રાખું છું અને પછી ઇમામ હુસેનને કહ્યું કે તમારે તમારી સ્ત્રી શેહેરબાનુને માન ઇજત અને આબરૂ સાથે રાખવી અને કોઇબી પ્રકારે એની સાથે ગેરવર્તણુક ચલાવશો નહીં અને પછી તરતજ તેમનાં લગ્ન કરી આપ્યાં. એને પેટે ઇમામ જેનલાબદીનો જન્મ થયો હતો. જ્યારે ઇમામ હુસેન કરબલા ગયા ત્યારે તે તેમની સાથે હતા. બીમારીના સબબે ૨૪ વરસની ઉમર હોવા છતાં કરબલાના યુધમાં ભાગ લઇ શકયા નહીં. કતલ પૂરી થવા પછી તેને કેદ પકડી કુફાના હાકમ ઓબેદુલાની હજુરમાં લઇ જવામાં આવ્યા અને ત્યાંથી એક કેદી તરીકે દમાશકશ શેહેરમાં યજીદની

હજુરમાં અને ત્યાંથી મદીના શેહેરમાં મોકલવામાં આવ્યા જેની વીગત આપણે આગળ લખી છે.

કરબલાની કતલની વીગતો જેમ જેમ લોકોમાં ફેલાઇ તેમ તેમ લોક લાગણી ઇમામ જેનલાબદીનની તરફેણમાં ખેંચાવા લાગી, અને દીનપર દીન તેની લોકપ્રિયતા વધતી ગઇ. પોતાના કુટુંબપર વીતેલી સઘળી બીના તેને યાદ હતી જેથી તે હમેશાં પોતાનો વખત રડવામાં અને ઉદાસીમાં ગુજારતા જેથી પણ લોકો તેને ચાહવા લાગ્યા. રફતે રફતે લોક યજીદને ધિક્કારવા લાગ્યા અને ખાનગી રીતે ઇમામ જેનલાબદીનની ખલાફત કબુલી.

આ ખબર યજીદને પડવાથી તેણે એક નાનું લશ્કર મદીને મોકલ્યું અને ત્યાંના લોકોને પોતાની તાબેદારી કબુલ કરવા ફરમાવ્યું. મદીનાના લોક સામે થઇ લડયા. યજીદના સરદારની જીત થવાથી તેણે મદીનાના લોકોના પ્રાણ લેવામાં કાંઇ કસર કીધી નહીં. ત્રણ દીવસ સુધી એક સાધારણ કતલ ચલાવી અને લૂટ ચલાવી. જે લોક તેની સામે થતાં તેમને ઘાતકીપણે રીબાવી રીબાવીને મારી નાખ્યા અને બાકીનાઓને યજીદની ખલાફત કબુલવાની ફરજ પાડી. યજીદના સરદારે ઇમામ જેનલાબદીનને ઇજા કીધી નહીં. તેની સાથે માનથી વરત્યો અને ચેતવણી આપી કે તમારે આપણા ખલીફા સામે થવું નહીં. તમને ખબર છે કે તમારો બાપ યજીદની સામે થયો તેથી તેના કેવા હાલ થયા અને જો તમો આપણા હકદાર ખલીફા યજીદની સામે થશો તો તમારા પણ તેવાજ હાલ થશે.

ત્યાર પછી તે સરદાર મકા શેહેર ભણી ગયો અને તે શેહેરના પણ મદીના જેવાજ હાલ થતે. તેણે તે શેહેરને ઘેરો ઘાલ્યો અને ત્યાંના લોક તાબે થાય તેમાં કાંઇબી ખોટી ન હતી: એટલામાં ખબર આવી કે યજીદ "હવારીન" નામના શહેરમાં ઘણો

શરાબ પીધાથી અને હલકી જાતની સ્ત્રીઓના નાચ ગાણા અને સોહબતમાં હદ બહાર મશગુલ થવાથી મરણ પામ્યો છે. એના આ વખતસરના મરણથી મકા શહેર પાયમાલ થતું બચ્યું.

ઇમામ જેનલાબદીન પોતાનો ઘણોખરો વખત પરમેશ્વરની એબાદત અને બંદગીમાં અને પોતાના કુટુંબની મુસીબતો યાદ કરી રડવામાં ગુજારતા હતા; દીવસ અને રાતમાં તે એટલા બધા વખત સીજદા કરતા હતા કે તેમના કપાળ અને ગુંટણપર મોટા મોટા કાળા દાગ પડયા હતા, જેથી એને "સજાદ" ના આડ નામથી પણ ઓળખવામાં આવે છે. હી૦ સ૦ ૯૪ ની સાલના મોહોરમ મહીનાની ૧૮ મી તારીખે મદીના શહેરમાં ઝેહેરની અસરથી ૫૭ વરસની ઉમરે ઇમામ જેનલાબદીન મરણ પામ્યા. એમના કાકા ઇમામ હસનની કબરની બાજુમાં એમને ભુમીદા કરવામાં આવ્યા છે.

(૫) ઈમામ મહમદ બાકર.

હી૦ સ૦ ૫૭ ની સાલના સફર મહિનાની ૩ જી તારીખ અને શુક્રવારે મદીના શેહેરમાં ઇમામ મહમદ બાકરનો જન્મ થયો હતો. એની માતા ઇમામ હસનની છોકરી હતી, જેથી તે ઇમામ હુસેનનો પોત્રો અને ઇમામ હસનનો દોત્રો થતા હતા. એની તવારીખ કાંઇ ઘણી જણાએલી નથી. માત્ર થોડી રીવાયતો મારે હાથ લાગી છે, જેમાંની મુખ્ય હું અત્રે આપું છું.

એવું કહેવામાં આવે છે કે ઇમામ મહમદ બાકર અને તેનો વડો બેટો જાફર મકકે હજ કરવા ગયા હતા. તે વરસે દમાસ્કસમાં રાજ્ય કરનાર ખલીફ હીશામ પણ ત્યાં હજ કરવા આવ્યો હતો. તેણે ત્યાં જોયું કે ઇમામ મહમદ બાકર ઘણા લોકપ્રિય છે, જેથી દમાસ્કસ જઇ મદીનાના સુબા "આમલ"ને લખ્યું કે ઇમામ મહમદ બાકર અને તેના વડા બેટા જાફરને મારી દરબારમાં દમાસ્કસમાં મોકલી આપ.

ઇમામને ખલીફાનાં નોત્રાંને માન આપી હીશામની રાજ્યધાનીનાં શેહેર દમાસ્કસમાં જવું પડયું. ઇમામ જાફર કહે છે કે જ્યારે હું અને મારો પીતા દમાસકસ જઇ પહોંચ્યા ત્યારે હીશામે ત્રણ દીવસ સુધી અમારી મુલાકાત લીધી નહીં. ચોથે દહાડે અમને તેની દરબારમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તે બાદશાહી તખ્તપર બેઠો હતો, અને તેની હજુરમાં ઘણાં હથિઆરબંધ માણસો ઉભેલાં હતાં, અને તીર ફેંકવાની રમત રમવા તે પોતાના સીપાહીઓને કહેતો અને પોતે બેઠો બેઠો તમાસો જોતો. અમને જોઇને તેણે મારા પીતા ઇમામ મહમદ બાકરને કહ્યું કે તમો પણ તીર ફેંકો અને તમારી હુશીઆરી અજમાવો. ઇમામે જવાબ આપ્યો કે હું ઘરડો માણસ છું, મારાથી હવે તીર ફેંકાય નહીં, માટે મને માફ કરશો. હીશામે કહ્યું કે માફ થાય નહીં, તમારે તો તીર ફેંકવાં જોઇએ. એમ કહી એક માણસને ઇશારો કીધો કે ઇમામને તીર અને કમાન આપે. ઇમામે એવી તો સરસ રીતે તીર ફેંકયાં કે સઘળા અજબ થયા અને તેની બાહોશી વખાણવા લાગ્યા.

ત્યાર પછી હીશામ તખ્તપર બેઠો હતો અને ઇમામ મહમદ બાકર તેની સામે ઉભા હતા. એવી હાલતમાં ઘણો વખત નીકળી જવાથી ઇમામને માઠું લાગ્યું, જે જોઇ હીશામે તેને પોતાની પાસે બોલાવી ઇમામને તે ભેટયો અને તેને પોતાના જમણા હાથપર બેસવા કહ્યું, અને તેની પાસે તેના પુત્ર જાફરને પણ બેસાડયો. પછી તેણે પૂછયું કે તમો આવી કુશળતાથી તીર ફેંકવા કેમ શીખ્યા? ઇમામે જવાબ આપ્યો કે મદીનાના રહેવાસીઓને તીર ફેંકવાની ટેવ હોય છે. હું પણ મારી બચગીમાં તીર ફેંકવાની રમતમાં રોકાતો પણ હાલ લાંબો વખત થયો મેં તીર કમાન હાથ ધર્યાં નથી. તેણે પૂછયું કે શું તમારો પુત્ર જાફર પણ તીર ફેંકવા જાણે છે? ઇમામે હા કહી.

એ પછી કેટલાક સવાલ જવાબ થયા પછી તેણે કહ્યું કે તમે જે ચાહતા હો તે માંગો. ઇમામે કહયું કે અમારા કુટુંબીઓ અમારી આ મુસાફરીથી ઘણા ચીંતાતુર છે, માટે અમને મદીને પાછા જવાની રજા આપો. તેણે કહ્યું કે જો તમારી મરજી હોય તો આજને આજ મદીના તરફ રવાના થાઓ.

એ પછી ઇમામ તેની દરબાર છોડી બહાર આવ્યા ત્યાં તેણે લોકોનું એક મોટું ટોળું એકઠું થએલું જોયું. ખબર કહાડતાં જણાયું કે એક નસારો વિદ્વાન ત્યાં આવ્યો છે અને ધર્મ સંબંધી તકરારો કરે છે, અને તેની મુલાકાત કરવા હજારો નસારા ત્યાં જાય છે. ઇમામ પણ તેના મકાનપર ગયા. તેણે સલામ કીધી અને પૂછયું કે તમો નસારા છો કે મુસલમાન? ઇમામે જવાબ આપ્યો કે હું મુસલમાન છું. તેણે પૂછયું કે તમો વિદ્વાન છો કે અભણ? ઇમામે ઉતર વાળ્યો કે હું અભણ નથી. તેણે કહયું કે તમો મને સવાલ પૂછશો કે હું તમને સવાલ પૂછું? ઇમામે કહયું કે તમો સવાલ પૂછો.

૧ સવાલ—એવી કઇ કલાક છે કે જેને રાત અથવા દીવસમાં ગણવામાં આવતી નથી?

જ૦—પરોઢીઆંથી સૂર્યના ઉગવા સુધીની કલાક એને રાત અથવા દીવસમાં ગણવામાં આવતી તથી.

૨ સવાલ—તમો કહો છો કે સ્વર્ગમાં લોકો ખાશે પીશે પણ તેમને હાજત થશે નહીં. એને મળતો કોઇ દાખલો આ દુન્યામાં છે?

જ૦—હા. માતાના પેટમાં જયારે બચ્ચું હોય છે ત્યારે જે તેની માતા ખાય છે તે તે પણ ખાય છે પણ તેને હાજત થતી નથી.

૩ સવાલ—તમો કહો છો કે જેમ આપણે સ્વર્ગમાં વધુ મેવો ખાશું તેમ તે વધતોજ જશે, પણ ઘટશે નહીં. એને મળતો કોઇ દાખલો આ દુન્યામાં છે ?

જ૦—તેને મળતો દાખલો રોશની અથવા બતી છે. જેમ વધુ દીવાઓ એક બતીમાંથી તમો સલગાવતા જાઓ તેમ તે દીવા વધતા જશે. ત્યાર પછી તે નસારાએ એક બીજો સવાલ પૂછયો, જેનો જવાબ મનમાનતી રીતે મળવાથી તે તરતજ મુસલમાન થયો અને ઇમામ પાછા મદીને ગયા.

દમાસ્કસના ખલીફાએ ઇમામ મહમદ બાકરને ઝેર આપ્યું, જેની વિગત નીચે પ્રમાણે છે. તેણે એક સરસ ઘોડો લઇ તેના પર એક કીમતી જીન નાખી ઇમામની સવારી માટે તેને ભેટ મોકલ્યો. જીનમાં ઝેર ભરવામાં આવ્યું હતું, કે ઇમામના તેનાપર બેસવાથી તેના શરીરમાં ઝેર ફેલાઇ જાય. ઇમામે તેનાપર સવારી કીધી જેથી તેના શરીરમાં ઝેર ફેલાઇ ગયું. હી૦ સ૦ ૧૧૪ ના "ઝીઉલહજ" મહિનામાં ત્રણ દીવસની બીમારી ભોગવી ૫૭ વરસની ઉમરે ઇમામ મહમદ બાકર મરણ પામ્યા. તેણે ૧૯ વરસ અને બે માસ સુધી ઇમામત ભોગવી હતી. તેને મદીના શેહેરમાં દફનાવવામાં આવ્યા છે. તેને ૭ છોકરા અને બે છોકરીઓ હતી; જેમાનાં સર્વેથી વડાનું નામ જાફર હતું, જેને ઇમામ જાફર સાદેકનાં નામથી ઓળખવામાં આવે છે. "બાકર" અને "શાકર" ઇમામ મહમદ બાકરના એલકાબ હતા.

(૬) ઇમામ જાફર સાદક.

હજરત અબાબકરના પુત્ર મહમદના છોકરા કાશમની છોકરી "ઉમ ફરવા" ના પેટે ઇમામ જાફરનો જન્મ હી૦ સ૦ ૮૩ માં રબી ઉલ અવલ મહીનાની ૧૭ મી તારીખે મદીના શેહેરમાં થયો હતો; વળી બીજા લોક કહે છે કે એની માતાનું નામ

ફાતમાં હતું. ઇમામ જાફર ઇમામ મહમદ બાકરના સર્વેથી વડા બેટા હોવાથી એમના મરણ પછી ૪૧ વરસની ઉમરે ઇમામ થયા જે પદવી તેણે ૨૪ વરસ સુધી ભોગવી.

તે વખતના ખલીફાઓને હમેશાં એવો વેહેમ હતો કે હજરત અલીના વંશજો અમારી સામે બળવો ઉઠાવશે અને અમારી રાજ્ય સત્તા છીનવી લઇ પોતાના હાથમાં રાખવાનાં પ્રયત્ન કરશે, જેથી હજરત અલીના વંશજોપર બારીક નજર રાખતા અને વારંવાર તેમને પોતાની દરબારમાં બોલાવી મંગાવતા અને જાહેરમાં માન આપવાનું ઢોળ ગાલી પોતાની ખાતરી કરતા કે તેઓ રાજ્ય મેળવવાની વેતરણ કરે છે કે કેમ? ખલીફા " અબુ ઉલ અબ્બાસ સફાએ ઇમામ જાફરને ઇરાકમાં બોલાવ્યો. એવું ધારવામાં આવે છે કે તેણે ઇમામનો પ્રાણ લેવાની નેમ રાખી હતી પણ કોઇબી પ્રકારનું બહાનું ન મળવાથી તેને પાછા મદીને જવાની રજા આપવામાં આવી હતી.

મનસુર ખલીફા થયા પછી તેણે વારંવાર ઇમામ જાફરને પોતાની દરબારમાં બોલાવ્યા હતા. દરેક વખતે તે તેને સારૂં જેવું માન આપતો, તેમજ દરબારમાં પોતાની પાસે બેસાડતો, સભ્યતાથી તેની સાથે વાતચીત કરતો અને અંતે સારૂં જેવું સરપાવ પેહેરાવી મદીને પાછા જવાની રજા આપતો. એવું કહેવામાં આવે છે કે આવી રીતે વારંવાર બોલાવવાની નેમ માત્ર એટલીજ હતી કે હજરત અલીના ખાનદાનને પોતાના બળથી વાકેફ રાખવા કે જેથી તેઓ તેની સામે થવાની કે તેના રાજયની સતાનો ઇનકાર કરવાની હિમત કરે નહીં.

ઇમામ જાફરના દુસ્મનોએ એક વખતે મનસુરને એમ સમજાવ્યું કે ઇમામ તારી સામે થવાનો ઇરાદો રાખે છે. તને ખલાફતપરથી ઉઠાડી પોતે આ બાદશાહી મસનદપર બેસવાનો પ્રપંચ રચે

છે અને તેથી તેણે ખોરાસાનના લોકોપર કાગળ લખ્યો છે, અને પોતાની વાતને ટેકો મળે એવાં કાગળોની પણ બનાવટ કીધી. આ વાત સાંભળી ખલીફા મનસુરનો મીજાજ ગયો અને તરતજ તેણે મદીનાના સુબાને કાગળ લખ્યો કે ઇમામ જાફરને વગર ઢીલે મારી દરબારમાં મોકલી આપ. ઇમામને કાંઇ એ વાતની ખબર ન હતી, તેથી તેઓ ગયા. મનસુર અને ઇમામની મુલાકાત થઇ તે વખતે પોતાની પાસે બેસાડવાને બદલે ગુસ્સામાં બોલી ઉઠયો કે તમો મારા રાજય સામે પ્રપંચ રચો છો. ઇમામે એ બાબતનો ઇનકાર કીધો અને વધુ તપાસ કરતાં જણાયું કે જે તોહોમત ઇમામ વીરૂધ ઘડી કહાડવામાં આવ્યું હતું તે ખોટું હતું જેથી ખલીફાએ ઇમામની માફી માંગી અને દગાબાજોને ભારે સજા કીધી. ઇમામને પોતાની પાસે બેસાડયા અને ઘટતું માન આપ્યું. ૧૦૦૦૦ દીરમનું સરપાવ આપી ઇમામને પોતાના વતન મદીના તરફ રવાના કીધા.

ઉપલા બનાવ પછી ઇમામ પાંચ વરસ સુધી જીવવા પામ્યા. એવું કેહવામાં આવે છે કે વળી કેટલાક લોકોએ ઇમામ વીરૂધ ખલીફાના કાન ભર્યા જેથી દરાખમાં ઝેહર ભરી ખલીફાએ ઇમામપર મોકલી જે ઇમામે ખાધી અને જેથી ઇમામ જાફરનું મરણ ૬૫ વરસની વયે હી૦ સ૦ ૧૪૮ ના સાલના રજબ મહીના ૧૫ મી તારીખે મદીના શેહેરમાં નીપજયું હતું, અને તેમને ત્યાંજ દફનાવવામાં આવ્યા છે.

ઇમામને ઉંચો કદ સફેદ ચેહેરો લાંબુ નાક ગાલપર એક ખાલ અને કાળા ગુંગરવાળા બાલ હતા. કાયદા સંબંધી ઘણું બારીક જ્ઞાન ધરાવતા હતા, અને મશહુર અબુ હનીફાએ પોતાનું શીક્ષણ એમની પાસેથી લીધું હતું. મુસલમાનોના બે મુખ્ય ટોળાં (સુની અને શીયા) આ વખતે પ્રગટી નીકળ્યા હતા.

ઇમામ જાફરને ૭ છોકરા હતા, પણ આપણને માત્ર એજ સાથે કામ છે. પહેલો છોકરો ઇસમાઇલ અને બીજો મુસા કાઝમ. ઇસમાઇલને એક છોકરો હતો જેનું નામ મહમદ હતું; એવું કહેવામાં આવે છે કે ઇમામ જાફરે પોતાની હૈયાતીમાં વસીયત કીધી હતી, કે મારી પછવાડે મારી ગાદીનો માલેક ઇસમાઇલ છે; પણ ઇસમાઇલ પોતાના પીતાની હૈયાતીમાં ગુજરી જવાથી વાંધો ઉઠયો કે હવે ઇમામતની મસનદનો માલેક કોણ થાય? કેટલાક લોકો ઇસમાઇલના પુત્ર મહમદની તરફેણમાં હતા, અને બીજાઓએ મુસા કાઝમની બાજુ પકડી. આવી રીતે ઇમામોની ગણતરીમાં વાંધો પડવાથી શીયા કોમ બે ભાગમાં વહેં-ચાઇ ગઇ. જેઓએ મહમદને પોતાના ઇમામ તરીકે કબુલ રાખ્યો, તેઓ ઇસમાઇલી કહેવાયા અને જેઓએ મુસાને પોતાના ઇમામ તરીકે માન્ય રાખ્યો તેઓ શીયા અસનાસરીને નામે ઓળખાવા લાગ્યા. જેઓએ ઇમામ મુસા કાઝમને કબુલ રાખ્યો, તેઓ વળી બાર ઇમામી કહેવાય છે, કારણ કે તેઓ બાર ઇમામને માને છે. પણ જેઓ ઇમામ ઇસમાઇલને કબુલ રાખ્યો તેઓ ઇસમાઇલીને નામે ઓળખાય છે. શીયા અશનાશરીઓ એમ માને છે કે બારમાં ઇમામ મહમદ ઉલ માહદી જે આશરે હી૦ સ૦ ૨૬૬ ના સાલમાં શામરાના એક ગુફામાં ચાલી ગયા હતા, તે હજુ જીવે છે, અને કીયામતના દીવસ સુધી એવીજ ગુપ્ત રીતે જીવશે. દુન્યાની આખેરી નજદીક આવશે ત્યારે તે પ્રસિદ્ધ થશે અને આખી દુન્યાને મુસલમાની ધર્મ કબુલ કરાવશે. વળી ઇશાનબી પણ તે વખતે જમીનપર ઉતરશે અને એ ઇમામની સરદારી કબુલી તેની પછવાડે પછવાડે ચાલશે. ત્યાર પછી એ બન્ને ઇશાનબીના કટ્ટા દુશમન "દજાલ" સાથે લડશે અને તેને હરાવી જશ અને યશ પ્રાપ્ત કરી આ ફાની દુન્યાની આખેરી આણશે.

શીયા ઇમામી ઇસમાઇલીઓ એમ માને છે કે પ્રસિદ્ધ ઇમામો માત્ર સાત છે. (૧) અલી, (૨) હસન (૩) હુસેન (૪) જેનલાબદીન, (૫) મહમદ બાકર, (૬) જાફર સાદક (૭) ઇસમાઇલ.

વળી તેઓ એમ પણ માને છે કે પ્રસિદ્ધ ઇમામોની મસનદ તેઓના વંશના અપ્રસિદ્ધ ઇમામોના હાથમાં કીયામતના દહાડા લગી રેહેશે, તેમની પહેડી દર પહેડી દુન્યાની આખેરી સુધી ચાલુ રહેશે, અને જે દહાડે તેમના વંશની પહેડીનો અંત આવશે તે દહાડે દુન્યાનો અંત પણ આવી જશે. આવી રીતે ઇમામોની ગણત્રી પરથી શીયા લોકોમાં બે તડાં પડયાં.

પ્રકરણ ૨૩ મું.

(૭) ઈમામ મુસા કાઝમ.

હી૦ સ૦ ૧૨૮ ના સફર મહીનાની ૭ મી તારીખ અને રવીવારે ઇમામ મુસાનો જન્મ મક્કા અને મદીના વચ્ચે આવેલા એક નાના ગામડામાં થયો હતો. ઇમામ જાફરના ત્રીજા પુત્ર થતા હતા, અને એમની માતાનું નામ "હમીદા" હતું, જેનું અસલ વતન બારબરી હતું, અને જે "ઉમ-અલ-વલદ" હતા. ૨૦ વરશની ઉમરે ઇમામ મુસાને ઇમામત મળી જે ૩૫ વરસ સુધી તેણે ભોગવી અને ૫૫ વરસની ઉમરે બગદાદના એક બંધીખાનામાં ઝેહેરથી શુકરવાર તા૦ ૨૫ મી રજબ હી૦ સ૦ ૧૮૩ માં મરણ પામ્યા હતા, અને બગદાદની પડોશમાં કાજમીન નામના એક ગામડામાં દફનાવવામાં આવ્યા છે.

એવું કહેવામાં આવે છે કે જયારથી ઇમામ મુસાએ ઇમામત મેળવી ત્યારથી તે વખતના ખલીફાએ તેને બંધીખાને

નાંખ્યા જ્યાં કેટલોક વખત રહ્યા પછી તે ખલીફાએ તેને છોડી મેલ્યા, અને જ્યાં તેની મરજીમાં આવે ત્યાં જઇ રેહવા રજા આપી જેથી ઇમામ મદીને આવી રહ્યા. એ ખલીફાના મરણ પછી બીજા બે ત્રણ ખલીફા થયા જેઓએ ઇમામને બીલકુલ હેરાન કીધા નહી, પણ જ્યારે ખલીફા હારૂન ઉલ રશીદ ખલાફતની મસનદપર બેઠો કે તરતજ તેણે પોતાની વલણ બદલી. એણે સાંભળ્યુ હતું કે ઇમામની લોકપ્રિયતા વધતી જાય છે, અને તે લશકર અને હથીયાર એકઠા કર્યો જાય છે જેથી તે કોઇ દહાડે બળવો ઉઠાવશે. આ ખબરની સચાઇ નક્કી કરવા માટે તે હજ્જ કરવાના બહાને મક્કે આવ્યોઃ ત્યાં ઇમામ પણ હજ્જ કરવા આવ્યા હતા. ખલીફાએ ઇમામ મુસાને મક્કામાં કેદ કરી બસરે મોકલી આપ્યો અને પોતે પાછો બગદાદ તરફ રવાના થયો. બસરામાં કેટલાક વરષ સુધી બંધીખાને રેહવા પછી ખલીફાએ તેને બગદાદમાં બોલાવી મંગાવ્યો, જ્યાં ઇમામને કેટલાક વરષ સુધી બંધીખાને રાખવા પછી રૂતુબ નામના મેવામાં ઝેહેર ભરી તેને ખવાડયું જેની અસરથી ઇમામ મરણ પામ્યા. પોતાની જીંદગીનો મોટો ભાગ ઇમામે કેદખાનામાં કહાડયો હતો. કેદખાનામાં ઇમામ હમેશાં પોતાનો વખત નીમાજ અને એબાદતમાં ગુજારતા. પોતાને વગર કારણે કેદખાને બંધ કરનારને તેણે કદી પણ કદુવા દીધી નહી, અને પોતાપર પડતાં દુઃખ તેણે સબુરીથી ખમ્યાં.

(૮) અલી રઝા.

હી૦ સ૦ ૧૪૮ ના રબી ઉલ અવલ મહીનાની ૧૧ મી તારીખે ઇમામ અલી મદીના શેહેરમાં જનમ્યા હતા. એમની માતાનું નામ “ તકતમ ” હતું અને એ પણ “ ઉમ ઉલ વલદ” હતા. ઇમામે પોતાની ઉમરના ૫૨ વરષ મદીના શેહેરમાં ખાનગી રીતે ગુજાર્યાં. આ વખતે બગદાદમાં મામુન ખલાફત ભોગવતો

હતો. વળી આ વખતે હજરત અલીના કુટુંબની લોકપ્રિયતા જુદા જુદા દેશોમાં ઘણી ફેલાઇ અને જગે જગે બળવા ઉઠ્યા. મામુનને મર્વ જઇ રહેવું પડયું અને આવા બીકટ વખતે શું કરવું તેની તેને સુજ પડી નહીં. તેના વડા પ્રધાને તેને સલાહ આપી કે ઇમામ અલી રઝાને મદીનેથી બોલાવી મંગાવો અને તેને પોતાના વારસ તરીકે જાહેર કરો એટલે તમારા મરણ પછી તમારા છોકરાને બદલે તમારી ગાદી ઇમામને મળશે. આમ થવાથી લોકો શાંત પડશે અને દરેક પ્રકારના બળવા બેસી જશે. આ સલાહ ખલીફા મામુને માની અને ઇમામ અલી રઝાને મદીનેથી બોલાવી મંગાવ્યા. જ્યારે ઇમામ અલી રઝા તેના પાયતખ્ત શેહેરમાં આવી પહોંચ્યા ત્યારે તેણે એક ખાસ મોટી દરબાર ભરી જેમાં પોતાની બાજુમાં ઇમામ રઝાને બીજી કુરસી આપી અને ત્યાં હાજર થયલા અમીરો અને સાહુકારોને મહોટેથી કહ્યું કે, મારા વારસ તરીકે હું ઇમામ અલી રઝાને ઠેરવું છું. મારા મરણ પછી મારી ગાદી એને આપવાની મારી ઇચ્છા છે અને એની સરદારી સામે મારા પછી કોઇએ પણ વાંધો લેવો નહીં અને તમારા ખરા દીલની લાગણી જાહેર કરી એની સરદારી કબુલવાના સપત લો. એમ કહી તેણે પોતાના વડા પુત્ર અબ્બાસને કહ્યું, કે તું ઇમામ અલી રઝાનો હાથ ચુમી એની સરદારી કબુલ કર અને તેણે તેમ કીધું. અને એવીજ રીતે હાજર થયલા સગળા અમીર અને સાહુકારોએ પણ કીધું. તેણે ઇમામને ઘણા દમામમાં રાખ્યો અને એક પાદશાહી મેહેલ પણ રહેવા આપ્યો. પોતાની છોકરી "ઉમ હબીબા" સાથે લગ્ન કરી આપ્યા અને ઇમામના વડા પુત્ર મહમદ તકી સાથે પોતાની બીજી છોકરી ઉમ ફજલનું સગપણ કીધું. મહમદ તકીની ઉમર એ વખતે સાત વરષની હતી. હજરત અલી અને ફાતમાના

કુટુંબના વડા સાથે આવી સારી ચાલ ચલાવવાથી તેની સામે ઉઠેલા બળવા સઘળા બેસી ગયા અને તે પોતાની ગાદી પર પગભર થઇ બેઠો.

મામુનના પુત્ર અબ્બાસ અને તેના કુટુંબીઓને કુદરતી રીતે આ વાત પસંદ પડી નહી કે ખલાફત તેમના કુટુંબમાંથી જતી રહે અને ઇમામ અલી રઝા જેવા એક પારકા માણસને તે મળે; તેથી તેઓએ મામુનના કાન ઇમામ વીરૂધ ભરવા માંડયા તે એટલા સુધી કે મામુને ઇમામને ઝેહેર આપી તેનો પ્રાણ લેવાનો ઠેરાવ કીધો. જે માણસને તેણે પોતાની ગાદીનો વારસ ઠેરવ્યો હતો, જેની સરદારી કબુલવા તેણે પોતાના દરબારીઓને ફરજ પાડી હતી, જેનાપર દીલોજાનથી નવાજી પોતાની છોકરી સાથે લગ્ન કીધાં હતાં, તેજ માણસને બે વરસ પછી કોઇબી પ્રકારે ઠાર કરવાનો મામુને ઇરાદો કીધો. કોઇ કહે છે કે તેણે દરાખમાં અને કોઇ કહે છે કે અનારમાં તેને ઝેહેર આપ્યું જેની અસરથી ઇમામ હી૦ સ૦ ૨૦૩ ના સફર મહીનાની ૧૭ મી તારીખ અને મંગલવારે ૫૫ વરસની ઉમરે ખોરાસાનના પાયતખ્ત શેહેર તુસમાં મરણ પામ્યા. તેણે ૨૦ વરસ અને ચાર મહીના સુધી ઇમામત ભોગવી અને એજ શેહેરમાં ઇમામને દફનાવવામાં આવ્યા છે, જેને હાલ મશહદના નામથી ઓળખવામાં આવે છે.

(૯) મહમદ તકી.

હી૦ સ૦ ૧૯૫ ના રમઝાન મહીનાની ૧૫ મી તારીખ અને શુકરવારે ઇમામ મહમદ તકીનો જન્મ મદીના શેહેરમાં થયો હતો; એમની માતાનું નામ "સબીકે" હતું. જયારે એમના પીતા ઇમામ અલી રઝાને ઝેહેર આપવામાં આવ્યું ત્યારે તેની ઉમર આઠથી નવ વરશની હતી. બે વરશ રહીને ખલીફા મામુને માણસ મોકલી ઇમામ મહમદ તકીને બગદાદમાં બોલાવી મંગાવ્યો; તેમની પહેલી

મુલાકાત રસતામાં અચાનક થઇ હતી. ખલીફા શીકારે જતો હતો અને રસતામાં છોકરા રમતા હતા જેમાં ઇમામ મહમદ તકી પણ હતા; તેને જોઇને બધા છોકરા નાસી ગયા પણ ઇમામ તો ત્યાંજ ઉભા રહ્યા. એ વખતે ઇમામની ઉમર ૧૧ વરશની હતી. ખલીફાએ તેને જોઇ તેની પાસે આવીને પુછ્યું કે, બધા છોકરા મને રસ્તો આપવા માટે નાસી ગયા અને તું હજુ કેમ ઉભો છે? ઇમામે જવાબ વાળ્યો કે ખલીફાને જવા માટે રસ્તો મોટો છે, અને મારા ઉભા રહેવાથી તેમાં કાંઇ અડચણ થનાર નથી. મેં કાંઇ ગુનાહ કીધો નથી કે હું નાસી જાઉં; અને મને ખાતરી છે કે ખલીફા બે ગુનાહને સજા કરતા નથી. આ સાંભળી ખલીફા અજબ થયો અને પુછ્યું કે તારૂં નામ શું છે? ઇમામે જવાબ આપ્યો કે મારૂં નામ મહમદ ઇબને અલી રઝા છે. એ સાંભળી તે બોલી ઉઠયો કે, અજબ નથી કે તું આવા જવાબ આપે.

ઇમામ મહમદ ખુબસુરત હતા તેમ વિદ્યા હુન્નરમાં ઘણા બાંકા હતાં. જ્યારે ખલીફા સાથે દરબારમાં ઇમામની મુલાકાત થઇ ત્યારે ઇમામની ચાલચલણ, રાહરસમથી તે એટલો બધો ખુશી થઇ ગયો કે તેણે તરતજ પોતાની છોકરી "ઉમ-ફજલ" ના લગ્ન ઇમામ સાથે કરી આપ્યાં અને તેમને રહેવા સારૂ બગદાદમાંજ સારી જગ્યા આપી; પણ ઇમામનું તેની પરણેતર ઉમ ફજલ સાથે બનતું નહીં, જેથી વારંવાર પોતાના પીતા પાસે ઇમામની સામે તે ફર્યાદ કરતી હતી.

કેટલીક વખત આવી રીતે ગુજાર્યાં પછી ઇમામે મક્કે હજ્જ કરવા જવાની રજા પોતાના સસરા મામુન પાસેથી માંગી અને પોતાની પરણેતરને સાથે લઇ હજ્જ કરી મદીને જઇ રહ્યા અને મામુનના મરણ સુધી કાંઇ પણ આપદા વેઠયા વગર મદીનામાંજ રહ્યા. મામુનના મરણ પછી તેનો ભાઇ મુસતમ ખલીફ થયો જેણે

ઇમામ મહમદને પોતાની ધણીઆણી ઉમ-ફજલ સાથે બગદાદ આવવા ફરમાવ્યું. ઇમામ બગદાદ આવ્યા પછી લાંબો વખત જીવવા પામ્યા નહીં. કારણ કે ખલીફાએ પોતાની ભત્રીજી ઉમ-ફજલને સમજાવી પોતાના ભરથારના ખાણામાં ઝેહેર નાંખવા ફરમાવ્યું, જે પ્રમાણે કરવામાં આવ્યું, અને જેની અસરથી ઇમામ મરણ પામ્યા. હી૦ સ૦ ૨૨૦ ના સાલના જીઉલ કદ મહીનાની ૩૦ મી તારીખે ૨૪ વરસ અને ૧૦ મહીનાની કાચી વયે ઇમામ મહમદ તકી બગદાદ શેહેરમાં મરણ પામ્યા. તેને ઇમામ મુસા કાઝમની પડોશમાં કાજમીનમાં દફનાવવામાં આવ્યા છે. ૧૭ વરશ સુધી ઇમામત ભોગવી હતી, એમને બે પુત્ર હતા. અલી અને મુસા, જેમાંનો વડો અલી તેની પછવાડે ઇમામતની મસનદપર બેઠો.

(૧૦) અલી નકી.

હી૦ સ૦ ૨૧૨ ના રજબ મહીનાની ૧૩ મી તારીખ અને મંગલવારે ઇમામ અલી નકીનો જન્મ મદીનાની પાસે આવેલા સરયા નામના ગામડામાં થયો હતો. એની માતાનું નામ "સમના" હતું. ઇમામની ઉમર જયારે માત્ર આઠ વરશની થઇ ત્યારે પોતાના પીતાના અકાળ મરણથી તેને ઇમામત મળી. ઇમામ લાંબો વખત સુધી મદીનામાં રહ્યા હતા. પણ અંતે મદીનાના સુબા સાથે કાંઇ અણબનાવ થવાથી તે વખતના ખલીફા મુતવકલે તેને અને તેના કુટુંબને "સરમનરાય" નામના ગામડામાં આવી રહેવા ફરમાવ્યું; ઇમામે તે પ્રમાણે કીધું અને જયારે તે ગામમાં પોતાના કુટુંબ સાથે આવી પહોંચ્યા ત્યારે ખલીફાએ ઇમામની મુલાકાત લીધી નહીં, અને ઉતારો લેવાની જગ્યા પણ આપી નહી, જેથી ધરમશાળામાં ઉતારો લેવાની ફરજ પડી. અંતે ખલીફાએ મુલાકાત લીધી, અને ઉતારાની જગ્યા પણ આપી. ઇમામને ઝેહેર આપવામાં આવ્યું હોય એમ શક લઇ જવામાં આવે છે. હી૦ સ૦ ૨૫૪ ના

રજબ મહીનાની ૩ જી તારીખ અને સોમવારે ૪૨ વરશની ઉમરે શામરામાં ઇમામનું મરણ થયું હતું. તેણે ૩૨ વરશ અને ૭ મહીના સુધી ઇમામત ભોગવી હતી.

(૧૧) હુસન અસગરી.

હી૦ સ૦ ૨૩૨ ના રબી ઉલ સાની મહીનાની ૮ મી તારીખે ઇમામ હસનનો જન્મ મદીના શેહેરમાં થયો હતો. એની માતાનું નામ સુસન હતું જે પણ "ઉમ ઉલ વલદ" હતા. ઇમામ અલી નકી એને પોતાની સાથે શામરામાં લઇ ગયા હતા, જ્યાં હી૦ સ૦ ૨૬૦ ના રબી ઉલ અવલ મહીનાની ૮ મી તારીખે ઝેહેરની અસરથી ૨૮ વરશની જવાન વયે ઇમામ મરણ પામ્યા હતા. એના પીતાની કબરની બાજુમાં શામરામાં દફનાવવામાં આવ્યા છે. ઇમામે ૭ વરશ સુધી ઇમામત ભોગવી હતી.

(૧૨) મહમદ ઉલ માહદી.

હી૦ સ૦ ૨૫૫ ના રમજાન મહીનાની ૧૫ મી તારીખે ઇમામ મહમદનો જન્મ શામરા શેહેરમાં "નરજસ" ના પેટે થયો હતો. પાંચ વરશની બાળક વયે ઇમામત પામ્યા હતા. અને ૧૧ વરશની કાચી વયે હી૦ સ૦ ૨૬૬ માં શામરાના એક ગુફામાં ચાલી ગયા હતાં. શીયા અસનસરી પંથ પાળનારા શીવાય બીજા સઘળા એમ માને છે કે ઇમામ ગુફામાં જવા પછી તરત મરણ પામ્યા હતા. પણ શીયા અસનાસરી લોકોનું કહેવું છે કે ઇમામ હજુ ગુફામાં જીવે છે અને કીયામતના દહાડા સુધી એવીજ રીતે જીવતા રહેશે જ્યારે તે પ્રસિધ્ધ થઇ, ઇસલામનો ડંકો હરજગે વજડાવશે.

હવે આપણે ઇમામી ઇસમાઇલી શાખાપર જશું.

પ્રકરણ ૨૪ મું.

(૭) ઈમામ ઈસમાઈલ.

પોતાના પીતા ઇમામ જાફરની હૈયાતીમાં ગુજરી જવાથી ઇમામ ઇસમાઇલ વીશે કાંઇ જણાયલું નથી.

(૮) મહમદ બીન ઈસમાઈલ.

ઇમામ જાફરના મરણ પછી ઇમામ મહમદ મદીનામાં છુપી રીતે રહ્યા હતા. પણ જ્યારે હારૂન અલ રશીદ ખલીફા થયો ત્યારે તેણે ઇમામને પકડી મંગાવવાની કોશેશ કીધી જે વાતની ખબર જોબેદાએ ઇમામને આપી જેથી ઇમામ મદીના શેહેર છોડી કુફે આવી રહ્યા, જ્યાં તેના ફરજંદ ઓબેદુલ્લાનો જન્મ થયો. તે પછી ઇમામ પોતાના કુટુંબને લઇ રાઇ તરફ ગયા, જ્યાં ઇશાક બીન અબાસ ફારસી સાથે ઉતારો લીધો, કે જે ઇમામની ધણીઆણી ફાતમાનો મામો થતો હતો, પણ એ સઘળી ખબર ખલીફા હારૂન અલ રશીદને મળવાથી ઇમામ ઇશાકની સલાહ લઇ નીહાવંદ જતા રહ્યા, જ્યાં મનસુર બીન હોસેબની દીકરી સાથે પરણ્યા. ખલીફાએ ઇશાકને પોતાની પાસે બોલાવી મંગાવ્યો, અને ઇમામનો પતો પુછયો; પણ તેણે કાંઇ પતો આપ્યો નહીં. ઇશાક ઉપર એટલું બધું ઘાતકીપણું ચલાવવામાં આવ્યું કે અંતે તે મરણ પામ્યો. પણ ખલીફાને અંતે બીજી રીતે પતો મળવાથી તેણે જાસુસો નીહાવંદ તરફ મોકલ્યા, પણ એ વાતની ખબર ઇમામને આગળથી પડી જવાથી તે સાબુર તરફ જતા રહ્યા, અને ત્યાંથી ફરગાના ગયા, જ્યાં ઇમામનું મરણ થયું.

(૯) ઓબેદુલા બીન મહમદ.

પોતાના પીતાના મરણ પછી ઇમામત ઓબેદુલાને મળી. એની માતાનું નામ ફાતમાં હતું. ખલીફાઓએ આ વખતે

હજરત અલીના વંશજોની ઘણી જુસતેજો કીધી અને જ્યાંથી તેઓનો પતો મલતો ત્યાંથી પકડી મંગાવી મારી નાંખતા જેથી ઇમામને છુપા રહેવાની ખાસ ગોઠવણો કરવી પડી અને તેથી ફરગાનથી રામહુરમજ અને ત્યાંથી દેલમ તરફ ગયા, જ્યાં અલવી ખાનદાનની સ્ત્રી સાથે લગ્ન કીધા જેને પેટે એક ફરજંદ થયો જેનું નામ આહમદ રાખ્યું. અહીંથી વળી ઇમામ સાલમીયા તરફ ગયા જ્યાં ઇમામનું મરણ નીપજ્યું.

(૧૦) આહમદ બીન ઓબેદુલા.

પોતાના પીતાના મરણ પછી ઇમામ આહમદે ઇમામત મેળવી અને સાલમીયામાં લગ્ન કીધાં અને તેમને એક ફરજંદ થયો જેનું નામ હુસેન રાખવામાં આવ્યું. ઇમામ ઘણા વિદ્વાન હતા અને "અખવાન ઉલ સફા" નામની ચોપડી એણે લખી હતી, જેની મતલબ એ હતી કે ફીલસુફી અને ધર્મ જ્ઞાન એક બીજાથી ઉલટા નથી. ઇમામ થોડો વખત કુફામાં તો થોડો વખત દેલમ અને થોડો વખત સાલમીયા અને થોડો વખત અસકરે મુકરમમાં રહેતા અને હમેશાં વેપારી લીબાસમાં ફરતા. ઇમામનું મરણ સાલમીયામાં થયું હતું.

(૧૧) હુસેન ઇબને આહમદ.

પોતાના પીતાના મરણ પછી ઇમામ કુફા તરફ ગયા અને ત્યાંથી આબરૂદાર માણસોને ઇસમાઇલી ધર્મ ફેલવવા માટે આફ્રીકા મોકલ્યા, અને પોતે પાછા સાલમીયા આવી રહ્યા અને ત્યાંજ ઇમામનું મરણ થયું. જે વખતે ઇમામ મરણ પામ્યા ત્યારે તેના પુત્ર ઓબેદુલાની ઉમર માત્ર ચાર વરસની હતી.

(૧૨) ઓબેદુલા ઉલ માહદી.

હી૦ સ૦ ૩૯૬ માં અબુ અબદલા સુફીની મદદ અને સલાહ લઇ આફ્રીકાખંડ પર ચહડાઇ કીધી ને શુરવીર તેમજ કુનેહબાજ સીપાહ બચ્ચો હોવાથી, જેની સાથે અથવા જ્યારે પણ

લડાઇમાં ઉતરતા ત્યારે ઇમામ ફતેહ મેળવ્યા વગર રહેતા નહીં. ઇમામે કીરવાનની સરહદમાં એક મજબુત કીલ્લો બાંધ્યો જેનું નામ "માદીઆ" કરીને રાખ્યું. હી૦ સ૦ ૩૯૯ માં પશ્ચિમ તરફના થોડા પ્રાંતોએ ઇમામની સામે બળવો ઉઠાવ્યો અને આપ અખત્યાર થઇ જવાની વેતરણ કીધી જેથી ઇમામે પોતાના પુત્રને તેમને તાબે કરી તેમની બુદ્ધી ઠેકાણે લાવવા એક સારૂં જેવું લશ્કર આપી તેમની સામે મોકલ્યો. બળવાખોરો જે શેહેરમાં ભરાયા હતા તે શેહેરને ઘેરો ઘાલી લાંબો વખત સુધી ત્યાંજ પડી રહ્યા જેથી આખરે બળવાખોરો પાસે ખોરાકી ખુટવાથી તેઓ તલવાર અને કફન હાથમાં લઇ શેહેરની બહાર આવી ઇમામના પુત્ર પાસે જીવતદાન માંગ્યું, જે તેણે તરતજ બક્ષ્યું. શરણે આવેલા લોકોમાંથી એકના જીવની પણ હાણી થઇ નહીં, અને થોડી ઘણી ખંડણી જે તેઓ આપી શકયા તે લઇ તેમને વફાદાર રહેવા જણાવી પોતાના પીતાની રાજયધાનીના શેહેર તરફ કુચ કરી ગયો. પશ્ચિમ તરફના મોટા મોટા પ્રાંતો પોતાના લાગવગ જાહોજલાલી અને લશ્કરી બળે જીતી લઇ ત્યાં રાજય કરતા રાજાઓને તાબે કરી તેઓના દેશોને પોતાના રાજય સાથે જોડી નાંખ્યા. ઇંદલસ કીરવાન તરાબલસ અને અમસાલ જીતી લીધા. પછી ઇમામે પોતાના છોકરા કાયમને મીસર દેશ જીતવા મોકલ્યો. ત્યાંનો હાકેમ મુકતદર અબાસી કાયમની સામે ઘણી મજબુતીથી થયો જેથી ઇમામની હૈયાતીમાં મીશર દેશ જીતી શકાયું નહીં. ઇમામ ૬૨ વરસની ઉમરે ૨૫ વરસ સુધી રાજય ભોગવી "માદીઆ" નામના કીલ્લામાં મરણ પામ્યા.

(૧૩) કાયમ બે અમર અલાહ.

ઇમામ માહદીએ પોતાની હૈયાતીમાંજ પશ્ચિમ અને બરબરના લોકો પાસેથી કાયમની સરદારી કબુલાવી હતી. તેના મરણ પછી

તરતજ કાયમ ખલાફતની ગાદીપર બેઠા. અકલબીયાના લોકોએ ઇમામ કાયમ સામે બળવો ઉઠાવ્યો, તેનું કારણ એ હતું, કે ઇમામે નેમેલો હાકેમ સાલમ લોકોપર ઘણી જુલમી ગુજારતો અને તેમને વગર કારણે ઘણો હેરાન કરતો. જ્યારે સાલમે જોયું કે કામ બગડે છે ત્યારે તેણે ઇમામને લખી મોકલ્યું કે અત્રેના લોક આપની સતા સામે વાંધો ઉઠાવે છે માટે બનતી ઉતાવળે મદદ મોકલો. ઇમામે ખલીલ નામના સરદારને લસ્કર આપી સાલેમની કુમકે મોકલ્યો. જ્યારે ખલીલ ત્યાં જઇ લાગ્યો કે સકલબીયાના લોકો તેની પાસે ગયા, અને ખરી હકીકતથી તેને વાકેફ કીધો, જે ખબર જ્યારે ઇમામને પડી ત્યારે તેણે સાલેમને બરતરફ કીધો, જેથી ત્યાંના લોક સંતોષ પામ્યા.

ઇમામની જીંદગીના છેલા વરસોમાં "અબુ યઝીદ" નામના પંતુજીએ બળવો ઉઠાવ્યો અને કીરવાન શેહેર જીતી લઇ તેનો નાશ કીધો. રફતે રફતે તેનું બળ એટલું બધું વધ્યું કે તેણે ઇમામ સાથે લડવાની હિમ્મત કીધી. થોડી લડાઇઓ પણ થઇ અને અંતે ઇમામને પાછું હઠવું પડયું જેથી તે બળવાખોર "માદીયા" ના કિલ્લાને ઘેરો ઘાલી બેઠો. ઇમામ એ વખતે બીમાર પડયા, અને ૧૨ વરસ અને ૭ મહીના ઇમામત ભોગવી મરણ પામ્યા. એમના પછી એમનો છોકરો મનસુર બીલ્લા ઇમામતની મસનદપર બેઠો.

(૧૪) મનસુર બીલા.

ઇમામ કાયમના મરણ પછી માદીયાના કીલ્લામાં રહેનાર અમીરોએ તેના પુત્ર મનસુર બીલ્લાની સરદારી કબુલી. મનસુર ઘણો બહાદુર, શુરવીર, ચાલાક તેમજ ડાહ્યો હતો. પોતાના પીતા કાયમના મરણ વખતે અબુ યજીદ માદીયાના કિલ્લાને ઘેરો ઘાલી

એક્લો હોવાથી તેણે તે વાત છુપી રાખી. બળવાખોર સાથે એવી તો ચપળતાથી ટક્કર લીધી કે આખરે તેને પોતાના લશ્કર સાથે નાસી જવાની ફરજ પડી. તે એટલી ઝડપથી નાઠો કે સુદાન જઇ પહોંચ્યા અગાઉ ઠરીઠામ થયો નહીં. તેને પકડી મંગાવવામાં આવ્યો અને રીબાવી રીબાવીને મારી નાંખ્યો.

સકલબીયા પ્રાંતનો હાકેમ હસન સારી રીતે રાજ્ય ચલાવતો હતો, પણ તુરકોએ તેની સામે ચઢડાઇ કરવાથી તેને લડવું પડયું, અને અંતે તેની હાર થઇ જેથી ઇમામે તેની કુમકે મદદ ફરૂખની સરદારી હેઠળ મોકલી, તેણે તુરકોને મારી હઠાવ્યા. એ ફતેહની ખુશાલીમાં અબુ જાફર નામના કવીએ કવીતાઓ લખી દરબારમાં લઇ આવ્યો જેમાં એમ લખેલું હતું કે આપનો પાટવી કુંવર મોઇઝ ઉલ દીન બીલાનું મુબારક નામ મક્કા અને મદીનાના મંબરોપર અને સીક્કાઓપર એક ખલીફા તરીકે જારી થશે, એવી હું આગાહી કરૂં છું, જે પ્રમાણે થયું. ખલીફા મનસુર ૩૯ વરસની ઉમરે સાત વરસ ખલાફત ભોગવી મરણ પામ્યા.

(૧૫) મોઇઝ ઉદ દીન બીલા.

એ ઇમામ ડાહયા અને શુરવીર હતા રાજ્ય ચલાવવાની કુનેહ, કાયદાની બારીકીઓ તથા ધર્મના કાનુનો સારી પેઠે જાણતા હતા. ઇનસાફમાં તદન અપક્ષપાત, ગરીબ અને તવંગરને એક સરખા ગણતા અને વગવાળા માણસોને સજા કરવામાં જરા પણ આંચકો ખાતા નહીં. હી૦ સ૦ ૩૪૧ ના સવાલ મહીનામાં ખલાફતની ગાદીપર બેઠા, અને હી૦ સ૦ ૩૪૭ માં તેણે દુર દુરના દેશોમાં લશ્કર મોકલી પોતાની સત્તા વધારી દીધી.

હવે મીશર દેશ બની અબાસ ખલીફાઓના હાથમાં હતું, અને કાફુર અખશીદી તેમની તરફથી ત્યાં રાજ્ય કરતો હતો. આ વખતે ત્યાં ભારે દુકાળ પડયો અને તેજ વખતે કાફુર મરણ

પામ્યો, જેથી ત્યાંના લોકોએ ઇમામપર લખ્યું કે યાતો તમો અતરે પધારો અથવા તમારા તરફથી કોઇને મોકલો; જેથી ઇમામે પોતાના ગુલામ જોહરને એક મોટું લશ્કર આપી અને ભુખે મરતા લોકો માટે અનાજ આપી મીશર ભણી મોકલ્યો. હી૦ સ૦ ૩૫૭ માં જોહર ભારે સંકટ અને આપદાઓ વેઠી મીશર જઇ પહોંચ્યો. ત્યાંના લોકોએ તેને આવકાર દીધો અને રફતે રફતે આખો મીશર દેશ ઇમામને તાબે આવ્યો. દેશો જીતવામાં તેના લશ્કરે કાંઇ મણા રાખી નહીં. જ્યાં ઇમામનું લશ્કર જતું ત્યાં ફતેહ મેળવ્યા વગર રહેતું નહીં. ગમે તેવા મજબુત કિલ્લાઓ ગમે તેવા મોટાં લશ્કરો તેની સામે ટકી શકતાં નહીં. તેનું નામજ સાંભળીને જાણે તેના દુશ્મનો થરથર ધ્રુજવા લાગતા.

મીશર દેશ તાબે આણ્યા પછી તેણે અરબસ્તાન જીત્યું. મક્કા અને મદીના શેહેરમાં ઇમામના નામનું રાજ્ય ચાલવા લાગ્યું. ત્યાર પછી દમાસકસ પર ફતેહ મેળવી શામના આખા પ્રાંતને જીતી લીધું. કરામાતા નામનું ટોળું કે જેણે ભુંડાં કામ કર્યાં હતા તેને સજા કીધી જેથી જણાય છે કે "કરામતી" ટોળું અને ઇસમાઇલી ટોળું એક નથી. ઇસમાઇલીઓના દુશ્મનોએ વેરભાવથી એ વાત જોડી કહાડી છે.

હી૦ સ૦ ૩૬૨ માં ઇમામ માદીયા છોડી મીશર દેશને પોતાનું ખાસ મથક કીધું અને કેરો શેહેરમાં રાજ્યધાણી સ્થાપી. એવું કહેવામાં આવે છે કે જ્યારે તે પોતાના કુટુંબ અને રસાલા સાથે મીશર જવા માટે નીકળ્યા ત્યારે ઇમામની પસે ૧૫૦૦૦ ઉંટ સોનાથી અને ૧૦૦૦૦ ઉંટ રૂપાંથી લાધેલા હતા. મીશરના અમીરો તેને સામે લેવા આવ્યા હતા. ઇમામ ઘણા સખીદીલ હતા. પોતાના અદલ ઇનસાફથી ઇમામ ઘણા લોકપ્રિય થઇ પડયા હતા. એવું કહેવામાં આવે છે કે તેણે પોતાની દરબારમાં સોનાની

પેટીઓ રાખી હતી અને દરરોજ ગરીબ લોકોને તેમાંથી એક મુઠી ભરી લઇ જઇ દેવામાં આવતા. ખાલી પેટીઓ હજુ જાળવી રાખવામાં આવી છે.

હી૦ સ૦ ૩૬૧ ના રબી ઉલ્‍ આખર મહીનાની ૧૯ મી તારીખે ૨૩ વરસ અને પાંચ મહીના ઇમામત ભોગવી ૪૫ વરસની ઉમરે ઇમામ મોઇઝ બીલ્લા મરણ પામ્યા. એવું કહેવામાં આવે છે કે તેના મરણની થોડા દીવસ અગાઉ તેણે સઘળા અમીરોને એકઠાં કીધાં, અને પોતાના છોકરા અઝીઝબીલાને પોતાનો વારસ ઠેરવ્યો. રાજ્યના અમીરોએ ઇમામના મોતની ખબર સાત મહીના સુધી છુપી રાખી અને સઘળા પ્રાંતોએ અઝીઝબીલાની સરદારી કબુલ્યા પછી તે ખબર બહાર પાડી.

(૧૬) અઝીઝ બીલાહ.

એ ઇમામ રહેમદીલ, સબુરીવાળા અને નેક ચાલચલણ ધરાવતા હતા. ઇમામે પોતાની ખલાફતના પહેલે દહાડે એક છટાદાર ભાષણ તૈયાર કીધું જેમાં ફાયદા ભરેલી શીખામણોનો સમાવેશ કીધો હતો, અને જે સાંભળી લોકોની આંખોમાં આંસુ આવી ગયાં હતાં.

તેણે આથમણ શામ અને હીજાજના દેશો જીતી લીધા હતા. તેની ખલાફતના વખતમાં અલપતગીન એક લશ્કર લઇ બગદાદથી શામ તરફ આવ્યો અને કરામતી ટોળાના ઉપરી હસન ઇબને મહમદ સાથે મલી જઇ અઝીઝ બીલાહની સામે થવાનો ઇરાદો કીધો. ઇમામે શામ તરફ કુચ કીધી. જ્યારે બન્ને લશ્કર એક બીજાની સામે આવી પહોંચ્યા ત્યારે અલપતગીનની નજર અઝીઝ બીલાહના અજીત જુંદાપર પડી જેથી એકાએક તેના દીલમાં એવી તો ધાસતી પેઠી કે ખલીફાની સામે થવાનું ભુલી ગયો, એટલુંજ નહીં પણ પોતાના ઘોડાપરથી ઉતરી ઇમામના ઘોડા

પાસે આવ્યો અને તેના પગ ચુમી પોતાના ગુનાહ અને બેઅદબી માટે માફી માંગી. ઇમામ રહેમદીલ હોવાથી તરતજ તેને માફી બક્ષી એટલુંજ નહીં પણ તેના થોડા સાથીઓ અને સગાઓને પહેરામણી આપી. આવી રીતે ઇમામની સામે થનારાઓ પોતાની સજાએ પહોંચતા.

ઇમામ ધર્મનો ઝનુંન સેજ પણ ધરાવતા નહીં. એવું કહેવામાં આવે છે કે ઇમામ મુસલમાની ધર્મ નહી પાળનારાઓ ઉપર જરાપણ આડી નજરે જોતા નહી. પણ તેમને મુસલમાનોની માફકજ મોટી પદવીએ ચહડાવતાઃ શામની હકુમત એક યાહુદીને અને મીશરની હકુમત એક નસારાને ઇમામે આપી હતી. ૨૧ વરશ સુધી અદલ ઇનસાફથી ખલાફત ભોગવી, હી૦ સ૦ ૩૮૩ ના રમજાન મહીનામાં મરણ પામ્યા.

(૧૭) હાકેમ બીલાહ.

હી૦ સ૦ ૩૫૦ ના રબી ઉલ અવલ મહીનાની ૨૬ મી તારીખે ઇમામનો જન્મ કેરો શેહેરમાં થયો હતો. એક ખારજીએ ઢોંગ કીધો, કે હું અબાસી કુટુંબનો છું અને તેથી મારો હક ખલાફત પર પહોંચે છે. ઇમામ સાથે થોડી લડાઇઓ પણ થઇ અને અંતે તે પકડાયો. ઇમામે તેના હાથ પગ બંધાવી તેને લાલ ટોપી પહેરાવી, ઉંટપર બેસાડી આખા શેહેરમાં ફેરવ્યો. જ્યારે તેને ઉંટ પરથી ઉતારવામાં આવ્યો, ત્યારે તે મરણ પામેલો જણાયો હતો.

હી૦ સ૦ ૩૭૮માં ઇમામે ઢંઢેરો ફેરવ્યો કે રાતની વખતે શેહેરના દરવાજા તથા દુકાનો બંધ કરવી નહીં, અને રસ્તામાં મશાલો બળતી રાખવી. કોઇબી જાતના ચોર કે લુટારાની ધાસ્તી હતી નહીં. ઇમામે "જામે અઝહર" નામની મસજીદ ચણાવી હતી જેની કારીગરી આજદીન સુધી દુન્યામાં મશહુર છે, તથા હુકમ કીધો કે શરાબ કે બીજી કેફી વસ્તુઓનો વેપાર બંધ કરવો.

ઇમામ વિદ્યા હુન્નરને ઉતેજન આપવામાં પછાત પડતા નહીં. સેં-કડો શાળાઓ સ્થાપવા ઉપરાંત વિદ્વાનો અને ભણેલાઓને કેળવ-ણીના વધારા માટે રોકયા અને આવા ખાતાંઓને હમેશાં ચાલુ રાખવા માટે મોટી મોટી જાગીરો વક્ફ કીધી. ઇમામ એક કાવત્રાંનું ભોગ થઇ પડયા, જેથી તેના એક અમીરના ખાંધી-આએ ઇમામનું ખુન કીધું.

(૧૮) ઝાહેર ઉદ્દદીલ બીલાહ.

ઇમામ ખલાફતની મસનદ પર બેઠા પછી પોતાના પીતાનું ખુન કરનારને મારી નંખાવ્યો. હી૦ સ૦ ૪૦૫ માં મીશર દેશમાં એક ભારે દુકાળ પડયું જે બે વરસ સુધી ચાલુ રહ્યું. હી૦ સ૦ ૪૨૦ માં પાટવી કુંવર મુસતન સર બીલ્લાહનો જન્મ થયો જે દહાડે આખા શહેરમાં રોશની કરવામાં આવી અને તેજ સાલમાં એક ધરતીકંપ મીશર દેશ અને રામલામાં થયું, જેથી ઘણી ખરાબી થઇ હતી.

હી૦ સ૦ ૪૨૧ માં રૂમના બાદશાહે ૬૦૦૦૦ માંણસના લશ્કરને શામ જીતી લેવા મોકલ્યો પણ જેવા તેઓ હલબની સરહદમાં આવી પહોંચ્યા કે ગરમીનું એટલું તો જોર હતું કે તેમનાથી ખમી શકાઇ નહીં. વળી જાહેર બીલ્લાના લશ્કરે રાતની વખતે તેમનાપર હુમલો કીધો જેથી રૂમીઓની સખ્ત હાર થઇ અને તેમને નાશી જવું પડયું. હી૦ સ૦ ૪૨૬ ના શવાલ મહી-નામાં ૩૩ વરસની જવાન વયે ૧૬ વરસ ખલાફત ભોગવી ઇમામ મરણ પામ્યા.

(૧૯) મુસતનસર બીલાહ.

ઇમામ માત્ર ૭ વરસની ઉમરે પોતાના પીતાના અકાળ મર-ણથી ખલાફતની ગાદીપર બેઠા. ૧૧ વરસની કાચી વયે તો એક નાની જેવી ટુકડી લઇ નાઇલ નદીમાં ફરવા જતા. ઇમામના

તાજમાં એટલા તો કીમતી હીરા જડેલા હતા કે કોઇ ઝવેરીથી તેની કીમત થઇ શકતી નહી. એના વખતમાં હલબના પ્રાંતે બે ત્રણ વાર બંડ ઉઠાવ્યું પણ દરેક વખતે ઇમામના લશ્કરે તેમને ઠેકાણે પાડયા. એ ઉપરાંત બીજા ઘણા શેહેરોને તેણે પોતાની સરદારી કબુલાવી હતી. બની અબાસ ખલીફાએ ઇમામની સરદારી તોડી પાડવાની ઘણીએ કોશેશ કીધી પણ પોતાની નેમમાં ફાવ્યા નહીં. ઇમામનું જોર દીનપર દીન વધતું જતું હતું.

ઇમામનું નામ સાંભળી ઘણા વિદ્વાનો ઇસમાઇલી ધર્મના કાનુનો અને મુળતત્વો શીખવા મીશર દેશમાં આવતા, જેમાં મુખ્ય ખોરાશાનનો નાસર ખુસરો અને રાઇનો હસન સબા હતા. નાસર ખુસરોએ સાત વરસ સુધી મીશર દેશમાં રહી ઇસમાઇલી ધર્મનો અભ્યાસ કરી ખોરાસાન તરફ જઇ એ ધર્મ શીખવવા માંડયો. પણ ત્યાંના લોક એથી નારાજ થયા અને એની ઉપર જબરદસ્તી કરવાના હતા જેથી આસપાસના પહાડોમાં તે નીકળી ગયો. જયાં ૨૦ વરસ સુધી પાણી અને ઘાંસપર પોતાનું ગુજરાન કીધું. હસન સભા ત્રણ વરસ સુધી ઇમામની દરબારમાં રહી એ ધર્મનો અભ્યાસ કીધો.

ઇમામ મુસતનસર બીલ્લાહના ત્રણ પુત્ર હતા (૧) નીઝાર (૨) મુસ્તેઅલી (૩) મહમદ.

ઇમામે વસીયત કીધી કે મારા પછી મારો વડો પુત્ર નીઝાર ગાદીએ બેશે. પૂર્વે મીશરનો સીપેહસાલાર જેનું નીઝાર સાથે બનતું નહીં અને જે મોટી વગ ધરાવતો હતો અને વળી લશ્કરની સરદારી તેના હાથમાં હોવાથી તેણે ઇમામને સલાહ આપી કે નીઝારનો હક રદ કરી બીજા છોકરા મુસ્તેઅલીની વસીયત કરવી. હસન સભાએ પોતાનો મત નીઝારની તરફેણમાં આપવાથી અને તેની તરફેણમાં આગેવાન ભાગ લેવાથી તેને મીશરની દરબાર

છોડવી પડી. તેણે ઇરાન દેશમાં જઇ ઇસમાઇલી ધર્મ શીખવી આલમુતની ગાદી સ્થાવી તે વીશે હવે પછી લખવામાં આવશે. એવું કહેવામાં આવે છે કે પેલા સીપેહસાલારના દબાણથી અંતે ઇમામે વસીયત કીધી કે મારી પછી મારી મસનદપર મારો બીજો પુત્ર મુસ્તેઅલી બેસે; જેથી વળી ઇસમાઇલીઓમાં બે તડાં પડયાં. ઇસમાઇલીઓના એક ભાગે મુસ્તેઅલીને પોતાના ૨૦ માં ઇમામ તરીકે કબુલ્યો જેમાં વોહોરા કોમ આવી જાય છે. ઇસમાઇલીઓના બીજા ભાગે નીઝારને પોતાના ૨૦ માં ઇમામ તરીકે કબુલ્યો જેમાં કોહીસ્તાનના લોક અને હસન સભા હતા અને જેમાં મુંબઇની ખોજા કોમ આવી જાય છે. ઇમામે સાઠ વરસ સુધી ખલાફત ભોગવી હતી.

પ્રકરણ ૨૫ મું.

(૨૦) નીઝાર.

ખલીફા મુસ્તનસરબીલાહની બીજી વસીયત પ્રમાણે મીશરની ગાદીપર તો તેનો બીજો છોકરો મુસ્તેઅલી બેઠા. તેણે ગાદીપર બેસતાંજ પોતાના વડા ભાઇ નીઝારનો કાટલો કહાડી નાંખવાની વેતરણ કીધી જેથી ઇમામ નીઝાર ઍલેકઝેંદ્રીયા ભણી નાઠા. ત્યાંના હાકમે તેને સારો આવકાર આપ્યો, જેથી મુસ્તેઅલીએ એક લશ્કર મોકલી ત્યાંના હાકમને મારી નંખાવ્યો, અને ઇમામ નીઝાર અને તેના બે છોકરાને પકડી કેદ કરી કેરોમાં લઇ આવ્યા, જ્યાં તેમને બંધીખાનામાં નાંખવામાં આવ્યા. એવું કહેવામાં આવે છે કે ઇમામ નીઝાર તેજ બંધીખાનામાં મરણ પામ્યા.

(૨૧) મહમદ ઈબને નીઝાર.

આપણે ઉપર જોયું કે મુસતનસર બીલ્લાહના સીપેહસાલારના લાગવગથી તેના વડા પુત્ર નીઝારને તેની ગાદીએ ન બેસાડતાં તેના નાના પુત્ર મુસ્તેઅલીને ગાદીનશીન કીધો, જેણે ગાદીપર બેઠા પછી તરત પોતાના મોટા ભાઇ નીઝાર અને તેના બે પુત્રને બંદીખાને નાંખ્યા. હવે આપણે હસનસભા જે ઇસમાઇલી ધર્મનો ફેલાવો કરનાર એક દાઇ હતો, અને જેણે ઇમામ નીઝારની ઇમામત કબુલી હતી તેની તવારીખ તપાસયે.

હસનસભા રાઇનો એક રહેવાસીનો છોકરો હતો. અને મુવાફેક નીશાપુરી નામના એક ઘરડા વિદ્વાન પાસે ખોરાસાનમાં તેને શીખવા મોકલવામાં આવ્યો હતો, જયાં તેની મુલાકાત બીજા બે નિશાળીઆઓ નીઝામ ઉલ મુલ્ક અને ઉમર ખીઆમ સાથે થઇ. લોકોમાં એવી કહેવત બોલાતી હતી કે જે છોકરાઓ ઉપલા વિદ્વાનના હાથ નીચે તાલીમ લે, તેઓમાંથી થોડાક પણ ઉંચી પાયરીએ ચહડયા વગર રહે નહીં. જેથી હસનસભા નીઝામ ઉલ મુલ્ક અને ઉમર ખીઆમે પોત પોતામાં કોલકરાર કીધાં કે જે આપણા ત્રણમાંથી મોટી પદવીએ પહોંચવાને નસીબવંત થાય તેણે બાકીના બન્નેને તેમાથી હિસ્સો આપવો. હવે એવું બન્યું કે નીઝામ ઉલ મુલ્ક મલેકશાહ નામના પાદશાહનો વઝીર થવા પામ્યો. ઉમર ખીઆમ તેની પાસે ગયો અને તેની કબુલાતની તેને યાદ દેવાડી. નીઝામ ઉલ મુલ્ક લખી ગયો છે કે મેં મારી કબુલાત પ્રમાણે ચાલવા કબુલ્યું અને રાજા પાસે તેના વખાણ કરી તેને સારી જેવી પદવી આપવા જણાવ્યું પણ તેને એકાંતમાં વિદ્યાની શોધમાં ગુજારવાનો શોક હોવાથી તેને મેં ૧૨૦૦ તુમાનનું સાલીયાણું કરી આપ્યું, અને તે નીશાપુર જઇ રહ્યો. ત્યાર પછી થોડે વખતે હસનસભા મારી પાસે આવ્યો,

અને મારી કબુલાતની મને યાદ દેવાડી જેથી મેં તેની ભલામણ કીધી અને તે દરબારમાં એક આગેવાન સલાહકાર થઇ પડયો.

હસનસભા તે જમાનાની દરેક વિદ્યામાં બાહોશી ધરાવવા ઉપરાંત ગણીત શાસ્ત્રમાં ખસુસ પ્રવીણતા ધરાવતો હતો. એવું કહેવામાં આવે છે કે હલબ નામના પ્રાંતમાંથી પાદશાહ માટે સંગેમરમર પથરના ૫૦૦ મણ દસપ્રાન લઇ જવામાં આવ્યા. બે વણજારાઓએ એ કામ ફતેહમંદીથી બજાવ્યું. એક વણજારા પાસે છ અને બીજા પાસે ચાર ઉંટ હતાં. તેમનો પોતાનો પાંચ પાંચ સો મણ માલ હતો. એવી રીતે ૧૫૦૦ મણ માલ ૧૦ ઉંટ પર સરખે ભાગે લાધી લઇ આવ્યા. બાદસાહે તેમના એ કામથી ખુશ થઇ ૧૦૦૦ સોનાના સીકકા તેમને આપ્યા. નીઝામ ઉલ મુલ્કે ૬૦૦ સિકકા ૬ ઉંટવાલાને અને ૪૦૦ સિકકા બીજાને આપ્યા. બાદશાહે હસનસભાને પૂછયું કે એ હિસાબ બરાબર છે કે? તેણે જવાબ આપ્યો કે નહીં. બાદશાહે ત્યારે પૂછયું કે ખરો હિસાબ શું છે તે બતાવ. તેણે જવાબ આપ્યો કે છ ઉંટવાલાને ૮૦૦ અને ચાર ઉંટવાલાને ૨૦૦ સિક્કા આપવા જોઇએ. બાદશાહે પૂછયું કે તે કેવી રીતે? તેણે જવાબ આપ્યો કે બધા મલી ૧૫૦૦ મણ વજન હોવાથી દરેક ઉંટને ૧૫૦ મણ ભાર ઉપાડવો પડયો. ચાર ઉંટવાલા વણજારાએ ઉપલા હિસાબ પ્રમાણે બધા મલી ૬૦૦ મણ ભાર ઉપાડયો. જેમાંથી ૫૦૦ મણ તેનો પોતાનો માલ હતો, અને ૧૦૦ મણ બાદશાહનો હતો. જયારે છ ઉંટવાલાએ બધું મલી ૯૦૦ મણ ભાર ઉપાડયો, જેમાં ૫૦૦ મણ તેનો પોતાનો હતો, અને ૪૦૦ મણ બાદશાહનો હતો. હવે બાદશાહે ૫૦૦ મણ ભાર માટે ૧૦૦૦ સિક્કા આપેલા હોવાથી, જેણે ૧૦૦ મણ ભાર ઉપાડયો તેને ૨૦૦

સિક્કા અને જેણે ૪૦૦ મણ ભાર ઉપાડયો તેને ૮૦૦ સિક્કા મળવા જોઇએ. બાદશાહ એ હિસાબ સાંભળી હસી પડયો.

બાદશાહે એક દીવસે વઝીરને જણાવ્યું કે રાજ્યનો સઘળો હિસાબ એટોપી નાંખો, જે કરવા માટે નીઝામ ઉલ મુલ્કે બે વરસની મુદત માંગી. તેજ હિસાબ ૪૦ દીવસમાં તૈયાર કરી આપવાનું હસન સબાએ જણાવ્યું અને તે પ્રમાણે તેણે તૈયાર પણ કીધું. પણ વઝીરને લાગ્યું કે જો ૪૦ દીવસમાં હિસાબ રજુ થશે તો મને ખરાબ લાગશે, જેથી તેણે હસનસબાના એક ગુલામને ૧૦૦૦ સોનાના સિક્કાની રૂશવત આપી. જેથી તેણે તૈયાર થયલા હિસાબને બગાડી નાંખ્યો. જેથી હસનસબાને દરબારમાં માઠું લાગ્યું અને તે રાય તરફ ચાલ્યો ગયો.

રહીસ નામના ખોરાસાની સાથે હસનસબા રહેતો હતો. એક દહાડે તેણે રહીસને કહ્યું કે જો એક દીલના બે દોસ્ત મળે તો આખા રાજ્યની હું ઉથલપાથલ કરી મુકું. આ સાંભળવથી રહીસને લાગ્યું કે હસનસબાની દીમાગ ખસી ગઇ છે; જેથી તેણે હકીમની દવા આણી તેને પીવા જણાવ્યું. હસનસબા સમજી ગયો અને હસ્યો અને બીજે દહાડે ત્યાંથી નીકળી ગયો, અને જ્યારે રહીસ આલમુતના કિલ્લામાં તેને આવી મળ્યો, ત્યારે તેણે કહ્યું કે કેમ મેં જે કહ્યું હતું તે ખરૂં કે ખોટું? જો બે મિત્ર મળે તો રાજ્યની ઉથલપાથલ કરી મુકું.

મીસરના બનીફાતમા ખલીફા જેઓ ઇસમાઇલી ધર્મ પાળતા હતા તેમની ચહડતી દીનપર દીન વધતી જવાથી હસનસબાએ મીસર જઇ ઇસમાઇલી ધર્મના મુળતત્વોનો અભ્યાસ કરવાનો ઠેરાવ કીધો. તે વખતે મુસતનસર બીલાહ મીશરની ગાદીપર હતા. તેને સારૂં જેવું માન મળ્યું અને તે ત્રણ વરસ સુધી ત્યાં રહ્યો.

હસનસબા અને મીશરના સીપેહસાલાર વચ્ચે વાંધો પડયો, તે આપણે ઉપર જોયું. ઇમામ મુસતનસર બીલાહના મરણ પછી તેની ગાદી પર કોણ બેસે તે વિશે તેમનામાં મતફેર પડયો. હસનસબા ઇમામના વડા પુત્ર નીઝારની તરફેણમાં હતો. જેથી સિપેહસાલારે તેને કેદ કરવાની ઇમામને સલાહ આપી પણ તે પ્રમાણે મુસતનસરબીલાહે કીધું નહીં. અંતે તેના દુશ્મનોએ જોર જબરીથી તેને એક વહાણપર લઇ ગયા અને આથમણ તરફ તેને રવાના કીધો. ભર દરયે ભારી તુફાન થયું તે એટલા સુધી કે લોકો ગભરાટમાં પડયા પણ હસનસબા મીઠી ઉંઘ કહાડતો હતો. જેથી લોકોએ તેનું કારણ તેને પૂછયું. હસન સબાએ જવાબ આપ્યો કે ઇમામે મને ખબર આપી છે કે વહાણને કાંઇ પણ ઇજા થનાર નથી અને તેમજ થવાથી સઘળા હસન સબાના મુરીદ થયા.

કેટલીક આપદાઓ વેઠી તે કઝવીન પાસે આવી પહોંચ્યો અને ઇસમાઇલી ધર્મ ફેલાવવાનો ઠેરાવ કીધો. તેણે જોયું કે ખુલે ખુલું આ ધર્મ શીખવીશ તો મારો જીવ જોખમમાં આવી પડશે, માટે કઝવીનની પાસે આવેલા આલમુતના કિલ્લાનો કબજો પોતાને હાથ કરવાની તેણે વેતરણ કીધી અને અંતે તે પોતાની નેમમાં ફ.વ્યો. એવું કહેવામાં આવે છે કે હસનસબાએ આલમુતના કિલ્લાના હાકમને કહ્યું કે મને ૩૦૦,૦ સોનાના સિકકાના બદલામાં એક ગાયના ચામડામાં સમાય એટલી જમીન વેચાતી આપો. તેણે એ વાત કબુલ કીધી. હસનસબાએ ગાયના ચામડાનું એક મોટું દોરડું બનાવ્યું અને તે આલમુતના કિલ્લાની આસપાસ વીટાળી દીધું; જેથી આલમુતના કિલ્લાના હાકમને પોતાના કરાર મુજબ ત્યાંથી ચાલ્યા જવું પડયું. આવી રીતે આલમુતના કિલ્લાનો કબજો મેળવ્યા પછી તેણે રૂદબાર અને આસપાસના ઘણા કિલ્લાઓ જીતી લીધાં; અને ઇસમાઇલી ધર્મનો

ઓહાળો ફેલાવો કીધો. હસનસબાની ઉપરાઉપરી ફતેહની ખબર સાંભળી સુલતાન મલેકશાહે એક મોટું લશ્કર મોકલી હસન સબા અને તેને માનનારાઓનો ઘાણ કહાડવા ફરમાવ્યું. આ વખતે હસનસબા પાસે માત્ર ૭૦ માણુસ હતાં, અને ખોરાકીના પણ વાંધા હતા; પણ વખતસર ૨૦૦ માણુસની મદદ આવી પહોંચવાથી તે બહાદુરીથી લડયો અને સુલતાનના લશ્કરને મારી નસાડયો. સુલતાન માલેકશાહના વખતથી તે સુલતાન સંજરના વખત સુધી સુલતાન અને ઇસમાઇલીઓ વચ્ચે અવાર નવાર લડાઇ ચાલુજ હતી. સુલતાન સંજરે ઇસમાઇલીઓને નાબુદ કરવાનો ઇરાદો કીધો અને એક મોટું લશ્કર લઇ તેણે કુચ કરવા માંડી. એક દીવસે સવારના ઉંઘમાંથી ઉઠતાં તેણે એક ખંજર જમીનમાં ખોસેલી અને તેના હાથાપર એક ચીઠી જોઇ. તે ચીઠીમાં લખેલું હતું, કે જો હું ચાહતે તો કઠણ જમીન કરતાં તારી નરમ છાતીમાં એ ખંજર વધુ સેહેલાઇથી ભોકી શકતે. આ ચીઠી વાંચી સુલતાન સંજર ઘણો બીધો અને તેણે હસન સબા સાથે સલાહ કીધી.

હસન સબા કાંઇ આપ વડાઇ ચાહતો ન હતો, તેણે કદી પણ પોતાને ઇમામ તરીકે ઓળખાવ્યો નહીં; તેના એક છોકરાએ કોઇનું ખુન કરવાથી તેણે પોતાના ખુની છોકરાને ફાંસીએ ચહડાવ્યો; અને બીજા છોકરાએ શરાબ પીધો તેથી તેને પણ મારી નંખાવ્યો.

હસન સબા ૯૦ વરસ જીવવા પામ્યો હતો; તેણે ૩૫ વરસ સુધી આલમુતના કિલ્લાની સરદારી ભોગવી. એ ૩૫ વરસના અરસામાં તે માત્ર બેજ વાર કિલ્લાના બુરજ પર આવ્યો હતો અને એક પણ વાર કિલ્લાની બહાર ગયો નહીં. હી૦ સ૦ ૫૧૮ માં બિમાર પડવાથી તેણે પોતાના છોકરા કીયા બુજરગ ઉમેદને

પોતાની પાસે બોલાવી અને કહ્યું કે જ્યાં સુધી ઇમામ નીઝરનો પુત્ર અહીં આવે ત્યાં સુધી ઇમામના તરફથી રાજ્ય ચલાવવું.

એવું કહેવામાં આવે છે કે, એક વખતે સુલતાને હસન સભા પાસે એક એલચી મોકલ્યો હતો. તે હસન સભાની દરબારમાં આવી પહોંચતાં હસન સભાએ પોતાના એક મુરીદને પોતાનો પ્રાણ છરી વડે અને બીજાને મીનારા પરથી નંખાવી દેવા જણાવ્યું. તરતજ તેના એ બે મુરીદોએ તે પ્રમાણે બજાવ્યું. હસન સભાએ પેલા એલચીને કહ્યું કે, જે તેં જોયું તે જઇને તારા સુલતાનને કહેજે.

આવી રીતે આ ચમતકારીક માણસ વગર પૈસે એક પણ એકર જમીન વારસા હિસામાં મેળવ્યા વગર અને લશ્કરના બળ વગર પોતાની હુશીયારી ડહાપણ અને સમયસુચકતાના જોરે તે વખતના બાદશાહો અને અમીરોને થરથર ધ્રુજાવનાર થઇ પડયો હતો. આલમુતની આસપાસના સઘળા કિલ્લાઓ તેને શરણે આવ્યા હતા, અને સુલતાનના લશ્કરને વારંવાર મારી હઠાવ્યો હતો. એ સઘળું તેણે કાંઇ પોતાના માટે કીધું નહતું પણ ઇસમાઇલીઓના ઇમામ નીઝાર અને તેના પુત્ર મહમદ તરફથી કીધું હતું.

હસન સભાના મરણ પછી અલમુતની સરદારી તેના પુત્ર કીયા બુઝરગ ઉમેદને મળી; તેણે મજબુત કિલ્લાઓ બાંધ્યા અને આજુબાજુની જમીન પોતાને તાબે આણી. સુલતાન મહમદ સલજુકીએ એક મોટું લશ્કર મોકલ્યું પણ રૂદબારમાં ભારે મુસ્કેલીઓ વેઠવાથી તે લશ્કરને પાછા નાશી જવાની ફરજ પડી, જેથી સુલતાને કીયા બુજરગ ઉમેદની સાથે સુલેહ કરવાની મરજી જણાવી અને કહેવડાવ્યું કે, તમારા તરફથી એક એલચી ઇસફહાન મોકલો તો તેની સાથે સુલેહની સરતો નકી કરીએ. તે પ્રમાણે

એક એલચી મોકલવામાં આવ્યો, જેના દરજાને છાજતું માન તેને આપવામાં આવ્યું. જેવો તે દરબારની બહાર આવ્યો કે તેને લોકોએ મારી નાંખ્યો. એ ઉપરથી સુલતાને દીલગીરી દેખાડી પણ ખુનીઓને સજા કરવા ના પાડવાથી કીયાબુજરગ ઉમેદે એક નાનું લશ્કર કઝવીન મોકલ્યું, ત્યાં તેઓએ લુટ ચલાવી જેથી સુલતાનને બીજુ લશ્કર મોકલવાની ફરજ પડી. પણ એટલામાં સુલતાન મરણ પામવાથી તે લશ્કર પાછું ચાલ્યું ગયું. ત્યાર પછી કીયાબુજરગ ઉમેદે ગીલાન જીત્યું; અને રૂદબારના કિલ્લામાં મરણ પામ્યો. તેના પછી તેનો છોકરો મહમદ અત્રેનો સરદાર થયો.

કેટલાક તવારીખનવેશો લખે છે કે, આ વખતે ઇસમાઇલીઓના ઇમામ હસન ઝકરીયા સલામ રૂદબારમાં આવ્યા. બીજા લખે છે કે, ઇમામ હસનના પીતા મહમદ હસનસભાના વખતથી આલમુતમાં આવી રહ્યા હતા. ગમે તેમ હો પણ મહમદ બીન કીયા બુઝરગ ઉમેદે ૩૦ વરસ સુધી રાજ્ય ચલાવી હસન ઝકરીયા સલામને ગાદી આપી દઇ, પોતે ઇમામનો વજીર થઇ રહ્યો.

(૨૨) હસન ઝકરીયા સ ામ.

જ્યારે મહમદ બીન કીયા બુઝરગ ઉમેદ મરણ પામ્યા, ત્યારે ઇમામે કોઇને તેની જગ્યાએ નેમ્યો નહીં, અને સઘળો કારોબાર પોતાને સ્વાધીન લીધો. હી૦ સ૦ ૫૬૧ માં કોઇએ ઇમામને છરી મારી તેનો પ્રાણ લીધો.

(૨૩) અલાઉદ્દીન મહમદ.

અલાઉદીન મહમદ ગાદીએ આવ્યા પછી તરત પોતાના પીતાના ખુનીને મારી નંખાવ્યો. એવું કહેવામાં આવે છે કે, ફકરૂદીન નામના માણસે રાઇમાં એક મદરેસા કહાડી હતી. તે મદરેસા વીષે એવું બોલાતું હતું કે તે ઇસમાઇલી છે અને ઇસમાઇલી ધર્મ પોતાના મદરેસામાં શીખવે છે, જેથી એક દહાડે

તે મસજીદના મમબરપર ચહડી ઇસમાઇલીઓ વીશે ઘણું ભુંડું બોલ્યો. આ ખબર આલમુતમાં પડવાથી ઇમામ અલાઉદીન મહમદે પોતાના એક મુરીદને ફકરૂદીન પાસે મોકલ્યો. તે મુરીદ તેની પાસે જઇ તેની મદરેસામાં શીખવા બેઠો. એક દહાડે લાગ જોઇ ફકરૂદીનને જમીનપર નાંખી તેની છાતીપર ચહડી પોતાની કમરમાંથી ખંજર કહાડયું. ફકરૂદીન પોતાના ચેલાની આ ચાલ જોઇ ઘણો ગભરાયો અને તેનું કારણ પૂછવા માંગ્યું. તેણે જવાબ દીધો કે, તું ઇસમાઇલીઓ વીશે ખરાબ બોલે છે. ફકરૂદીને સોગંદ ખાધા કે હવેથી હું કદી પણ ઇસમાઇલીઓ વીશે આડું બોલીશ નહીં. આ સાંભળી તે મુરીદ તેની છાતીપરથી ઉતરી બોલ્યો કે મને તારા સોગંદ કરતાં મારી ખંજર પર વધુ ભરોસો છે. મને તારો પ્રાણ લેવાનો હુકમ નથી, નહીં તો તેમ કરવામાં હું જરાપણ આંચકો ખાતે નહીં. ઇમામ અલાઉદીન મહમદે તને સલામ કહ્યા છે, અને કહ્યું છે કે, તું શું બોલે છે અને શું કરે છે તે વીશે ખીયાલ રાખજે અને ૩૬૦ સોનાના સિક્કાની એક કોથળી તારા માટે આપી છે અને કહ્યું છે કે એટલીજ રકમ તને દર વરસ મળતી જશે. ફકરૂદીનને વરશો સુધી એ સાલીયાણું મળ્યું.

ઇમામ અલાઉદીન મહમદના વખતમાં ઇસમાઇલીઓની દીન પર દીન ચહડતી હતી. ઇમામે ૪૬ વરસ ઇમામત ભોગવી હી૦ સ૦ ૬૦૭ માં મરણ પામ્યા હતા.

(૨૪) જલાલુદીન હસન.

ઇસમાઇલી ખલીફાઓમાં ઇમામ જલાલુદીન હસન પહેલા ખલીફા હતા કે જેણે પોતાના એલચીઓ આસપાસના બાદશાહોની દરબારમાં મોકલ્યા હોય. બગદાદના ખલીફાએ ઇમામના એલચીને મોટું માન આપી સારૂં જેવું સરપાવ આપ્યું. ઇમામે ગીલાનના હાકમની બહેન સાથે લગ્ન કરવાના ઇરાદાથી તેની પાસે એ

એલચી મોકલ્યો. તેણે બગદાદના ખલીફને પૂછાવ્યું, જેણે પોતાની પરવાનગી આપવાથી ઇમામના લગ્ન ગીલાનના હાકેમની બહેન સાથે થયા જેને પેટે આલા મહમદશાહનો જન્મ થયો હતો; અને જે ઇમામની પછી આલમુતની ગાદીપર બેઠા. ઇમામનું દીલ ઘણું સખી હતું અને પ્રજા ઉપયોગી કામો તેણે ઘણા કીધાં હતાં. હમામખાના, મસજીદો, પાકા રસ્તા અને મુસાફરખાના ઇમામે બંધાવ્યા હતા.

(૨૫) આલા મહુમદશાહુ.

ઇમામ ૧૦ વરશની કાચી વયે આલમુતની ગાદીએ બેઠા. ઇમામને એવો શક હતો કે તેના પીતા જલાલુદીન હસનને ચોકસ માણસોએ ઝેહેર પાયું હતું, જેથી તેણે તેમને કતલ કરાવી નાંખ્યા, જેથી કેટલાક અમીરોના દીલ દુખાયાં. ઇમામ નાની વયના હોવાથી તે વખતના એક જાણીતા વિદ્વાન નામે નાસરૂદીન તુસી મહમદ બીન હસનને અભ્યાસ કરાવવાનું કામ સોંપવાનો ઇરાદો કીધો. પણ કોઇબી શરતે તે કામ માથે લેવાની તેણે સાફ ના પાડી. જેથી અંતે આલા મહમદશાહે કોહીસતાનના હાકમને ફરમાવ્યું કે, કોઇબી રીતે તે વિદ્વાનને આલમુત મોકલી આપો. એક દીવસે તે વિદ્વાન શેહેરની આસપાસ બગીચામાં ફરતો હતો તેવામાં થોડા ઘોડેસવાર તેની પાસે આવ્યા અને કોઇને કાંઇ ખબર પડે તે પહેલાં તો કોહીસતાનનો અરધો રસ્તો તેને સાથે લઇ કાપી ગયા.

એવું કહેવામાં આવે છે કે એક મુરીદે ઇમામનું ખુન કીધું.

(૨૬) રૂકનુદીન ખુરશાહ.

આલા મહમદશાહના ખુન થયા પછી તેનો છોકરો રૂકનુદીન ખુરશાહ આલમુતની ગાદીપર બેઠો અને પોતાના પીતાનું ખુન

કરવા માટે તેણે હસન માજનદરાની અને તેના છોકરાને મારી નંખાવ્યા.

આ વખતે ચીનાઇ જંગીસખાનના પૌત્ર હલાકુખાનનું જોર દીનપર દીન વધતું જતું હતું. તેણે ચીનથી આવી ઘણા મુસલમાની દેશોને તારાજ કીધાં. અને હવે આલમુતની વારી આવી. રૂકનુદીન ખુરશાહને તેણે સખ્ત હરાવ્યો તેના ૧૦૦ થી વધુ કિલ્લાઓનો નાશ કીધો અને ૧૨૦૦૦ મુરીદોને કાપી નાંખ્યા. નિર્દય હલાકુખાને ઓરત કે મરદ ઘરડાં કે બચ્ચાંમાં કાંઇ પણ તફાવત કર્યા વગર સઘળાને મારી નાંખવાનો હુકમ આપ્યો હતો. હી૦ સ૦ ૫૬૪ માં અંતે ઇમામ પણ તેઓની તલવારથી માર્યા ગયા. આવી રીતે ઇસમાઇલી ઇમામોની બાદશાહીનો અંત આવ્યો અને તેમની જાહોજલાલી તુટી પડી.

(૨૭) શમ્સ દીન મહમદ.

ઇસમાઇલીઓની હાર આલમુતમાં થવાથી ઇમામ પોતાના ભાઇઓને લઇ, "આજરબાયજાન" ગયા અને ખાનગી રીતે રહેતા હતા અને ત્યાંજ મરણ પામ્યા.

(૨૮) કાશમશાહ.

એ ઇમામ પણ આજરબાયજાનમાં રહેતા હતા અને ત્યાંજ એમને દફનાવવામાં આવ્યા છે.

(૨૯) ઇસલામશાહ.

ઇમામ ઇસલામશાહે પીર સદરૂદીનને હિંદુસ્તાન ભણી પોતાના એક દાઇ તરીકે મોકલ્યો હતો, જેણે ખોજાઓને ઇસમાઇલી ધર્મમાં વટલાવ્યા હતા. એ ઇમામ ઇરાન દેશના બાબેક શેહેરમાં રહેતા હતા અને ત્યાંજ એમને દફનાવવામાં આવ્યા છે.

(૩૦) મહમદ બીન ઇસમાલશાહ.

એ ઇમામ પણ બાબેકમાં રહેતા હતા; અને એજ શેહેરમાં મરણ પામ્યા હતા.

(૩૧) મુસતનસર અલીશાહ.

એ ઇમામ પણ બાએકમાં રહેતા હતા અને એમને ત્યાંજ દફનાવવામાં આવ્યા છે.

(૩૨) અબ્દ સલામ શાહ. એ ઇમામ પણ બાએકમાં રહેતા હતા.

(૩૩) ગરીબ મીરજાં. કાશાન પ્રાંતના "અનદુજાન" ગામમાં જઇ વસ્યા હતા.

(૩૪) બુદરઅલી.

(૩૫) મુરાદ મીરજાં.

(૩૬) ઝુલ ફીકારઅલી.

(૩૭) નુરદીન અલી.

(૩૮) ખલીલીલાહ અલી.

ઉપલા પાંચે ઇમામો "અનદુજાન" માં રહેતા અને તેમને ત્યાંજ દફનાવવામાં આવ્યા છે.

(૩૯) નીઝાર અલી.

કેખ્તમાં જઇ વસ્યા હતા અને ત્યાંજ એમને દફનાવવામાં આવ્યા છે.

(૪૦)—સૈયદઅલી; એ ઇમામને "કીરમાન" માં દફનાવવામાં આવ્યા છે.

(૪૧)—હુસનઅલી; એ ઇમામને વાડીસલામમાં દફનાવવામાં આવ્યા છે.

(૪૨)—કાસમઅલી; એ ઇમામને કીરમાનમાં દફનાવવામાં આવ્યા છે.

(૪૩)—જાફરશાહ; એ ઇમામ કેખ્તમાં રહેતા હતા, અને એમને કરબલામાં દફનાવવામાં આવ્યા છે. ૨૭ માં ઇમામથી તે ઇમામ જાફરશાહ સુધી તવારીખમાં કાંઇ મળતું નથી. પણ ઉપલી

વીગતો કરાંચીવાળા દા૦ સુલેમાન ગુલામહુશેન હાજીએ એક શજરો છપાવ્યો છે તેપરથી લીધી છે.

(૪૪)—અબલ હુસનઅલી. કેરમાન પ્રાંતના ગવરનર તરીકે ઇરાનના શાહ તરફથી કામ બજાવ્યું હતું. આ વખતે વળી પાછો ઇસમાઇલીઓનો વગ વસીલો વધતો જતો હતો.

(૪૫)—ખલીલીલાહઅલી. શાહ ખલીલીલાહ યજદ શેહેરમાં રહેતા હતા. અહીં ઇ૦ સ૦ ૧૦૧૭ માં તેને અને તેમના કુટુંબના થોડા માણસોને કાપી નાંખવામાં આવ્યા. આ બનાવની ખબર સાંભળી ઇરાનનો શાહ ઘણો બીધો કે રખેને એના મુરીદ મારા પર વેર લે જેથી ફતેહ અલીશાહે ઇમામના ખુનીઓને ભારે સજા કીધી અને આગાશાહ હસનઅલીને પોતાની દરબારમાં બોલાવી મંગાવ્યા અને તેના પીતાની મેહેતાલી ગામની જાગીર ઉપરાંત બીજી એક મોટી જાગીર આપી. કુમ અને મહેતાલી ગામની હાકમી અને પોતાની છોકરી સાથે તેના લગ્ન કરી આપ્યાં.

(૪૬)—આગા હુસનઅલીશાહ. ઇ૦ સ૦ ૧૮૧૮ થી ઇ૦ સ૦ ૧૮૩૮ સુધી નામદાર આગાખાન વીશે કાંઇ જણાયલું નથી. ઇ૦ સ૦ ૧૮૩૮ માં નામદાર આગાખાનને ઇરાનશાહની સામે બળવો ઉઠાવવાની ફરજ પડી. જેથી પોતાના દાદા અબલ હસન અલી જે પ્રાંતમાં હાકમી ભોગવતા હતા, તે તરફ કુચ કરી કેરમાન પોતાને કબજે લેવાની વેતરણ કીધી.

એ બળવો ઉઠાવવાનું કારણ નીચે પ્રમાણે હતું. હાજી મીરજા અહાસી શાહજાદા મહમદઅલી શાહનો શિક્ષક થતો હતો. જ્યારે મહમદ અલીશાહ ઇરાનની ગાદીએ આવ્યો ત્યારે તેણે તેને વડા પ્રધાનની જગ્યા આપી. એક નીચ કુળનો ઇરાની કે જેણે કેટલોક વખત સુધી નામદાર આગાખાનની નોકરી કીધી હતી, તે વડા પ્રધાનનો

ખાસ માનીતો થઇ પડયો હતો. આ નીચ કુળના ઇરાનીએ વડા પ્રધાનને સમજાવીને નામદાર આગાખાનને એમ કહી મોકલાવ્યું કે તમારી છોકરીના લગ્ન એ ઇરાની સાથે કરી આપશો કે જે છોકરી ફતેહ અલીશાહની છોકરીની છોકરી હતી. આ તેની ગુસ-તાખીથી નામદાર આગાખાનને ઘણું માઠું લાગ્યું અને જોકે વડા પ્રધાને નામદાર આગાખાનપર ઘણું દબાણ કીધું, તોપણ નામદાર આગાખાને જવાબ વાળ્યો કે મારી ગરદન જાય તોપણ એ નીમકહરામને હું મારી છોકરી આપીશ નહીં. આ ઉપરથી નામદાર આગાખાને જોઇ લીધું કે વડો પ્રધાન મારો કટો દુશ્મન થઇ ચુકયો છે અને તે મને ઇજા પહોંચાડયા વગર રહેનાર નથી. જેથી બળવો ઉઠાવવાની ફરજ પડી અને કેરમાનનો પ્રાંત જીતી લઇ ત્યાં ઇ૦ સ૦ ૧૮૪૦ સુધી રાજ્ય ભોગવી શકયા. દુશ્મનોનું બળ ઘણું વધી જવાથી નામદાર આગાખાને બલુચીસ્તાન અને બલુચીસ્તાનથી સિંધ નાશી જવું પડયું. સિંધમાં તાલપુરી અમીરોએ તેને સારો આવકાર દીધો અને અહીં એ નામદારને પૈસાની સારી મદદ મળી, જેથી થોડા ઘોડેસ્વાર રાખી શકયા અને અફઘાનીસ્તાનની લડાઇમાં એ નામદારે અંગ્રેજોને ઘણી તારીફ-લાયક મદદ કીધી અને સિંધની લડાઇમાં એ નામદારની મદદ ઘણી ઉપયોગી થઇ પડી હતી, જેના બદલામાં અંગ્રેજ સરકાર સારૂં સાલીયાણું આપતી હતી.

ઇ૦ સ૦ ૧૮૪૫ માં નામદાર આગાખાન મુંબઇ પધાર્યા, જ્યાંના ખોજાઓએ તેને દીલોજાનથી વધાવી લીધા. ઇ૦ સ૦ ૧૮૪૬–૧૮૪૭ ના બે વરશો શીવાય નામદાર આગાખાને મુંબઇને પોતાનું ખાસ મથક બનાવ્યું છે, કે જેને "દરખાના" કહે છે. એવું ધારવામાં આવે છે કે, ઇરાનના શાહ મહમદ અલીના કહેવાથી અંગ્રેજ સરકારે નામદાર આગાખાનને કલકતામાં રહેવાની ફરજ

પાડી હતી. કારણકે મુંબઇથી તે નામદાર જલદી ઇરાન જઇ શકે અને ત્યાંના શાહને ધાસતી ભરેલી હાલતમાં લાવી મુકે. ઇ૦ સ૦ ૧૮૬૬ માં આગાખાન કેસ મુંબઇની હાઇ કોરટમાં લડાયો. ઇ૦ સ૦ ૧૮૮૧ ના અપ્રેલ મહીનામાં મુંબઇમાં મરણ પામ્યા, અને મજગામમાં હસનાબાદમાં એ નામદારને દફનાવવામાં આવ્યા છે.

(૪૭) આગા અલીશાહ.

જ્યારે નામદાર પહેલા આગાખાને ઇરાનમાં બળવો ઉઠાવ્યો ત્યારે આગા અલીશાહ પોતાની માતા સાથે કરબલા ગયા હતા જ્યાં તે પરણ્યા અને એમને બે છોકરા થયા હતા જેને પોતાની સાથે મુંબઇ લઇ આવ્યા હતા. મુંબઇમાં એ નામદારની ધણીઆણી ગુજરી ગયા, જે પછી શીરાજી ખાનદાનમાંથી બીજી સ્ત્રી પરણ્યા જે પણ ગુજરી જવાથી એ નામદારે હાલના લેડી અલીશાહ સાથે લગ્ન કીધાં. પોતાના પીતાની માફક એ નામદારને શરતનો ઘણો શોક હતો અને શીકારે તે વારંવાર જતા. ઇ૦ સ૦ ૧૮૮૦ માં મુંબઇની સરકારે એ નામદારને મુંબઇની ધારાસભાના એક સભાસદ નેમ્યા હતા, અને ખોજા કમીશનના એક સભાસદ પણ હતા. ઇ૦ સ૦ ૧૮૮૧ માં પોતાના પીતાના મરણ પછી ઇસમાઇલી ઇમામોની મસનદપર બેઠા, અને ઇ૦ સ૦ ૧૮૮૫ માં ૫૪ વરશની ઉમરે પુનામાં મરણ પામ્યા, અને એ નામદારની લાશને કરબલા લઇ જઇ દફ્નાવવામાં આવી છે.

(૪૮) નામદાર સર સુલતાન મહમદશાહ આગાખાન

નામદાર સર સુલતાન મહમદશાહનો જન્મ ઇ૦ સ૦ ૧૮૭૭ ના નવેંબર મહીનાની ૨ જી તારીખે કરાંચી શેહેરમાં થયો હતો, અને ઇ૦ સ૦ ૧૮૮૫ ના સાલમાં માત્ર આઠ વરશની ઉમરે ઇસમાઇલીઓના મુરશેદની મસનદપર બેસવા નશીબવંત થયા હતા. એ નામદારની માતાએ એને સારી કેલવણી આપવાનો

બંદોબસ્ત કીધો અને પોતાની કુદરતી કુશળતા અને કેલવણી અને મોભાના જોરે ૨૬ વરશની ઉમરે તો વાઇસરૉયની ધારાસભાના સભાસદ અને જી. સી. આઇ. ઇ. નો માનવંતો ખેતાબ મેળવવાને શક્તિવાન થયા છે. એ નામદારને પોતાના પીતા અને દાદાની માફક શરતનો ઘણો શોક છે અને દરેક જાતની રમત ગમતને ઉત્તેજન આપે છે. વળી કેલવણીના વધારાના એ નામદાર એક ચુનન્દા હિમાયતી છે, અને પોતાની ગીરેથી મોટી મોટી રકમો દર વરશે ઘણી ખુશી સાથે કહાડી આપે છે, અને ખોજા કોમના વધારા અને સુધારાના કામમાં હમેશાં પોતાનો હિસ્સો આપે છે. ઇ૦ સ૦ ૧૮૯૩ માં હિંદુ મુસલમાનો વચ્ચે જે હુલડ થયું હતું તેમાં નામદાર સરકારને સારી મદદ આપી હતી અને મરકીની જબુન બીમારી જે ઇ૦ સ૦ ૧૮૯૬ માં મુંબઇમાં જારી થઇ તે વખતે પોતે જાતે મરકીની રસી નંખાવી પોતાના મુરીદોને એ રસીનો લાભ લેવા ઉતેજન આપ્યું, અને એ કામ બરાબર બજાવી શકાય એટલા માટે પોતાનો "ખુશરો લાજ" નામનો બંગલો વગર ભાડે વાપરવા કહાડી આપ્યો હતો. અને દુકાળમાં પણ એ નામદારની મદદ સરકારને ઘણી ઉપયોગી થઇ પડી હતી. વળી કેટલાક વરશ સુધી ખોજા પલેગ ઓસપીટલ પોતાને ખરચે નીભાવી હતી.

ડાયમંદ જુબીલીના શુભ અવસરે મુંબઇના મુસલમાનોએ એક જાહેર સભા ભરી હતી, જેનું પ્રમુખસ્થાન નામદાર આગાખાનને આપવામાં આવ્યું હતું, અને એજ વરશમાં એ નામદાર પોતાના કાકા જંગીશાહની છોકરી સાથે પુનામાં પરણ્યા હતા.

એ નામદારે મોટી મોટી મુસાફરીઓ કીધી છે. બે વાર યુરોપ જઇ ત્યાંની રાહરસમો અને જાહેર ખાતાંઓનો બારીક અભ્યાસ કીધો છે, અને એવાજ ખાતાં સ્થાપવાની નેમથી એ નામદારે ધી ખોજા પંજેભાઇ કલબ ઉઘાડી છે, અને એ કલબના

નીભાવ ખાટે રૂ ૨૫૦) દર મહીને આપ્યા જાય છે. વળી મુંબઇની અનજુમને ઇસલામ અને અલીગઢની કૉલેજને દર વરશે પાંચ પાંચ હજાર રૂપીયા પણ આપે છે. એ ઉપરાંત કેટલીક શાળાઓ એ નામદારના ખરચે ચાલે છે અને સુવાવડના બારીક વખતે મદદ કરવા માટે એ નામદારે પોતાના ખરચે શીખેલી દાઇઓને રોકી છે.

એ નામદારને મોટા મોટા રાજ્યકરતાઓ સાથે જાતી મુલાકાતો થયલી છે. મરહુમ માહારાણી વીકટોરીયાએ એ નામદારને પોતાના મહેલમાં પરોણા તરીકે રહેવા બોલાવ્યા હતા. વળી હાલના નામદાર શહેનશાહ સાથે તો મીત્રાચારીનો સારો સંબંધ છે. જરમન શહેનશાહ, નામદાર તુરકીના સુલતાન અને ઇરાનના શાહ એ સઘળાઓ સાથે એ નામદારની મુલાકાત થઇ છે અને એઓમાંના દરેકે પોતાના રાજયના ઉંચા ખેતાબો એ નામદારને બક્ષ્યા છે. હાલના નામદાર શહેનશાહના ગદીનશીન થવાની ક્રિયા વખતે નામદાર આગાખાનને ઇંગલંડ બોલાવવામાં આવ્યા હતા, અને તે વખતે કે. સી. આ. ઇ. ના ઉંચા ખેતાબની નવાજેશ એમનાપર થઇ હતી, અને દીલ્હી દરબાર વખતે એ નામદારને એથી પણ ઉંચો ખેતાબ મલ્યો હતો, કે જેને જી. સી. આઇ. ઇ. કરીને કહે છે.

એજ વખતે એ નામદારને ઓરીએંટલ એંગલો મોહામેદન એજયુકેશન કાનફરંસનું પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું, અને એ વખતે જે છટાદાર ભાશણ એ નામદારે કીધું હતું તેથી ઘણી ચરચા થઇ હતી. કારણ કે એ નામદારે પોતાના વિચારો પરદાની રૂઢી બાબે ઘણાજ છુટા દીલથી દરશાવ્યા હતા. વળી બીજે વરસે એજ કાનફરન્સ મુંબઇમાં ભરાઇ ત્યારે એ નામદાર રીસેપશન કમીટીના ચેરમેન થયા હતા અને તે વખતે પણ એમનું ભાશણ કોઇબી રીતે ઉતરતું નહતું.

એ નામદારને લોર્ડ કરઝને પોતાની કાઉનસીલના એક વધારાના સભાસદ નેમ્યા હતા, જે માન એ નામદારે બે વરસ સુધી ભોગવ્યું હતું અને એ અરસામાં એ નામદારે બે અસરકારક ભાષણો આપ્યા હતાં જેની ઘણી વાખવાખી થઇ હતી. વળી સુલેહના અમલદાર અને સેનેટના ફેલો એ નામદાર નેમાયા છે.

જે જે જુદા જુદા દેશોમાં પોતાના મુરીદ છે ત્યાં ત્યાં એ નામદારે જઇ પોતાના મુરીદોને ખુશી કીધા છે. આજે એ નામદારની ઉમર માત્ર ૨૭ વરસની છે અને એ ટુંક અરસામાં જે કરી બતાવ્યું છે તે પરથી જણાય છે કે, એ નામદાર હજુ ઘણું કરી બતાવશે. એક આગેવાન કોમના ધર્મગુરૂમાં જે ગુણો જોઇએ તે સઘળા એ નામદાર ધરાવે છે, અને પોતાની વિદ્યા, પોતાની તર્કો અને મોભાનો પુરતો લાભ પોતાના મુરીદોને આપશે, એવી વકી રાખવાને આપણી પાસે પુરતાં કારણો છે. સખી દીલ, કેળવાયલું મન, ભલું કરવાની ઇચ્છા, દાહપણવાળી બુદ્ધી અને દુર અંદેશી એ નામદાર ધરાવે છે, અને એ ગુણોનો સંપુર્ણ લાભ પોતાની કોમને આપવાને લાંબો વખત સુધી શક્તિવાન થશે એવી એમના મુરીદોની અંતઃકરણની દુઆ છે.

પ્રકરણ ૨૬ મું.

ખોજા કોમ.

એવું કહેવામાં આવે છે કે ઇમામ હસન જકરીયા સલામે પહેલ વહેલાં પોતા તરફથી એક દાઇ હિંદુસ્તાન ભણી ઇ૦ સ૦ ૧૦૦૧ માં મોકલ્યો હતો; અને તે દાઇનું નામ "નુર-સતાગર" હતું; પણ વધારે માન્ય કરાય એવી કથાઓથી માલમ પડે છે કે

પીર સતગુરનુર અથવા જેને નુર સતાગર પણ કહે છે તે ઇ૦ સ૦ ૧૧૮૦ માં પાટણ શેહેરમાં સોલનકી ભીમ રાજાના વખતમાં આવ્યા હતા, અને કેટલાક લોકોને ઇસમાઇલી ધર્મમાં વટલાવ્યા હતા, અને ભીમ રાજાને ખાનગીમાં વટલાવ્યા પછી તે પાછા ઇરાન જતા રહ્યા હતા. પણ થોડો વખત રહી પાછા આવ્યા અને નવસારીના સુબા રાજા સુરચંદની છોકરી સાથે લગ્ન કીધાં હતાં. વળી એવું કહેવામાં આવે છે કે એ પીરે અફગાની લોહાણાઓને વટલાવવામાં ઘણી ફતેહ મેળવી હતી, કે જે તે વખતે પંજાબમાં રહેતા હતા; જેથી કદાચ ખોજા વૃતાંતના કરતાએ ખોજાઓને લોહાણા ઠેરવી દીધા છે. પણ ખોજાઓ કાંઇ પંજાબી લોક નથી. વળી ઇ૦ સ૦ ૧૧૮૦ ના સાલમાં ખોજાઓ હજુ વટળ્યા ન હતા. ખરૂં છે કે પંજાબમાં અને ચીત્રાલમાં નામદાર આગાખાનના ઇસમાઇલી મુરીદો છે પણ તેઓ કાંઇ ખોજા નથી, જેથી જે લોકોને પીર નુરસતગુરે ઇસમાઇલી ધર્મમાં વટલાવ્યા તેઓ સાથે આપણને કાંઇ લાગતુંવળગતું નથી. પીર નુરસતગુરને તેના ચેલાં ચાંચે મારી નાંખ્યા હતા.

પીર શમસ ઇ૦ સ૦ ૧૪૫૮ માં કાશમીરમાં આવી કેટલાકને ઇસમાઇલી ધર્મમાં વટલાવ્યા હતા. પીર શમસ મુલતાનની પાસે ભાવલપુરના ઉચ્છ ગામમાં રહ્યા હતા, અને કાશમીર અને પંજાબ મલી ૭૫૦૦૦ માણસો હાલ એને માને છે. હવે જે લોકોને પીર શમસે ઇસમાઇલી ધર્મમાં લાવ્યા હતા, તેની સાથે પણ આપણને કામ નથી કારણકે જો કે કાશમીર અને પંજાબમાં નામદાર આગાખાનના મુરીદો છે તોપણ તેઓની સાથે ખોજાઓ લગ્ન વહેવાર અથવા બીજી જાતનો વહેવાર રાખતા નથી.

ઇ૦ સ૦ ૧૪૩૦ ના સાલમાં પીર સદરૂદીન હિંદુસ્તાન તરફ શાહ ઇસલામશાહના દાઇ તરીકે આવ્યા, અને પોતાનો વાસો

સિંધમાં કીધો. અતરે હિંદુ ધર્મનો ઘણી બારીકીથી અભ્યાસ કીધો, અને એક હિંદુ નામ ધારણ કરી સોહદેવ જોશીના નામે ધર્મ શિક્ષણ શરૂ કીધું, અને પોતાની મહેનતના ફળ પામ્યા. ઘણા લોકોએ આ ધર્મ કબુલ્યો અને પીર સદરૂદીને કોટડા ગામમાં પહેલું જમાતખાનું જેને "ખાનાહ" નામથી ઓળખવામાં આવે છે તે સ્થાપયું, અને ત્રીકમ નામના મુરીદને મુખીની જગ્યા આપી જેથી તે મુખી ત્રીકમના નામથી ઓળખાવા લાગ્યો, અને પીર ઘણા મુરીદોને સાથે લઇ "દરખાને" એટલે ઇમામની રહેવાની જગ્યાએ ગયા હતા. સિંધમાં એ ધર્મ ફેલાવવા ઉપરાંત તે કચ્છ અને અને કાઠીયાવાડમાં ઘણો વધ્યો, અને એવું જણાય છે કે જેઓ વટલ્યા તેમાં સઘળી કોમના લોક હોવા જોઇએ. ભાટીયા અને લુવાણા અને થોડા કદાચ હલકી વરણના હોય પણ ઘણું કરીને મોટે ભાગે માત્ર વેપારી વર્ગના હતા. પીર સદરૂદીન દરખાનેથી પાછા ફરી એ ધર્મને જલદીથી ફેલાવ્યો અને જે લોક પીર સદરૂદીનના હાથે વટલ્યા તેઓને આપણે ખોજા તરીકે ઓળખીએ છીએ અને તેઓએ શું શું સુધારો અને વધારો કીધો છે તે તપાસવાનું છે. પીર સદરૂદીનને ઉચ્છ ગામની પડોશમાં આવેલા જેતપુર નામના ગામડાંમાં દફનાવવામાં આવ્યા છે.

આવી રીતે ખોજાઓ કાંઇપણ સુધારો વધારો કર્યા વગર આશરે એક સદી સુધી રહ્યા અને પછી ઇ૦ સ૦ ૧૫૪૯ માં ઇમામે એક ઉંચા કુળના સિંધી ખોજા નામે દાદુને પોતાની પાસે બોલાવી તેને ખોજાઓને સુધારવાની સતા આપી પણ તેના પર સિંધના ખોજાઓએ આપદાઓ નાંખવાથી તે ત્યાંથી નીકળી ગયો, અને જામનગરમાં આવી રહયો. ત્યાંથી તે કચ્છ ગયો અને ખોજાઓનાં ભલાં માટે જે બની શકયું તે કીધું. તે વખતે કચ્છમાં રાવ ભારમલ રાજ્ય કરતો હતો. દાદુ ઇ૦ સ૦ ૧૫૯૪

માં ગુજરી ગયો. ઇ૦ ૧૮૪૪ ના સાલમાં નામદાર આગાખાને પોતાના ભત્રીજાને મુંબઇમાં મોકલ્યો હતો, અને બીજે વરસે એટલે ઇ૦ સ૦ ૧૮૪૫ માં નામદાર આગાખાન પોતે મુંબઇ પધાર્યા. એ પછી ખોજા કોમમાં વાંધા પડયા, અને અંતે ઇ૦ સ૦ ૧૮૬૬ માં ખોજા કોમ મુંબઇની હાઇ કોર્ટને બારણે ચહડી અને તે વખતના ચીફ જસટીસ સર જોસેફ આરનૉલ્ડે ચુકાદો આપ્યો જેમાં ખોજાઓની તવારીખ લગભગ સઘળી આવી જાય છે જેથી એ ચુકાદો વીગતવાર આપવામાં આવશે.

પ્રકરણ ૨૭ મું.

આગાખાન કેસ.

થોડા આગેવાન અને પૈસાદાર ખોજાઓએ વાંધો ઉઠાવ્યો કે ખોજા કોમ સુની છે, અને નામદાર આગાખાનને તેમની સાથે કાંઇ લાગતુંવળગતું નથી, જેથી જમાતની જે મીલકત અને આવક છે તેમાંથી નામદાર આગાખાનને કંઇ આપવું નહીં, અને મુખી કામડીયાએ જમાતના પૈસાનો હિસાબ આપવો, અને તેની વચ્ચે નામદાર આગાખાનને આવતા અટકાવવો. એ કેસ દાયા મહમદ, મહમદ સાંયા, પીરમામદ કાશમભાઇ, અને ફાજલભાઇ ગુલામ હુસેનની ફરમાસથી માંડવામાં આવ્યો હતો. ચીફ જસટીસે ચુકાદો નીચે પ્રમાણે આપયો હતો.

" ફર્યાદનામાની પાંચમી કલમ ઘણી અગત્યની છે. એ સવાલ ઉઠાડે છે, કે ખોજા અસલ કોણ હતા, અને તેઓનો સંબંધ પરતીવાદી નામદાર આગાખાન સાથે શું છે? નામદાર આગાખાન કહે છે કે તે ઇસમાઇલી ઇમામોના વંશમાંથી છે, અને તેટલા માટે તે ખોજા કોમના ધર્મગુરૂ છે."

"એક બાજુપર વાદીઓ જણાવે છે કે પીર સદરૂદીન જેણે અમને હિંદુ ધર્મમાંથી મુસલમાની ધર્મમાં વતલાવ્યા હતા, તે સુની હતો અને ખોજા જમાત પીર સદરૂદીનના વખતથી તે આજ સુધી સુની છે, અને તેટલા માટે જે ખોજાઓ કહે છે કે અમો સુની નથી તેઓને ખોજા જમાત રહેવાનો હક નથી, અને ખોજા જમાતની મીલકતપર તેમનું કાંઇ લાગતુંવળગતું નથી."

"બીજી બાજુપર પ્રતીવાદીઓનું કહેવું છે કે પીર સદરૂદીન સુની નહતો, પણ શીઆ ઇમામી ઇસમાઇલી હતો, અને તે નામદાર આગાખાનના વડીલોનો એક દાઇ હતો, અને ખોજા જમાત હમેશાં શીઆ ઇમામી ઇસમાઇલી હતી, અને છે. અને ખોજા જમાત હમેશાં નામદાર આગાખાનના વડીલો ને ધર્મગુરૂ તરીકે માનતી આવી છે, અને તેઓને પોતાના મુરશેદ કહે છે."

"આ બાબદ નકી કરવાથી આ મુકદમાનો ફેસલો આવી જશે, કારણકે જો એવું સાબેત થાય કે ખોજાઓ અસલ સુની હતા તો વાદી જીતશે, અને જો એવું સાબેત થાય કે ખોજાઓ અસલ શીઆ અથવા શીઆ ઇમામી ઇસમાયલી હતા અથવા સુની ન હતા, તો પરતીવાદી જીતશે."

"ખોજાઓ સુની છે કે શીઆ એ સવાલનો ચુકાદો આપ્યા અગાઉ નીચલા પાંચ સવાલો તપાસવા જોઇએ:–

૧. સુની કોણ છે?

૨. શીઆ ઇમામી ઇસમાઇલી કોણ છે?

૩. નામદાર આગાખાન કોણ છે?

૪. ખોજા જમાત કોણ છે? અને નામદાર આગાખાન અને તેના વડીલો સાથે તેમને શું સંબંધ છે?

૫. નામદાર આગાખાન મુંબઇની ખોજા જમાત સાથે શું સંબંધ ધરાવે છે?"

"૧ સુની લોક કોણ છે ?

"સુની લોક જુના વિચારના મુસલમાનો છે. તેઓ પોતાનો કલમો "લાઇલા ઇલલાહ મહમદ ઉર રસુલલ્લાહ" પડે છે. જ્યારે શીઆ લોક તેની અંદર ઉમેરો કરી કહે છે કે "અલીઉન વલી અલાહ."

"હજરત અલીને પેગમબ્બર જેટલુંજ માન આપવું એ શીઆ લોકોનું ખાસ ફરમાન ગણી શકાય."

"પેગમબ્બર પોતાનો કોઇ વારસ નેમ્યા વગર મરણ પામ્યા, તેના વારસ કે જેને ખલીફા કહે છે તેને બે ઓદ્ધા સંભાળવાના હતા. ધર્મના વડા અને રાજ્યના વડા."

"મુસલમાનોના મોટા ભાગને એવી આશા હતી કે હજરત અલી કે જે સર્વથી પહેલાં મુસલમાન થયા હતા, અને જે પેગમ્બરના માનીતા અસહાબ હતા, અને જે પેગમબ્બરની સર્વથી લાડકી છોકરી ફાતમાના ભરથાર થતા હતા, તે ખલીફા થશે. પણ એમ બન્યું નહીં. પેગમબ્બરની જવાન અને માનીતી સ્ત્રી બીબી આઇસાંના લાગવગથી તેના પીતા હજરત અબાબકરને ખલીફા નેમવામાં આવ્યા. હજરત અબાબકર પછી હજરત ઉમર અને તેમની પછી હજરત ઉસમાન ખલીફા થયા જેઓના મરણ પછી અંતે ઇ૦ સ૦ ૬૫૫ માં હજરત અલીને ખલીફા બનાવવામાં આવ્યા. આ વખતે પણ માવીઆ તેની સામે થયો, અને આ ફીસાદ હજુ ચાલુ હતો, એટલામાં તો ઇ૦ સ૦ ૬૬૦ માં હજરત અલીનુ કુફા શહેરની મસજીદમાં એક ખારજીએ ખુન કીધું."

"હજરત અલીના ખુને સઘળા મુસલમાનોમાં ઘણો શોર કરી મુકયો. તેને સઘળા લોક ચાહતા હતા, અને તેઓના હેતને તે લાયક હતા. એના જેવો બીજો નર મળવો મુશકેલ છે. તે શુરવીર તેમજ ડાહ્યા ઉમદા ખવાસના તેમજ ઇનસાફી હતા, અને બીજા

એના સુખમાં પોતાનું સુખ માની લેનાર એના જેવા વીરલા જવલેજ મળશે. વળી પેગમબરની માનીતી છોકરીના ભરથાર થતા હતા, અને એના બે છોકરા હસન અને હુસેન પેગમબરના લાડકા થતા હતા અને જનતમાં સર્વેથી આગેવાન જવાનો એઓ થશે એમ પેગમબરે જાહેરમાં કહ્યું હતું."

"હસન મોટા હતા અને તે ઘણાજ ધાર્મિક તેમજ ભણેલા હતા. પોતાના પીતાના મરણ પછી પોતાનું રાજય એક મોટી રકમના સાલીયાણાના બદલામાં તેણે આપી દીધું, જે રકમ તે ધર્મના અને સખાવતના કામમાં મદીનામાં ખરચ કરી નાખતા હતા. ઈ૦ સ૦ ૬૬૯ માં પેગમબરના આ ધાર્મિક અને નિર્દોશ દોત્રાને તેની એક સ્ત્રીએ ઝેહેર પાઇ મારી નાખ્યો, કારણકે માવીયાના છોકરા યઝીદે તેને મોટી રકમની લાલચ આપી હતી."

"આવી રીતે હવે પેગમબરના કુટુંબમાં સઉથી વડા તરીકે હજરત અલી અને બીબી ફાતમાંનો બીજો છોકરો હુસેન રહ્યો, જે શુરવીર અને અમીરી ખવાસ ધરાવતા અને પોતાના પીતાના ઘણા ગુણો ધરાવતા હતા."

"ઈ૦ સ૦ ૬૮૦ માં એટલે પોતાના ભાઇના ખુન પછી ૧૧ વરસે હુસેન કુફાના લોકોના વારંવારના આગ્રહથી મદીના શેહેર છોડી કુફા તરફ ખલાફત પાછી મેળવવા માટે રવાના થયા. તેણે જંગલો થોડા માણસો સાથે પસાર કીધાં તેની સાથે તેની સ્ત્રી, તેની બહેન ફાતમાં, બે છોકરા અને થોડા ઘોડેસ્વાર હતા. જયારે તે કુફાની પડોશમાં કરબલા નામની જગ્યાએ આવી પહોંચ્યા ત્યારે તેણે જોયું કે કુફાના લોક તેની મદદે આવવાને બદલે દુશ્મન થઇ તૈયાર ઉભા હતા. તે પછી શું બન્યું તેની તવારીખ ઘણી દીલ દુખાવનારી છે. ફાતમા અને અલીનો અમીરી ખવાસનો છોકરો પેગમબરનો લાડકો દોતરો દુશ્મનોના હિચકારા હુમ-

લાથી તીર અને ખંજરોના વરસાદમાં પોતાનું શુરવીરપણું અને બહાદુરી દેખાડી શહીદ થયો. તેની નજર સામે તેનો એક છોકરો અને ભત્રીજો કપાઇ મુઆ. તેના બીજા છોકરા સ્ત્રી અને બહેનને કેદ કરી દમાસકસ લઇ ગયા. દુશ્મનોએ હજરત અલીના છોકરાનું માથું કાપી કુફાની ગલીઓ અને રસ્તાઓમાં ફેરવ્યું અને તેના હોઠપર તે શેહેરના સુબા ઓબેદુલાએ લાકડી મારી. આ જોઇ એક બુઢો મુસલમાન ગુસ્સામાં આવી બોલી ઉઠયો કે આ કેવું પાપી કામ છે કે જે હોઠોપર પેગમબરે ચુમીઓ લીધી હતી તેજ હોઠોપર તું લાકડી મારે છે?"

"આ કરૂણારસ બનાવે ઇસલામના દીલ હદબહાર રંજીદાં કીધાં, અને એ બનાવે આજે ૧૨૦૦ વરસ પછી પણ મુસલમાન કોમને બે જુદા જુદા ટોળાંમાં વહેચી નાંખી છે. તેઓ સુની અને શીઆ છે. સુની બીબી આઇસાં હજરાત અબુબકર ઉમર અને ઓસમાનના નામપર દરૂદ અને સલવાત ભણે છે. શીયા લોક પહેલા ત્રણ ખલીફાને માન્ય કરતા નથી જેઓ હજરત અલીને રફતે રફતે માણસથી શ્રેષ્ટ માનવા લાગ્યા છે. જેઓ બીબી ફાતમાને સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ટ ગણે છે અને દર વરસે હુસેનની શેહાદતનો દહાડો દલગીરી અફસોસ અને રડી રડીને પાળે છે."

"ઇ૦ સ૦ ૬૮૦ ના મોહોરમની ૧૦ મી તારીખે કરબલાની રેતી ઉપર હુશેન શહીદ થયા જે દહાડો શીયા લોક હાય અફસો-સમાં ગુજારે છે."

"ઇરાન દેશ કે જે શીયા લોકોનું ખાસ મથક છે ત્યાં એ તેહેવાર ઘણી છુટથી પાળવામાં આવે છે કારણકે ત્યાં તેઓને સુનીઓના દબાણની ધાસતી નથી. હિંદુસ્થાનમાં કે જ્યાં સુની ઘણા અને શીઆ થોડા હોવાથી એ તેહવાર સુની લોક ધામધુમથી પાળે છે જ્યારે શીઆ લોક પોતાના મકાનમાં અથવા ઇમામ વાડામાં

એકઠા થાય છે, જ્યાં હુશેનની કથાને ડુસકે ડુસકે રડીને સાંભળે છે. જ્યારે તેઓના તાબુત કહાડે છે ત્યારે પોલીસને હરકત પડતી નથી. સવાર વગરનો એક સફેદ ઘોડો સાથે લઇ જેને હુશેનના ઘોડા તરીકે ગણી તેઓ શોકાતુર છાતી કુટતા કુટતા ચાલે છે."

"અસલ નસારા લોક જે માન બૈત ઉલ મુકદસને આપતા હતા તેવુંજ માન હાલ શીઆ લોક કરબલાને આપે છે."

"બગદાદથી ૧૨૦ માઇલને તફાવતે અને ફુરાત નદીનાં પશ્ચિમ કીનારાથી એક દીવસની મુસાફરીએ નજફમાં મશહદે અલી છે જ્યાં બીબી ફાતમાંના ભરથાર અને પેગમબરના જમાઇ અને અસહાબ હજરત અલીને દફનાવવામાં આવ્યા છે."

"મશહદે અલીથી એક દીવસની મુસાફરી કર્યા બાદ કરબલામાં મશહદે હુશેન છે જેને ઘણુંકરીને શહીદનાં નામે ઓળખવામાં આવે છે અને એ જગ્યાએ એક નાનું જેવું શેહેર વસી ગયું છે."

"આ કબરો જોકે સુની રાજાઓના રાજ્યમાં આવેલ છે તો પણ ઇરાનના શીઆ પાદશાહોએ તેને વારંવાર મોટો ખરચ કરી ભારે દબદબાથી સણગારેલ છે જ્યાં ઘણા ગરીબો રહે છે જેઓનું ગુજરાણ ધાર્મિક જાત્રાળુઓની સખાવતથી થાય છે."

"એશીયા ખંડના દરેકે દરેક ભાગમાંથી અને વરસની દરેકે દરેક મોસમમાં હજારો શીઆ જાત્રાળુ એ કબરોની જાત્રાએ જાય છે જીવતાં માણસો ત્યાં જાત્રાએ જવાની જીજ્ઞાસા રાખે છે, એટલુંજ નહીં પણ તેઓ પોતાના મરણ પછી એ જમીનમાં દટાવવાને ઘણા આતુર હોય છે. ધાર્મિક અને પૈસાદાર શીઆ મુસલમાનો પોતાની લાશ હજરત અલી અથવા હુશેનની પાસે દટાવવાને હજારો રૂપીયા કહાડી આપે છે. ઉંટો પર જનાજા નજફ અને કરબલા તરફ જતાં મુસાફરોની નજરે વારંવાર પડે છે."

" કરબલાની પવિત્ર માટીના મોહોર અને તસબી તેઓ બનાવે છે. તેઓ દીવસમાં ત્રણ વખત નમાજ ભણે છે, જયારે સુની લોક પાંચ વખત કરે છે અને નમાજ ભણતી વખતે તેઓ કરબલાની માટીનું બનાવેલું મોહોર જમીનપર એવી રીતે મુકે છે કે જેથી સીજદો કરતી વખતે તે તેઓના કપાળને લાગે અને અલાહનું નામ લઇ તેઓ તસબીનું એક મણીયું ફેરવે છે. કેટલાક પવિત્ર દીવસોપર જેવા કે ચાંદરાત, રમજાન મોહોરમ તેઓને કરબલાની પવિત્ર માટી પાણીમાં નાંખી પીવાની ટેવ છે. "

" ટુંકમાં બોલીયે તો શીઆ લોકની ધર્મ સંબંધી જીંદગી, લાગણી, વિચારો અને ક્રિયાઓ હજરત અલી અને બીબી ફાતમાં અને તેમના પુત્ર હસન અને હુસેનને માન આપવામાં સમાયલી છે, અને તેઓનાં નામ સાથે પેગમબરનું નામ ઉમેરી એ પાંચ જણને "પંજતન" ના નામથી ઓળખે છે."

"સુની લોક એ સઘળી વાતોને હડહડતું વહેમ સમજે છે. કરબલાની જાત્રાએ જવું કરબલાની માટીના મોહોરપર માથું રાખવું અથવા તે માટી પાણીમાં ભેળી પીવું એને સુની લોક નહીં સમજી શકાય એવું વહેમ સમજી તેનાથી દુર રહે છે."

" સુની પાંચ વખત નીમાજ ભણે છે જયારે શીયા ત્રણ વખત ભણે છે. સુની હાથ બાંધી શીયા હાથ છૂટા રાખી નમાજ કરે છે. શીયા હજરત અલી અને બીબી ફાતમાંને અમર ગણે છે, અને હજરાત અબુબકર ઉમર અને ઓસમાનને માન્ય રાખતા નથી. સુની એ ત્રણેને ખરાં દીલથી કબુલ રાખે છે. તેનાં નામ ખુતબામાં ભણે છે, અને મસજીદોની દીવાલોપર લખે છે......"

" ટુંકમા બોલતાં હજરત મહમદને અલાહના રસુલ અને કુરાનને અલાહના વચનો તરીકે માન્યા સીવાય સુની શીયા એક બીજા સાથે બીજી થોડીજ બાબતોમાં મળતા આવે છે."

(૨) શીયા ઇમામી ઇસમાઇલી કોણ છે ?

" આ લોક તે શીઆ છે કે જેઓ હજરત અલીની સાતમી પહેડીના ઇસમાઇલને પ્રસિદ્ધ ઇમામોના છેલા ઇમામ તરીકે માને છે, અને વળી તેઓ વધુ એમ પણ માને છે કે દુન્યાની આખેરીએ હજરત અલી પાછા પ્રગટ થશે. ત્યાં સુધી ઇમામની મસનદ હજરત અલીની ઓલાદના ઇસમાઇલથી વંશપરંપરાં ઉતરી આવેલા અપ્રસિદ્ધ ઇમામો પાસે રહેશે. "

" ઇસમાઇલીઓના ફરમાનો પ્રમાણે પ્રસિદ્ધ ઇમામો સાત છે. ૧. અલી. ૨. હસન. ૩. હુશેન. ૪. જેનલાબદીન. ૫. મહમદ બાકર. ૬. જાફર સાદક. ૭. ઇસમાઇલ. "

" બની અબાસ ખલીફાઓના વખતમાં ઇસમાઇલીઓ પર ઘણો જુલમ થતો હતો, કારણકે તેઓ ખલીફાને ઇમામ તરીકે કબુલ કરતા નહીં. દરેક ખલીફ પોતાને રાજ્યનો વડો તેમજ પેગમબરનો વારસ ગણતા. ઇસમાઇલીઓ તેને રસુલના વારસ તરીકે માનતા નહીં તેથી તેમના પર ખાસ જુલમ થતો. પરીણામ એ આવ્યું કે શરૂઆતથીજ તેઓને પોતાના ધર્મના ફરમાનો ગુપ્ત શીખવવા પડયા. ઘણીખરી બધી બાબતોમાં ઇસમાઇલી શીયા હતા પણ તે ઉપરાંત ઇમામત બાબે તેઓના કેટલાક ખાસ ફરમાન હતા. "

"ઇસમાઇલીઓના ફરમાનો ફેલાવો આફ્રિકામાં અબદુલા બીન મેમુને ૧૦ મી સદીની અધવચમાં કીધો હતો અને તે ફેલાવાથી આખરે મીશરમાં બની ફાતમાં ખલીફાઓનું રાજ્ય સ્થાપાયું. "

" મીશર દેશમાં બની ફાતમાં ખલીફાના અમલમાં ઇસમાઇલી ધર્મનો પાયો કેરો શેહેરમાં મજબુતીથી નખાયો. આ પાયા પર કેવી રીતે ઇમારત બંધાઇ તેની તવારીખ તપાસવાની કાંઇ જરૂર નથી તોપણ એ બાબદ પર હું ધ્યાન ખેંચવા માંગું છું. "

"પહેલી બાબદ એ છે જે આ મુકદમાની જબાનીમાં 'તકીયા' શબ્દ વારંવાર વપરાયો છે. એ શબ્દનો અર્થ શું થાય છે તે તપાસીયે. આ શબ્દનો અર્થ એ થાય છે જે પોતાના ધર્મ સંબંધી ક્રિયાઓ અને વિચારો છુપાવવા. એનું કારણ યાતો બીજાઓના દીલ ન દુઃખાવવું યા પોતે બીજાઓના જુલમાતથી બચી જવું."

"એશીયા ખંડના ભલા લોક ધર્મ સંબંધી બાબતોમાં બીજાઓની લાગણી દુખવવા કરતાં પોતાના વિચારો છુપા રાખવાનું વધારે પસંદ કરે છે. બીજાઓના ધર્મની લાગણીને માન આપવાની ટેવ એશીયામાં છે એટલુંજ નહીં પણ યુરોપમાં પણ હસ્તી પામતી જણાય છે. રોમન કેથલીકના સરઘસ પસાર થતી વખતે એક અંગ્રેજ પ્રૉટેસટંટ પોતાની ટોપી ઉતારે છે. 'તકીયા'નો અર્થ ત્યારે એ થાય છે જે બીજાઓના દીલ ન દુખવવા માટે અંદરથી એક અને બાહેરથી બીજા વિચાર જણાવવા."

"તકીયાનો એક બીજો દાખલો આપી શકાય. જયારે શીયા લોક મકકે હજ્જ કરવા જાય છે ત્યારે પાંચ વખત નમાજ ભણે છે અને તેબી વળી હાથ બાંધીને કરે છે, અને સુની લોકને દેખાડવા માટે હજરાત અબાબકર, ઉમર અને ઓસમાનની કબરો પર ફાતેહા ભણવાનું દોળ ઘાલે છે. ઇસમાઇલીઓના ઇમામ વીશે ખાસ ફરમાનો હોવાથી તેઓને તકીયો વારંવાર અમલમાં લાવવો પડતો."

"ઇસમાઇલીઓની બીજી ખાસ ખાસીયત એ છે કે જયારે તેઓ કોઇને પોતાના ધર્મમાં લાવવા માંગતા ત્યારે તેઓનો અસલ ધર્મ સાચો છે એમ સમજાવી રફતે રફતે પોતાના ધર્મનો બોધ આપી ઇસમાઇલી દાઇઓ પોતાના ધર્મનો ફેલાવો કરતા."

"ઉપલા હેવાલ પરથી સાબેત થઇ ચુકયું છે કે ઇસમાઇલીઓમાં બે ખાસીયતો હતી. એક તો પોતાના ધર્મના વિચારો છૂપા

રાખવા અને બીજું એ કે જેઓને પોતાના ધર્મમાં વટલાવવા માંગતા હોય તેઓના ધર્મનો મોટો ભાગ પોતાનો કરી કબુલ રાખવો."

"બની ફાતમાં ખલીફાઓના અમલમાં મીશર દેશમાં ઇસમાઇલી ધર્મનો સંપુર્ણ પાયો નખાયો. અહીં એ પાયા પર ઇરાની પારસી અને હિંદુ ધર્મના ભેળથી એ ધર્મની ઇમારત બંધાઇ. એ ધર્મે ૧૧ મી સદીના પાછલા ભાગમાં એક આરબી વંશના ઇરાની શીઆ જવાનનું ધ્યાન ખેંચ્યું જેણે પોતાની બચગીમાં મોટાઇની નીશાનીઓ દેખાડી હતી. આ જવાન ઇરાન દેશના રાઇ શહેરના એક શીયા વિદ્વાનનો છોકરો નામે હસન સભા હતો."

"હસન સભા પોતાના જમાનાની દરેક વિદ્યામાં પ્રવીણ હતો. તેનો મિત્ર નીઝામ ઉલ્લ મુલ્ક હતો કે જેણે ઇરાકના તુરકી અને સલજુક રાજાઓ તોગરલબેગ અને મલેકશાહના વડા પ્રધાનની પદવી મેળવી હતી, અને જેઓની રાજ્યધાનીના શેહેર નીશાપુર અને રાઇ હતાં."

"ઇસમાઇલી દાઇઓના જ્ઞાને હસન સભા પર તેની જવાનીમાંજ મોટી અસર કીધી હતી. જ્યારે નીઝામ ઉલ મુલ્ક વઝીર થવા પામ્યો ત્યારે હસન સભાને તેની દરબારમાંથી ચાલી જવાની ફરજ પડી. મીશર જઇ ઇસમાઇલી ધર્મના ઉંડા ભેદો શીખવાનો ઠરાવ કરી તે તે તરફ રવાના થયો."

"ત્રણ વરસ કેરો શેહેરમાં રહી ઇસમાઇલી ધર્મનો તેણે સંપૂર્ણ અભ્યાસ કીધો અને પછી એ ધર્મ ફેલાવવાના ઇરાદાથી તે ઇરાન આવ્યો. ઇરાન દેશમાં તે વખતે સઘળા સુની ધર્મ પાળતા હતા. હસન સભાએ જોઇ લીધું કે જો તે પોતાનો નવો ધર્મ ખુલ્લે ખુલ્લું શીખવવા માંડશે તો તેની જીંદગી જોખમમાં આવી પડશે. તેટલા માટે તેણે એક નવી યુકિત શોધી કહાડી.

અલબુરજના પહાડ પર આલમુતનો અજીત કિલ્લો આવેલો છે. એ કિલ્લાને તેણે જોર અને યુક્તિ વડે હાથ કીધો. ઇ૦ સ૦ ૧૦૯૦ માં તે એ કિલ્લાને પોતાનું ખાસ મથક કરી રહ્યો."

"અહીં હસન સબાએ પોતાની જીંદગીના બાકીનાં ૩૫ વરસ ગુજાર્યાં. તે ૯૦ વરસ જીવવા પામ્યો હતો અને અહીંથી તે પોતાના મુરીદો પર જુલ્મ કરનારાઓને મારી નાખવાના હુકમ કરતો. આ હુકમ તેના મુરીદો ખુશી સાથે બજાવી લાવતા, જેથી ઇરાનના સઘળા નામીચા માણસો હસન સબાનું નામ સાંભળી થરથર કાંપતા."

"હસન સબા જો કે ઇસમાઇલી હતો તોપણ તેના માબાપ ઇસમાઇલી નહતા. ઇમામ જાફરના છોકરા ઇમામ ઇસમાઇલના વંશમાંથી તે નહતો. પણ હસન ઝકરીયા સલામ ઇમામ ઇસમાઇલની ઓલાદમાંથી હતા, એમ તેણે જાહેર કીધું અને તેના વંશની સાંકળ ઇમામ મુસતન સર બીલ્લાહના છોકરા ઇમામ નીઝારથી ઇમામ ઇસમાઇલને પહોંચે છે. તે પોતાને નીઝારના વંશમાંથી ગણતા હતા, જેને હસન સબાના વખતમાં આલમુત ગઢમાં લાવવામાં આવ્યા હતા."

"જો આ સાંકળમાં કાંઇ શક હોય તો તે દુર કરવાનું કામ આપણું નથી. પણ હસન જકરીયા સલામની ચાલચલણ તપાસતાં મને એવું જણાય છે કે હસન જકરીયા સલામ ઇમામ ઇસમાઇલના વંશમાંથી હોય, એ સંભવીત છે."

"તેના વંશમાંથી ચાર પાંચ પેઢીઓએ એ ગાદી ભોગવી અને પછી ચીનાઇ જંગીસખાનના પૌત્ર હલાકુખાને આવી આલમુતના કિલ્લાનો નાશ કીધો. સ્ત્રી, પુરૂષ અને બચ્ચાંઓને હલાકુખાને તલવાર વડે કાપી નાખ્યાં અને ઇસમાઇલીઓની જાહોજલાલી, દોર અને દમામ ભાંગી પડયા. આ હારથી ઇસમાઇલીઓ કાંઇ

નાબુદ ન થયા. તેઓ ઇરાન દેશના જુદા જુદા ભાગોમાં ગરીબી હાલતમાં રહેતા હતા અને તેમના અપ્રસિદ્ધ ઇમામોની સાંકળ નામદાર આગાખાનને પહોંચે છે. એ લોક વીશે તવારીખમાં કાંઇ જણાયલું નથી, શીવાય શાહ ઇસલામશાહ કે જેની ૧૪ મી પેઢીમાં નામદાર આગાખાન આવે છે અને ખોજાઓની દંતકથાઓ પ્રમાણે જેનો દાઇ પીર સદરૂદીન હતો જેણે ખોજાઓને મુસલમાની ધર્મમાં વટલાવ્યા. ૧૬ મી સદીની શરૂઆતમાં સફવી વંશના રાજાઓ ઇરાનમાં રાજ્ય કરવા લાગ્યા, અને તેઓ શીયા હોવાથી સુની લોકોનો દોર ઇરાનમાંથી નાબુદ થયો. શીયા રાજાઓના અમલમાં ઇસમાઇલીઓની પાછી ચહડતી થઇ, તે એટલા સુધી કે નામદાર આગાખાનના દાદા અબલ હસન અલીને કીરમાન જેવા અગત્યના પ્રાંતના સુબા નેમવામાં આવ્યા."

"ઇ૦ સ૦ ૧૮૧૩ માં મેકડોનેલ કીનાર નામના મુસાફરે ઇરાનની. તવારીખમાં લખ્યું છે કે જ્યાં અસલ આલમુતનો કિલ્લો હતો તેની આસપાસ થોડા ઇસમાઇલીઓ રહે છે, અને જેઓ પોતાને હુસેનીના નામથી ઓળખાવે છે. એ લોકો ઇમામ ઇસમાઇલના વંશના નબીરાને પોતાના ઇમામ તરીકે ગણે છે, કે જે 'કેખ્ત' પાસે રહે છે, અને જેની હજુરમાં દુઆ ચાહવાને લોક છેક હિંદુસ્તાનથી આવે છે."

"હવે 'કેખ્તની' પાસે જે ઇમામ રહેતા હતા તે કોઇજ નહીં પણ નામદાર આગાખાનના પીતા શાહ ખલીલીલાહ હતા. જે લોક હિંદુસ્તાનથી આવતા હતા તે કોઇજ નહીં પણ ખોજા હતા, જેઓ લાંબા વખતથી પોતાના ઇમામને મળવા જતા હતા અને કહેતા હતા કે અમે 'દરખાને' જઇએ છીએ. 'દરખાનુ' એટલે ઇમામનું રહેવાનું ખાસ મથક."

૩. નામદાર આગાખાન કોણ છે?

"નામદાર આગાખાન કોણ છે એ સવાલનો જવાબ લગભગ અપાઇ ચુકયો છે. મહમદ હુસેન હુસેની ઉર્ફે આગાખાન અથ-વાતો મુંબઇ સરકારના દસતાવેજોની ભાષામાં બોલીયે તો 'હીઝ હાઇનેસ આગાખાન મહેતાલી.' ઇસમાઇલીઓના અપ્રસિદ્ધ વંશ-પરંપરા ઉતરી આવેલા ઇમામોમાંનો એક ઇમામ છે, જે હાજર મસનદનો ધણી છે, અને જે ઇમામ જાફરના બેટા ઇસમાઇલ વડે હજરત અલીના વંશમાં છે."

"તેની પોતાની ખાસ તવારીખ સહાસીક તેમજ કહાણી કીસ્સાને મળતી આવે એવી છે. તેના દાદા અબલ હસન કેરમાન પ્રાંતના સુબા હતા, અને તે ઓધ્ધો છોડયા પછી તે મેહતાલી ગામમાં રહેવા ગયા, જ્યાં તેઓની મોટી જાગીર છે. મહેતાલી હમદાન અને કુમની વચ્ચે આવેલું છે."

૪. ખોજા જમાત કોણ છે?

"જબાની ઉપરથી એવું જણાય છે કે ખોજાઓ અસલ વેપારી વર્ગના હિંદુ હતા, અને તેઓ ઉપલાં સિંદ્ધનાં ગામડાંઓ અને શહેરોમાં રહેતા હતા. તેઓની ભાષા સિંધ્ધી અથવા કચ્છી છે. તેઓની ધર્મ સંબંધી ચોપડીઓ સિંધ્ધી લીપીમાં લખેલ છે. સિંદ્ધ મુસલમાનોએ ફતેહ કીધેલ હોવાથી ત્યાં મુસલમાનોની મોટી વસતી છે તોપણ જથાબંધ તેમજ છુટક વેપાર હમેશાં હિંદુઓ-નાજ હાથમાં રહ્યો છે. આ હિંદુઓની હાલત એવી હતી કે તેઓ સેહલાઇથી મુસલમાની ધર્મ એખત્યાર કરે."

"અને બાજુ કબુલ કરે છે કે ૪૦૦ વરસ પર તેઓને પીર સદરૂદીને વટલાવ્યા હતા. વળી એટલું પણ કબુલ કરવામાં આવે છે કે પીર સદરૂદીનની કબર ભાવલપુરના ઉચ્છ ગામમાં છે. ખોજા કોમના મોટા ભાગનું કહેવું એમ છે કે પીર સદરૂદીન ખોરાશાનથી

આવ્યો હતો અને તે શાહા ઇસલામશાહે મોકલેલો દાઇ હતો અને તેણે ખોજાઓને શીયા ઇમામી ઇસમાઇલી ધર્મ શિખવ્યો. ખોજા કોમના થોડાઓનું કહેવું એમ છે કે પીર સદરૂદીન સુની હતો જેનું અસલ સ્થળ મુલતાન હતું, અને તેણે ખોજાઓને સુની મુસલમાન બનાવ્યા."—

"સિંદ્ધમાંથી એ ધર્મ કચ્છ અને ત્યાંથી કાઠીયાવાડ અને ત્યાંથી ગુજરાત અને મુંબઇમાં ફેલાયો. હાલ તેઓ લગભગ દરેક વેપારના મથકપર રહે છે અને પ્રુટક તેમજ જથાબંધ વેપાર કરી મોટી કમાણી કરે છે."

"ખોજાઓના સિંધમાં ૨૮૦૦ ઘર છે, કાઠીયાવાડમાં ૫૦૦૦, કચ્છ અને ગુજરાતમાં કેટલાં ઘર છે તે જણાયલું નથી. જંગબારમાં ૪૫૦ અને મસકતમાં ૪૦૦ ઘર છે. મુંબઇ અને તેની પડોશમાં ૧૪૦૦ ઘર છે, જેમાં ૪૦૦ ઘર વાદીઓ તરફ છે અને બાકીના નામદાર આગાખાન તરફ છે."

"મુંબઇ શેહેર સિવાય ખોજાઓમાં ધર્મ સંબંધી બીલકુલ મતફેર નથી. તેઓ સઘળા એકી અવાજે નામદાર આગાખાનને કબુલ કરે છે. દાખલા તરીકે નામદાર આગાખાને જંગબારના ખોજાઓ પાસે સહીઓ મંગાવી તે કાગળ પર ૪૫૦ માંથી ૪૪૫ ઘરોએ સહી કીધી છે."

"જ્યાં જ્યાં ખોજા કોમ વશે છે ત્યાં ત્યાં તેઓનું બંધારણ એકજ તરેહનું છે. તેઓની જમાત, જમાતખાતું, મુખી અને કામડીઓ હોય છે. મુખી એટલે ખજાનચી અને કામડીઆ એટલે હિસાબ રાખનાર."

"મુખી" અને 'કામડીઆ'ને ચોકસ મુદત સુધી ચુંટી કહાડવામાં આવતા નથી. કોઇ વખતે એક વરશ માટે કોઇ વખતે બે વરશ માટે અને કેટલીક વખત જન્મ સુધી નેમવામાં આવે છે અને

જ્યારે જમાતની મરજીમાં આવે ત્યારે તેમને જમાત ઉઠાડી મુકે છે."

"જમાની ઉપરથી સાબેત થઇ ચુકયું છે કે જ્યારથી ખોજા કોમની હસ્તી જણાઇ છે ત્યારથી તેઓ ઇસમાઇલીઓના ઇમામને જકાત આપતા આવ્યા છે અને તેમને તેઓ પોતાના મુરશીદ કરીને કહે છે. વાદીઓના સાક્ષીઓને પણ કબુલ કરવાની ફરજ પડી છે કે તેઓના વડીલો નામદાર આગાખાનને રાજી ખુશીથી પૈસા આપતા હતા. ખોજા લોક નામદાર આગાખાનને અસલથી પૈસા આપતા આવ્યા છે એટલુંજ નહી પણ તેઓને ઇરાન જઇ પોતાના ઇમામના દરસણ કરવાની ટેવ હતી, અને તેઓ કહેતા હતા કે અમો 'દરખાને' ગયા હતા. એક શાક્ષી જે પોતે દરખાને ગયો હતો તે નીચે પ્રમાણે બયાન કરે છે."

"ઇ૦ સ૦ ૧૮૩૬–૩૭ માં હું કેરમાન ગયો હતો જ્યાં નામદાર આગાખાન તે વખતે રહેતા હતા. હું, મારો બાપ, મા, ભાઇ અને બે બહેન અને બીજા સો ખોજા મુંબઇથી બંદરાબાસ જવા માટે ઉપડયા હતા. અમો રોકડ અને કપડાં મલી રૂ ૨૦૦૦૦ સાથે લઇ ગયા હતા. બંદરાબાસમાં થોડો વખત રહેવા બાદ અમો ૨૧ દીવસની મુસાફરી કરી કેરમાન જઇ પહોંચ્યા હતા. ત્યાં ઇમામને ખરચે ઉતારો લીધો હતો. ત્યાં અમો ૧ થી દહોડ મહીનો રહ્યા અને એ અરસામાં ૧૦ થી ૧૨ વખત અમો ઇમામને મળવા ગયા હતા, અને જે માલ એમને માટે લાવ્યા હતા તે અમોએ તેના સ્વાધીનમાં કીધો. અમોએ નામદાર આગાખાનને મસનદ પર બેઠેલાં જોયા. અમોએ તેનું મહોડું જોયું, હાથ ચુમ્યા અને પાછા ફર્યા. અમો ત્યાં એટલાજ માટે ગયા હતા અને તેથી અમો પુરતો સંતોશ પામ્યા. આ મુસાફરી અને નજરાણું મલી સાક્ષીના બાપને રૂ ૫૦૦૦) નો ખરચ થયો જે રકમ એક અનાજના વેપારી માટે ઘણી મોટી ગણાય."

"ખોજાઓ જુદે જુદે અવસરે નામદાર આગાખાનને શું શું કર અને બક્ષેસો આપે છે તે તપાસવાની કાંઈ જરૂર નથી. મુખ્ય કરીને તેમાં "દસોંધ" એટલે કમાઈનો ચોકસ ભાગ છે. આ કર મુંબઈના ખોજા સિવાય બીજા સઘળા ખોજા હજી સુધી આપે છે. મુંબઈમાં એ કરની સામે વાંધો લેવામાં આવ્યો અને હાલ મુંબઈમાં ઘણા થોડા ખોજા એ કર આપે છે."

"ઈ૦ સ૦ ૧૮૨૨ માં ખોજા કબરસ્તાનમાં મસજીદ બંધાવવામાં આવી તે સિવાય ખોજાઓ પાસે મસજીદ નથી. તેઓ નમાજ જમાતખાનામાં ભણે છે."

"ઈ૦ સ૦ ૧૮૨૯ માં શેઠ હબીબભાઈ ઈભરામે દસોંધ આપવા ના પાડી. એ બેઅદબી તોડી પાડવા માટે નામદાર આગાખાને મીરઝાં અબદુલ કાશમને મુંબઈ મોકલ્યો, તેની સાથે નામદાર આગાખાનની માતાની માતા મરીયમબીબીને મોકલી હતી. તેણી એક ચંચળ સ્ત્રી હતી અને તેણીએ જમતખાનામાં આવી દસોંધની તરફેણમાં ફરમાન કીધા હતા. અને એજ સાલમાં નામદાર આગાખાન તરફથી શેઠ હબીબભાઈ ઈભરામ સામે મુંબઈની હાઈ કોરટમાં એક મુકરદમો મંડાયો. પણ ઈ૦ સ૦ ૧૮૩૦ માં નામદાર આગાખાનના ગુમાસ્તા મીરઝા અબદુલ કાશમે એ મુકરદમો આગળ ન ચલાવવાથી તે કહાડી નાખવામાં આવ્યો હતો."

"પણ હું નથી ધારતો કે ઉપલા મુકરદમાને કાંઈ પણ વજન આપી શકાય. નામદાર આગાખાન એક ઈરાની ઉમરાવ છે અને જે તે વખતે ઈરાનમાં રહેતા હતા, તે કુદરતી રીતે અંગ્રેજી અદાલતોની રીતભાતથી અજાણ્યા હોવા જોઈએ. તેણે મુકરદમો આગળ ન ચલાવ્યો તેનું કારણ એ હોવું જોઈએ કે જ્યારે તેને દરેક વિગતથી માહીતગાર કરવામાં આવ્યા ત્યારે તેણે જોયું કે તેણે ખોટો માર્ગ એખત્યાર કીધો હતો, જેથી તેણે મુકરદમો

આગળ ચલાવ્યો નહીં. એટલું તો ચોકસ છે, કે ઉપલા મુકરદમા બાદ તેણે એવો હુકમ કહાડયો કે શેઠ હબીબભાઇ ઇભરામ અને તેની પાછળ ચાલનારાઓને જમાતખાનામાં બોલાવવા અને તેમની પાસેથી દસોંધ માંગવો. અને જો તેઓ ના પાડે તો તેમને નાતની બહાર કહાડવા. ઉપલા હુકમ પ્રમાણે ઇ૦ સ૦ ૧૮૩૦માં શેઠ હબીબભાઇ ઇભરાહીમ અને તેની બાજુવાળા મલી ૧૨ જણને નાતની બહાર કહાડવામાં આવ્યા અને તેઓ "બારભાયા" ના નામથી ઓળખાવા લાગ્યા."

"ઇ૦ સ૦ ૧૮૩૫ માં તેઓની અરજ અને નામદાર આગાખાનના હુકમથી તેઓને પાછા જમાતમાં લેવામાં આવ્યા પણ તે એવી શરતે કે તેઓએ સરકાર સાહેબ માટે દરેક કર આપવો."

"જ્યારે નામદાર આગાખાન કલકતે હતા ત્યારે વળી ખોજા કોમમાં બે તડાં પડયાં. આ તડાં પડવાનું કારણ સાજન મેરાલીનો મુકરદમો હતો, જે મુકરદમામાં શેઠ સાજનભાઇ મેરાલીનાં છોકરીઓ હીરબાઇ અને ગાંગબાઇએ પોતાના પીતાની પુંજીમાંથી મુસલમાની કાયદા પ્રમાણે હિસ્સો માંગ્યો. આખી જમાત એ છોકરીઓની તરફેણમાં હતી. પણ શેઠ હબીબભાઇ ઇભરાહીમ તેઓની ચાચી સોનબાઇની તરફેણમાં હતા. સોનબાઇ મુકરદમો જીતી અને છોકરીઓની હાર થઇ."

"આ બખેડો ઘણો વધી પડયો. પરીણામમાં ઇ૦ સ૦ ૧૮૪૮ માં શેઠ હબીબભાઇ ઇભરાહીમ અને તેની બાજુવાળાઓને બીજીવાર નાતબહાર કહાડવામાં આવ્યા જેઓએ નવું જમાતખાનું બંધાવી મોટી જમાતથી જુદા થઇ રહ્યા."

"ઇ૦ સ૦ ૧૮૫૦ માં માહીમના જમાતખાનામાં એક કમકમાટ ઉપજાવે એવો બનાવ બન્યો. મોટી જમાતના કેટલાક ખોજાઓએ બારભાયાના ચાર માણસોનાં ખુન કીધાં. આ ખુનો

માટે ૧૯ ખોજાઓની તપાસ મુંબઇની હાઇ કોરટમાં થઇ તેમાંથી ચાર જણ તકસીરવાર ઠર્યા, જેઓને ફાંસીની સજા થઇ અને જેમને ફાંસી આપી મારી નાખવામાં આવ્યા. ખુનીઓની લાશને ભારે દમામથી દફનાવવામાં આવી હતી."

"એજ સાલમાં વળી ખોજા કોમમાં એક બીજો મુકરદમો ઉઠયો. એ મુકરદમાના ચુકાદાની અસર ઘણી સારી નીવડી. કારણ કે ખોજા જમાતના બેઉ ભાગ સાથે મળી ગયા અને નવા જમાતખાનાને પડતો મુકવામાં આવ્યો. અને એ સંધી ૧૦ વરસ સુધી ચાલુ રહી."

"ઇ૦ સ૦ ૧૮૬૧ માં નામદાર આગાખાને એક દસ્તાવેજ બહાર પાડયો, જેમાં લખેલું હતું કે ખોજાઓ શીયા ઇમામી ઇસમાઇલી હોવાથી તેઓના લગ્ન, મરણ અને ગુસલની ક્રિયાઓ શીઆ મજહબ પ્રમાણે થવી જોઇએ. જેઓ મારૂં કહ્યું કબુલ કરતા હોય તેઓએ આ કાગળ પર સહી કરવી જેથી હું જાણું કે તેઓ કોણ છે?"

"આ દસ્તાવેજ લખવાનું કારણ એજ દસ્તાવેજમાં જણાવ્યું છે. તેમાં લખ્યું છે કે મેં ન્યુસપેપરોમાં વાંચ્યું છે કે ખોજાઓ સુની છે તેથી હું જાણવા માગું છું કે, કોણ સુની છે અને કોણ શીઆ છે. જેઓ શીઆ હોય તેઓએ એ કાગળ પર સહી કરવી. એ કાગળપર ૧૭૦૦ ખોજાઓએ સહી કીધી."

"આ કાગળની નકલો જુદા જુદા ગામોમાં મોકલવામાં આવી અને ભાવનગરના મહુવા શહેરના ૨૦ જણ સિવાય દરેક જણે તે કાગળ પર શહી કરી છે. મહુવાના ૨૦ ખોજાઓએ સહી ન આપી તેનું કારણ એ જણાય છે કે તેઓનો વેપાર બારભાયાઓ સાથે હતો, અને તેઓ તેમને નારાજ કરવા બીહતા હતા. તેઓ

એ કહ્યું કે અમે શીઆતો છીએ પણ સહી કરવાની શું જરૂર છે? પણ લગ્નની ક્રિયાઓ તો સુની રૂઢી પ્રમાણેજ કરશું."

"આ કાગળની નેમ બરાબર સમજવાની જરૂર છે. આ કાગળની નેમ ખોજાઓને સુનીમાંથી શીઆ બનાવવાની નથી. એની નેમ એટલીજ છે કે જેઓ શીઆ હોય તેઓએ જાહેર કરવું, કે અમો શીઆ છીએ, જેઓ સુની હોય તેઓએ એના પર સહી ન કરવી."

"ઉપલા કાગળે આ મુકરદમાને જન્મ આપ્યો અને અદાલત પર ફરજ આવી પડી છે કે તેને નકી કરી જાહેર કરવું, કે ખોજા અસલ સુની હતા કે શીયા?"

"ઇ૦ સ૦ ૧૮૬૨ ના આગસ્ટ મહીનાની ૧૬ મી તારીખે ખોજા જમાત જમાતખાનામાં એકઠી થઇ. શેઠ આહમદભાઇ હબીબ અને બીજાઓને પણ બોલાવવામાં આવ્યા હતા. તેઓ હાજર ન થયા. જમાતે ઠેરાવ કીધો કે શેઠ અહમદભાઇ પર નોટીસ મોકલવી કે જો તમો જમાતના કાનુનો પ્રમાણે ચાલવા અને જમાતના હક આપવા કબુલશો તો તમને જમાતમાં રાખવામાં આવશે, અને જો ૨૧ દીવસની અંદર કબુલ ન કરશો તો તમને ન્યાત બહાર કહાડવામાં આવશે. ૨૧ દીવસ પછી જમાત પાછી એકઠી થઇ; સામી બાજુવાળા ન આવ્યા જેથી જમાતે તેમને ન્યાત બહાર કહાડયા."

"ઇ૦ સ૦ ૧૮૬૪ ના ફેબરવારી મહીનામાં છેલ્લું પગલું ભરવામાં આવ્યું. કબરસતાનની મસજીદમાં સુની મુલ્લાં હતો તેને કહાડી મુકવામાં આવ્યો, અને તેની જગ્યાએ શીઆ મુલ્લાંને રાખવામાં આવ્યો, કે જેથી તે શીઆ કાનુનો પ્રમાણે ક્રિયાઓ કરે. તે વખતથી સામી બાજુવાળા જુદું જમાતખાનું રાખે છે, અને મસજીદ પણ બાંધી છે."

અંતે ચીફ જસટીસે ઠેરવ્યું કે ખોજા અસલ શીઆ ઇમામી ઇસમાઇલી હતા, જેથી સામી બાજુવાળા એ મુકરદમો હારી ગયા.

ઉપલા ચુકાદા પછી ખોજા જમાત અને બારભાયાઓ વચ્ચે વેરભાવ ઘણો વધી પડયો. એક બીજાને ત્યાં ખુશી અને ગમીના અવસરે આવતા જતા નહીં, એટલુંજ નહીં પણ એક બીજાના ઘરનું ખાવું અથવા પાણી પીવું એ મહા પાપનું કામ સમજતા. એક બીજા સાથે વાતચીત પણ કરતા નહીં જેથી ભાઇ ભાઇ સાથે અને બહેન બહેન સાથે અણગમો દેખાડતા, એટલુંજ નહીં પણ એક બીજાને ધિક્કારતા.

એ સઘળો મામલો આ જમાનામાં બદલાઇ ગયો છે. તેઓ એક બીજાને ત્યાં શાદી ગમીમાં શામેલ થાય છે, એટલુંજ નહીં પણ જરૂર પડતાં છોકરીની આપ લે પણ કરે છે. એક બીજાને ત્યાં ખાવા પીવામાં કોઇ પણ આંચકો ખાતો નથી, અને મિત્રાચારીમાં અને સુલેહસંપમાં સાથે રહે છે.

ઉપલા ચુકાદા પછી ત્રણ વરસે પાછા ખોજા જમાતને હાઇ કોરટને બારણે ચહડવું પડયું હતું. આ વખતે ખોજા જમાતના કબરસ્તાન વીશે વાંધો ઉઠયો હતો. કાજી ગુલામ હુસેન બીન કાજી ઇસમાઇલે નામદાર આગાખાન પર ફરયાદી માંડી કે જે કબરસ્તાન ખોજા જમાતના વપરાસમાં છે, તે તેની બાપીકી જમીન છે, અને એ જમીનપર નામદાર આગાખાન કે ખોજા જમાતનું કાંઇ લાગતું વળગતું નથી. ખોજા જમાતે એ જમીન પોતાની છે, એવો જવાબ રજુ કીધો હતો. એ મુકરદમાનો ચુકાદો ચીફ જસ-ટીસ કર્ફે ઇ૦ સ૦ ૧૮૬૯ માં આપ્યો હતો, અને એ ચુકાદાથી જમીન ખોજા જમાતની ઠરી હતી.

ત્રીસ વરસ સુધી સલાહ સંપ અને વગર વાંધે ખોજા જમાત પોતાના ધંધા ધાપામાં મશગુલ રહી અને દરેક બાબદમાં આગળ

અને આગળ એ કોમ વધતી ગઇ, જે વીશે હવે પછી આપણે બોલશું.

ઇ૦ સ૦ ૧૯૦૧ માં વળી થોડા ખોજાઓ મોટી જમાતથી જુદા પડયા. તેઓ પોતાને શીઆ અશનાસરી તરીકે ઓળખાવે છે. પોતાની એક મસજીદ બાંધી છે, અને મુંબઇની મ્યુનીસીપાલીટી પાસેથી માંઉન્ટ રોડપર કબરસ્તાનને માટે જગ્યા મેળવી છે, જેને તેઓ આરામ બાગ કહે છે. એજ સાલમાં વળી બે ત્રણ બદમાશ આગાખાની ખોજાઓએ બે અશનાસરી ખોજાઓના ખુન કીધા, જેને ફાંસીની સજા થઇ. નામદાર આગાખાને તેમને ન્યાત બહાર કહાડયા અને તેમને ખોજા કબરસ્તાનમાં દફનાવવાની પરવાનગી આપી નહીં.

ત્યાર પછી ખોજા કોમના એ ત્રણે તડાં સલાહ સંપથી સાથે રહે છે, અને જાણે કાંઇ થયુંજ ન હોય તેમ એક બીજાને ત્યાં આવ જા કરે છે, અને કોઇબી જાતની દુસ્મની એક બીજા સાથે રાખતા નથી.

પ્રકરણ ૨૮ મું.

રાહરસમ.

૧ છઠ્ઠી.

ખોજાઓ કેટલીક હિંદુ રસમો હજુ પાળે છે; તેમાં છઠ્ઠી એક છે. એક બાળક જન્મે પછી છઠે દહાડે સાંજના સગાં વહાલા એકઠા થાય છે અને એક બાજટપર કલમ, ખડીયો, કોરી ચોપડી એક છરી અને ફુલના હાર મુકવામાં આવે છે, અને ચોમુખી દીવો કરવામાં આવે છે અને ફટાકડાની એક પેટી પણ ત્યાં

રાખવામાં આવે છે. બચ્ચાંની માતા તેને ખોડામાં લઇ બેસે છે અને સગાઓ થોડા ચાવલ બાજટપર નાંખે છે અને કાંઇ બક્ષેસ આપે છે અને પછી ઓવરણા લે છે. પછી તે ચાવલપર બાળકને લેટાડે છે અને પછી ફટાકડાની પેટી ફોડવામાં આવે છે, અને ત્યાર પછી બાળકને તેની માતાના ખોડામાં પાછો આપવામાં આવે છે. એ રસમ મુંબઇમાં રફતે રફતે નાબુદ થતી જાય છે.

૨. લગ્ન.

વીવા શરૂ થાય તેને આગલે દહાડે અથવા બે દહાડા અગાઉ બંને બાજુના થોડા સગા જમાતખાનામાં જાય છે અને વરરાજાનો વાલી છોકરીના વાલીને રૂ ૫ા) અથવા રૂ ૭ા) આપે છે જે તરતજ તે જમાતના અમલદારને આપી દે છે અને જમાતના ચોપડામાં એ વીશે નોંધ લેવામાં આવે છે. તે જમાતનો અમલદાર પંજ-તનના નામ ભણી એમ જાહેર કરે છે કે "હું કરમાલીના છોકરા મેરાલીના લગ્ન પદમશી પુંજાની ચોથી છોકરી કુલસમ સાથે શરૂ થયા એમ જાહેર કરૂં છું, કે જેવી રીતે પેગમ્બર મહમદની છોકરી ફાતમાં ઝોહરાના લગ્ન અબુતાલબના છોકરા અલી સાથે થયાં હતાં. પાંચ અથવા દશ શેર સાકર થાળીમાં નાંખી ચપટી ચપટી બધાને આપવામાં આવે છે. એ ક્રિયાને "ઉમાણમાં કોરી" નાંખી એમ કહે છે.

બીજે દહાડે સવારના ૧૦ વાગે લેખીત દસતાવેજ તૈયાર કરવામાં આવે છે. વરરાજાના સગા અને જમાત કન્યાને ઘેર જાય છે અને જમાતના અમલદાર ત્યાં હાજર થાય છે. પછી તે દસ્તાવેજ વાંચી સંભળાવવામાં આવે છે અને બને બાજુ રાજી ખુશીથી એ વીવા કરે છે, એમ પુછવામાં આવે છે. પછી શાકર શરબત દુધ પી પાન ગુલાબ લઇ સમળા પોત પોતાને ઠેકાણે જતા રહે છે. એ ક્રિયાને લગ્ન લખવાની ક્રિયા કહે છે. સાંજે

માંદવો નાંખે છે અને પછી બીજે દહાડે કે ત્રીજે કે ચોથે દહાડે નીકા ભણુવામાં આવે છે એટલે લગ્ન પાકા થઇ રહે છે. લગ્નના લેખની નકલ નીચે પ્રમાણે છે.

" અલાહ તો હાર. બ ઈસ્મે અલાહ ઉર રેહમાન ઉર રહીમ. અરૂસી સાખતન એક પીસર મેરાલી વલદ કરમાલી વ એક દુલન કુલસમ દુખતરે પદમશી પુંજા નીકા કરદન હલાલન તેયબન શરીઅતન દીને પેગમ્બરે અજનબા મહમદીન મુસતફા રસુલ સલલલાહ અલેહી વસલમ અઝ મારફતે મુંબઈ જમાત મુખી લાડકભાઈ હાજી અને કામડીઆ ઈસમાલભાઈ કાશમ; શાં. વીરજી ઈસમાલ."

વરનો બાપ જે ધરેણાં અને કપડાં કન્યા માટે ભેટ આપે છે તેને " પુજો " કહે છે અને કન્યાનો બાપ જે ભેટો વરરાજા અને તેના સગાઓને લગ્નની વખતે આપે છે તેને " દેજ " કહે છે. કુરાનના કાનુનો પ્રમાણે ચોકસ સ્ત્રીઓ સાથે પરણવાની મનાઇ છે. ૪ થા સુરાની ૨૬–૨૭ અને ૨૮ મી આયતોમાં લખેલું છે કે " **જે સ્ત્રીઓ સાથે તમારા પીતા પરણ્યા હોય તેને તમારે પરણવું નહી; શીવાય કે જે થઈ ગયું હોય કારણકે એ શરમભરેલું, ધિકકારવા જોગ અને આડો માર્ગ છે. તમારાપર તમારી માતાઓ અને તમારી છોકરીઓ અને તમારી બહેનો અને તમારી ફુઈઓ અને તમારી માસીઓ અને તમારા ભાઈની છોકરીઓ અને તમારી બહેનની છોકરીઓ અને તમારી દુધ માતાઓ અને તમારી દુધ બહેનો અને તમારી સ્ત્રીઓની માતાઓ અને તમારી સાવકી છોકરીઓ જે**

તમારી સ્ત્રીઓની છોકરીઓ હોય અને જે તમારા આશરા હેઠળ હોય અને જેની માતા સાથે સમાગમમાં તમો આવ્યા હો, પણ જો તેમ ન હોય તો કાંઇ ખોટું નથી અને તમારા પોતાના છોકરાઓની સ્ત્રીઓ અને બે બહેનો સાથે—શીવાય કે જે થઇ ગયું હોય–એ સઘળાની સાથે પરણવાની તમને મનાઇ છે. ખરેખર પરમેશ્વર માફી બક્ષનાર અને માયાળુ છે. પરણેલી સ્ત્રીઓની સાથે પરણવાની તમને મનાઇ છે શીવાય કે તમારો જમણો હાથ તેમને મેળવે (ગુલામડીઓ). આ પરમેશ્વરનો તમારા માટે કાયદો છે. એ શીવાય તમારી પુંજી ખરચી સારી ચાલચલણથી અને વગર ઝના કરે બીજી સ્ત્રીઓ સાથે પરણો; અને જે સ્ત્રીઓ સાથે તમો પરણો તેને તેમની "મેહેર" આપજો; એ તમારે માટે કાયદો છે."

૩. છુટા છેડા.

જોકે મુસલમાની કાયદા પ્રમાણે દરેક માણસ પોતાની સ્ત્રીને જ્યારે ગમે ત્યારે તલાક આપી શકે એમ છે, તોપણ ખોજા કોમમાં એ પ્રમાણે થઇ શકે નહીં. કોઇ પણ ખોજો પુરૂષ જમાતની પરવાનગી મેળવ્યા વગર પોતાની સ્ત્રીને તલાક આપી શકે નહીં અને તેમજ એક સ્ત્રી હોય અને તેની હૈયાતીમાં બીજી સ્ત્રી પરણવાની મરજી હોય તો તેપણ જમાતની પરવાનગી લીધા વગર થાય નહીં. જો એક માણસ ઓછામાં ઓછા રૂ. ૨૦૦૦ જમાત પાસે પોતાની પહેલી સ્ત્રીના ભરણ પોષણ માટે રાખે તો પછી જમાત બીજી સ્ત્રી કરવાની ઘણી સહેલાઇથી રજા આપે છે. પણ છુટા છેડાની બાબદમાં તો બંને બાજુ જ્યાંસુધી ખુશી ન થાય ત્યાંસુધી રજા આપવાની ઘણી આનાકાની વાજબી રીતે કરે છે. લગ્ન થતી વખતે "મેહેર" નકી કરવામાં આવે છે જે ઘણું કરીને

રૂ. ૧૦૦ થી રૂ. ૧૨૫ હોય છે પણ બેઉ બાજુ રાજીખુશીથી એથી વધુ પણ મુકરર કરે છે. એ મેહેર જયારે સ્ત્રી માંગે ત્યારે આપવી જોઇએ એવો કાયદો ખોજાઓમાં હોય એમ જણાય છે: કારણકે ઇ૦ સ૦ ૧૯૦૫ માં મેરાલી સુરાજ નામના ખોજાએ પોતાની સ્ત્રી શકરખાતું ઉપર ફરયાદી રાટવાટ ભોગવવા માટે માંડી હતી અને એ મુકરદમાની સુનાવણી વખતે જમાતના કામડીયા ઇસમાઇલભાઇ કાશમે જબાની આપી હતી કે જયારે સ્ત્રી મેહેર માંગે ત્યારે તે લઇ શકે અને એવીજ જબાની જમાતના આગેવાનોએ આપી હતી અને એ પ્રમાણે હાઇ કોરટે ચુકાદો પણ આપ્યો હતો. "કુરાને મજીદ"ના ૩૩ માં સુરાની ૪ થી આયતમાં ફરમાવ્યું છે કે **"પરમેશ્વરે માણસના પેટમાં બે દીલ બનાવ્યાં નથી અને તમારી સ્ત્રીઓને (જેમને તમો 'માતા' કહી છોડી દો છો) તમારી ખરી માતા કીધી નથી: અને તમારા ખોડે બેસાડી લીધેલા છોકરાને તમારા ખરા છોકરા કીધા નથી. એતો તમારા મહોડાની એક કહાણી છે; પણ પરમેશ્વર ખરૂ બોલે છે અને ખરો રસ્તો દેખાડે છે."**—૫૮ માં સુરાની ૩-૪ અને ૫ મી આયતોમાં ફરમાવ્યું છે કે **"તમારામાંથી જે લોક પોતાની સ્ત્રીઓને પોતાની માતા કહીને તેમની સાથે છુટા છેડા કરે છે, તેઓએ જાણવું જોઇએ કે એમ કહેવાથી તેઓ તમારી ખરી માતા થઈ જતી નથી. તમારી ખરી માતાઓ માત્ર તેજ છે કે જેઓએ તમને જન્મ આપ્યો છે. અને ખરેખર તેઓ બેહુંદુ અને જુઠું બોલે છે; પણ પરમેશ્વર માફી આપનાર અને બક્ષનાર છે. જે લોક પોતાની સ્ત્રીઓને માતા કહી છુટા છેડા કરે છે અને પછી પોતાનું બોલેલું ખેંચી લેવા માંગે છે, તેઓ એક બીજાને હાથ લગાડે તે પહેલાં એક**

ગુલામને છુટાપણું આપશે: તમને આ નસીયન કરવામાં આવી છે અને જે તમો કરો છો તે પરમેશ્વર જાણે છે. પણ જો ગુલામને છુટાપણું ન આપી શકે તો એક બીજા સાથે સાથે થવા પહેલાં લાગટ બે મહીના સુધી રોજા રાખશે; અને જે લોક આટલા દહાડા રોજા રાખી શકે નહીં તેઓ ૬૦ મીસકીનને ખાણું ખવાડશે. એ એટલા માટે છે કે તમો પરમેશ્વર અને તેના નબીપર ઈમાન લાવો અને એ પરમેશ્વરની હદો છે અને કાફરો માટે દર્દનાક દુઃખ છે." રજા સુરાની ૨૨૨ અને ૨૨૩ મી આયતોમાં ફરમાવ્યું છે કે "તેઓ તને સ્ત્રીઓની માસીક બીમારી (હૈઝ) વીશે પૂછશે. તેમને જવાબ આપ કે એ નાપાકી છે તેટલા માટે એ વખતે સ્ત્રીઓથી તમો દુર રહો અને જયાંસુધી તેઓ પાક (સાફ) ન થાય ત્યાંસુધી તેમની નજદીક જતા નહીં. પણ જ્યારે તેઓ નાહી રહે ત્યારે જે જગ્યાએથી પરમેશ્વરે તમને ફરમાવ્યું છે તે જગ્યાએથી તેમની પાસે જાઓ. ખરેખર પરમેશ્વર તોબા કરનાર અને પાક રહેનારને દોસ્ત રાખે છે." (૨૨૩) "તમારી સ્ત્રીઓ તમારી ખેતી છે; તમારા ખેતરમાં જેમ તમો ચાહો તેમ જાઓ અને પોતાના જીવના ફાયદા માટે કાંઇ સારૂં કામ કરો અને પરમેશ્વરથી બીઓ; અને મોમનોને ખુશ ખબર પહોંચાડ." રજા સુરાની ૨૨૬-૨૨૭-૨૨૮-૨૨૯-૨૩૦-૨૩૧-૨૩૨-૨૩૩-૨૩૪-૨૩૫-૨૩૬-૨૩૭-૨૪૧ અને ૨૪૨ મી આયતોમાં ફરમાવ્યું છે કે "જે લોક સોગંદ ખાઇ પોતાની સ્ત્રીઓ પાસે જતા નથી તેઓએ ચાર મહીના સુધી રાહ જોવી; અને જો તેઓ પોતાના સોગંદ (એ અરસામાં) ખેંચી લેશે તો ખરેખર પરમે-

શ્વર બક્ષનાર અને માયાળુ છે; અને જો તલાક આપવાનો ઠેરાવ કરશે તો ખરેખર પરમેશ્વર સાંભળનાર અને જાણનાર છે." "તલાક આપેલી સ્ત્રીઓએ ત્રણ વાર હેઝ આવે ત્યાં લગી થોભવું જોઇએ, અને જો તેઓ પરમેશ્વર અને આખેરી દહાડાને માને છે તો તેમના પેટમાં પરમેશ્વરે જે પેદા કીધું છે તે છુપાવવું હલાલ નથી. (અને જો તેઓ બે જીવથી હોય એમ માલમ પડે તો) તેઓના ભરથાર જો સુલેહ કરવા માંગતા હોય તો એવે વખતે તેમને પાછા પોતાના ઘરમાં લેતો તેઓ વાજબી રીતે વરતશે અને જેવી રીતે પોતાના ભરથાર તેમની સાથે વરતે છે તેવીજ રીતે સ્ત્રીઓએ પણ તેમની સાથે જેમ વાજબી હોય તેમ વરતવું. પણ પૂરૂષોનો દરજો સ્ત્રીઓ કરતાં વધુ છે અને પરમેશ્વર બળવાન અને હીકમતવાળો છે." (૨૨૯) "તલાક બેવાર થાય; પછી તેમને સારી રીતે રાખો અથવા સારી રીતે તેમને જવા દો. તમો બંને બીઓ કે તમો પરમેશ્વરે મુકરર કરેલી હદોની અંદર રહી શકશો નહીં, તે સીવાય તમોએ જે કાંઇ તેમને આપ્યું હોય તે પાછું લઇ લેવું હલાલ નથી, અને જો તમે બીઓ કે તમો પરમેશ્વરે મુકરર કરેલી હદોમાં રહી શકશો નહીં તો તમારી સ્ત્રી પોતાનો છુટકો મેળવવા તમને કાંઇ આપશે તો તેમાં કાંઇ ખોટું નથી. આ પરમેશ્વરની હદો છે જેને ઓળંગી જશો નહીં, અને જે લોક પરમેશ્વરની હદો ઓળંગી જાય છે તેઓ જાલમ છે." (૨૩૦) "પણ જો તે તેણીને (ત્રીજીવાર) તલાક આપશે તો જયાંસુધી તે બીજા મરદ સાથે નીકા ન કરે ત્યાંસુધી તે તેના માટે ફરીથી હલાલ નથી. પણ તે મરદ પણ તેને તલાક આપે

અને જો તે બંને ધારે કે તેઓ પરમેશ્વરની હદોની અંદર રહી શકશે અને જો તેઓ એક બીજા પાસે આવે (નીકા કરે) તો તેમાં તેઓના માટે કાંઇ ખોટું નથી. એ પરમેશ્વરની હદો છે અને તે સમજુ માણસો માટે બયાન કરે છે." (૨૩૧) "જયારે તમો તમારી સ્ત્રીઓને તલાક આપો અને તેમનો મુકરર કરેલો વખત ભરાઈ જાય તો તેમને સારી રીતે રાખો અથવા સારી રીતે જવા દો. પણ તેમને ઇજા પહોંચાડવા જબરીથી રાખશો નહીં; અને જેણે તેમ કીધું તેણે પોતાના જીવ ઉપર જુલ્મ કીધો છે, અને પરમેશ્વરની નીશાનીઓ મશકરીમાં લેતા નહીં, અને પરમેશ્વરે તમને બક્ષેલી ન્યામતોને યાદ કરો; અને તમારી નસીયત માટે ઉતરેલી કીતાબ (કુરાન) અને દહાપણને યાદ કરો; અને પરમેશ્વરથી બીઓ કે જે સઘળું જાણનાર છે." (૨૩૨) "જયારે તમો સ્ત્રીઓને તલાક આપો અને તેમનો મુકરર કરેલો વખત પુરો થાય ત્યારે તેમને બીજાઓ સાથે પરણતા અટકાવશો નહીં; જયારે તેઓ એકબીજાથી રાજી હોય અને સીધે રસ્તે હોય, તમારામાંથી જે લોક પરમેશ્વર અને છેલ્લા દહાડાને મને છે તેમને માટે આ નસીયત કરવામાં આવી છે. આ તમારે માટે સફાઇદાર અને ચોખો રસ્તો છે; અને પરમેશ્વર જાણે છે અને તમો જાણતા નથી." (૨૩૪) "તમારામાંથી જે માણસ મરણ પામે અને પોતાની પાછળ સ્ત્રીઓ મુકી જાય તેમને ચાર મહીના અને ૧૦ દીવસ સુધી રાહ જોવા દો, અને જયારે ઉપલી મુદત પુરી થાય ત્યારે તેઓ વાજબી રીતે પોતાની સાથે કાંઇબી કરશે તો તેમાં કાંઇ ગુનાહ નથી. (બીજીવાર પરણશે તો) કારણ

કે જે કાંઇ તમો કરો છો તેથી પરમેશ્વર માહીતગાર છે." (૨૩૬) "જો તમો તમારી સ્ત્રીઓને હાથ લગાડવાની પહેલાં અને "મેહેર" નકી કરવાની પહેલાં તેમને તલાક આપશો તો તેમાં કાંઇ ખોટું નથી; પણ તેમને કાંઇ પણ ફાયદો પહોંચાડજો. પૈસાવાળો પોતાની ગુંજાસ પ્રમાણે અને ગરીબ પોતાની શકિત પ્રમાણે વાજબી રીતે તેમને ફાયદો પહોંચાડશે; નેકી કરનારાઓ ઉપર આ એક ફરજ છે." (૨૩૭) "અને જો તમો તેમને હાથ લગાડવા પહેલાં તલાક આપો અને "મેહેર" મુકરર થઇ ચુકી હોય તો મુકરર કરેલી રકમની અળધી રકમ આપશો." (૨૪૧) તમારામાંથી જેઓ મરણ પામે અને પોતાની પાછળ સ્ત્રીઓ મુકી જાય તેઓએ તેમના માટે એક વરસના ભરણ પોષણની વસીયત કરવી જોઇએ અને ઘરમાંથી કહાડી મુકવી ન જોઇએ. પણ જો તેઓ રાજી ખુશીથી ચાલી જાય અને પોતાનાં જીવ સાથે વાજબી રીતે જે કરે તેમાં તમારો કાંઇ કસુર નથી; પણ પરમેશ્વર મોટો અને હીકમતવાળો છે."

પ્રકરણ ૨૯ મું.

સુધારો અને વધારો.

જયારથી ખોજાઓએ હિંદુ ધર્મ તજી મુસલમાની ધર્મ એખત્યાર કીધો ત્યારથી તે ઇ૦ સ૦ ૧૮૪૫ સૂધી ખોજા કોમની હાલત જેવીને તેવીજ રહી. જોકે પોતાની વેપારી બુધીને લીધે તેઓએ સારૂં જેવું દ્રવ્ય એકઠું કીધું હતું અને ખાનગી સખવાતમાં સારી રીતે પોતાનો હિસ્સો આપતા હતા પણ કેલવણી કે જાહેર જીંદગી કે જાહેર સખાવતમાં તેઓ ઘણા પછાત હતા.

પણ છેલા ૫૦ વરસમાં ખોજા કોમે ઘણું કરી દેખાડયું છે. કેલવણીમાં મુસલમાન કોમમાં ખોજા ઘણા આગળ વધેલા છે. સારી કેલવણી લઇ પોતાની કોમને શોભાવી છે અને જાહેર સખાવતમાં પણ એ કોમે ઘણો સારો દેખાવ કીધો છે. જેવો સુધારો અને વધારો ખોજા કોમે છેલા ૫૦ વરસમાં કીધો છે તેવો સુધારો બીજી કોઇ હિંદુસ્તાનની કોમે જવલેજ કીધો હશે. ગરીબ ખોજાઓને મદદ કરવા માટે ફંડો ઉભા કરવામાં આવ્યાં છે, જેની પેદાશમાંથી ગરીબ વિદ્યાર્થીઓ અને નાચાર ખોજાઓને માસીક લવાજમો આપવામાં આવે છે. વળી ધર્મશાળાઓ બંધાવી, જેવી કે વાંદરા, લાનોલી અને પુના અને એ ઉપરાંત યતીમ છોકરાઓને ઉછેરી મોટા કરી તેમને કેળવણી આપવા માટે મુંબઇમાં ત્રણ યતીમખાના સખીવજુદ ખોજાઓએ સ્થાપ્યાં છે; અને લગ્ન જેવા શુભ અવસરે સઘળી સગવડો સાથે કામ લાગે એવો એક બાગ પણ તૈયાર કરવામાં આવ્યો છે, જેને "નુરબાગ"ના નામથી ઓળખવામાં આવે છે. એ નામ એટલા માટે આપવામાં આવ્યું છે કે મરહુમ શેઠ નુરમહમદ જેરાજભાઇ પીરભાઇની સખાવતથી એ બંધાયો હતો. પરકોમના લોકોને ફાયદો થાય એવી સખાવતોમાં પણ ખોજાઓએ સારો હિસ્સો આપ્યો છે. શેઠ કરીમભાઇ ઇબરામે ત્રણ લાખ રૂપીઆની નાદર રકમ મુંબઇમાં મ્યુઝીયમ બાંધવા માટે ઉદાર દીલે કહાડી આપી છે.

કેળવણીમાં પણ ખોજા કોમ કાંઇ પછાત નથી. એમનામાં ઘણા ગ્રેડયુએટ હોવા ઉપરાંત બારીસટરો, વકીલો, ડાકટરો, સારી સંખ્યામાં થયા છે, જેમનું લીસ્ટ હવે પછી આપવામાં આવશે. મરદોએ કેલવણી લીધી છે એટલુંજ નહીં પણ ખોજા સ્ત્રીઓ વહેવારૂ રીતે કેળવાયલી છે. ઘણીખરી સઘળી ગુજરાતી જાણે છે; વળી થોડી ઉરદુ પણ જાણે છે; અને કુરાન

વાંચી જાણે છે. આખા મુંબઇ ઇલાકામાં સર્વેથી પહેલી મુસલમાન છોકરી જે મૅત્રીકયુલેશનની પરીક્ષામાં પસાર થઇ તે એક ખોજા બાઇ છે. ઇ૦ સ૦ ૧૯૦૪ માં બાઇ ગુલબાનુ ઇસમાઇલ જાનમહમદે એ પરીક્ષા ફતેહમંદીથી પસાર કરી પોતાની કોમની કીરતીમાં વધારો કીધો છે. એ બનાવની ખુશાલીમાં નાતાલના રહેવાશી શેઠ શાહમહમદે મુંબઇની અનજુમને ઇસ-લામની મારફતે એક સોનાનો ચાંદ એ બાઇને આપવા માટે પૈસા કહાડી આપ્યા હતા. જે પ્રમાણે અંનજુમનના વારસીક મેલાવડામાં નામદાર આગાખાનના હાથે એ ચાંદ એમને આપવામાં આવ્યો હતો, અને એ બાઇ શરમાળ હોવાથી એ ચાંદ એમના બંધેવી દા૦ રજબઅલી વીશરામ પટેલને સ્વાધીન કરવામાં આવ્યો હતો જે માટે એ બાઇએ ઘટતા બોલોમાં ઉપકાર માન્યો હતો.

સરકાર દરબારમાં તેઓની આબરૂ સારી છે અને સરકારી માનપાનમાં પોતા માટે સારો હિસ્સો મેળવ્યો છે જેની પુરતી વીગત હવે પછી આપવામાં આવશે. ટુંકમાં ખોજા કોમને મુંબઇમાં એક આગળ વધેલી આગેવાન કોમ તરીકે ગણી શકાય.

પ્રકરણ ૩૦ મું.

આગેવાન ખોજા.

મુંબઈના ગવરનરની ધારાસભાના સભાસદો.

૧૮૮૮-૯૦ અને ૧૮૯૪-૯૬.

૧ રેમતુલા મહમદ સયાણી.

મી૦ સયાણીનો જન્મ તા૦ ૫ મી અપ્રેલ ૧૮૪૭ માં મુંબઇ શેહેરમાં એક સારા પણ પડી ભાંગેલા ખાનદાનમાં થયો હતો.

૧૬ વરસની નાની વયે મેટ્રીકયુલેશનની અને ૧૮૬૬ માં બી. એ. ની પરીક્ષાઓ ફતેહમંદીથી પસાર કરી હતી, અને પોતાની કૉલેજના ફેલો નેમાયા હતા; અને પોતાની જાતી કુશળતાથી તેજ સાલમાં એમ. એ. ની પરીક્ષા પણ પસાર કીધી હતી. ૧૮૭૦ માં એલ. એલ. બી. અને ૧૮૭૨ માં સોલીસીટર થયા હતા. ૧૮૭૬ માં મી૦ સાયાણીએ જાહેર જીંદગી શરૂ કીધી હતી અને મુંબઇની મ્યુનીસીપાલ કોરપોરેશનમાં કોટ વાર્ડના પ્રતીનીધી તરીકે બીરાજવાને નસીબવાન થયા હતા; જેમાં દરેક ઓધો ભોગવવા ઉપરાંત પોતાના મરણ સુધી તેના એક આગેવાન સભાસદ ગણાતા હતા. આ વખતથી મી૦ સાયાણીએ મુંબઇમાં ચરચાતા સઘળા સવાલોમાં ઘણો ઉંમગભર્યો અને આગેવાન ભાગ લેવા માંડયો. ૧૮૭૪ માં ખોજા કમીશન નેમાયું હતું, જેના એક સભાસદ તરીકે મી૦ સાયાણીને નેમી સરકારે એની બાહોશીની પીછાણ કીધી હતી. ૧૮૭૦ માં સુલેહના અમલદાર તેમજ મુંબઇની યુનીવરસીટીના ફેલો નેમાયા હતા. કોરપોરેશનના પ્રમુખ સ્ટેનડીંગ કમીટીના સભાસદ, સીનડીક અને કલકતાની ધારાસભાના સભાસદ તેમજ મુંબઇના ગવરનરની ધારાસભાના સભાસદ બે વાર નેમાયા હતા. ૧૮૮૫ માં મુંબઇના શરીફ થયા હતા, અને ખોજા લાયબ્રેરી સ્થાપવામાં અને બીજા ધરમાઉ ફંદો ઉભાં કરવામાં મી૦ સાયાણીનો આગેવાન ભાગ હતો. ૧૮૯૬ માં કોનગ્રેસના પ્રમુખનો લોકપ્રિય ઓધો એ શેઠે ભોગવ્યો હતો. ૧૯૦૨ માં મી૦ સાયાણી મરણ પામ્યા હતા; જે દુ:ખદાયક બનાવથી ખોજા કોમને તો શું પણ આખી મુસલમાન કોમને એક નડીં પુરી શકાય એવી ખોટ ગઇ છે. ખોજા કોમમાં એ શેઠ એક વીરલા નર હતા અને પોતાની કેલવણી અને બાહોશીના પ્રકાશથી પોતાની કોમને સંગીન ફાયદા કરવા ઉપરાંત બીજી કોમોમાં દીપાવી કહાડી હતી.

૧૮૯૦ થી ૧૮૯૪ અને ૧૮૯૭ થી ૧૮૯૯.

૨. ફાજલભાઈ વીશરામ, સી૦ આઇ૦ ઇ૦

શેઠ ફાજલભાઇનો જન્મ ૧૮૫૫ માં થયો હતો, અને ૧૭ વરસની કાચી વયે પોતાના બાપની સાથે વેપારમાં જોડાયા અને પોતાનો ધંધો ગણો ફતેહમંદીથી ઘણા વરસ સુધી ચલાવ્યો. મી૦ ફાજલભાઇ ૧૮૮૦ માં સુલેહના અમલદાર અને ૧૮૮૧ માં કોરપોરેશનના સભાસદ નેમાયા હતા. સ્ટૅનડીંગ કમીટીના સભાસદ અને કોરપોરેશનના પ્રમુખ પોરટ ટ્રસટી અને કલકતાની ધારાસભાના અને ગવરનરના ધારાસભાના બે વાર સભાસદ થયા હતા. ૧૮૯૭ માં સી. આઇ. ઇ. નો માન ભરેલો ખેતાબ એ શેઠને મળ્યો હતો. સરકારી માનપાન મેળવવામાં એ શેઠ નસીબવાન ગણાતા હતા. એ શેઠે આસ્ત્રેલીઆની મુસાફરી કીધી હતી અને એ બાબે એક ચોપડી છપાવી હતી.

૧૮૯૬ થી ૧૮૯૭.

૩. અબદુલા મેરાલી ધરમશી.

મી૦ ધરમશીનો જન્મ ૧૮૫૭ માં મુંબઇ શેહેરમાં થયો હતો, અને ૧૮૭૭ માં બી. એ. અને ૧૮૮૨ માં પહેલા વર્ગમાં એલ. એલ. બી. અને ૧૮૮૩ માં સોલીસીટર થયા હતા. ૧૮૮૬ માં કોરપોરેશના સભાસદ જયાં સ્ટૅનડીંગ કમીટી અને જોઇન્ટ સ્કુલ્સ કમીટીના સભાસદ અને કોરપોરેશનના પ્રમુખ થવા પામ્યા હતા. ૧૮૯૩ માં યુરોપ અને અમેરીકાની મુસાફરીએ ગયા હતા અને ૧૮૯૬ માં ગવરનરની ધારાસભાના સભાસદ નેમાયા હતા અને ૧૮૯૭ માં મરણ પામ્યા હતા. યુનીવરસીટીના ફેલો અને અનજુમને ઇસલામના સેક્રેટરી હતા. એ શેઠના અકાળ મરણથી ખોજા કોમને મોટી ખોટ ગઇ છે.

૧૮૯૯ થી આજ સુધી.

૪. ઇબ્રાહીમ રેમતુલા.

એ શેઠનો જન્મ ૧૮૬૨ માં થયો હતો અને નાની વયેજ ધંધામાં પડયા હતા અને પોતાની જાતી કુનેહથી પોતાનો બાપીકો ધંધો ઘણે મોટે દરજ્જે વધારી મુક્યો હતો. એ શેઠની જાહેર જીંદગી પણ ઘણી ઝલકતી નીવડી છે. ૧૮૯૪ માં સુલેહના અમલદાર અને ૧૮૯૨ માં મ્યુનીસીપાલ કોરપોરેશનના સભાસદ થયા હતા જયાં સ્ટેનડીંગ કમીટીના સભાસદ અને ચેરમેન અને જોઇનટ સ્કુલ્સ કમીટીના સભાસદ અને કોરપોરેશનના પ્રમુખનો ઓધો ભોગવ્યા છે, અને હજુ પણ ઘણો આગેવાન ભાગ લે છે. ૧૮૯૯ માં ગવરનરની ધારાસભાના મેમબર નેમાયા હતા જે ઓધો એ શેઠ હજુસુધી ભોગવે છે અને ૧૯૦૪ ના મુંબઇના શેરીફ થવા પામ્યા હતા, અને મુસલમાની સઘળા ખાતાંઓ સાથે એક અથવા બીજી રીતે જોડાયલા છે. અંગબળની કેળવણીને એ શેઠે ઘણું ઉતેંજન આપ્યું છે અને ગરીબોને મફત અને ફરજયાત મુળ કેલવણી મળે તે માટે ભારે લડત ચલાવી છે. સીટી ટ્રસ્ટના પહેલેથી એક સભાસદ છે અને સરકાર જેટલી અગત્યની કમીટીઓ નેમે છે તેના એ શેઠને એક સભાસદ નેમે છે. એ શેઠ એક ઑનરરી માજીસટ્રેટ છે, અને હાજીઓની હાડમારી દુર કરવામાં આગેવાન ભાગ લીધો છે.

કલકતાની ધારાસભાના સભાસદો.

૧. ફાજલભાઇ વીશરામ, સી. આઇ. ઇ. (૧૮૯૪-૧૮૯૬)

૨. રેમતુલા મહમદ સાયાણી (૧૮૯૬–૧૮૯૮).

ખેતાબો.

સર નાઈટ.

૧. સર થારીયા ટોપણ.

સી. આઈ. ઈ.

૧. ફાજલભાઇ વીશરામ (૧૮૯૭).

ખાનબહાદુર.

૧. મહમદભાઇ ઇભરાહીમ હાશમ ભલુ. (૧૯૦૧).

ખાન સાહેબ.

૧. સાલેમહમદ ઇભરાહીમ (૧૯૦૨).

શેરીફ.

૧. રેમતુલા મહમદ સાયાણી (૧૮૮૫).

૨. ઇભરાહીમ રેમતુલા (૧૯૦૪).

જે૦ પી૦

૧૮૬૦.

૧. કાશમભાઇ નાથાભાઇ, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૧૧ માં થયો હતો અને પોતાના ધંધામાં સારી ફતેહ મેળવી હતી. એ શેઠનો વેપાર જંગબાર સાથે હતો અને ત્યાંના સુલતાનો સાથે સારી વગ ધરાવતા હતા અને તેમના એજંટ તરીકે એ શેઠ મુંબઇમાં નેમાયા હતા; અને જ્યારે જંગબારના સુલતાન સૈયદ બરગશ મુંબઇ આવ્યા ત્યારે એ શેઠને ત્યાં મેહેમાન તરીકે ઉતારો લીધો હતો. એ શેઠ ૧૮૬૩ માં મરણ પામ્યા હતા.

૧૮૬૩.

૨. ધરમશી પુંજાભાઇ, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૧૬ માં કચ્છ ભદરેસરમાં થયો હતો. સાત વરશની ઉમરે પોતાના પીતા સાથે મુંબઇમાં આવી કાંચની બાંગડીઓનો વેપાર કીધો જે વેપાર ૨૦ વરશ સુધી ચાલુ રાખ્યો હતો; એ અરસામાં થોડે થોડે કીરીઆણા અને અનાજનો વેપાર કીધો જેની ખરીદી માટે એ શેઠના નાના ભાઇ નુરમામદને ખાનદેશ મોકલ્યો જ્યાં તેનું મરણ થયું; એ બનાવની એવીતો માઠી અસર એના પીતાપર થઇ કે તેપણ ૭૮ વરશની ઉમરે ૧૮૪૧ માં ગુજરી ગયા.

મી૦ ધરમશી શેઠે તરતજ બાંગળીનો ધંધો બંધ કીધો અને જીજીભાઇ દાદાભાઇની મદદથી સુતરનો વેપાર શરૂ કીધો અને બે વરશ રહીને ચીનમાં પહેડી કહાડી અને એટલો નફો કીધો કે આખા પશ્ચિમ હીંદુસ્તાનમાં સર્વેથી આગેવાન વેપારી ગણાતા હતા. ૧૮૬૩ માં એ શેઠ સુલેહના અમલદાર નેમાયા, તે વખતે એ શેઠના કરમી કુંવર શેઠ કાશમભાઇએ આખો વેપાર પોતાને માથે ઉપાડી લીધો હતો; ૧૮૪૯ માં ચીનમાં વેપાર અર્થે શેઠ કાશમભાઇ ગયા હતા, અને ત્યાં જઇ પોતાનો વેપાર એટલો બધો તો વધારી મેલ્યો કે અફીણ, રેશમ અને શાકરનો સગળો વેપાર એ શેઠના એકલા હાથમાં હતો. નસીબ દેવીએ એ શેઠને કેવી મદદ કીધી હતી તેનો એક દાખલો આપશું. ચીનમાં લડાઇ થવાની વકી હોવાથી શેઠ કાશમભાઇએ પોતાના પીતા ધરમશીભાઇને લખ્યું કે એક લાખ ગુણ ચાવલની મોકલો પણ ભુલથી એક મીંડો વધુ લખાઇ જવાથી એમ લખાયું કે દસ લાખ ગુણ મોકલો. ભુલ બીજે દહાડે પકડાઇ આવી પણ તે વખતે તાર જેવી કાંઇ સગવડ ન હોવાથી બીજો મેલ ૧૫ દીવસે જાય ત્યાં સુધી કાંઇ થઇ શકે

૧૭

એમ ન હતું. જ્યારે એ કાગળ શેઠ ધરમશીભાઇને મળ્યો ત્યારે મુનીમોએ કહ્યું કે એ ભુલ છે પણ ધરમશીભાઇએ કાંઇ માન્યું નહીં અને દસ લાખ ગુણ ચાવલની નીકાશ કીધી જે એકલા સોદામાં ચોખો નફો પચીસ લાખ રૂપીઆનો થયો હતો.

ત્યાર પછી કાશમભાઇ મુંબઇમાં આવ્યા અને મીલોના કામમાં પડયા અને થોડા વખતમાં ૭ મીલોના માલેક થયા હતા જ્યારે આખી મુંબઇમાં બધી મળી ૧૮ મીલો હતી. શેઠ કાશમભાઇ અને શેઠ ધરમશીભાઇનો વગ દેશી રાજાઓ અને સરકારી અમલદારોમાં હદથી વધુ હતો. પૈસો, વગ, સખાવત, નરમાસ અને દમામમાં એ શેઠોને કોણ પહોંચશે ? સંવત ૧૯૨૭ ના સરવાયો કહાડતાં શેઠ ધરમશીભાઇની પુંજી રૂ ૯૨૬૭૮૨૦ાા≈ અને શેઠ કાશમભાઇની પુંજી રૂ ૪૭૨૩૩૯૨ાા ચોપડાઓ ઉપરથી નકી ઠરી હતી. શું આસમાની ચક્કર અને કેવા જમાનાના રંગ ? પૈસાદાર અને ગરીબને આ દાખલાપરથી ઘણું શીખવાનું છે.

શેઠ ધરમશીભાઇની સખાવતો ધર્મરાજા જેવી હતી. જાહેર સખાવતો ૩૪ લાખ રૂપીઆની થઇ હતી અને ખાનગી સખાંવતોનો કાંઇ હિસાબ નથી. ઠેકાણે ઠેકાણે સદાવરતો ચાલુ કીધી, કુંવાઓ ખોડાવ્યા, ધર્મશાળાઓ ચણાવી, તળાવો બાંધ્યા, અને ગરીબોને કપડાં, અનાજ અને રોકડ આપવામાં અને કુમારીકાઓને પરણાવી આપવામાં જરાપણ મણા રાખી નહતી. નામદાર આગાખાન કેસમાં એ શેઠને બાર લાખ રૂપીઆનો ખરચ થયો હતો, કારણકે એ શેઠ નામદાર આગાખાનથી તે વખતે વીરૂધ હતા. પણ એ કેસ હાર્યાં પછી એ શેઠ પાછા નામદાર આગાખાનના ટોળામાં આવ્યા હતા, અને નામદાર આગાખાને એ શેઠને ઉંચી પદવી આપી હતી. એક વખતે એ શેઠે હુકમ આપ્યો કે આપણે હવે અનાજનો વેપાર ન કરવો; છતાં એ શેઠની પહેડીના કલકત્તાના મુનીમે

૧૭૮૫૦ ચાવલની ગુણો મોકલી જેથી એ શેઠ જરા નાખુશ થયા; અને પોતાના મુનીમ હાજીભાઇ દાઉદને એ માલ પીઠ ભાવે વેચી નાંખવા જણાવ્યું. બજાર ભાવ જરા નરમ હોવાથી મુનીમે એ માલ વેચ્યો નહીં જેથી એ શેઠ બોલી ઉઠયા કે હવે હું એ માલ વેચી નાંખીશ. તરતજ પોલીસ કમીશનરને બોલાવી જણાવ્યું કે હું મારો માલ ૧૭૮૫૦ ચાવલની ગુણ ગરીબોને મફત આપવાનો છું માટે તમારે પોલીસનો બંદોબસ્ત રાખવો. દરેક માણસને અળધી અળધી ગુણ મળશે. ૧૭૮૫૦ ગુણો ખલાસ થઇ અને બીજી ૧૨૦૦ ગુણ વેચાતી લેવી પડી અને આ હાતમ દીલના શેઠે પોતાના દીલને શાંતી આપી.

શેઠ કાશમભાઇ વેપાર અર્થે યુરોપ ગયા હતા અને પૅરીસમાં જતાં એક રાત્રે એક લોકપ્રિય ખેલ જોવા નાટકમાં ગયા હતા. એ રાત્રે ફ્રાંન્સનો શેહનશાહ ત્રીજો નેપોલીયન પણ નાટકમાં આવ્યો હતો. હવે કાશમભાઇ યુરોપમાં પણ પોતાનો દેશી લીબાસ પહેરતા અને એજ લીબાસમાં નાટક જોવા ગયા હતા. હવે ત્રીજા નેપોલીયનની નજર શેઠ કાશમભાઇપર પડતાં પૂછાવ્યું કે શેઠ કોણ છે? ત્યારે તેને માલમ પડયું કે એ તો અંગ્રેજી રૈયત છે અને હિંદુસ્તાનથી વેપાર માટે અત્રે આવ્યા છે. જે પરથી રાજાએ એ શેઠને પોતાની પાસે બોલાવ્યા અને ખબર પુછી, ત્યારે શેઠ કાશમભાઇએ દેશી રાજાઓની રીત પ્રમાણે તેના પગપર હાથ મુકી તેને સલામ કીધી અને જ્યારે પોતાની પાસે બેસવા રાજાએ કહ્યું ત્યારે તેની પાસે બેસવાને બદલે એ શેઠ જમીનપર બેસી ગયા; પણ રાજાએ એને ઉઠાડી ઘટતી જગ્યાએ બેસાડયા. બીજે દહાડે રાજાએ એ શેઠને પોતાના મેહેલમાં બોલાવ્યા અને ત્રણ દીવસ સુધી પોતાના મેહેમાન તરીકે રાખ્યા. જ્યારે એ શેઠ ત્યાંથી લન્ડન ગયા ત્યારે મરહુમ માહારાણી વીક-

ટોરીયાએ એ શેઠને પોતાની પાસે તેડાવ્યા અને પેરીશમાં બનેલી હકીકત વીશે ઘણા સવાલો પૂછ્યા અને આ શેઠની મુલાકાતથી ઘણા ખુશી થયા હતા. આટલી દોલત તેમજ સખાવત કરવા છતાં એ શેઠ જાહેર માનપાનની સેજ પણ દરકાર રાખતા નહી. શેઠ કાશમભાઇ ૧૮૮૨ ના સપટેંબર મહીનામાં અને શેઠ ધરમશીભાઇ ૧૮૮૮ નાં આગષ્ટ મહીનામાં મરણ પામ્યા હતા. એ સઘળી હકીકત એ શેઠોના વફાદાર સેક્રેટરી શેઠ મેરાલીભાઇ હાજીભાઇ જેહા તરફથી મળી છે જે માટે એ શેઠનો ઉપકાર માનવામાં આવે છે. શેઠ ધરમશીભાઇ ખોજા કમીશનના એક સભાસદ હતા.

૩. જેરાજ ફાજલ ઉર્ફે જેરાજ મનજી, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૨૦ માં કચ્છ કેરામાં થયો હતો અને ૨૫ વરશની ઉમરે મુંબઇ આવી થોડો વખત પોતાના મામા નાથાભાઇ તેજાની પહેડીમાં કામ કરી ચીન ગયા અને. પાંચ વરશ પછી મુંબઇ આવી શેઠ ફાજલભાઇ ગુલામ હુશેન સાથે ભાગમાં પહેડી કહાડી ૧૦ વરશ સુધી વેપાર કીધો અને સારૂં નામ કહાડ્યું. ૪૪ વરશની ઉમરે દુન્યા ત્યાગ કીધી અને પોતાની સઘળી પુંજી પોતાના છોકરા જમાલભાઇને આપી (જે પુંજી એક લાખ રૂપીયા કરતાં વધુ હતી) પોતે પુના અને મામલેસર જઇ એકાંતમાં રહ્યા હતા. આવી રીતે ૨૨ વરશ એકાંતમાં ગુજાર્યાં અને ૧૮૮૬ માં મરણ પામ્યા. એ અરસામાં માંસ કે માછલી ખાતા નહીં અને પોતાનો ખોરાક પોતાના હાથે પકાવી લેતા. એ શેઠે "યોગવાશિષ્ટ" અને "પંચીકરણ" નામના પુસ્તકોના કેટલાક ભાગ ગુજરાતી લીપીમાં છપાવ્યા હતા. એક વખતે અહમદનગર અને દોંઢ વચે ટાંગામાં મુસાફરી કરતાં ચોરો મળ્યા; પોતા પાસે કંઇ ન હોવા છતાં બીજા ઉતારૂઓનો માલ

બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં નાખ્યો અને ઉતારૂઓનો માલ બચાવ્યો.

૪. ખાનભાઇ હબીબભાઇ, જે૦ પી૦

શેઠ હબીબભાઇ ઇબરામના બીજા પુત્ર હતા અને પહેલાં પોતાના બાપ સાથે અને પાછળથી એકલા પોતાની જુદી પહેડી કહાડી વેપાર કરતા હતા અને મોટી દોલત એકઠી કરવા નસીબવાન થયા હતા. એ શેઠનું મોટું દીલ સર્વેને જાણીતું છે અને પોતાના ગરીબ જાતભાઇઓને મદદ કરવામાં હમેશાં સારો હિસ્સો આપતા હતા. સુધારા વધારા અને મુળ કેળવણીના એ શેઠ હીમાયતી હતા અને દોઢ લાખ રૂપીયાની સખાવત કરી નાતજાતનો તફાવત રાખ્યા વગર એક શાળા સ્થાપી છે, જે હજુ પણ ચાલે છે, જેનો ૫૦૦ થી વધુ બાળક લાભ લે છે. ૧૮૬૪ માં પોતાના પીતાની હૈયાતીમાં ગુજર્યા હતા, જેથી એ શેઠના બાપ પર ઘણી અસર થઇ અને ચાર માસની અંદર તે શેઠ પણ મરણ પામ્યા.

૫. પીરમહુમદ કાશમભાઇ જે૦ પી૦

શાંત સ્વભાવ અને છુપી સખાવત માટે એ શેઠ જાણીતા થયા હતા. વેપાર અરથે ચીનની મુસાફરી કીધી હતી, અને કચ્છમાં ૧૮૬૪ માં ખડીના રોગથી મરણ પામ્યા હતા.

૧૮૬૪

૬. ફાજલભાઈ ગુલામહુશેન, જે૦ પી૦

એ શેઠનો જન્મ કચ્છ કેરામાં થયો હતો, અને મુંબઇમાં આવ્યા પછી શેઠ અલુ પારૂએ એને જંગબાર મોકલ્યો હતો. ત્યાંથી પાછા ફરતાં તુફાન લાગ્યો અને મસકત તરફ ઘસડાઇ ગયા હતા. શેઠ પીરમામધ કાશમ તરફથી ચીન ગયા હતા, અને પાછળથી એજ પહેડીમાં ભાગ્યા થયા હતા. ત્યાર પછી

શેઠ જેરાજભાઇ મંનજી સાથે ભાગમાં વેપાર કીધો, અને ૧૮૬૮ માં મરણ પામ્યા.

૧૮૬૮

૭. આહમદભાઈ હબીબભાઇ, જે૦ પી૦

૧૮૭૦

૮. રેમતુલા મહમદ સાયાણી, જે૦ પી૦

૧૮૭૬

૯. ફાજલભાઈ કાશમ ગાંગજી, જે૦ પી૦

એ શેઠનો જન્મ તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૫૧ માં થયો હતો અને મુસલમાન કોમમાં કોરપોરેશન અને સ્ટેનડીંગ કમીટીના સભાસદ એ શેઠ પહેલાજ હતા. ૧૮૭૬ માં સુલેહના અમલદાર થયા હતા, અને સરકારી અમલદારો અને દેશી રાજાઓમાં સારી વગ ધરાવતા હતા. એ શેઠ ૧૯૦૩ ના સપટેંબર મહીનામાં મરણ પામ્યા હતા.

૧૮૮૦

૧૦. હાશમભાઇ વીશરામ, જે૦ પી૦

એ શેઠનો જન્મ તા૦ ૭ મી સપટેંબર ૧૮૪૬ માં કચ્છના નાંગલપુર ગામમાં થયો હતો; અને નાની વયેજ વેપારમાં પડી પોતાનો ધંધો ફતેહમંદીથી ચલાવ્યો હતો; અને એ શેઠે ઘણા દેશોની મુસાફરી કીધી છે. એ શેઠ ૧૮૭૫ માં મ્યુનીસીપાલ કોરપોરેશનના સભાસદ થયા હતા. યુરોપ આફ્રીકા અને તુરકસ્તાન ની મુસાફરીમાં પોતાનો થોડો વખત ગાળ્યો હતો.

૧૧. જેરાજભાઇ પીરભાઇ, જે૦ પી૦

એ શેઠનો જન્મ કચ્છ ભારાપુરમાં ૧૮૩૨ માં થયો હતો. નાની વયે વેપારમાં પડી મોટી દોલત એકઠી કીધી હતી. એ

શેઠને કેળવણીનો વધારો કરવાનો અને સખાવતના કામોમાં પૈસા ખરચવાનો ઘણો શોક હતો. એ શેઠે ભારાપુરમાં એક શાળા સ્થાપી છે, જે હજુ સુધી ચાલે છે. મોરબી, માંડવી અને ભુજમાં મુસાફરખાના બંધાવ્યા છે; અને વાંદરા અને પુનામાં ધરમશાળાઓ બંધાવી છે. એ શેઠના નામથી છોકરીઓની એક નીશાળ ચાલે છે, અને ગરીબ ખોજાઓને માસીક મદદ આપવા માટે ફંડો સ્થાપયાં હતાં. એ શેઠ સુલેહના અમલદાર હોવા ઉપરાંત પોર્ટટ્રસ્ટના સભાસદ ૧૮૭૮ થી ૧૮૮૭ સુધી હતા અને ૧૮૮૭ ના જુલાઇ મહીનાની ૨૯ મી તારીખે એ શેઠ મુંબઇમાં મરણ પામ્યા હતા.

૧૨. કરીમભાઇ ઇબ્રાહીમ, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૪૦ માં થયો હતો, અને ૧૬ વરશની ઉમરે પોતાના નામની પહેડી સ્થાપી વેપારમાં ઝીંપલાયા હતા અને પોતાની વેપારી કુનેહથી ફતેહ મેળવતાજ ગયા અને ચીન અને જાપાન સાથે વેપાર કરી મુંબઇમાં મીલો સ્થાપી આજે ખોજાઓમાં સઉથી વધુ પૈસાવાળા ગણાય છે. એક વેપારી અને સંસારી ખોજા આગેવાન તરીકે તેમજ એક માનવંતા શહેરી તરીકે સંગીન કીર્તી સ્થાપવામાં એ શેઠ પુરેપુરા ફતેહમંદ નીવડયા છે. ૧૮૮૦ માં એ શેઠને સુલેહના અમલદાર અને ૧૯૦૩ માં પોર્ટ ટ્રસ્ટી તરીકે સરકારે નેમ્યા હતા. એ શેઠે જાહેર સખાવતના કામો ઘણાં કીધાં છે. કચ્છ માંડવીમાં છોકરા અને છોકરીઓ માટે જુદી જુદી મદરેસાઓ સ્થાપી છે અને જે મદરેસાઓનો કારોબાર હજુ સુધી ઘણો મનમાનતી રીતે ચાલે છે. એ ઉપરાંત બીજા સખાવતના કામો એ શેઠે કચ્છમાં કીધાં છે. અને મુંબઇમાં ખોજાઓના નાવારસ બાળકો માટે ઑરફનેજ સ્થાપી એક લાખથી વધુ રૂપીઆ કહાડી આપ્યા છે અને એવું

કોઇ ધર્મ ખાતું કે જાહેર હીલચાલ નહીં હશે કે જેમાં એ શેઠે પોતાનો હિસ્સો આપ્યો નહીં હોય; વળી નામદાર પ્રીન્સ ઑફ વેલ્સ મુંબઇ માં ૧૯૦૫ માં પધારશે તે વખતે એક મ્યુઝીયમ બાંધવાની હીલચાલ થાય છે જેના ફંડમાં એ શેઠે ત્રણ લાખ રૂપીઆ કહાડી આપી પોતાની કોમને શોભાવી છે. એ શેઠે પોતાના માયાળુ ખવાસથી અને ખરી દીલસોજીથી દેશી પ્રજાની નજર માં બહુ ઉંચી અને માન ભરેલી જગ્યા મેળવી છે.

૧૩ રેહેમુભાઇ અલાના, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૪૯ માં મુંબઇમાં થયો હતો, અને ૧૨ વરસની ઉમરે વેપારમાં પડયા. ૧૭ વરસની ઉમરે તો સઘળો વહીવટ પોતાને માથે ઉપાડી લીધો હતો જે એમના ભાઇ શેઠ ગુલામહુશેન બાહોશીથી ચલાવે છે અને એ શેઠ તેનાપર દેખરેખ રાખે છે. એ શેઠનું દીલ ઘણું નરમાસવાળું છે અને પોતાનાં સગાઓને ઉદાર મનથી ચાહે છે. પોતાના ગરીબ સગાઓ પાછળ એક લાખથી વધારે રૂપીઆ ખરચ્યા છે; અને તેઓને સારે રસ્તે પાડયા છે અને તેવા ખરચ હજુ પણ ચાલુ છે. એ શેઠને એક દીકરી થઇ હતી તે નાની ઉમરમાં ગુજરી ગઇ તેને આજે વરસ ૩૬ થએલાં તેથી જુના વીચાર પ્રમાણે એ શેઠને બીજી સ્ત્રી કરવાની શલાહ માબાપ તથા દોસ્તો તરફથી મળી હતી, પણ એ શેઠે મક્કમપણે તેમ કરવાની ના પાડી હતી.

સને ૧૮૮૯ માં એક મીલ બંધાવી હતી. એ કામમાં એ શેઠનો અનુભવ થોડોક હતો કારણકે માત્ર ન્યુગ્રેટ ઇસટરન મીલના ચેરમેન હતા. પણ એમના મીત્ર શેઠ મનચેરજી નવરોજજી બનાજીએ બીનસ્વાર્થે એ શેઠની મીત્રાચારી ખાતર ઘણી સારી મદદ કીધી હતી. એ શેઠ ૧૮૮૦માં સુલેહના અમલદાર નેમાયા હતા સને ૧૮૮૬ થી ૧૮૮૯ સુધી કારપોરેશનના સભાસદ

હતા. ખોજા નિર્યાશીત ફંડને એ શેઠે સારી રીતે મહેનત લઇ મદદ કીધી હતી, જેના એક ત્રસ્ટી છે તથા આજે ઘણા વરસો થયા આનરરી સેક્રેટરીનું કામ પુરતા ખંતથી બજાવે છે. સાજનભાઇ મેરાલીના ધર્મના દવાખાના તથા કન્યા સ્કુલના એ શેઠ ત્રસ્ટી છે. એ શેઠને વાંચવાનો ઘણો શોક છે. ધર્મ સંબંધી તથા બીજી સેંકડો ચોપડીઓ એ શેઠે વાંચી સારો અનુભવ મેળવ્યો છે. એ શેઠ ખાનગી સખાવત પણ ઘણી સારી રીતે કરે છે.

૧૮૮૨

૧૪. ફાજલભાઇ વીશરામ સી૦ આઇ૦ ઇ૦, જે૦ પી૦

૧૮૮૩

૧૫. મુલજીભાઈ જીવરાજ જે૦ પી૦

૧૮૮૪

૧૬. જુમાભાઇ લાલજી જે૦ પી૦

કચ્છના સામાગોગામાં એ શેઠનો જન્મ ૧૮૪૧ માં થયો હતો અને પોતાના ભાઇઓ સાથે વેપારમાં જોડાયા હતા અને મુંબઇ ગોવા કચ્છ માંડવી વચ્ચે ફરતી સ્ટીમ બોટોના માલેક હતા અને એ ધંધો એ શેઠે ઘણો ફતેહમંદીથી ચલાવ્યો હતો. એડનમાં એ શેઠની પહેડી હતી અને ત્યાંના આગેવાન વેપારી ગણાતા હતા. ૧૮૭૪ માં એ શેઠ મ્યુનીસીપાલ કોરપોરેશનના સભાસદ ચુંટી કહડાયા હતા અને ૧૮૮૪ માં સલેહના અમલદાર એ શેઠને નેમવામાં આવ્યા હતા. કચ્છ માંડવીમાં એક હોસ્પીટલ, મુંદરામાં એક નીશાળ અને સામાગોગામાં એક ધર્મશાળા એ શેઠે બંધાવી પોતાની કોમને ફાયદા પહોંચાડયા હતા. તા૦ ૧૯ મી આગષ્ટ ૧૮૮૭ માં એ શેઠ ગુળદાની બીમારીથી મુંબઇમાં મરણ પામ્યા હતા.

૧૮૮૬

૧૭. અબ્દુલ્લા મેરાલી ધરમશી જે૦ પી૦

૧૮૮૮

૧૮. હાજીભાઇ લાલજી જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૩૨ માં કચ્છના ગોગાસામામાં થયો હતો. ૧૨ વરશની ઉમરે એડન ગયા હતા અને દુન્યાના જુદા જુદા ભાગો સાથે વેપાર કરી સારૂં દ્રવ્ય એકઠું કીધું છે. ગોવા, કચ્છ અને મુંબઇ વચ્ચે સસતી આગબોટો ફરતી કરવામાં એ શેઠનો આગેવાન ભાગ હતો. એ શેઠે કચ્છમુદ્રામાં એક ઇસપીતાલ પોતાના મરહુમ પીતાના નામથી બંધાવી છે અને એક નીશાળ સ્થાપી છે. પોતાના ગામ ગોગાસામામાં એક મસજીદ બંધાવી આપી છે, અને એક ધર્મશાળા પણ સ્થાપી છે. ૭૩ વરશની ઉમર છતાં હજુપણ એ શેઠ પોતાના ધંધા રોજગારપર જાતી દેખરેખ રાખે છે, અને ખોજા કોમમાં એક આગેવાન મોવળી ગણાય છે.

૧૮૮૯

૧૯. સર થારીઆ ટોપણ જે૦ પી૦

૧૮૯૧

૨૦. ડા૦ ઇશમાઇલ જાનમામદ જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૬૪ માં થયો હતો અને ૧૯૦૨ માં ૩૮ વરશની કાચી વયે મુંબઇમાં મરણ પામ્યા હતા. ૧૮૮૦ માં મેટ્રીકયુલેશની પરીક્ષા અને ૧૮૮૬ માં દાકતરી પરીક્ષા પસાર કીધી અને ઘણાં ઇનામો મેળવ્યા હતા. દાકતરી પહેલી પરીક્ષામાં પાંચવાર પરીક્ષક અને ૧૮૯૧ માં સુલેહના અમલદાર નેમાયા હતા. ૧૮૯૫ માં કોરપોરેશનના સભાસદ ચુંટી કહડાયા હતા, અને એ વરશ પછી સ્ટેનડીંગ કમીટીના સભાસદ થયા હતા અને દરેક જાહેર સવાલમાં આગેવાન ભાગ લેતા હતા અને ૧૮૯૧ માં

મુંબઇની સેનેટના ફેલો થયા હતા અને જીંદગીએ યારી આપી હતે તો ઘણાં આગળ વધી જઇ પોતાની કોમને ઘણી વધુ દીપાવતે.

૨૧. નેનશી એરાજ જે૦ પી૦

કચ્છ ભુજમાં ૧૮૩૦ માં એ શેઠનો જન્મ થયો હતો અને ૧૮૪૫ માં પોતાના ભાઇ રેમતુલા સાથે મુંબઇ આવી વેપારમાં પડયા હતા અને થોડા વખતમાં પોતાની જાતી કુનેહથી સારી દોલત એકઠી કીધી હતી. ૧૮૯૧ માં સુલેહના અમલદાર નેમાયા અને ૧૮૯૫ ના નવેંબર મહીનામાં મુંબઇમાં મરણ પામ્યા.

૨૨. રેમતુલા એરાજ જે૦ પી૦

એ શેઠનો જન્મ કચ્છના બહલી ગામમાં ૧૮૪૮ માં થયો હતો અને પોતાના ભાઇ નેણશી સાથે મુંબઇમાં આવી કેલવણી લીધી અને પછી વેપારમાં પડયા અને પોતાના ધંધામાં ઘણા ફતેહમંદ નીવડયા. ૧૮૮૯ માં કોરપોરેશનના સભાસદ થયા ૧૮૯૧ માં સુલેહના અમલદાર નેમાયા અને તા૦ ૨૯ મી જુન ૧૯૦૨ માં મુંબઇ શેહેરમાં મરણ પામ્યા.

૧૮૯૨

૨૩. પીરૂ મહમદ જે૦ પી૦

૧૮૯૩

૨૪. ફાજલભાઇ મેરાલી ચીનાઇ જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૭૦ માં થયો હતો અને અને ૧૮૯૦ માં પોતાના નામની પહેડી સ્થાપી વેપાર કરવા માંડયો હતો, અને થોડા વખતમાં ઠેકાણે ઠેકાણે પહેડીઓ સ્થાપી હતી. ૧૮૯૫ માં પોતાના ધંધા અર્થે એ શેઠને મસકત જવું પડયું હતું. ત્યાંના સુલતાને એ શેઠને દબાદબા ભરેલો માન આપ્યો હતો, કે જેવો આવકાર બીજા કોઇ ખોજાને મળ્યો નથી. ૧૯૦૪ માં યુરોપની મુસાફરીએ ગયા હતા અને હાલ મુંબઇમાં સારો વેપાર કરે છે.

૨૫. હાજીભાઇ વીશરામ જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૫૧ માં થયો હતો અને વેપારમાં સારો અનુભવ મેળવ્યો હતો. વેપાર અર્થે મુસાફરીઓ કીધી હતી અને અનેકવાર કરબલાની જ્યારતે ગયા હતા. ૧૮૯૩ માં સુલેહના અમલદાર નેમાયા હતા અને ૧૯૦૫ માં મરણ પામ્યા હતા.

૨૬. મુસાભાઈ થારીઆ ટોપણ જે૦ પી૦

૧૮૯૪

૨૭. ઇબ્રાહીમ રેમતુલ્લા જે૦ પી૦

૧૮૯૫

૨૮. આહમદભાઇ હબીબભાઇ જે૦ પી૦

૨૯. દેવજી કાનજી જે૦ પી૦

૩૦ મહુમદભાઈ હાજીભાઈ લાલજી જે૦ પી૦

૧૮૬૪ માં એ શેઠનો જન્મ થયો હતો અને ૧૬ વરસની ઉમરથીજ વેપારમાં જોડાયા હતા, અને હાલ પણ બાહોશીથી પોતાનો ધંધો ચલાવે છે. ૧૮૯૫ માં સુલેહના અમલદાર નેમાયા હતા, અને ૧૮૯૪ માં યુરોપની મુસાફરીએ ગયા હતા, અને એકમાર્ગી અને સાદા સ્વભાવના ગ્રહસ્થ છે.

૩૧. મહુમદભાઇ નેનશી ખેરાજ જે૦ પી૦

૧૮૬૭ માં એ શેઠનો જન્મ મુંબઇ શેહેરમાં થયો હતો, અને સાતમાં ધોરણ સુધી કેલવણી લઇ પોતાના પીતા સાથે વેપારમાં જોડાયા હતા. ૧૮૯૫ માં સુલેહના અમલદાર અને હાલમાં ઑનરરી મેજીસટ્રેટનો ઓધો ભોગવે છે.

૩૨. મહુમદભાઇ રવજી જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૩૦ માં મુંબઇમાં થયો હતો અને નાની વયે ચીન ગયા હતા, અને ખોજાઓમાં એ શેઠ સર્વેથી પહેલાં ત્યાં ગયા હતા. ૧૮૫૩ માં પોતાની જુદી પહેડી કહાડી અને તે

ફતેહમંદીથી ચલાવી સારી પુંજી એકઠી કીધી હતી. ૧૮૭૮ માં કરબલાની જીયારતે પોતાના કુટુંબને લઇ ગયા હતા, અને ૧૮૮૩ માં પોતાના સસરા ધનજીભાઇ કરમાલીના નામે ધર્મનું મકાન ગરીબ ખોજાઓને મફત રહેવા માટે એ શેઠે આપ્યું હતું. ૧૮૯૦ માં યતીમ છોકરાઓને કેલવણી આપી ઉચ્છેરી મોટા કરવા માટે એક યતીમખાનું સ્થાપ્યું અને ૧૮૯૪ માં પુના શેહેરમાં એક સેનેટેરીયમ ખોજાઓના વપરાશ માટે બંધાવી આપી હતી. એ ખાતાઓને ખુલી મુકવાના ક્રિયા નામદાર આગાખાને કરી હતી. તા૦ ૧ લી મે ૧૮૯૮ ના દીવસે એ શેઠ ગુજરી ગયા હતા. એ શેઠે સ્થાપેલા ધર્મખાતાઓ તેના પુત્ર ઇબ્રાહીમભાઇ મામદભાઇ રવજી નીભાવે છે; જેનો જન્મ ૧૮૬૨ માં થયો હતો અને જે ખોજા જમાતના વારસનો ઓધો ભોગવે છે, અને ધી ખોજા પંજેભાઇ કલબના સેક્રેટરી છે; અને અરેબીક ફારસી ઉરદુ, અંગ્રેજી અને ગુજરાતી ભાષાઓ જાણે છે.

૩૩. મુખી કાશમભાઇ મુસા જે૦ પી૦

નામદાર આગાખાનની મીલકતોનો કારોબાર એ શેઠના હાથમાં હતો; અને એ કામ એ શેઠે ઘણી મનમાનતી રીતે બજાવ્યો હતો.

૧૮૯૭

૩૪. વલી મહુમદ પીરમહુમદ જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૪૫ માં મુંબઇમાં થયો હતો અને વેપારમાં સારી નામના કહાડી છે. બાઇ મુલબાઇના નામનું એક ધર્મનું દવાખાનું જારી કીધું છે, અને કરબલાની જીઆરતે જઇ આવ્યા છે. ૧૮૯૭ માં સુલેહના અમલદાર નેમાયા હતા.

૧૮૯૮

૩૫. દોસ્તમહુમદ અલાના જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૬૮ માં થયો હતો અને સાતમાં ધોરણ સુધી અભ્યાસ કરી પોતાના મોટા ભાઇ રેહમુભાઇ અલાના

અને ગુલામ હુશેન અલાના સાથે વેપારમાં જોડાયા હતા, અને થોડા વખતમાં પોતાની વેપારી કુનેહથી દીપી નીકળ્યા હતા; અને પોતાના ભાઇઓને ઇન્ડો ચાઇના મીલ અને જંગબારના સુલતાનની આગબોટોની એજન્સી ચલાવવામાં સારી મદદ કીધી હતી. ૧૮૯૭ માં કોરપોરેશનના સભાસદ અને ૧૮૯૮ માં સુલેહના અમલદાર નેમાયા હતા અને ૨૮ મી માર્ચ ૧૮૯૯ માં મર્કીની બીમારીના ભોગ થઇ પડયા હતા. જો જીંદગીએ એ શેઠને યારી આપી હતે તો ઘણા આગેવાન થઇ પડતે એવી દરેક નીશાની એ શેઠમાં હતી.

૩૬. મહમદ ઇબ્રાહીમ જે૰ પી૰

૧૯૦૦

૩૭. હાજી આહમદ દેવજી જે૰ પી૰

એ શેઠનો જન્મ ૧૮૬૦ માં પોરબંદર ખાતે થયો હતો અને ૧૫ વરશની ઉમરે મુંબઇ આવી વેપાર કરી સારી દોલત એકઠી કીધી છે, અને હાલ ફનીચરના આગેવાન વેપારી ગણાય છે અને સારૂં ફરનીચર બનાવવા માટે સોનાનો ચાંદ મેળવ્યો છે. એ દોલત એ શેઠ સખાવતના કામમાં ખરચે છે અને ગરીબોની દાદ વારંવાર લે છે. પોરબંદરમાં એ શેઠની સખાવતથી ત્યાંના લોકોને ઘણા ફાયદા થયા છે, જેમાં એક ધર્મશાળા છે જેનુ મુરત નામદાર આગાખાને કીધું હતું. એ શેઠ કરબલાની જયારતે જઇ આવ્યા છે અને મકે હજ પણ કરી આવ્યા છે અને ધી ખોજા પંજેભાઇ કલબના ચેરમેન પાંચ વરશ સુધી હતા. કરબલામાં એ શેઠે ચાંદીના દરવાજા કરાવી આપ્યા છે. પોતાની જમાતની સારી સેવા બજાવે છે. નામદાર આગાખાન કાઠીયાવાડ ગયા હતા તયારે એ શેઠે સારી સેવા બજાવી હતી; અને ૧૯૦૦ માં સુલેહના અમલદાર નેમાયા હતા.

(૩૮.) ગુલામ હુશેન અલાના જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૬૨ માં મુંબઇમાં થયો હતો અને ૧૬ વરશની ઉમરે વેપારમાં પડયા હતા અને હાલ પોતાનો ધંધો બાહોશીથી ચલાવે છે. ૧૯૦૦ માં સુલેહના અમલદાર નેમાયા હતા અને ૧૮૯૨ થી ૧૮૯૮ સુધી કોરપોરેશનના સભાસદ હતા, અને હાલ ઑનરરી માજીસ્ટ્રેટનો ઓધો ભોગવે છે.

૧૯૦૧

૩૯. જાફરભાઇ રેમતુલા જે૦ પી૦

૧૮૭૦ માં જન્મ. ૧૮૯૪ માં બી૦ એ૦, ૧૮૯૬ માં લનડનની અંજુમને ઇસલામના પ્રમુખ, ૧૮૯૭ માં બારીસ્ટર ૧૮૯૯ માં કોરપોરેશનના સભાસદ અને મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફારસી ભાષાના પરિક્ષક ચાર વરશ સુધી, ૧૯૦૧ માં સુલેહના અમલદાર, ૧૯૦૪ માં યુનીવરસીટીના ફેલો સટેનદીંગ કમીટીના સભાસદ અને રોમન લૉ, અને જનરલ જુરીસપ્રુદન્સના પહેલી એલ. એલ. બી. અને બી. એ. ના પરીક્ષક, ૧૯૦૫ માં પણ એજ પરીક્ષાઓમાં પરીક્ષક અને ધી ખોજા પંજેભાઇ કલબના ચેરમેન, અને મુંબઇમાં ભરાયલા પ્રદરશનના સેકરેટરી.

૪૦ મહમદભાઇ કરીમભાઇ જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૬૭ માં થયો હતો અને વેપારમાં પડી પોતાના પીતાને સારી મદદ કરતા હતા. ૧૮૯૮ માં કોરપોરેશનના સભાસદ અને ૧૯૦૧માં સુલેહના અમલદાર નેમાયા હતા. ખોજાઓના ઘણા ધર્મખાતાઓના કારોબારમાં આગેવાન ભાગ લે છે, અને આનરરી માજીસ્ટ્રેટનો ઓધો ભોગવે છે.

૧૯૦૨

૪૧. ઇસમાઇલભાઇ કાશમ કામડીઆ જે૦ પી૦

ઇસમાયલી જમાતના વળા કામડીઆ છે અને સંસારી ઝગડાઓના ચુકાદા એ શેઠને કરવા પડે છે. નરમ સ્વભાવ અને

હસ્તો મુખ્પો એ શેઠ ધરાવે છે. મુંબઇમાં જંગબારના વેપારી-ઓમાં આગેવાન છે, અને પોતાની વેપારી કુનેહથી મોટી દોલત એકઠી કીધી છે. એ શેઠને મુખી લાડકભાઇ હાજીની જમાતનો કારોબાર ચલાવવામાં સારી મદદ છે.

૪૨. રજબઅલી વીશરામ પટેલ, જે૦ પી૦

એ શેઠનો જન્મ તા૦ ૩ જી જાનેવારી ૧૮૭૧ માં મુંબઇ શેહેરમાં થયો હતો. ગરીબ સ્થિતીમાં હોવાથી એ શેઠને અભ્યાસ કરવામાં ઘણી અડચણો નડી હતી, પણ અંતે ૧૮૯૫ માં તબીબી પરિક્ષા પસાર કરી પોતાનો ધંધો ફતેહમંદીથી ચલાવે છે. ૧૯૦૨ માં સુલેહના અમલદાર નેમાયા હતા અને યુરોપની મુસાફરીએ જઇ આવ્યા છે. એ શેઠને સારા અભ્યાસ માટે ઘણા ઇનામો મળ્યા હતા.

૧૯૦૩

૪૩. મહમદઅલી જીણા, જે૦ પી૦

એ શેઠનો જન્મ તા૦ ૨૫ મી ડીસેંબર ૧૮૭૪ માં થયો હતો, અને ૧૮૯૬ માં બારીસટર અને ૧૮૯૯ માં બે વાર કામ ચલાઉ ત્રીજા પ્રેસીડન્સી મેજીસ્ત્રેટનો ઓધો ત્રણ ત્રણ મહીના સુધી ભોગવ્યો હતો; ૧૯૦૩ માં સુલેહના અમલદાર અને ૧૯૦૫ મુંબઇ ઇલાકાના બે પ્રતીનીધીઓ ઇંગલંડ જવા ચુંટી કહડાયા હતા, તેમાં એ શેઠ એક હતા. પોતાના ધંધામાં સારી જેવી નામના કહાડી છે, અને હવે પછી વધી જાય એવી નીશાનીઓ દેખાય છે.

૧૯૦૪

૪૪. ફાજલભાઇ કરીમભાઇ ઇભરાહીમ, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૭૨ માં થયો હતો, અને સારી કેળ-વણી લઇ પોતાના જાણીતા પીતા કરીમભાઇ સાથે વેપારમાં

જોડાયા હતા, અને જાતી બાહોશીથી સઘળો કારોબાર પોતાને માથે ઉપાડી લીધો છે. ૧૮૯૭ માં કોરપોરેશનના સભાસદ, ૧૯૦૪ માં સુલેહના અમલદાર અને ૧૯૦૫ માં સ્ટેનડીંગ કમીટીના સભાસદ ચુંટી કહડાયા હતા.

૪૫. જુમાભાઇ જાનમહુમદ, જે૦ પી૦

એ શેઠ એક ફતેહમંદ વેપારી છે અને જમાતના કામમાં સારી મદદ કરે છે, અને ૧૯૦૪ માં સુલેહના અમલદાર નેમાયા હતા.

૪૬. આહુમદ રેમતુલ્લા સાયાણી જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૬૬ માં થયો હતો, અને ૧૮૯૩ માં બારીસટર થયા અને હાલ એ ધંધો ચલાવે છે. ૧૯૦૩ માં સુલેહના અમલદાર નેમાયા હતા. ખોજાઓના કેટલાક ધર્મખાતાંઓ સાથે અગત્યનો સંબંધ ધરાવે છે.

૪૭. ફાજલભાઇ મેરાલી ચીનાઇ, જે૦ પી૦

૧૯૦૫

૪૮. કાશમભાઇ મહુમદ મીઠા, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૬૨ માં થયો હતો, અને પોતાનો ધંધો ફતેહમંદીથી ચલાવે છે. એ શેઠ બે વાર યુરોપની મુસાફરી કરી આવ્યા છે; અને ૧૯૦૫ માં સુલેહના અમલદાર નેમાયા હતા.

૪૯. હાશમભાઇ રેમતુલ્લા ખેરાજ, જે૦ પી૦

એ શેઠનો જન્મ ૧૮૭૯ માં થયો હતો, અને સાતમાં ધોરણ સુધી અભ્યાસ કરી પોતાની બાપીકી પહેડીમાં જોડાયા હતા. ૧૯૦૫ માં સુલેહના અમલદાર નેમાયા હતા.

સ્ટૅનડીંગ કમીટીના ચેરમેન.

૧. શેઠ ઇબ્રાહીમ રેમતુલા, (૧૮૯૮)

સ્ટૅનડીંગ કમીટીના સભાસદો.

૧. ફાજલભાઇ કાશમભાઇ ગાંગજી, (૧૮૭૮–૧૮૮૦)
૨. રેમતુલા મહમદ સાયાણી, (૧૮૭૯–૧૮૮૯)
૩. ફાજલભાઇ વીશરામ, (૧૮૮૯–૧૯૦૩)
૪. અબદુલા મેરાલી ધરમશી, (૧૮૯૦–૧૮૮૩ અને ૧૮૯૫–૧૮૯૭)
૫. ઇબ્રાહીમ રેમતુલા (૧૮૯૫–૧૮૯૯ અને ૧૯૦૦ ૧૯૦૪ અને ૧૯૦૫ થી ચાલુ
૬. ઇસમાઇલ જાનમહમદ (૧૮૯૮–૧૯૦૨)
૭. જાફરભાઇ રેમતુલા (૧૯૦૪ થી ચાલુ)
૮. ફાજલભાઇ કરીમભાઇ ઇબ્રાહીમ (૧૯૦૫ થી ચાલુ)

કોરપોરેશનના પ્રમુખ

૧. રેમતુલા મહમદ સાયાણી (૧૮૮૮)
૨. અબદુલા મેરાલી ધરમશી (૧૮૯૪)
૩. ઇબ્રાહીમ રેમતુલા (૧૮૯૯)
૪. ફાજલભાઇ વીશરામ (૧૯૦૩)

કોરપોરેશનના સભાસદો.

૧. ફાજલભાઇ કાશમભાઇ ગાંગજી (૧૮૭૩–૧૮૮૨)
૨. આહમદભાઇ હબીબભાઇ (૧૮૭૩–૧૮૭૫)

૩. જુમાભાઇ લાલજી (૧૮૭૪–૧૮૮૭)

૪. હાશમભાઇ વીશરામ (૧૮૭૫–૧૮૮૧ અને ૧૮૮૯ ૧૯૦૩)

૫. રેમતુલા મહુમદ સાયાણી (૧૮૭૬–૧૯૦૨)

૬. ફાજલભાઇ વીશરામ (૧૮૮૧–૧૯૦૩)

૭. અબ્દુલા મેરાલી ધરમશી (૧૮૮૬–૧૮૯૭)

૮. રેહેમુભાઇ અલાના (૧૮૮૬–૧૮૮૯)

૯. ફાજલભાઇ જુમાભાઇ લાલજી (૧૮૮૯–આજ સુધી)

એ શેઠનો જન્મ ૧૮૬૬ માં થયો હતો અને હાલમાં પોતાના કાકા અબ્દુલાભાઇ લાલજી સાથે ભાગમાં વેપાર કરે છે. કોરપોરેશનના સભાસદ અને સ્ત્રી કેળવણીના હીમાયતી છે. પોતાના એક દીકરા અને એ દીકરીઓને અંગ્રેજી રીત પ્રમાણે કેળવણી આપે છે. કોંગ્રેસના એક હિમાયતી છે અને ૧૯૦૪ ની કોંગ્રેસના એક સેક્રેટરી હતા.

૧૦. રેમતુલા ખેરાજ (૧૮૮૯–૧૯૦૩)

૧૧. ઇબરાહીમ રેમતુલા (૧૮૯૨ થી આજ સુધી)

૧૨. ગુલામહુસેન અલાના (૧૮૯૨–૧૮૯૮)

૧૩. ઇસમાઇલ જાનમહુમદ (૧૮૯૫–૧૯૦૨)

૧૪. દોસ્તમહુમદ અલાના (૧૮૯૮–૧૮૯૯)

૧૫. મહુમદભાઇ કરીમભાઇ (૧૮૯૭ થી આજ સુધી)

૧૬. ફાજલભાઇ કરીમભાઇ (૧૮૯૮ થી આજ સુધી)

૧૭. જાફરભાઇ રેમતુલા (૧૮૯૯ થી આજ સુધી)

૧૮. કરમાલી પીરભાઇ (૧૯૦૧ થી આજ સુધી)

એ શેઠને જન્મ ૧૮૫૯ માં થયો હતો અને નાની ઉમરે વકીલના કલાર્ક તરીકે રહ્યા હતા અને હાલ ઠાકોરદાસ કુંના સર્વેથી મોટા કલાર્ક છે, અને ઓહોળી ધરાકી ધરાવે છે. એ

શેઠ કર ભરનારાઓ તરફથી ચુંટણીમાં જે ઘોટાળા થતા હતા તે બહાર પાડી પ્રજા સેવા બજાવી છે. ૧૯૦૧ માં કારપોરેશનના સભાસદ થયા હતા. એ શેઠ કરચલાની જ્યારતે જઇ આવ્યા છે.

સેનેટના ફેલો.

૧. રેમતુલા મહુમદ સાયાણી (૧૮૭૦)

૨. અબદુલા મેરાલી ધરમશી (૧૮૮૫)

૩. ઇભરાહીમ મહુમદ સાયાણી (૧૮૯૦)

એ શેઠનો જન્મ ૧૮૫૩ માં થયો હતો અને ૧૮૭૪ માં બી૦ એ૦ની પરિક્ષા પસાર કરી અંગ્રેજી ભાષામાં સઉથી પહેલી પદવી મેળવવાથી "એલીસ પ્રાઇઝ" મેળવ્યું હતું અને પછી કેળવણી ખાતામાં જોડાયા હતા અને નડીયાદ ભરૂચ શોલાપુર ધુળાયા અને સુરતની હાઇ સ્કુલોના હેડ માસ્તરનાં ઓધા ભોગવ્યા છે અને હાલ સુરતમાં છે. ૧૮૯૦ માં સેનેટના ફેલો નેમાયા હતા અને નવી સેનેટના પણ ફેલો છે.

૪. ઇસમાઇલ જાનમહુમદ. (૧૮૯૪)

૫. ફાજલભઇ વીશરામ સી. આઇ. ઇ. (૧૮૯૪)

૬. કાશમ સુમાર થારીઆણી. (૧૮૯૮)

એ શેઠનો જન્મ ૧૮૬૮ માં થયો હતો અને નાની વયથીજ વિદ્યા અભ્યાસ તરફ જાતી વલણ હોવાથી ૧૮૯૦ માં બી૦ એ૦ અને ૧૮૯૪ માં એમ૦ એ૦ ની પરીક્ષાઓ પસાર કીધી હતી, અને સોલીસીટર થવાનો ઇરાદો હતો પણ તેમ થયું નહીં. ગુજરાત કોલેજ અને એલફીનસટન કાલેજના ફેલોનું કામ પાંચ વરશ સુધી બજાવ્યું અને પછી પોતાની કૉલેજના ફારસી ભાષાના મદદનીશ શિક્ષક નેમાયા અને ૧૮૯૮ માં પ્રોફેસર મીરજાં હેરતની જગ્યાએ એજ કૉલેજના ફારસી અને આરબીક ભાષાના વડા ગુરૂ નેમાયા

અને એ ઓધો હજુ એ શેઠ ભોગવે છે. ૧૮૯૮ માં સેનેટના ફેલો નેમાયા હતા અને નવી સેનેટમાં પણ એક ફેલો છે. ૧૮૯૪ થી આજ સુધી દર વરસે ફારસી ભાષાના પરિક્ષક નેમાય છે.

નવી સેનેટના ફેલો ૧૯૦૪.

૧. ઇભરાહીમ મહમદ સાયાણી.
૨. કાશમ સુમાર થારીઆણી.
૩. જાફરભાઇ રેમતુલા.
૪. ઇભરાહીમ રેમતુલા.

યુનીવરસીટીના પરિક્ષકો.

૧૮૬૭.

૧. **રેમતુલા મહમદ સાયાણી.**-હિંદુસ્તાનીમાં-મેટ્રીકયુલેશની પરિક્ષામાં. (૧૮૬૯, ૧૮૭૦, ૧૮૭૧, ૧૮૭૨, ૧૮૭૩, ૧૮૭૪, ૧૮૭૫, ૧૮૭૬, ૧૮૭૭, ૧૮૭૮, ૧૮૭૯, ૧૮૮૦, ૧૮૮૧, ૧૮૮૨,) એજ પરિક્ષા અને એજ ભાષામાં.

૧૮૯૪-૧૮૯૫.

૨. **કાશમ સુમાર થારઆણી**-ફારસી ભાષામાં બી૦ એ૦ પ્રીવીયસ અને ઇનટર મીડીએટ પરિક્ષાઓમાં

૧૮૯૬, ૧૮૯૭. ૧૮૯૮.

૨. **કાશમ સુમાર થારીઆણી.** એજ.
૩. **ઇસમાઇલ જાનમહમદ.** પહેલી તબીબી પરિક્ષામાં

૧૮૯૯.

૨. **કાશમ સુમાર થારીઆણી.** એજ.
૩. **ઇસમાઇલ જાનમહમદ.** એજ.

૪. **જાફરભાઇ રેમતુલા.** ફારસી ભાષામાં મેટ્રીકયુલેશનની પરિક્ષામાં.

૧૯૦૦.

૨. **કાશમ સુમાર થારીઆણી.** એજ.

૩. **ઇસમાઇલ જાનમાહુમદ.** એજ.

૪. **જાફરભાઇ રેમતુલા.** એજ.

૫. **મહુમદભાઇ વલીભાઇ.** ફારસી ભાષામાં સ્કુલ ફાઇનલ પરિક્ષામાં.

એ શેઠનો જન્મ ૧૮૬૭ માં થયો હતો અને ૧૮૮૯ માં બી૦ એ૦ થઇ ૧૮૯૦ માં સેક્રેટેરીએટમાં નોકરીએ રહ્યા હતા, અને હાલ પણ ત્યાંજ છે. ૧૯૦૦ અને ૧૯૦૧ માં સ્કુલ ફાઇનલની પરિક્ષામાં ફારસી ભાષાના પરિક્ષક નેમાયા હતા.

૧૯૦૧.

૨. **કાસમ સુમાર થારીઆણી.** ફારસી ભાષામાં એમ૦ એ૦ અને બી૦ એ૦ ની પરિક્ષાઓમાં.

૩. **ઇસમાઇલ જાનમહુમદ.** એજ.

૪. **જાફરભાઇ રેમતુલા.** એજ.

૫. **મહુમદભાઇ વલીભાઇ.** એજ.

૧૯૦૨.

૨. **કાશમ સુમાર થારીઆણી.** એજ.

૪. **જાફરભાઇ રેમતુલા.** એજ.

૧૯૦૩.

૨. **કાશમ સુમાર થારીઆણી.** એજ.

૧૯૦૪, ૧૯૦૫.

૨. **કાશમ સુમાર થારીઆણી.** ફારસી ભાષામાં એમ૦ એ૦ અને પ્રીવીયસ અને ઇનટરમીદીએટની પરિક્ષાઓમાં.

૪. જાફરભાઇ રેમતુલા.–પહેલી એલ. એલ. બી. અને બી. એ. ની પરિક્ષાઓમાં કાયદાના પરિક્ષક.

યુનીવરસીટીના સીનડીક.

૧. રેમતુલા મહુમદ સાયાણી (૧૮૯૧–૧૮૯૨–૧૮૯૩ ૧૮૯૪–૧૮૯૫.)

બારીસટરો.

૧. આહુમદ રેમતુલા સાયાણી (૧૮૯૩)

૨. અબદુલા રેમતુલા સાયાણી (૧૮૯૩)

એ શેઠનો જન્મ ૧૮૬૮ માં થયો હતો. ૧૮૯૩ માં બારીસટર થયા, જે ધંધો હાલ ચલાવે છે.

૩. મહુમદઅલી જીણા (૧૮૯૬)

૪. જાફરભાઇ રેમતુલા (૧૮૯૭)

૫. ગુલામ હુશેન ફાજલભાઇ વીશરામ (૧૮૯૯)

એ શેઠનો જન્મ તા૦ ૬ ઠી ફેબરવારી ૧૮૭૫ માં થયો હતો, અને ૧૮૯૯ માં બારીસટર થયા પણ હાલ વેપારમાં પડયા છે, અને જી૦ ગુલામ હુશેનની કું૦ ના નામથી વેપાર કરે છે.

૬. મુસા હાશમભાઇ વીશરામ (૧૯૦૨)

૭. ગુલામ હુશેન રેમતુલા ખેરાજ (૧૯૦૪)

એ શેઠનો જન્મ ૧૮૮૧ ના દીસેંબર માસમાં થયો હતો; અને ૧૯૦૪ બારીસટર થયા હતા, જે ધંધો હાલ ચલાવે છે.

સોલીસીટરો

૧. રેમતુલા મહુમદ સાયાણી (૧૮૭૨)

૨. અબદુલા મેરાલી ધરમશી (૧૮૮૩)

વકીલો. એલ. એલ. બી.

૧. રેમતુલા મહુમદ સાયાણી (૧૮૬૯)

૨. અબદુલા મેરાલી ધરમશી (૧૮૮૩)

૩. નજરઅલી શરીફ નાથાણી (૧૯૦૦)

એ શેઠનો જન્મ ૧૮૬૮ માં ભાવનગરમાં થયો હતો અને ૧૮૯૪ માં બી. એ. થયા, અને તરતજ મહુવાની એંગ્લો વરના ક્યુલર સ્કુલના હેડ માસ્તર થયા. ૧૮૯૫ માં સામળદાસ કૉલેજના ફેલો થયા અને ૧૮૯૬ થી ૧૮૯૮ સુધી માધવજી વીરજી સોલીસીટરને ત્યાં મેનેજીંગ કલાર્ક હતા. ૧૯૦૦ માં વકીલ થયા જે ધંધો હાલ એ શેઠ ભાવનગરમાં ફતેહમંદીથી ચલાવે છે.

૪. યાકુબ ઇભરાહીમ સાયાણી (૧૯૦૪)

એ શેઠનો જન્મ ૧૮૭૫ માં થયો હતો અને ૧૮૯૯ માં બી, એ. અને ૧૯૦૪ માં વકીલ થયા હતા; અને હાલ સોલીસીટરની પરિક્ષાનો અભ્યાસ કરે છે.

૫. રહીમ મેરાલી સોમજી (૧૯૦૪)

એ શેઠનો જન્મ ૧૮૭૮ માં કુરલામાં થયો હતો, અને જાતી મહેનત કરી ૧૮૯૯ માં બી. એ. થયા અને ૧૯૦૪ માં વકીલની પરિક્ષા પસાર કરી હાલ સોલીસીટરની પરિક્ષાનો અભ્યાસ કરે છે.

૬. ગુલામઅલી કાશમ મરચંટ (૧૯૦૫)

૭. મહુમદ રેમતુલા સાયાણી (૧૯૦૫)

એ શેઠનો જન્મ ૧૮૭૮ માં થયો હતો અને ૧૮૯૯ માં બી૦ એ૦, ૧૯૦૧ માં એમ૦ એ૦ અને ૧૯૦૫ માં એલ૦ એલ૦ બી૦ ની પરિક્ષાઓ પસાર કીધી હતી. સોલીસીટરનો અભ્યાસ કરે છે.

તબીબો એલ. એમ. અને એસ.

૧. કાસમ વીરજી પટેલ (૧૮૭૨.)

૨. ઇસમાઇલ જાનમહુમદ (૧૮૮૬)

૩. રજબઅલી વીશરામ પટેલ (૧૮૯૬.)

૪. રહીમ હાશમ મુલજીઆણી (૧૯૦૨.)

એ શેઠનો જન્મ ૧૮૭૨ માં થયો હતો અને ૧૯૦૨ માં તબીબી પરિક્ષા પસાર કરી એ ધંધો હાલ ચલાવે છે. ગરીબ સ્થિતીમાં હોવાથી એ શેઠને પરિક્ષા પસાર કરી પોતાના અભ્યાસ માટે ઘણી મુશકેલીઓ નડી હતી જે વખતે ઑ૦ મી૦ ઇબરાહીમ રેમતુલાએ એ શેઠને સારી મદદ કીધી હતી. એ તબીબ હાલ ધી ખોજા મુલજી જીવરાજ લાયબ્રેરીના સેક્રેટરી છે.

૫. ગુલામઅલી ચાંદુભાઇ (૧૯૦૩.)

એ શેઠનો જન્મ ૨૪ મી મારચ ૧૮૮૦ માં થયો હતો, અને ૧૫ વરસની ઉમરે મૅત્રીકની પરિક્ષા પસાર કરી ૧૯૦૩ માં તબીબું થયા હતા, જે ધંધો એ શેઠ હાલ ચલાવે છે. એ શેઠને "ધી હનટર પ્રાઇઝ" મળ્યું હતું અને જાહેર ભાષણો કીધાં છે.

૬. નુરમહુમદ રેમતુલા (૧૯૦૩)

૭. ગુલામ હુસેન વીરજી પટેલ. (૧૯૦૪.)

૮. ગુલામ હુશેન કરીમ મોનાણી (૧૯૦૫)

એ શેઠનો જન્મ તા૦ ૧ લી અકટોબર ૧૮૯૧ માં વાંદરામાં થયો હતો અને ૧૯૦૪ માં તબીબી પરિક્ષા પસાર કરી હાલ એ ધંધો એ શેઠ મુંબઇમાં ચલાવે છે.

૯. રેમતુલા મેરાલી સોમજી (૧૯૦૫)

એ શેઠનો જન્મ ૧૮૮૨ માં મુંબઇમાં થયો હતો. ૧૯૦૫ તબીબી પરિક્ષા પસાર કરી હાલ એ ધંધો મુંબઇમાં ચલાવે છે. એ શેઠે ઘણા ઇનામો મેળવ્યાં હતાં.

યુરોપમાં થયેલા તબીબ.

૧૦. હાશમ અલીદીના લાખાણી, એમ૦ ડી૦ (૧૮૯૬)

એ શેઠનો જન્મ ૧૮૬૭ માં કચ્છ ભુજમાં થયો હતો અને તબીબી કૉલેજમાં અભ્યાસ કીધા પછી યુરોપ ગયા અને એડીનબરો અને બ્રુસલસમાં તબીબી ડીગીરીઓ મેળવી ૧૮૯૬ માં પાછા હિંદુસ્તાન આવ્યા અને થોડો વખત નામદાર નીઝામની નોકરી કરી મદરાસમાં સરકારી નોકરીમાં રહ્યા. ત્યાર પછી જંજીરા દરબારના મુખ્ય તબીબ નેમાયા, જ્યાંથી ખેરપુર ગયા અને હાલ પાછા જંજીરામાં નોકરી કરે છે. દરેક ઠેકાણે પૂર્ણ સંતોષ સાથે પોતાની ફરજો બજાવી છે, અને ઘણા ઇનામો અને સકૉલરશીપો મેળવી હતી.

૧૧ રજબઅલી રામજી લખધીર (૧૮૯૯) એલ૦ આર૦ સી૦ પી૦, એલ૦ આર૦ સી૦ એસ૦, એલ૦ એફ૦ પી૦ અને એસ૦

એ શેઠનો જન્મ ૧૮૬૭માં મુંબઇમાં થયો હતો; અને જ્યારે તબીબી કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે કચ્છમાં મર્કી ઘણી ફાટી નીકળવાથી એ શેઠને ત્યાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં ઘણી સારી જાહેર સેવા બજાવી હતી. ૧૮૯૯ માં યુરોપ જઇ તબીબ થઇ આવ્યા હતા અને હાલ પોતાનો એ ધંધો ચલાવે છે. એ શેઠને જાહેર લખાણો અને ભાષણો કરવાનો શોક છે અને ધી ખોજા પંજેભાઇ કલબના સેક્રેટરી હતા.

એંજીનીઅરો.

યુરોપની કુપરસ હીલ કાલેજમાંથી.

૧. ફાજલભાઇ ગુલામહુશેન મુરાજ. (૧૮૯૫)

એલ૦ સી૦ ઇ૦

૨. કમબરઅલી ભલેદીનો નંદુઆણી. (૧૯૦૫)

એ શેઠનો જન્મ ૧૮૮૩ માં કરાંચીમાં થયો હતો, અને ઇજનેર થવાનો શોક હોવાથી પુનામાં પોતાનો અભ્યાસ કરી ૧૯૦૫ માં એલ૦ સી૦ ઇ૦ થયા હતા. તરતજ શીકારપુરમાં રૂ ૧૫૦) ના દરમાયે નોકરીએ લાગ્યા છે, અને પોતાનું કામ પૂર્ણ સંતોષ સાથે બજાવે છે, એ શેઠને ઘણી સકોલરશીપો મળી હતી.

૩. મેરાલી ફાજલમહુમદ (૧૯૦૫)

એ શેઠનો જન્મ તા૦ ૫ મી જુન ૧૮૮૩ માં થયો હતો. ૧૯૦૫ માં એલ૦ સી૦ ઇ૦ થયા અને તરતજ સીટી ટ્રસ્ટમાં નોકરીએ રહ્યા અને ગવાલીયરમાં ઉંચો ઓધો મળવાથી હાલ ત્યાં નોકરી બજાવે છે. અભ્યાસ કરતી વખતે ઘણા ઇનામો મેળવ્યાં હતાં.

એમ૦ એ૦.

૧. રેમતુલા મહુમદ સાયાણી (૧૮૬૮.)
૨. કાશમ સુમાર થારીઆણી (૧૮૯૪.)
૩. મહુમદ રેમતુલા સાયાણી (૧૯૦૧.)

બી૦ એ૦.

૧. રેમતુલા મહુમદ સાયાણી (૧૮૬૬.)
૨. ઇબરાહીમ મહુમદ સાયાણી (૧૮૭૧)
૩. ફાજલ મનજી ખીમજીઆણી (૧૮૭૭)
૪. અબદુલા મેરાલી ધરમશી (૧૮૭૮)
૫. કરમાલી રહીમ નાનજીઆણી (૧૮૮૦)

એ શેઠનો જન્મ કચ્છ કેરામાં થયો હતો, અને ૧૮૮૦ માં બી. એ. ની પરિક્ષા પસાર કરી કેળવણી ખાતામાં જોડાયા જેમાં હજુ સુધી બાહોશીથી પોતાનું કામ બજાવે છે. એ શેઠે કેટલીક ચોપડીઓ લખી છે, જેમાં "નીબંધ કરમળા" મુખ્ય છે.

૬. કાશમ સુમાર થારીઆણી (૧૮૯૦)

૭. મહમદભાઇ વલીભાઇ (૧૮૯૦)

૮. હુસેન રેમતુલા સાયણી (૧૮૯૨)

એ શેઠનો જન્મ ૧૮૭૦ માં થયો હતો, અને ૧૮૯૨ માં બી. એ. ની પરિક્ષા પસાર કરી પણ નાતનદરોસ્ત તબીયતને લીધે પોતાનો અભ્યાસ આગળ વધારી શકયા નથી.

૯. જાફરભાઇ રેમતુલા (૧૮૯૪.)

૧૦. નજરઅલી શરીફ નાથાણી (૧૮૯૪.)

૧૧. ગુલામઅલી કાશમઅલી (૧૮૯૯)

૧૨. મહમદ રેમતુલા સાયાણી (૧૮૯૯)

૧૩. રહીમ મેરાલી સોમજી (૧૮૯૯)

૧૪. શરીફ ઇભરાહીમ સાયાણી (૧૮૯૯)

એ શેઠનો જન્મ ૧૮૭૭ માં થયો હતો. અને ૧૮૯૯ માં બી. એ. ની પરિક્ષા પસાર કરી નોકરીમાં જોડાયા છે. એ શેઠ મકાની હજ કરી આવ્યા છે.

૧૫. યાકુબ ઇભરાહીમ સાયાણી (૧૮૯૯)

૧૬. હસન ઇભરાહીમ સાયાણી (૧૯૦૧)

એ શેઠનો જન્મ ૧૮૭૮ માં થયો હતો. ૧૯૦૧ માં બી. એ. થયા અને જુનાગઢ કૉલેજના મોહોબત ફેલો નેમાયા

હતા, અને ૧૯૦૫ના માર્ચ મહીનામાં ભર જવાનીમાં ગુજરી ગયા હતા.

૧૭. અબ્દુલા ફાજલભાઈ મુનીમ (૧૯૦૨)

એ શેઠનો જન્મ તા૦ ૧૭ મી માર્ચ ૧૮૮૦ માં થયો હતો અને બી. એ. ની પરીક્ષા ૧૯૦૨ માં પસાર કરી કાયદાનો અભ્યાસ હાલ કરે છે. ૧૯૦૪ માં યુરોપ અને અમેરીકાની મુસાફરીએ ગયા હતા.

૧૮. ગુલામલી ગુલામહુસેન (૧૯૦૪)

એ શેઠનો જન્મ તા૦ ૩૦ મી જુલાઇ ૧૮૮૦ માં થયો હતો અને ૧૯૦૪ માં બી૦ એ૦ ની પરિક્ષા પસાર કરી કાયદાનો અભ્યાસ કરે છે અને થોડા વખતમાં સોલીસીટર થશે એવી ખાતરી છે. એ શેઠને ઘણા ઇનામો મળ્યા છે.

૧૯. સીદીક રેમતુલા સાયાણી (૧૯૦૪)

એ શેઠનો જન્મ ૧૮૭૯ માં થયો હતો, અને ૧૯૦૪ માં બી. એ. ની પરિક્ષા પસાર કરી હાલ કાયદાનો અભ્યાસ કરે છે.

૨૦. હાશમ જાફર ટોરીઆણી (૧૯૦૪).

એ શેઠનો જન્મ ૧૮૮૦ માં કરાંચીમાં થયો હતો અને ૧૯૦૪ માં બી૦ એ૦ની પરિક્ષા પસાર કરી હાલ કાયદાનો અભ્યાસ કરે છે.

જી૦ બી૦ વી૦ સી૦ જાનવરોના તબીબ.

૧. સુલેમાન ગુલામહુશેન હાજી (૧૮૯૨).

એ શેઠનો જન્મ તા૦ ૪ થી આગષ્ટ ૧૮૬૭ માં મુંબઇમાં થયો હતો. ૧૪ વરશની ઉમરે જુનાગઢ જઇ વારસ ઇસમાઇલભાઇ ગાંગજીના હાથ નીચે પોતાના ધર્મના ફરમાનોનો અભ્યાસ કીધો હતો અને ૧૮૮૧ માં નામદાર આગાખાન સાથે અરબસ્તાન કરબલા શાહનજફ અને બગદાદ ગયા હતા અને થોડો વખત સુધી નામદાર આગાખાનના મુનશીનો ઓધો ભોગવ્યો હતો; અને ૧૮૮૩ માં વેપારમાં પડયા હતા અને થોડા વખતમાં કરાંચીમાં આગેવાન થઇ પડયા હતા. ૧૮૮૪ માં વેપાર છોડી સિંધ મદરેસામાં શિક્ષક તરીકે રહ્યા હતા અને થોડા વખતમાં સુપરીનટેનડન્ટ અને ત્યાર પછી મદદનીશ સેક્રેટરી થયા હતા. ૧૮૮૯માં વેટરીનરી કાલેજમાં જોડાયા અને ૧૮૯૨ માં પહેલા વર્ગમાં જી૦ બી૦ વી૦ સી૦ થયા હતા, અને હાલ સરકારી નોકરી કરાંચીમાં માન સાથે કરી બજાવે છે અને ત્યાંના એક આગેવાન રહીશ ગણાય છે. કરાંચીની કોરપોરેશનના ૭ વરશ સુધી સભાસદ હતા.

૨. કાશમઅલી જમાલ નાથાણી. (૧૮૯૩)

એ શેઠનો જન્મ ૧૮૭૨ ના જુન માસમાં ભાવનગરમાં થયો અને કેટલીક આપદાઓ વેઠી ભાવનગર રાજ્ય તરફથી સ્કોલરશીપ મેળવી ૧૮૯૦ માં જાનવરોની તબીબી કૉલેજમાં દાખલ થયા અને ૧૮૯૩ માં તબીબી સનદ મેળવી તરતજ ભાવનગર રાજ્યમાં નોકરીએ રહ્યા અને એ નોકરી બે વરસ સુધી સંતોષકારક બજાવી ૧૮૯૫ માં સુરતની મ્યુનીસીપાલીટીની બજારો અને કમેલાના ઉપરી નેમાયા

અને ૭ મહીના રહી મુંબઇ સરકારની નોકરીમાં ઇન્સપેક્ટરની જગ્યા મેળવી, જે હજુ સુધી પુરા સંતોષ સાથે બજાવે છે. એ શેઠે ૧૮૯૭ માં 'ખોજા સ્ત્રી કેલવણી'એ વીશય પર એક નીબંધ લખ્યો હતો જે એવો તો સરસ હતો કે શેઠ કાશમભાઇ નાનજીની ઉદારતા એ તરફ ખેંચાઇ અને એ શેઠને એક સોનાનો ચાંદ આપવામાં આવ્યો હતો.

૩. દરયાકુલી ગુલામ હુશેન હાજી (૧૯૦૪)

સમાપ્ત.

realpatidar.com

